ભરૂચ જિલ્લામાં વરસાદ ખેંચાતા ખેડૂતોની મુશ્કેલીમાં વધારો થયો છે. ખેતરોમાં કપાસ સહિતના વિવિધ પાક પાણીના અભાવે મૂરઝાઈ રહ્યા હોવાથી નહેરોમાં તાત્કાલિક પાણી છોડવા તેમજ ખેડૂતોને નિયમિત ૧૦ કલાક વીજ પુરવઠો આપવા જંબુસર-આમોદના ધારાસભ્ય ડી.કે. સ્વામી દ્વારા રજૂઆત કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત માહિતી અનુસાર છેલ્લા પંદર દિવસથી ભરૂચ જિલ્લામાં શ્રાવણી વરસાદના અભાવે ખેતી પાકોને પાણીની તંગીનો સામનો કરવો પડી રહ્યો છે. અસહ્ય ગરમી અને બફારો થતાં કપાસ સહિતના અન્ય બિયારણના પાકો પાણી વિના મૂરઝાઈ રહ્યા છે.

દરમિયાન આજે ગુરૂવારથી ખેડૂતોને વીજ પુરવઠો મળવાની શરૂઆત થઈ છે, પરંતુ નહેરોમાં હજુ સુધી પાણી છોડવામાં આવ્યું નથી. જેના કારણે ભરૂચ, આમોદ અને જંબુસર તાલુકાના ખેડૂતોમાં ચિંતા સાથે નહેરોમાં વહેલી તકે પાણી છોડવાની માંગ ઉઠી છે.

ખેડૂતોનું કહેવું છે કે વરસાદ ખેંચાયો હોવાથી પાકને બચાવવા માટે નહેરનું પાણી અને નિયમિત વીજ પુરવઠો બંને જરૂરી છે. તંત્ર દ્વારા તાત્કાલિક યોગ્ય નિર્ણય લેવામાં આવે તેવી ખેડૂતોમાં માંગ છે.

# સાબરકાંઠામાં ૧૨મીએ રાષ્ટ્રીય લોક અદાલત યોજાશે

(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૪

રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ, નવી દિલ્હી તથા ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદના આદેશ અને માર્ગદર્શન અનુસાર તા.૧૨.૦૯.૨૦૨૬ (શનિવાર)ના રોજ સમગ્ર દેશમાં યોજાનારી રાષ્ટ્રીય લોક અદાલત અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે.

સાબરકાંઠા જિલ્લામાં યોજાનારી આ રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, સાબરકાંઠાના અધ્યક્ષ તથા પ્રિન્સિપાલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ એમ.પી. પુરોહિતના માર્ગદર્શન હેઠળ, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સચિવ સી.પી. ચારણ દ્વારા કરવામાં આવી રહ્યું છે. લોક અદાલતે પક્ષકારોને ઝડપી, સરળ, ખર્ચરહિત અને સૌહાર્દપૂર્ણ રીતે વિવાદોનો અંત લાવવાની અસરકારક વૈકલ્પિક વ્યવસ્થા પૂરી પાડે છે. લોક અદાલત દ્વારા થયેલ સમાધાનનો એવોર્ડ કાયદેસર અને અંતિમ હોય છે તથા તેની સામે સામાન્ય રીતે અપીલની જોગવાઈ રહેતી નથી.રાષ્ટ્રીય લોક અદાલતમાં કોર્ટમાં પેન્ડિંગ કેસો તેમજ પ્રિલિટિગેશન (કોર્ટમાં દાખલ થતા પહેલાંના) કેસોમાં સમાધાન માટેની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેમાં ખાસ કરીને ચેક બાઉન્સ, બેંક લોન, નાણાકીય વિવાદો, મોટર અકસ્માત વળતર દાવા, કૌટુંબિક અને વૈવાહિક વિવાદો, વીજળી તથા પાણીના બિલ સંબંધિત વિવાદો, મજૂરી સંબંધિત વિવાદો તથા સમાધાનપાત્ર ફોજદારી કેસો સહિત કાયદા મુજબ સમાધાનપાત્ર વિવિધ પ્રકારના કેસોનો સમાવેશ થઈ શકે છે.લોક અદાલતનો લાભ લેવા ઈચ્છુક પક્ષકારો પોતાના સંબંધિત કોર્ટ, જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, સાબરકાંઠા, હિંમતનગર અથવા સંબંધિત તાલુકા કાનૂની સેવા સમિતિનો સંપર્ક કરી શકે છે.

# મોડાસા ખાતે પોલીસ આવાસો, પુસ્તકાલય, બાળ મંદિર અને જન સંપર્ક કાર્યાલયનું લોકાર્પણ

મોડાસા, તા.૪

ગુજરાત રાજ્યની રક્ષાશક્તિ વધુ પ્રબળ બનાવવા અને પોલીસ કર્મચારીઓના કલ્યાણ માટે એક મહત્ત્વપૂર્ણ પગલું ભરતા અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે નવીન પોલીસ હેડ ક્વાર્ટર્સ, મોડાસા-શામળાજી હાઈવે પર સી-૨૦, ડી-૮ અને ઈ-૨ કક્ષાના રહેણાંક આવાસો તેમજ પોલીસ વેલ્ફેર ફંડ સંચાલિત પુસ્તકાલય (લાયબ્રેરી), બાળ મંદિર તેમજ જન સંપર્ક કાર્યાલયનું લોકાર્પણ રાજ્યકક્ષાના મંત્રી કમલેશભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે રાજ્યકક્ષાના મંત્રી પી. સી. બરંડા ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના પ્રારંભે મંત્રી બરંડાએ સંબોધન કરતાં જણાવ્યું કે, "ગુજરાત સરકાર પોલીસ કર્મચારીઓ અને તેમના પરિવારોના કલ્યાણ માટે સતત પ્રયત્નશીલ છે. પોલીસ કર્મચારીઓ માટે આદિજાતિ વિસ્તારમાં સુરક્ષા વ્યવસ્થાને મજબૂત બનાવવા માટે પોલીસ કર્મચારીઓને સારા આવાસ અને પરિવાર માટે શિક્ષણ તથા સાંસ્કૃતિક સુવિધાઓ પૂરી પાડવી અત્યંત આવશ્યક છે.

ત્યારબાદ મંત્રી કમલેશભાઈ પટેલે સંબોધન કરતાં જણાવ્યું કે, "ગુજરાત રાજ્યની રક્ષાશક્તિને વધુ પ્રબળ બનાવવાના અમારા સંકલ્પને આજનો આ કાર્યક્રમ વધુ મજબૂતી આપે છે. અમારી સરકાર પોલીસ હાઉસિંગ, જેલ સુધારણા, સરહદી સુરક્ષા અને નશાબંધી જેવા ક્ષેત્રોમાં સતત કાર્યરત છે.

આ કાર્યક્રમ દરમિયાન મંત્રીઓએ નવા આવાસો અને અન્ય સુવિધાઓનું અવલોકન કર્યું અને પોલીસ કર્મચારીઓ સાથે વાતચીત કરીને તેમની સમસ્યાઓ વિશે જાણકારી મેળવી. હાજર રહેલા સાંસદ, ધારાસભ્યો અને અધિકારીઓએ પણ આ પહેલને વખાણી અને પોલીસ દળના મનોબળ વધારવા માટે આવા પ્રયાસો ચાલુ રાખવાની અપીલ કરી હતી.

આ પ્રસંગે સાંસદ શોભનાબેન બારૈયા જિલ્લા પંચાયત અરવલ્લીના પ્રમુખ મયુરકુમાર આર. પટેલ, ધારાસભ્ય ભીખુસિંહજી પરમાર (મોડાસા) તથા ધવલસિંહ ઝાલા (બાયડ) ઉપસ્થિત રહ્યા હતા. વિશેષ ઉપસ્થિતિ તરીકે નાયબ પોલીસ મહાનિરીક્ષક, ગાંધીનગર રેન્જ વિરેન્દ્ર સિંહ યાદવ તથા નિમંત્રક તરીકે પોલીસ અધિક્ષક, અરવલ્લી મોડાસા મનોહરસિંહ એન. જાડેજા હાજર રહ્યા હતા. ઉપરાંત જિલ્લાના વરિષ્ઠ અધિકારીઓ, પોલીસ કર્મચારીઓ અને તેમના પરિવારો અને સ્થાનિક નાગરિકો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# પાલેજમાં ટ્રાફિક સમસ્યા હલ કરવા વન-વે અને પાર્કિંગ વ્યવસ્થાની માંગ

(સંવાદદાતા દ્વારા) પાલેજ, તા.૪

પાલેજમાં વધતી ટ્રાફિક સમસ્યાને હલ કરવા વન-વે ટ્રાફિક વ્યવસ્થા તેમજ વાહનોના પાર્કિંગ માટે યોગ્ય સ્થળ ફાળવવાની માંગ વાહનચાલકો અને સ્થાનિકોમાંથી ઉઠી છે.પાલેજ હાઈવે ચોકડીથી રેલવે સ્ટેશન સુધીના માર્ગ પર દિવસ દરમિયાન સતત વાહનોની અવરજવર રહે છે. ખાસ કરીને સવારે ૧૦થી સાંજે ૫ વાગ્યા દરમિયાન પાલેજ મુખ્ય બજાર અને પાછળના બજાર વચ્ચે વન-વે ટ્રાફિક વ્યવસ્થા ગોઠવી પોલીસ દ્વારા ટ્રાફિકનું નિયંત્રણ કરવામાં આવે તો રેલવે ફાટકથી હાઈવે વચ્ચે સર્જાતી ટ્રાફિક સમસ્યામાં નોંધપાત્ર રાહત મળી શકે તેમ છે.

પાલેજ પોલીસ મથકમાં પૂરતો પોલીસ મહેકમ હોવા છતાં ટ્રાફિક નિયંત્રણ માટે વધુ અસરકારક વ્યવસ્થા કરવાની જરૂર હોવાનું વાહનચાલકો જણાવી રહ્યા છે. માત્ર વાહનચાલકો સામે દંડાત્મક કાર્યવાહી કરવાથી સમસ્યાનું કાયમી નિરાકરણ નહીં આવે. વાહનોના પાર્કિંગ માટે યોગ્ય વ્યવસ્થા ઊભી કરવી અને મુખ્ય બજારમાં નિયમિત ટ્રાફિક નિયંત્રણ કરવું જરૂરી છે.

સ્થાનિકો દ્વારા પાલેજ પોલીસ તથા ગ્રામ પંચાયત તંત્રને સંકલન કરી વન-વે ટ્રાફિક પોઈન્ટ, નો-પાર્કિંગ ઝોન અને કાયદેસર પાર્કિંગની વ્યવસ્થા અમલમાં મૂકવા માંગ કરવામાં આવી છે.

# નડિયાદ મનપામાં 'સમિતિ'નું સસ્પેન્સ યથાવત્ ૧૦૧ દિવસ બાદ પણ રચના કરવામાં વિલંબ

### આંતરિક વિખવાદ સપાટી પર ન આવે તે માટે નિર્ણય ટળાઈ રહ્યો હોવાની રાજકીય ચર્ચા

(સંવાદદાતા દ્વારા) નડિયાદ, તા.૪

નડિયાદ નગરપાલિકામાંથી મહાનગરપાલિકા બન્યા બાદ પ્રથમ ચૂંટણીમાં સત્તા સંભાળનાર ભાજપમાં આંતરિક ખેંચતાણની ચર્ચા વચ્ચે મનપાની વિવિધ સમિતિઓની રચના હજુ પણ ટલ્લે ચડી છે. ચૂંટણી પરિણામમાં ભાજપને ૫૧ બેઠકો અને કોંગ્રેસને એક બેઠક મળી હતી. ત્યારબાદ ૨૬ મે, ૨૦૨૬ના રોજ મનીષભાઈ પટેલની પ્રથમ મેયર તરીકે વરણી કરવામાં આવી હતી. જોકે મેયરની વરણી બાદ પણ મહત્વની સમિતિઓની રચના ન થતાં હવે મનપાના વહીવટને લઈને સવાલો ઊઠી રહ્યા છે. મેયરની નિમણૂકને ૧૦૧ દિવસનો સમય વીતી ગયો હોવા છતાં હજુ સુધી સમિતિઓની રચના ન થવી મનપાની રાજકીય સ્થિતિ સામે ગંભીર પ્રશ્નો ઊભા કરે છે. શરૂઆતથી જ વિવિધ સમિતિઓની રચનાને લઈને અંદરખાને ખેંચતાણ હોવાની ચર્ચા ચાલી રહી હતી. આંતરિક વિખવાદ સપાટી પર ન આવે તે માટે સમિતિઓની રચના માટેની કવાયત વારંવાર પાછળ ધકેલાઈ રહી હોવાની ચર્ચાએ હવે જોર પકડ્યું છે. સમિતિઓની રચનામાં થઈ રહેલા વિલંબને કારણે મનપામાં તખ્તો ગરમાયો છે અને રાજકીય ગતિવિધિઓ પણ તેજ બની છે. ખાસ કરીને કઈ સમિતિનું અધ્યક્ષપદ કોને આપવું અને સભ્યોની પસંદગી કેવી રીતે કરવી તે મુદ્દે સત્તાધારી પક્ષમાં સંમતિ સાધવામાં સમય લાગી રહ્યો હોવાનું માનવામાં આવે છે. આ દરમિયાન સમિતિઓની રચના માટે કરવામાં આવી રહેલા લોબિંગ અને દાવેદારીને લઈને પણ અંદરખાને અસંતોષ ઊભો થવાની શક્યતા વ્યક્ત થઈ રહી છે. કોઈ જૂથ કે સભ્ય નારાજ ન થાય તે રીતે સૌને સાથે રાખીને સમિતિઓની રચના કરવાનો પ્રયાસ થઈ રહ્યો હોવાનું રાજકીય વર્તુળોમાં ચર્ચાઈ રહ્યું છે.

# દરિયાઈ સરહદો પર બાજ નજર રાખવા મરીન ટાસ્ક ફોર્સનું ફૂટ પેટ્રોલિંગ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૪

દેશની દરિયાઈ સરહદો પર બાજ નજર રાખવા અને કોઈપણ પ્રકારની રાષ્ટ્રવિરોધી પ્રવૃતિઓને જડબાતોડ જવાબ આપવા માટે મરીન ટાસ્ક ફોર્સ દ્વારા તારીખ ૪/૯/૨૦૨૬ના રોજ સુવાલી બીચથી રાજગરી ગામ અને તેની આસપાસના દરિયાકાંઠા વિસ્તારમાં સઘન કોસ્ટલ પેટ્રોલિંગ અને સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.મરીન ટાસ્ક ફોર્સના એડીજીપી અમિત વિશ્વકર્મા અને ડીઆઈજીપી એ.એમ. મુનિયાના તથા મરીન ટાસ્ક ફોર્સ-હજીરાના પોલીસ અધિક્ષક અને મરીન સેક્ટર કમાન્ડર એસ.જે. પરમારના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ.બી.આર.તડવી,



પી.એસ.આઈ. એસ.બી. પટેલ અને મરીન કમાન્ડોની અલગ-અલગ ટીમો દ્વારા કટોકટીની સ્થિતિને પહોંચી વળવા માટે ફૂટ પેટ્રોલિંગ કર્યું હતું. કમાન્ડો દ્વારા દરિયાકાંઠાની અવાવરૂ જગ્યાઓ, શંકાસ્પદ ઝાંડી-ઝાંખરા અને તમામ સંભવિત છૂપાવવાના સ્થળોને ખુંદી વળવામાં આવ્યા હતા. દરિયાઈ માર્ગે થતી ગુનાખોરી અને ઘૂસણખોરી રોકવા માટે કિનારે લાંગરેલી તેમજ શંકાસ્પદ જણાતી બોટોનું બારીકાઈથી ઓન-સ્પોટ ચેકિંગ કરવામાં આવ્યું હતું. આ વિસ્તારમાં ફરતાં શંકાસ્પદ ઈસમોને અટકાવીને તેમની પૂછપરછ પણ કરવામાં આવી હતી.

# મહુવાના ગઢડા ગામે વાવાઝોડા અંતર્ગત મોકડ્રીલ યોજાઈ

(સંવાદદાતા દ્વારા)

ભાવનગર, તા.૪

મહુવા તાલુકાના ગઢડા ગામે ભાવનગર જિલ્લા વહિવટી તંત્ર દ્વારા એન.ડી.આર.એફ. ટીમની મદદથી જિલ્લા કક્ષાની વાવાઝોડું અંતર્ગત મોકડ્રીલ કરવામાં આવી હતી.

જેમાં વાવાઝોડા પહેલા, દરમ્યાન અને બાદ એમ ત્રણ તબક્કાઓમાં વહીવટીતંત્ર દ્વારા કરવાની થતી કામગીરી જેવી કે, આગોતરી ચેતવણી અને સંદેશા વ્યવહાર, આશ્રયસ્થાનમાં સ્થળાંતર, શોધ અને બચાવ, પ્રાથમિક સારવાર વગેરેનું જીવંત નિદર્શન કરવામાં આવ્યું હતું. મોકડ્રીલ પહેલા સંબધિત અધિકારીઓ સાથે મહુવા મદદનીશ કલેક્ટર અને પ્રાંત અધિકારી સુસ્મિતા ઈપલ્લાપલ્લીની અધ્યક્ષતામાં બેઠક યોજવામાં આવી હતી. આ મોકડ્રીલ દરમ્યાન મદદનીશ કલેક્ટર અને પ્રાંત અધિકારીશ્રી મહુવા, તાલુકા મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, ચીફ ઓફિસર, તાલુકા હેલ્થ ઓફિસર, પોલીસ સબ ઈન્સ્પેક્ટર, ગામના તલાટીમંત્રી, સરપંચ, ગામના અન્ય આગેવાનો અને બહોળી સંખ્યામાં ગામ લોકો હાજર રહ્યા હતા. ઉપરાંત જિલ્લા કક્ષાએથી ડિઝાસ્ટર મેનેજમેન્ટ સેલના ડીપીઓ અને એનડીઆરએફ ટીમના ઈન્સ્પેક્ટર ટીમ સાથે હાજર રહેલ હતી.

## વેરાવળ એસ.ટી. બસ સ્ટેન્ડ પાસે ટ્રાફિક જામ કરતા ૧૦ વાહનચાલકો સામે કાર્યવાહી

વેરાવળ, તા.૪

વેરાવળ ડેપો મેનેજર દિલીપ શામળાએ જણાવ્યું કે, એસ.ટી. નિગમ જૂનાગઢ વિભાગના વિભાગીય નિયામક વી.બી. ડાંગરના માર્ગદર્શન હેઠળ આ ડ્રાઈવ યોજાઈ હતી. જેમાં જૂનાગઢ વિભાગના વિજિલન્સ અધિકારી એસ.એન. કાનપરા અને રમેશભાઈ ચંદ્રવાડિયા, વેરાવળ એસ.ટી. ડેપોના સુપરવાઈઝર કલ્પેશ શામળા, ગીર સોમનાથ જિલ્લા આરટીઓ કચેરીના અધિકારીઓ અને જિલ્લા ટ્રાફિક પોલીસની ટીમ જોડાઈ હતી.આ ડ્રાઈવ દરમિયાન બસ સ્ટેશનની આસપાસના વિસ્તારમાં સઘન ચેકિંગ કરવામાં આવ્યું હતું. અનઅધિકૃત રીતે મુસાફરોનું વહન કરતા પ્રાઈવેટ વાહન ચાલકો સામે કાર્યવાહી કરવામાં આવી. ૧૦થી વધુ વાહન ચાલકોને મેમો આપી ૨૬ હજાર રૂપિયાનો દંડ વસૂલવામાં આવ્યો હતો.

# વલસાડ કલેક્ટર કચેરીએ પત્રકારો દ્વારા ધરણા પ્રદર્શન કરાયા



વલસાડ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે વલસાડના પત્રકાર બંધુઓ દ્વારા કલેક્ટર નીતિન સાંગવાનની મન માનીને લઈને વલસાડ કલેક્ટર કચેરી ખાતે ધરણા પ્રદર્શન કરવામાં આવ્યું હતું. કલેક્ટર કચેરીમાં પત્રકારોનું કવરેજ માટે પ્રતિબંધ મૂક્તા કથિત પત્રકારોએ કલેકટર કચેરી ખાતે ધરણા ઉપર બેસી વિરોધ નોંધાવ્યો હતો. પત્રકારોના ધરણા પ્રદર્શનને લઈને જિલ્લા કલેક્ટર કચેરી ખાતે પોલીસ કાફલો ગોઠવી દેવાયો હતો.

## સરયુનગરમાં ગોલ્ડ મેડલ વિજેતા વિદ્યાર્થીના વધામણાં



ડીસા, તા.૪

સરયુનગર વિસ્તારમાં આવેલ પ્રાથમિક શાળાના વિદ્યાર્થી માનવ કાંતિલાલ સુદેશાએ અંડર ઈલેવન વ્રેસ્ટલીન્ગ ચેમ્પિયનશિપમાં હરિદ્વાર મુકામે નેશનલ લેવલે ગોલ્ડ મેડલ મેળવીને પોતાના માદરે વતન સરયુનગર ખાતે પરત આવતા ગામ લોકોમાં ખુશીનો પાર નહોતો અને તેનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગામના સરપંચ હસમુખભાઈ ધરમાણી, શાળાના આચાર્ય નટુભાઈ, શાળાના શિક્ષક કિરણભાઈ, ગામ પંચાયતના સભ્યો તથા ગામના તમામ આગેવાન ભાઈઓ બહેનો બાળકો અને વડીલો સૌ આ પ્રસંગે હાજર રહ્યા હતા અને ઢોલ નગારાના તાલ સાથે ખેતલા બાપજી મંદિરેથી સ્વાગત કરી માનવના ઘર સુધી પહોંચ્યા હતા.

# બાદરપુરના વતની એવા IT ઉદ્યોગ સાહસિક ખાદિમ બટ્ટીના નિધનથી સમાજમાં શોક

કેશરપુરા, તા.૪

મહેસાણા જિલ્લાના બાદરપુર ગામના વતની અને વોટફિક્સ કંપનીના CEO અને ભારતીય આઈટી/ટેક્નોલોજી ક્ષેત્રના જાણીતા અગ્રણી ખાદિમહુસૈન બટ્ટીનું પહેલી સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ ૪૯ વર્ષની વયે બેંગ્લુરૂ ખાતે હૃદયરોગના હુમલાના કારણે અચાનક દુઃખદ અવસાન થયું છે. જે આઈટી ક્ષેત્ર અને મુસ્લિમ સમાજ માટે આઘાતજનક છે. તેમની તદફીન ક્રિયા તેમના મૂળ વતન બાદરપુર ખાતે કરવામાં આવી છે.શિક્ષણ અને કારકિર્દી અભ્યાસ તેમણે મુંબઈ યુનિવર્સિટીમાંથી એન્જિનિયરિંગ (B.E.) અને IIT બેંગ્લુરૂમાંથી આઈટીમાં પોસ્ટ ગ્રેજ્યુએશન પૂર્ણ કર્યું હતું. શરૂઆતી અનુભવ તેમણે વોટફિક્સ શરૂ કરતા પહેલાં 'હૂવાવેઈ ટેક્નોલોજીસ'માં ઉચ્ચ પદ પર લાંબો સમય કામ કર્યું હતું અને 'સર્ચએનેબલર' કંપનીના સહ-સ્થાપક તથા સીઈઓ પણ રહ્યા હતા. ખાદિમ બટ્ટીએ વર્ષ ૨૦૧૪માં વરા કુમાર સાથે મળીને



બેંગ્લુરૂથી 'વોટફિક્સ' કંપનીની સ્થાપના કરી હતી જે સફળતાના શિખરો સર કરતી રહી. કંપની એક ડિજિટલ એડોપ્શન પ્લેટફોર્મ (DAP) છે, જે વિવિધ સોફ્ટવેરનો ઉપયોગ કરતા કર્મચારીઓ અને ગ્રાહકોને સોફ્ટવેર સરળતાથી વાપરવા માટે લાઈવ માર્ગદર્શન, ટ્રેનિંગ અને ડેટા પૂરો પાડે છે. કંપનીનું કદ અને આર્થિક સફળતા જોઈએ તો ખાદિમ બટ્ટીએ આ કંપનીને રૂા.૭,૫૦૦ કરોડથી વધુ ($900 મિલિયન)ના મૂલ્ય ધરાવતી વૈશ્વિક સાસ (SaaS) પાવરહાઉસ બનાવી હતી. કંપની પાસે વિશ્વભરમાં ૫૦૦થી વધુ મોટા ગ્રાહકો છે, વિવિધ કંપનીઓ અને ઉદ્યોગજગતે મર્હુમને શ્રદ્ધાંજલી પાઠવેલ છે. કંપનીએ વૈશ્વિક વિસ્તરણમાં હરણફાળ ભરી છે. કંપનીમાં ૮૦૦થી વધુ કર્મચારીઓ કાર્યરત છે અને ભારત ઉપરાંત અમેરિકા, બ્રિટન, જર્મની અને ઓસ્ટ્રેલિયામાં તેમની ઓફિસો આવેલી છે.દીકરાની વસમી વિદાયની આ કુટુંબ ઉપર આભ તૂટી પડ્યું છે. બાદરપુર ગામ હીબકે ચડ્યું છે. આમ શીઆહ જાફરી મશાયખી મોમીન જમાત માટે ગૌરવ સમા મર્હુમ હાજી ખાદિમ હુસૈન બુટ્ટીની અચાનક વિદાયથી આઈટી ક્ષેત્રમાં તથા બાદરપુર ગામ અને સમાજને મોટી ખોટ પડી છે. દીકરાની વસમી વિદાની આ કુટુંબ પર આભ તૂટી પડ્યું છે. બાદરપુર ગામ હીબકે ચડ્યું છે. આમ શીઆહ જાફરી મશાયખી મોમીન જમાત માટે ગૌરવસમા મર્હૂમ હાજી ખાદીમ હુસૈન બટ્ટીની અચાનક વિદાયથી આઈટી ક્ષેત્રમાં તથા બાદરપુર ગામ અને સમાજને મોટી ખોટ પડી છે.

# અમરેલીથી વિસાવદર બ્રોડગેજ રેલવે માટે અમરેલી ભાજપ પ્રમુખ દ્વારા મુખ્યમંત્રીને રજૂઆત

અમરેલી, તા.૪

અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણીએ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને પત્ર લખી અમરેલી - ચલાલા - ધારી - વિસાવદર વચ્ચેની અંદાજે ૭૦ કિમી મીટરગેજ રેલવે લાઈનને બ્રોડગેજમાં રૂપાંતરિત કરવાની તાત્કાલિક મંજૂરી આપવા માંગ કરી છે. આ રજૂઆતની નકલ રેલવે મંત્રી, કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવીયા, મંત્રી કૌશિકભાઈ વેકરિયા તથા અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયાને પણ મોકલવામાં આવી છે. બ્રોડગેજ સુવિધાથી વિસ્તારના લોકોની મુસાફરી સરળ બનશે તેમજ વેપાર, રોજગારી, કૃષિ પરિવહન અને પર્યટન ક્ષેત્રને વેગ મળશે. અતુલ કાનાણીએ વહેલી તકે સર્વે કરાવી બ્રોડગેજ લાઈનને મંજૂરી આપવા માંગ કરી છે.

# અંજાર સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં ૨૭૫ વૃક્ષોનું વાવેતર કરાયું

ભૂજ, તા.૪

અંજારની સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ (SDH) ખાતે રોટરી ક્લબ ઓફ અંજાર અને રોટરેક્ટ ક્લબ ઓફ અંજારના સંયુક્ત ઉપક્રમે પર્યાવરણ સંરક્ષણના સંદેશ સાથે ૨૭૫ વૃક્ષોના વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો હતો. હોસ્પિટલ પરિસરને વધુ હરિયાળું બનાવવા અને સ્વચ્છ, સ્વસ્થ વાતાવરણનું નિર્માણ કરવાના હેતુથી યોજાયેલા આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના ઉચ્ચ શિક્ષણ અને ટેક્નિકલ વિભાગના મંત્રી ત્રિકમભાઈ છાંગાના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અંજાર નગરપાલિકાના પ્રમુખ ધર્મિષ્ઠાબેન ખાંડેકા, મહંત ત્રિકમદાસ મહારાજ, મહંત કીર્તિદાસજી, તાલુકા હેલ્થ ઓફિસર ડો. અંજારિયા, SDH અંજારના અધિક્ષક ડો. રોબિનસિંહ રાઠોડ, રોટરી ક્લબ અંજારના મેહુલભાઈ વ્યાસ, સુનિલભાઈ જોબનપુત્રા, નિધિબેન, સહિત આરોગ્ય વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ, રોટરી તથા રોટરેક્ટ ક્લબના હોદ્દેદારો અને અંજાર શહેરના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### જન્માષ્ટમીના ખુશીના પર્વે ભડિયાદર ગામમાં માતમ છવાયો

# ઉનાના કંસારી નજીક કાર અને બાઈક અથડાતાં બે યુવકોનાં ઘટનાસ્થળે મોત

ઉના, તા.૪

ઉના તાલુકાના કંસારી ગામ નજીક ભૂતડાદાદાના મંદિર પાસે આજે બપોરના સમયે વેગનઆર કાર અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અકસ્માત એટલો ગંભીર હતો કે કાર અને બાઈક રોડની સાઈડના પાંચથી વધુ ફૂટ ઊંડા ખાડામાં ધડાકાભેર ખાબક્યાં હતાં. અકસ્માતમાં ભડિયાદર ગામના ૧૮ વર્ષીય કુલદીપ ભાણજીભાઈ સોલંકી અને ૧૮ વર્ષીય જીગર બટુકભાઈ સોલંકીને ગંભીર ઈજાઓ પહોંચી હતી. બંને યુવાનોના ઘટનાસ્થળે જ મોત નીપજતાં સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ હતી. આ બંને યુવાનો ભડિયાદરથી ઉના તરફ બાઈકમાં પેટ્રોલ ભરવા




આવી રહ્યાં હતા. અકસ્માતની જાણ થતાં આસપાસના ગ્રામજનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. અકસ્માતના પગલે રોડ પર ટ્રાફિક જામના દૃશ્યો પણ સર્જાયા હતા. જીગરનો મૃતદેહ રોડ પર હોવાથી પરિવારજનો ઘટનાસ્થળે પહોંચતાં હૃદયદ્રાવક આક્રંદના દૃશ્યો જોવા મળ્યા હતા. પરિવારજનોને એકબીજાને સાંત્વના આપવી પણ મુશ્કેલ બની હતી. બંને યુવાનોના મૃતદેહને ઉના સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાં મૃતકોના પરિવારજનો, સગા-સંબંધીઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો હોસ્પિટલ ખાતે પહોંચ્યા હતા. અકસ્માત બાદ કારમાં સવાર લોકો કારને સ્થળ પર જ મૂકીને નીકળી ગયા હોવાની પ્રાથમિક માહિતી સામે આવી છે. બનાવની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને સમગ્ર મામલે તપાસ હાથ ધરી હતી. હાલ જન્માષ્ટમીના તહેવારને લઈને લોકોમાં ઉત્સાહનો માહોલ છે અને ભડિયાદર ગામમાં પણ પરિવારજનો તહેવારની તૈયારીઓમાં વ્યસ્ત હતા. તહેવારના દિવસોમાં બનેલી આ કરુણ ઘટનાથી સમગ્ર કંસારી અને ભડિયાદર પંથકમાં શોકનો માહોલ છવાયો છે.

# ‘ડિજિટલ અરેસ્ટ’ કરનારી ગેંગ પર CBI ત્રાટકી ગુજરાત સહિત ૨૦ રાજ્યોમાં ૮૯ સ્થળોએ દરોડા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૪

દેશભરમાં સામાન્ય લોકોને ડરાવી-ધમકાવીને કરોડો રૂપિયા પડાવતી સાયબર ગેંગ્સ સામે સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI)એ લાલ આંખ કરી છે. સુપ્રીમ કોર્ટના કડક નિર્દેશો બાદ CBIએ ‘ઓપરેશન ચક્ર-VI’ હાથ ધરીને ૨૦ રાજ્યોમાં ૮૯ સ્થળોએ મોટા પાયે દરોડા પાડ્યા છે. આ ઓપરેશન દરમિયાન છેતરપિંડીના નાણાંની હેરાફેરી કરનારા ૩ મુખ્ય આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. દેશભરમાંથી નોંધાયેલા ૩ મોટા કિસ્સાઓમાં ભોગ બનનારાઓ પાસેથી કુલ રૂપિયા ૪૨.૩૬ કરોડથી વધુની રકમ પડાવી લેવામાં આવી હતી.




CBI દ્વારા હાથ ધરવામાં આવેલી તપાસમાં સૌથી ચોંકાવનારો કેસ ગુજરાતમાંથી સામે આવ્યો છે. ગુજરાતમાં સાયબર ગઠિયાઓએ નકલી પોલીસ અધિકારી બનીને એક નિર્દોષ નાગરિકને સતત ૩ મહિના સુધી ‘ડિજિટલ અરેસ્ટ’ રાખ્યો હતો. વીડિયો કોલ અને કાયદાકીય કાર્યવાહીનો ડર બતાવીને આરોપીઓએ પીડિત પાસેથી રૂપિયા ૧૯.૨૪ કરોડની જંગી રકમ પડાવી લીધી હતી. દેશભરમાં ઝડપાયેલા ત્રણેય કેસોમાં ગુજરાતનો આ કિસ્સો નાણાકીય છેતરપિંડીની દૃષ્ટિએ સૌથી મોટો છે.

ગુજરાત ઉપરાંત અન્ય બે મોટા કેસોમાં પણ આ સિન્ડિકેટ સક્રિય હતું. રાજસ્થાનના BITS પિલાની સાથે જોડાયેલા એક કેસમાં પીડિતને ૩ મહિના સુધી ડિજિટલ અરેસ્ટમાં રાખીને નકલી પોલીસ બનીને રૂપિયા ૭.૬૭ કરોડ પડાવવામાં આવ્યા હતા. જ્યારે કર્ણાટકમાં નોંધાયેલા ત્રીજા કેસમાં પીડિતને ૧ મહિના સુધી ઓનલાઈન નજરકેદ રાખીને રૂપિયા ૧૫.૪૫ કરોડની છેતરપિંડી આચરવામાં આવી હતી.

આ આંતરરાજ્ય નેટવર્કને તોડી પાડવા માટે CBIએ ૨૦ રાજ્યોમાં એકસાથે ૮૯ સ્થળોએ સંકલિત તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન બેંક ખાતાઓની વિગતો, ઓનલાઈન ટ્રાન્ઝેક્શન ડેટા, ડિજિટલ ડિવાઈસ અને મહત્વના બેંકિંગ દસ્તાવેજો જપ્ત કરવામાં આવ્યા છે. પુરાવાનો નાશ થાય તે પહેલાં જ એજન્સીએ કબજે કરેલી આ સામગ્રીની હવે ફોરેન્સિક તપાસ કરવામાં આવી રહી છે, જેથી નાણાંની હેરાફેરીના આખા નેટવર્કનો ખુલાસો થઈ શકે.

છેતરપિંડીથી પડાવેલા નાણાં અલગ-અલગ બેંક ખાતાઓમાં ફેરવીને રોકડમાં વટાવી લેવાના આરોપ હેઠળ CBIએ ૩ શખ્સોની ધરપકડ કરી છે. હરિયાણાના રહેવાસી આકાશના ખાતામાં રૂપિયા ૧.૯૫ કરોડ જમા થયા હતા, જે તેણે તે જ દિવસે અન્ય ખાતાઓમાં ટ્રાન્સફર કરી દીધા હતા. કોલકાતાના રાજા કરમાકરની કંપનીના બેંક ખાતામાં રૂપિયા ૧.૫ કરોડ ટ્રાન્સફર કરાયા હતા. જ્યારે ત્રીજી આરોપી જ્યોતિ રાનીએ પોતાના ખાતામાં આવેલી રકમમાંથી અમુક હિસ્સો રોકડમાં ઉપાડી બાકીના નાણાં અન્ય ખાતાઓમાં ટ્રાન્સફર કરીને પુરાવા છુપાવવાનો પ્રયાસ કર્યો હતો. હાલ આ સિન્ડિકેટના અન્ય સભ્યોને ઝડપી પાડવા માટે આગળની કાનૂની કાર્યવાહી ચાલી રહી છે.

# મોલના ચેન્જિંગ રૂમમાં સગીરાનો વીડિયો બનાવવાના કેસમાં આરોપી ઈજનેરને અનાથ આશ્રમમાં ૫૦ હજારનું દાન કરવા અને સિવિલમાં સેવા કરવાનો આદેશ

અમદાવાદ, તા.૪

ગુજરાત હાઈકોર્ટે અમદાવાદના પેલેડિયમ મોલના ચેન્જિંગ રૂમના ફ્લોર પર પોતાનો મોબાઈલ કેમેરો મૂકીને સગીર બાળકીનો વીડિયો રેકોર્ડ કરવાના પ્રયાસ બદલ ૨૭ વર્ષીય ઓટોમોબાઈલ એન્જિનિયરને સિવિલ હોસ્પિટલમાં એક મહિનો સામાજિક સેવા કરવા અને અનાથાશ્રમમાં ૫૦ હજારનું દાન કરવાનો આદેશ આપ્યો છે.

ગત વર્ષે ઓક્ટોબરમાં વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં આરોપી રવિ પ્રજાપતિ વિરૂદ્ધ નોંધાયેલી FIRને સગીરાના માતા-પિતાની વિનંતીથી હાઈકોર્ટે રદ કરી દીધી છે, પરંતુ દંડ કર્યો છે. સગીરાના માતા-પિતાએ કોર્ટને જણાવ્યું હતું કે તેઓએ આરોપી સાથે સમાધાન કરી લીધું છે અને આગળ કોઈ ફોજદારી કાર્યવાહી કરવા માંગતા નથી.

સોગંદનામું રજૂ કરવા ઉપરાંત બાળકીના માતા-પિતાએ હાઈકોર્ટને જણાવ્યું હતું કે આ કાનૂની વિવાદના કારણે તેમની બાળકીના અભ્યાસ પર વિપરીત અસર પડી છે અને તે પોતાની બોર્ડની પરીક્ષામાં સારૂં પરિણામ મેળવી શકી નથી. આનાથી સગીરા ઉપર ભારે માનસિક બોજ પડ્યો છે. તેના આગળના અભ્યાસ અને ભવિષ્યના લગ્નને ધ્યાનમાં રાખીને, તેમણે આ પ્રકરણને પાછળ છોડીને જીવનમાં આગળ વધવાનું નક્કી કર્યું છે.

હાઈકોર્ટે જણાવ્યું હતું કે FIRમાં કરવામાં આવેલા આરોપો નિઃસંદેહ ગંભીર પ્રકૃતિના છે અને સગીર બાળકીના સન્માન તથા પ્રાઈવસીના ભંગ કરતા કૃત્યને દર્શાવે છે. આ આરોપો ચેન્જિંગ રૂમની એકાંત ક્ષણોમાં કપડાં બદલી રહેલી સગીરાનું વીડિયો રેકોર્ડિંગ કરવા મોબાઈલના ઉપયોગ પાછળના ગંભીર અને મલિન ઈરાદાનો સ્પષ્ટ સંકેત આપે છે. હાઈકોર્ટે જણાવ્યું હતું કે તે બેદરકારીપૂર્વક FIR રદ કરવા ઈચ્છતી ન હતી, પરંતુ પીડિતાના ખાનગીપણા તથા સન્માનના અધિકાર અને ગુનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને, કોર્ટે આરોપી પાસેથી લેખિતમાં બાંહેધરી લીધી છે કે તે ભવિષ્યમાં ક્યારેય આવી કોઈ ગુનાહિત પ્રવૃત્તિમાં સામેલ થશે નહીં. હાઈકોર્ટને લાગ્યું કે આરોપી તરફથી માત્ર આશ્વાસન પૂરતું નથી, તેથી તેણે આરોપીને જવાબદારી અને આત્મચિંતન માટે સામાજિક સેવા કરવાનો આદેશ આપ્યો છે. હાઈકોર્ટે આદેશ આપ્યો છે કે અરજદારને ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૬થી ૯ ઓક્ટોબર, ૨૦૨૬ સુધીના એક મહિનાના સમયગાળા માટે અસારવા, અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં સામાજિક સેવા કરવાની સૂચના આપવામાં આવે છે. હાઈકોર્ટે સિવિલ હોસ્પિટલના સુપરિન્ટેન્ડેન્ટને આરોપીને યોગ્ય ફરજો સોંપવા નિર્દેશ આપ્યો હતો અને સામાજિક સેવા સફળતાપૂર્વક પૂર્ણ કર્યાનું પ્રમાણપત્ર હાઈકોર્ટના રજિસ્ટ્રાર જનરલને મોકલવા જણાવ્યું હતું. હાઈકોર્ટે તેને કયા પ્રકારનું કામ સોંપવામાં આવ્યું અને તેણે પોતાની ફરજો કેવી રીતે નિભાવી તે અંગેનો અહેવાલ પણ માંગ્યો છે. હાઈકોર્ટે સ્પષ્ટતા કરી હતી કે સામાજિક સેવા દરમિયાન અરજદાર તરફથી કોઈ ગેરહાજરી, ક્ષતિ કે ગેરવર્તણૂકના કિસ્સામાં, યોગ્ય આદેશો માટે આ કોર્ટને તાત્કાલિક જાણ કરવામાં આવશે, જેમાં FIR પુનઃસ્થાપિત કરવાનો પણ સમાવેશ થાય છે. આ ઉપરાંત, હાઈકોર્ટે આરોપીને ૧૦ દિવસમાં પાલડી સ્થિત શિશુ ગૃહમાં ૫૦ હજાર રૂપિયા જમા કરાવવાનો આદેશ આપ્યો છે અને અનાથાશ્રમને આ રકમનો ઉપયોગ ત્યાં રહેતા બાળકોના કલ્યાણ, સંભાળ, શિક્ષણ અને અન્ય કાયદેસરની જરૂરિયાતો માટે કરવાનો નિર્દેશ આપ્યો છે. હાઈકોર્ટે ટ્રાયલ કોર્ટને આરોપીનો મોબાઈલ ફોન તેને પરત ન કરવાનો પણ આદેશ આપ્યો છે.

# ગોમતીપુરમાંથી ૧૧ લાખના ગાંજા સાથે રિક્ષાચાલક અને મહિલાની ધરપકડ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૪

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની સ્પેશિયલ ઓપરેશન્સ ગ્રુપ (SOG)ની ટીમે ગોમતીપુર સ્થિત પત્રાવાલી મસ્જિદ નજીકથી રૂા.૧૦.૯૯ લાખની કિંમતનો ૨૧.૯૮ કિલો ગાંજો જપ્ત કરીને બે લોકોની ધરપકડ કરી છે. ૩ સપ્ટેમ્બરના રોજ વહેલી સવારે હાથ ધરવામાં આવેલા આ ઓપરેશનમાં પોલીસે અમદાવાદના જ રહેવાસી એવા રિક્ષાચાલક આશિષ ઉર્ફે ભટ્ટો બળદેવભાઈ પટેલ (ઉંમર ૩૬ વર્ષ) અને મજૂરી કામ કરતી સોનલબેન અજયભાઈ યાદવ (ઉંમર ૨૮ વર્ષ)ની અટકાયત કરી છે. પોલીસે આ મામલે નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ (NDPS) એક્ટની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

SOGના અધિકારીને ૨ સપ્ટેમ્બરના રોજ ચોક્કસ બાતમી મળી હતી કે આશિષ અને સોનલ મહારાષ્ટ્રથી ગાંજાનો જથ્થો ખરીદીને ટ્રેન મારફતે અમદાવાદ પરત આવી રહ્યા છે. આ માહિતીના આધારે SOGની ટીમે દરોડા માટે ખાસ ટીમ બનાવી હતી અને બે સ્વતંત્ર સાક્ષીઓને સાથે રાખીને ગોમતીપુર વિસ્તારમાં વોચ ગોઠવી હતી. આ દરમિયાન પત્રાવાલી મસ્જિદ નજીક બંને આરોપીઓ શંકાસ્પદ હાલતમાં મળી આવ્યા હતા. આશિષ પાસે એક ગુલાબી અને એક મોટો કાળો થેલો હતો, જ્યારે સોનલ પાસે બે બ્લૂ કલરના થેલા હતા.

પોલીસે આરોપીઓની તલાશી લેતાં તેમના થેલામાંથી સેલોટેપથી પેક કરેલા અનેક પાર્સલ મળી આવ્યા હતા, જેમાંથી તીવ્ર ગંધ ધરાવતો બ્રાઉન રંગનો વનસ્પતિજન્ય પદાર્થ મળ્યો હતો. ઘટનાસ્થળે પહોંચેલા FSL અધિકારીએ પ્રાથમિક તપાસ બાદ આ પદાર્થ ગાંજો હોવાની પુષ્ટિ કરી હતી. ત્યારબાદ સાક્ષીઓની હાજરીમાં વજન કરવામાં આવતાં આશિષ પાસેથી ૧૦.૦૩ કિલો અને સોનલ પાસેથી બાકીનો જથ્થો મળીને બંને પાસેથી કુલ ૨૧.૯૮ કિલો ગાંજો કબજે કરાયો હતો, જેની બજાર કિંમત રૂા.૧૦.૯૯ લાખ થાય છે. નશીલા પદાર્થ ઉપરાંત પોલીસે તેમની પાસેથી બે મોબાઈલ ફોન, ઓળખકાર્ડ, રૂા.૬૧૦ રોકડા અને એક હાથે લખેલી ચિઠ્ઠી પણ જપ્ત કરી છે. આમ, પોલીસે ગાંજા અને અન્ય સામાન મળીને કુલ રૂા.૧૧.૦૫ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

પોલીસ પૂછપરછ દરમિયાન આરોપીઓએ ખુલાસો કર્યો હતો કે તેઓ આ ગાંજાનો જથ્થો મહારાષ્ટ્રના નંદુરબાર જિલ્લાના રહેવાસી અશોક નામના વ્યક્તિ પાસેથી લાવ્યા હતા. વધુમાં સામે આવ્યું છે કે આશિષ અગાઉ પણ અશોક પાસેથી ગાંજો લાવીને અમદાવાદના કુબેરનગરમાં રહેતા બોબી અને તેની માતા બબિતાબેન ઉર્ફે બબ્બોને આપતો હતો. આ વખતે પણ બોબી અને બબિતાએ જ આશિષને ગાંજો લાવવા મહારાષ્ટ્ર મોકલ્યો હતો. આશિષ સોનલને પોતાની સાથે લઈ ગયો હતો અને સિંધખેડા રેલવે સ્ટેશન બહારથી ગાંજો મેળવી ટ્રેન દ્વારા અમદાવાદ પહોંચ્યો હતો.

આ માલ પહોંચાડવા બદલ આશિષને રૂા.૨૦,૦૦૦નું કમિશન આપવાનો વાયદો કરવામાં આવ્યો હતો, જ્યારે અગાઉના ડિલિવરી કામ માટે તેને રૂા.૧૫,૦૦૦નું કમિશન મળ્યું હતું. SOG પોલીસે આ કેસમાં ગાંજાનો જથ્થો પૂરો પાડનાર અશોક તથા તેને મંગાવનાર બોબી અને બબિતા ઉર્ફે બબ્બોને પણ આરોપી તરીકે દર્શાવ્યા છે. અમદાવાદમાં નશીલા પદાર્થોસપ્લાય કરવાના આ નેટવર્કમાં અન્ય કોની કોની ભૂમિકા છે તે અંગે પોલીસ હાલ ઊંડાણપૂર્વક તપાસ કરી રહી છે.

### એડી. ડીજીપી પીયૂષ પટેલે કાર્યભાર સંભાળતા જ એસીબી એકશન મોડમાં

# માત્ર ૬ મહિનામાં જ ૫૦ જેટલા ઉચ્ચ અધિકારીઓ અને ૧૩૬ કર્મચારીઓને લાંચ લેતા ઝડપી પાડ્યા

**(ઈસરાઈલ શેખ દ્વારા)**

સુરત, તા.૪

જન્મના દાખલાથી લઈને કોઈ પણ બીલ પાસ કરાવવા સુધીના પાયાના કામોમાં તલાટી અને કલાર્ક કક્ષાના કર્મચારીથી લઈ ઉચ્ચકક્ષાના અધિકારીઓ પણ યેનકેન પ્રકારે લાંચ માંગવાના વધી રહેલા બનાવની જાણ લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો ટૂંકમાં એસીબીને તથા જેના ડિરેક્ટર એડી. ડીજીપી પીયૂષ પટેલે પાછલા છ મહિનામાં જ ભ્રષ્ટાચાર નાબૂદ કરવાના અર્થે વિવિધ સરકારી કચેરીઓમાંથી ૧૩ જેટલા કલાસ વન અને ૩૬થી વધુ કલાસ ૨ અધિકારીઓને ઝડપી પાડી કુલ ૧૩૬ ઉપરાંત લાંચના બનાવના કેસમાં ૫૦ ઉપરાંત ઉચ્ચ બાબુઓને ઝડપી લઈ તેમના વિરૂદ્ધ કેસ નોંધી કાયદેસરની કાર્યવાહી કરતા ભ્રષ્ટ અધિકારી, કર્મચારીઓ, બાબુઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. એસીબીએ ટ્રેપ છટકાના ૧૦૯ કેસ અને ડિકોય નકલી ગ્રાહક મોકલી ૧૫ જેટલા કેસોની સાથો-સાથ સત્તાનો દુરૂપયોગના પણ બે કેસ સાથે અપ્રમાણ મિલકતના દસ જેટલા કેસમાં રૂા.૧૪.૧૭ કરોડની અપ્રમાણસર મિલકતો ઝડપી હોવાનું તથા ટ્રેપ અને ડિકોય કેસ દરમિયાન કુલ રૂા.૯૮.૧૬ લાખની લાંચની રકમ કબજે કરવામાં આવી હોવાનું એસીબીના વડા એડી.ડીજીપી પીયૂષ પટેલે જણાવ્યું હતું.

કરપ્શન અગેન્સની જે ટ્રાય છે તે વધારેને વધારે કડકાઈથી કામ કરવામાં આવનાર હોવાથી તેમાં મુખ્ય ફોક્સ સીનીયર અધિકારી તરફ કરેલ છે અને જે લોકો મુખ્ય કરપ્શનના શ્રોત છે, તેવા લોકોને ટાર્ગેટ કરવા અને કલાસ વન તથા કલાસ ૨ ભ્રષ્ટ અધિકારીને વધારે ને વધારે ટાર્ગેટ કરવાનો લક્ષ્ય રાખવામાં આવ્યો હોવાનું તે માટે ચાર જેટલા નાયબ નિયામકો અને મદદનિશ નાયબ નિમાયકોની જે ખાલી પડેલી જગ્યા પૂર્ણ થઈ હોવાથી આગામી દિવસો એસીબીની કામગીરી વધારેમાં વધારે અસરકારક અને ભ્રષ્ટ તત્ત્વોને ડરાવનારી રહેશે અને વહિવટી તંત્રમાં પારદર્શક વહિવટ કઈ રીતે સુમેળ સ્વચ્છ રીતે થઈ શકશે તથા ગુજરાતનાં વિકાસના એન્જીન વધારે ઝડપથી વધી શકે તે માટેના તમામ પ્રયત્ન લાંચરૂશ્વત બ્યુરોના ગુજરાતના વડા એડી.ડીજીપી પીયૂષ પટેલે વધુમાં જણાવ્યું હતું.

આ અંગે વિસ્તુતમાં પ્રાપ્ત થતી માહિતી અનુસાર ગુજરાતમાં ભ્રષ્ટાચાર મુક્ત કરવા અર્થે લાંચ રૂશ્વત વિરોધી બ્યુરોમાં ફેબ્રુઆરી ૨૦૨૬માં નિમણૂક થયેલા એડી.ડીજીપી પિયુષ પટેલે પોતાનો કાર્યભાર સંભાળતા જ એકશન મોડમાં આવી જઈ ભ્રષ્ટ બાબુઓને ઝડપવાની કાર્યવાહી સાથે





એસીબીના એકમને કડક આદેશ આપતા જ માત્ર ૬ મહિનામાં જ ૫૦ જેટલા ઉચ્ચ અધિકારી અને ૧૩૬ જેટલા કર્મચારીઓને લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડ્યા હતા. જેમાં સૌથી ચર્ચાસ્પદ કેસોમાં ગાંધીનગર ખાતે વિધુત નિરીક્ષકની કચેરીના વર્ગ એકના અધિકારી એ.બી.ચૌધરી પાંચ લાખની લાંચ લેતા ઝડપાયા હતા અને જેની તપાસમાં અંદાજે રૂા.૨.૬૮ કરોડની અપ્રમાણસર મિલકત સામે આવી હતી. તે સિવાય પણ સ્ટેટ ઈન્ટેલિજન્સ બ્યુરો (એસઆઈબી)ના અધિકારી કેતન દવેના લોકરમાંથી પણ આશરે રૂા.૫૨ લાખ રોકડા મળી આવ્યા હતા. લોકોના કામ સુમેળ ભર્યા, ભ્રષ્ટાચાર મુક્ત થાય તે માટે લોકોએ જાગૃતતા કેળવવી પડશે અને હિંમત દાખવી એસીબીને જાણ કરી ફરિયાદ આપવી પડશે, તેવું પણ એસીબી વડા પીયુશ પટેલે જણાવ્યું હતું. ગુજરાતના એસીબીના તમામ એકમો દ્વારા અલગ અલગ જિલ્લા અને શહેરોમાં અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, પંચમહાલ, સુરત, રાજકોટ, ભાવનગર, જૂનાગઢ અને બોર્ડર વિસ્તારમાં અભિયાન ચાલી રહ્યુંછે. એસીબીના તમામમાંથી માત્ર ગાંધીનગર અને અમદાવાદ એકમ સૌથી વધુ અસરકારક સાબિત થયા છે, જ્યાંથી સૌથી વધુ લાંચિયા ઝડપાયા છે. જ્યારે ભાવનગર અને જૂનાગઢ એકમમાં ચાર મહિના દરમિયાન સૌથી ઓછી કાર્યવાહી નોંધાઈ છે. તેમજ દરેક કેસમાં નાગરિકોની ફરિયાદના આધારે ટ્રેપ ગોઠવવામાં આવી હતી અને અધિકારીઓને રંગેહાથ ઝડપવામાં આવ્યા છે. રાજ્યના વિવિધ સરકારી કચેરીઓ, મહાનગર પાલિકા, તાલુકા કચેરીઓ, પોલીસ વિભાગ અને ગ્રામ પંચાયત સ્તરે લાંચ માંગવાના કેસો સામે આવ્યા છે. એસીબી દ્વારા લેવામાં આવતી આ પ્રકારની કામગીરીથી સરકારી તંત્રમાં ભયનો માહોલ ઊભો થયો છે અને લાંચ માંગતા કર્મચારીઓએ સાવચેતી રાખવાની સ્થિતિ ઊભી થઈ છે. જો કે, લાંચ બંધ થતી નથી ત્યારે જ્યાં સુધી નાગરિકો પોતાની હિંમત ન ગુમાવે અને ફરિયાદ કરે, તેવું એસીબીના અધિકારીઓએ જણાવ્યુંછે. ગુજરાતમાં શરૂ થયેલા "ભ્રષ્ટાચાર મુક્ત અભિયાન" હેઠળ દરેક અધિકારી અને કર્મચારીને જવાબદારીથી કામ કરાવવાનું લક્ષ્ય રાખવામાં આવ્યુંછે. આવા સમયમાં એસીબી દ્વારા સમયસર અને અસરકારક પગલાં લેવાઈ રહ્યા છે. સરકારનો પ્રયાસ નાગરિકોને ન્યાય આપવા માટે મહત્વપૂર્ણ છે. એસીબીની કામગીરી રાજ્યવ્યાપી અને સતત ચાલું રહેશે. તેવું એડી ડીજીપી પિયુષ પટેલે જણાવ્યું હતું. આગામી સમયમાં એસીબી વધુ અસરકર્તા બનાવનો પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે. તે માટે એસીબી તમામ ડીવાયએસપી કક્ષાના અધિકારી વધુ નેટવર્ક સરકારી કચેરી બનાવી રહ્યું છે સાથે સાથે આધુનિક ટેક્નોલોજીનો વધુ ઉપયોગ કરવમાં આવી રહ્યા હોવાનું પણ એડી.ડીજીપીએ જણાવ્યું હતું. વધુમાં જણાવ્યું હતું કે, એસીબીમાં જે જગ્યા ખાલી હતી તેમાં સરકારે મદદ કરતા જેમાં ચાર નાયબ નિયામકની જગ્યા અને મદદનિશ નિયામકોની પણ ખાલી જગ્યા પૂર્ણ થતા આગળના દિવસોમાં એસીબીની કામગીરી વધારે અસરકારક અને ભ્રષ્ટ તત્ત્વોને ડરાવનારી રહેશે. તેવી આશા અને અપેક્ષા હોવાનું તથા વહીવટી તંત્રમાં પારદર્શક વહીવટ થાય અને ગુજરાતના વિકાસનો એન્જીન વધારે ઝડપથી વધી શકે તે માટેના એસીબીના તમામ પ્રયત્ન હોવાનું પણ એસીબી વડા એડી.ડીજીપી પીયૂષ પટેલે ‘ગુજરાત ટુડે’ને જણાવ્યું હતું.

### સમગ્ર રાજ્યમાં ભ્રષ્ટાચારના કેસોમાં પોલીસ વિભાગ પ્રથમ ક્રમે છે તેવું માત્ર છ મહિનાના એસીબી ટ્રેપના આંકડામાં ઉજાગર થયું છે

ગુજરાત એન્ટીકરપ્શન બ્યુરો અર્ધવાર્ષિક અહેવાલ મુજબ રાજ્યમાં લાંચ લેવાતા કેસોમાં ગૃહ વિભાગ (પોલીસ) વિભાગ પ્રથમ ક્રમે આવે છે. વર્ષ ૨૦૨૬માં જાન્યુઆરીથી ઓગસ્ટ સુધીમાં જ નોંધાયેલા આંકડા મુજબ ૨૮ જેટલા કેસ પોલીસ વિભાગના નોંધાયેલા છે. આ કેસમાં કોન્સ્ટેબલ, હેડ કોન્સ્ટેબલથી લઈને પીએસઆઈ કક્ષાના અધિકારીઓનો સમાવેશ થાય છે. તેમજ કેટલાક પોલીસવાળા પોતાના વચેટીયાઓ પણ રાખતા હોય છે. તેવા ૩૪ જેટલા વચેટીયાઓને પણ એસીબી દ્વારા ઝડપી પાડવામાં આવ્યા છે. દરમિયાન તાજેતરમાં જ બે મહિલા પોલીસ કર્માચારીઓ રૂા.૧.૧૦ લાખની લાંચ સાથે ઝડપી પાડ્યાના ચકચારીત બનાવ બનવા પામ્યો હતો. તેમજ કેટલાક પોલીસ વાળાઓએ પીએસઆઈ કક્ષાએ જ બંગલાઓ પોતાના વતનમાં બનાવી લીધા છે. તેઓ હાલમાં પ્રમોશન સાથે પી.આઈ. કક્ષાએ પહોંચ્યા છે તેવા પોલીસ અધિકારીઓને મિલકતની તપાસ ફરિયાદ મળતે તપાસ શરૂ કરવામાં આવનાર હોવાનું એસીબી સૂત્રોએ જણાવ્યું હતું.

### ભ્રષ્ટાચાર મામલે મહેસૂલ વિભાગ રાજ્યમાં બીજા ક્રમે

ભ્રષ્ટાચાર મામલે મહેસુલ વિભાગ રાજ્યમાં બીજા ક્રમે આવતો હોવાથી આ વિભાગમાં પણ એસીબી સક્રિયતા વધી ગઈ છે. આણંદના પૂર્વ ડી.સી. કેતકી વ્યાસની અપ્રમાણસર કેસ ખૂબ જ ચકચારિત રહ્યો છે. પાછલા વર્ષ અને આ ચાલુ માસ દરમિયાન અપ્રમાણસર મિલક્તના કેસો કરવામાં આવતા જેમાં ૬૦થી ૭૦ કરોડ રૂપિયાની અપ્રમાણસર મિલકતોને કોર્ટના હુકમ લઈને લાંચમાં લેવાની કાર્યવાહી પણ એસીબી દ્વારા કરવામાં આવી હોવાનું એડી.ડીજીપી પિયુષ પટેલે જણાવ્યું હતું.

દેશના પ્રધાનમંત્રીએ સંકલ્પ સૂત્રો આપ્યો હતો કે, ભ્રષ્ટાચાર મુક્ત પારદર્શક વહિવટને પ્રોત્સાહનને સાર્થક કરવા ગુજરાત એસીબીની ટીમ દ્વારા તમામ પ્રયત્ન કરવામાં આવી રહ્યાં છે.

રાજ્યનો મહેસુલ વિભાગના ૨૨ જેટલા કેસો પાછલા છ મહિનામાં જ નોંધાયેલા હોવાથી મહેસુલ વિભાગ ભ્રષ્ટાચારના મામલામાં બીજા નંબર ઉપર આવે છે. મહેસુલ વિભાગમાં મુખ્યત્વે એસીબીના કેસો, મીન માપણીના, દસ્તાવેજ, એન્ટી(નોંધ) મંજૂર કરવા અથવા બિન-ખેતી એનઓસીની મંજૂરી માટે તલાટી-કમ-મંત્રી, નાયબ મામલતદાર, કલાર્ક અને વચેટીયાઓ (એજન્ટો)ને લાંચ લેતા ઝડપાયાના મુખ્ય કેસો એસીબી નોંધાયા છે.

જ્યારે રાજ્યમાં ખુબ ચકચારિત બનેલ આણંદના પૂર્વ ડેપ્યુટી કલેક્ટર કેતકી વ્યાસની એન્ટી કરપ્શન બ્યુરો દ્વારા અપ્રમાણસર મિલકત રાખવાના ગુનામાં ધરપકડ કરવામાં આવી હતી. જેમાં કેતકી વ્યાસના કાયદેસરના પગાર કરતા ૬૮.૮૪ ગણી વધુ રૂા. ત્રણ કરોડથી વધુની સંપતિ બાબતે તેઓ એજન્સી સમક્ષ કોઈ જ ઘટસ્ફોટ કરી શક્યા ન હતા. જે બનાવ બાબતે તેમની ધરપકડ જે તે વખતે કરતા ભારે ચકચાર મચી જવા પામ્યો હતો અને હાલમાં બે દિવસ પૂર્વે કેતકી વ્યાસની જામીન અરજી કોર્ટ દ્વારા નામંજૂર કરવામાં આવી હતી. અપ્રમણસર મિલકત બાબતે ગયા વર્ષથી લઈ હાલ સુધીની ૬૦થી ૭૦ કરોડની મિલકતોને ટાંચમાં લેવા ગૃહ વિભાગને જાણકાર કોર્ટમાંથી ઓર્ડર લઈ આ તમામ મિલકતને ટાંચમાં લેવાની પ્રક્રિયા પણ કરવામાં આવી હોવાનું એસીબી વડા એડી.ડીજીપી પીયૂષ પટેલે ગુજરાત ટુડેને જણાવ્યું હતું.

### કાયદેસરનું કામ કરાવવા માટે પણ અપાતી રકમને લાંચ તરીકે લોકો માને છે. પરંતુ ભેટ કે બક્ષિસ પણ લાંચનો જ એક ભાગ છે

ભ્રષ્ટ રાજ્ય સેવકો સમો ગુનો નોંધી ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ રાજ્ય સરકારના કર્મચારીઓમાં ફરજ નિષ્ઠ વધારવા તથા વહીવટી કામકાજને ભ્રષ્ટાચાર મુક્ત બતાવવાના હેતુથી આ વિભાગ કાર્યરત છે. મુંબઈ રાજ્યમાંથી ગુજરાત રાજ્ય અલગ થયા પછી ૩ સપ્ટેમ્બર ૧૯૬૩ના રોજ આ બ્યુરોની રચના કરવામાં આવી હતી.જેમાં સમાજમાં પ્રવર્તતા ભ્રષ્ટાચારનો સામાન્ય રીતે લાંચ શબ્દ પ્રચલિત છે. સામાન્ય નાગરિક લાંચ એટલે કાયદેસરનું કામ કરાવવા માટે આપવી પડતી નાણાંકીય રકમ તેટલું જ સમજે છે. પરંતુ લાંચ શબ્દનો વિસ્તુત અર્થ છે. આ અધિનિયમમાં લાંચ શબ્દની વ્યાખ્યા આપવામાં આવી નથી. આથી નાગરિકોએ જાણવાની જરૂર છે કે ફક્ત ફરજમાં આવતી કામગીરી કરવા કે ના કરવા માટે આપવામાં ભેટ કે બક્ષિસ પણ લાંચનો જ એક પ્રકાર છે.

# પેલેસ્ટીની ચર્ચોએ જેરૂસલેમમાં ખ્રિસ્તી શાળાઓને બચાવવા માટે આંતરરાષ્ટ્રીય પગલાં લેવાની હાકલ કરી

(એજન્સી) તા.૪

ઈઝરાયેલે કબજા હેઠળના વેસ્ટ બેંકના શિક્ષકો અને કર્મચારીઓને જેરૂસલેમમાં ખ્રિસ્તી શાળાઓ સુધી પહોંચતા અટકાવ્યા બાદ પેલેસ્ટીની ઉચ્ચ રાષ્ટ્રપતિ સમિતિ ફોર ચર્ચ અફેર્સે વિશ્વભરના ચર્ચોને જેરૂસલેમમાં ખ્રિસ્તી શાળાઓને બચાવવા માટે ‘તાત્કાલિક પગલાં’ લેવા હાકલ કરી હતી. એક નિવેદનમાં સમિતિએ જણાવ્યું હતું કે, ઈઝરાયેલી અધિકારીઓએ પશ્ચિમ કાંઠાના ઘણા શિક્ષકો અને કર્મચારીઓને પ્રવેશ પરમિટ આપવાનો અથવા રિન્યૂ કરવાનો ઈન્કાર કર્યો હતો, જેના કારણે તેઓ તેમની શાળાઓ સુધી પહોંચી શકતા નહોતા. તેમાં કહેવામાં આવ્યું છેઃ ‘આ પગલાંથી ખ્રિસ્તી શૈક્ષણિક સંસ્થાઓને ખુલ્લી હડતાળ જાહેર કરવાની ફરજ પડી છે, જેનાથી ૨૦૨૬-૨૦૨૭ શૈક્ષણિક વર્ષ જોખમમાં મૂકાયું છે અને વિદ્યાર્થીઓ તેમના વર્ગખંડોમાં પાછા ફરતા અટકાવાયા છે.’ સમિતિએ કહ્યું કે, શિક્ષકો અને કર્મચારીઓને તેમના કાર્યસ્થળો પર પહોંચતા અટકાવવાથી બાળકોને તેમના ‘શિક્ષણના મૂળભૂત અધિકાર’નો ઈન્કાર થાય છે. તેણે ચેતવણી આપી હતી કે, ઈઝરાયેલી પગલાં ‘જેરૂસલેમમાં પેલેસ્ટીની શિક્ષણ પર લાદવામાં આવેલા પ્રતિબંધોના વ્યાપક વધારા’નો ભાગ હતા. સમિતિએ પેલેસ્ટીની શાળાઓ પર ઈઝરાયેલી અભ્યાસક્રમ લાદવા અને જાન્યુઆરી ૨૦૨૬માં નેસેટ દ્વારા પસાર કરાયેલા કાયદા તરફ પણ ધ્યાન દોર્યું હતું ‘પેલેસ્ટીની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓના



સ્નાતકોના રોજગાર પર પ્રતિબંધ’. તેણે કહ્યું હતું કે, આ નીતિઓ ‘જેરૂસલેમની ઓળખને નબળી પાડે છે’ અને આંતરરાષ્ટ્રીય કાયદા અને સંયુક્ત રાષ્ટ્રના ઠરાવોનું ઉલ્લંઘન કરે છે, જે પુષ્ટિ આપે છે કે, પૂર્વ જેરૂસલેમ કબજે કરેલો પ્રદેશ છે, તેમજ ચોથા જીનીવા સંમેલનની જોગવાઈઓ. સમિતિએ ભાર મૂક્યો હતો કે, ‘શિક્ષણ એક અધિકાર છે, વિશેષાધિકાર નથી’ અને કહ્યું હતું કે, ખ્રિસ્તી શૈક્ષણિક સંસ્થાઓ જેરૂસલેમના ઈતિહાસ અને શહેરમાં ચર્ચની હાજરીનો ભાગ છે અને પેલેસ્ટીનીઓની પેઢીઓ, ખ્રિસ્તીઓ અને મુસ્લિમો બંનેની સેવા કરી છે.

# વધતા તણાવ વચ્ચે UAEની ભારત અને ગલ્ફ ફ્લાઈટ્સમાં વિક્ષેપો આવી રહ્યા છે



(એજન્સી) તા.૪

ગુરૂવાર, ૩ સપ્ટેમ્બરના રોજ સંયુક્ત અરબ અમીરાત (UAE)માં હવાઈ મુસાફરીમાં વધુ વિક્ષેપ જોવા મળ્યો, જેમાં વિલંબ અને રદ થવાથી ભારત અને પાડોશી ગલ્ફ દેશો સાથેના જોડાણો પર અસર પડી કારણ કે, પ્રાદેશિક તણાવ વધુ રહ્યો. ખલીજ ટાઈમ્સે અહેવાલ આપ્યો છે કે, છેલ્લા બે દિવસમાં UAE એરપોર્ટ પર લગભગ ૨૦ ફ્લાઈટ્સ પ્રભાવિત થઈ હતી, જેમાં રદ થવાથી લઈને લગભગ ૧૬ કલાકના વિલંબ સુધીના વિક્ષેપો હતા. સૌથી મોટો વિલંબ સ્પાઈસજેટની કોચી સેવાનો હતો, જે UAEના સમય મુજબ સવારે ૩:૧૫ વાગ્યાથી સાંજે ૭:૧૨ વાગ્યા સુધી ફરીથી શેડ્યુલ કરવામાં આવી હતી. મુંબઈ જતી સ્પાઈસજેટની ફ્લાઈટ રદ કરવામાં આવી હતી, જ્યારે નવી દિલ્હીની સેવાઓ પણ પ્રભાવિત થઈ હતી. ખલીજ ટાઈમ્સે અહેવાલ આપ્યો છે કે, UAEને બહેરીન, કુવૈત, બગદાદ, દમાસ્કસ, કૈરો અને કાબુલ સહિતના સ્થળો સાથે જોડતી અન્ય ફ્લાઈટ્સમાં વિલંબ અથવા રદ થવાનો અનુભવ થયો છે. એર અરેબિયાએ બહેરીન અને કુવૈતની કેટલીક સેવાઓ રદ કરી છે, જ્યારે બંને દેશોમાં અન્ય ફ્લાઈટ્સનું સંચાલન ચાલુ રાખ્યું છે. ગુરૂવારે દુબઈ અને અબુધાબી એરપોર્ટ પર પણ વિક્ષેપ ચાલુ રહ્યો, જો કે, એક દિવસ પહેલા કરતા ઓછી સેવાઓ પ્રભાવિત થઈ હોય તેવું લાગ્યું, ધ નેશનલના અહેવાલ મુજબ. પ્રાદેશિક સુરક્ષા પરિસ્થિતિની સતત અસરને પ્રતિબિંબિત કરતી ઘણી ફ્લાઈટ્સ હજુ પણ સમયપત્રક કરતાં મોડી ચાલી રહી હતી. યુએસ અને ઈરાન વચ્ચે ફરી દુશ્મનાવટ શરૂ થયા બાદ આ વિક્ષેપો સર્જાયા હતા, જેના કારણે સમગ્ર પ્રદેશમાં ફ્લાઈટના સમયપત્રક પર અસર પડી છે. UAEના એરપોર્ટ ગુરૂવારે કાર્યરત રહ્યા, જ્યારે એરલાઈન્સે વિકાસ પર નજર રાખવાનું અને જરૂરી હોય ત્યાં સેવાઓને સમાયોજિત કરવાનું ચાલુ રાખ્યું.

# ૫૫,૦૦૦થી વધુ લોકોએ યુકેના નવા વડાપ્રધાનને ગાઝા નરસંહાર માટે ઈઝરાયેલને જવાબદાર ઠેરવવા વિનંતી કરી

(એજન્સી) તા.૪

પેલેસ્ટીન સમર્થક જૂથોએ બુધવારે ૫૫,૦૦૦થી વધુ લોકોએ હસ્તાક્ષરિત એક અરજી રજૂ કરી હતી જેમાં નવા બ્રિટિશ વડાપ્રધાન એન્ડી બર્નહામને ગાઝામાં થયેલા નરસંહાર માટે ઈઝરાયેલને જવાબદાર ઠેરવવા હાકલ કરવામાં આવી હતી, એનાદોલુ અહેવાલો અનુસાર. યુએસ સોશિયલ મીડિયા કંપની X પર શેર કરાયેલા વીડિયો ફૂટેજમાં પેલેસ્ટીન સોલિડેરિટી કેમ્પેઈન (PSC)ના ડેપ્યુટી ડિરેક્ટર રાયવકા બર્નાર્ડ, બ્રિટિશ પેલેસ્ટીની કમિટીના ડિરેક્ટર સારા હુસેની અને ઈઝરાયેલી કાર્યવાહીના કટ્ટર ટીકાકાર, અગ્રણી બ્રિટિશ અભિનેત્રી જુલિયટ સ્ટીવનસન, ડાઉનિંગ સ્ટ્રીટમાં બર્નહામના કાર્યાલયમાં અરજી સોંપતા જોવા મળ્યા હતા. વીડિયોમાં બોલતા બર્નાર્ડે કહ્યું કે, તેઓ બર્નહામને આંતરરાષ્ટ્રીય કાયદા અને પેલેસ્ટીની લોકોના અધિકારોને સમર્થન આપવા અને ઈઝરાયેલ દ્વારા કરવામાં આવેલા નરસંહાર ‘જે તે કરી રહ્યું છે, તે એક સતત નરસંહાર છે જે તે કરી રહ્યું છે’ માટે જવાબદાર ઠેરવવા હાકલ કરી રહ્યા છે. હુસેનીએ કહ્યું કે, કબજો, રંગભેદ અને નરસંહાર માટે કોઈ ‘ટુકડા-ટુકડા અભિગમ’ હોઈ શકે નહીં. ‘તો, આજની આ અરજી ખરેખર એક યાદ અપાવે છે કે, વ્યાપક બ્રિટિશ જનતા … ખરેખર નજીકથી જોઈ રહી છે કે, શું આ નવી સરકાર અર્થપૂર્ણ નીતિગત પરિવર્તન માટે પ્રતિબદ્ધ થઈ શકે છે જે ખરેખર જવાબદારી અને પેલેસ્ટીનીઓને લાયક પીડાદાયક લાંબા સમયથી પડતર ન્યાય આપી શકે છે,’ તેણીએ કહ્યું. તેણીના ભાગરૂપે, સ્ટીવનસને કહ્યુંઃ ‘અમે એન્ડી બર્નહામ અને તેમની સરકારને આ અંગે યુકે સરકારનું વલણ બદલવા વિનંતી કરી રહ્યા છીએ કારણ કે, અમે કીર સ્ટારમર (પૂર્વ વડાપ્રધાન)ને તેની સાથે સાંઠગાંઠ કરતા જોયા છે.’ ગાઝામાં ઈઝરાયેલના નરસંહારમાં ઓક્ટોબર ૨૦૨૩થી ઓછામાં ઓછા ૭૩,૪૭૦ પેલેસ્ટીનીઓ માર્યા ગયા છે અને ૧,૭૪,૫૪૦ અન્ય ઘાયલ થયા



છે, એમ એન્ક્લેવના આરોગ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર. મોટાભાગના પીડિતો મહિલાઓ અને બાળકો છે, જ્યારે ગાઝાના લગભગ ૯૦% નાગરિક માળખાકીય સુવિધાઓનો નાશ થયો છે.

# પેલેસ્ટીની કમિશને ઓગસ્ટમાં વેસ્ટ બેંકમાં ૨,૦૩૦ ઈઝરાયેલી સૈન્ય અને વસાહતીઓના હુમલા નોંધ્યા



(એજન્સી) તા.૪

પેલેસ્ટીની ઓથોરિટીના દીવાલ અને વસાહતો વિરૂદ્ધ કમિશન દ્વારા મંગળવારે જાહેર કરાયેલા આંકડા અનુસાર ઓગસ્ટ દરમિયાન ઈઝરાયેલી દળો અને વસાહતીઓએ કબજા હેઠળના પશ્ચિમ કાંઠે પેલેસ્ટીનીઓ તેમની જમીન અને મિલકત પર ૨,૦૩૦ હુમલા કર્યા. પંચે ૧,૪૦૨ ઘટનાઓ ઈઝરાયેલી દળો અને ૬૨૮ ઘટનાઓ વસાહતીઓને જવાબદાર ગણાવી, આ આંકડાઓને સમગ્ર પ્રદેશમાં પેલેસ્ટીનીઓ સામે સતત હિંસાના પુરાવા તરીકે વર્ણવ્યા. પંચ અનુસાર વસાહતીઓના હુમલાઓએ મહિના દરમિયાન ૧૬૪ પેલેસ્ટીનીઓને સીધી અસર કરી જેમાં ૨૦ બાળકો અને ૧૭ મહિલાઓનો સમાવેશ થાય છે. તેમાં એ પણ અહેવાલ છે કે, ૨૧ ઓગસ્ટના રોજ દક્ષિણ હેબ્રોન ગવર્નરેટના સૈરના હમરૂશ વિસ્તારમાં વસાહતીઓના હુમલા દરમિયાન ૧૭ વર્ષીય કરીમ સેન્ડ શાલલ્ડાની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. કમિશને જણાવ્યું હતું કે, તેના મૃત્યુથી ૨૦૨૬ની શરૂઆતથી વસાહતીઓની ગોળીબારમાં માર્યા ગયેલા પેલેસ્ટીનીઓની સંખ્યા ૨૫ થઈ ગઈ છે. કમિશન અનુસાર કૃષિ મિલકતને પણ વ્યાપકપણે અસર થઈ હતી, જેમાં ૨૧,૫૦૮ વૃક્ષોને નુકસાન થયું હતું, જેમાં ૧૯,૩૭૫ ઓલિવ વૃક્ષોનો સમાવેશ થાય છે. કમિશનએ જણાવ્યું હતું કે, ઓગસ્ટ દરમિયાન વસાહતીઓએ ૩૨ નવી ચોકીઓ સ્થાપિત કરવાનો પ્રયાસ કર્યો હતો, જેમાં મોટાભાગની પ્રવૃત્તિ રામલ્લાહ અને અલ-બીરેહ, હેબ્રોન અને નાબ્લુસ ગવર્નરેટમાં કેન્દ્રિત હતી. કમિશન અનુસાર ઈઝરાયેલી અધિકારીઓએ જપ્તીના આદેશો, રાજ્યની જમીનની ઘોષણાઓ અને સુરક્ષાના આધારે જારી કરાયેલા આદેશો દ્વારા લગભગ ૧,૯૪૬ ડુનમ પેલેસ્ટીન જમીનને પણ નિશાન બનાવી હતી. એક ડુનમ ૧,૦૦૦ ચોરસ મીટર બરાબર છે.

# ઈરાન-US યુદ્ધ વિસ્તર્યું : હોર્મુઝમાં અમેરિકાએ ૮૬ જહાજો રોક્યા : યમનમાં હૌથીઓએ પણ ૧૦ બેલિસ્ટિક મિસાઈલો છોડી

(એજન્સી) તા.૪

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલો સંઘર્ષ હવે વધુ ભયાનક રૂપ ધારણ કરી રહ્યો છે. એક તરફ હોર્મુઝ સ્ટ્રેટ (Hormuz Strait)માં અમેરિકન સેનાએ ઈરાન સામે કડક નાકેબંધી શરૂ કરી દીધી છે, તો બીજી તરફ યમનમાં ઈરાન સમર્થિત હૂતી બળવાખોરોએ ૧૦ બેલિસ્ટિક મિસાઈલો છોડીને ખળભળાટ મચાવી દીધો છે. આ ઘટનાક્રમથી હોર્મુઝથી લઈને યમન સુધી યુદ્ધનો ભય ચરમસીમાએ પહોંચ્યો છે. અમેરિકન સેન્ટ્રલ કમાન્ડ (CENTCOM)ના જણાવ્યા અનુસાર, યુએસ નેવી હોર્મુઝસ્ટ્રેટમાં ઈરાન સામેની નાકાબંધીને અત્યંત સખત રીતે લાગુ કરી રહી છે. ૨ સપ્ટેમ્બર સુધીમાં કાયદા અને નિયમોનું પાલન કરાવવા માટે અમેરિકન સેનાએ ૮૬ કમર્શિયલ જહાજોના માર્ગ બદલ્યા છે. આ સિવાય ૩ જહાજોને નિષ્ક્રિય કરવામાં આવ્યા છે અને ૨ જહાજો પર સવાર થઈને તપાસ હાથ ધરવામાં આવી છે. અમેરિકાની કાર્યવાહી વચ્ચે યમનમાં ઈરાન સમર્થિત હૂતી બળવાખોરોએ અચાનક ૧૦ બેલિસ્ટિક મિસાઈલો દાગીને તંગદિલી વધારી દીધી છે. યમનની સરકારી સેનાના જણાવ્યા અનુસાર, આ મિસાઈલો પશ્ચિમ યમનના વિસ્તારોને લક્ષ્ય બનાવીને લોન્ચ કરવામાં આવી હતી. મુખ્યત્વે તાઈઝ પ્રાંતના મોખા શહેર અને હોદેઈદાહ પ્રાંતના અલ-ખોખા જિલ્લા પર



આ હુમલા કરાયા હતા. યમનના સ્થાનિક સૂત્રો અનુસાર, મોટાભાગની મિસાઈલો મોખા શહેર તરફ દાગવામાં આવી હતી, જ્યાં છેલ્લા કેટલાક અઠવાડિયાથી હૂતીઓ દ્વારા સતત ડ્રોન હુમલા પણ થઈ રહ્યા છે. મિસાઈલ હુમલાની સાથે જ યમનમાં હૂતીઓ અને સરકારી દળો વચ્ચે જમીની લડાઈ પણ હિંસક બની છે. તાઈઝના અલ-કદહા-અલ-બરાહ વિસ્તારમાં હૂતી લડવૈયાઓએ જમીની આક્રમણ કર્યું હતું, પરંતુ સરકારી સેનાએ વળતો પ્રહાર કરીને તેમને પાછળ હટવા મજબૂર કર્યા હતા.

# ઈરાન યુદ્ધ ટૂંક સમયમાં સમાપ્ત થશે, અમેરિકા પહેલાથી જ ‘જીત્યું’ છે : ટ્રમ્પનો દાવો

(એજન્સી) વોશિંગ્ટન, તા.૪

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું છે કે, ઈરાન સાથેનું યુદ્ધ ટૂંક સમયમાં સમાપ્ત થશે, તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, અમેરિકન દળોએ તેહરાનની લશ્કરી ક્ષમતાઓને અપંગ બનાવી દીધી છે, તેના પરમાણુ સ્થળો પર નજર રાખી રહ્યા છે અને હોર્મુઝ સ્ટ્રેટને નિયંત્રિત કરી રહ્યા છે. ‘જેમ-જેમ આપણે જીતીએ છીએ, તેમ યુદ્ધ લાંબો સમય નહીં ચાલે,’ રાષ્ટ્રપતિ ટ્રમ્પે GB ન્યૂઝ સાથેની એક મુલાકાતમાં સંઘર્ષ માટે જાહેર સમર્થન વિશે પૂછવામાં આવ્યું ત્યારે કહ્યું. ‘અમે પહેલાથી જ જીતી ગયા છીએ કારણ કે, તેમની પાસે પરમાણુ હથિયાર નથી.’ પ્રેસિડેન્ટ ટ્રમ્પે કહ્યું કે, યુનાઈટેડ સ્ટેટ્સ ઈરાનને પરમાણુ હથિયાર પ્રાપ્ત કરતા અટકાવવા માટે સંઘર્ષમાં પ્રવેશ્યું હતું. ‘હવે અમારૂં ઈરાન સાથે યુદ્ધ છે અને તે એક અલગ કારણોસર છે કારણ કે, અમે તેમને પરમાણુ હથિયાર રાખવા દેવાના નથી,’ તેમણે કહ્યું. રાષ્ટ્રપતિ ટ્રમ્પે દાવો કર્યો હતો કે, યુનાઈટેડ સ્ટેટ્સે ત્રણ પરમાણુ સ્થળો પર હુમલો કર્યો તે પહેલાં ઈરાન પરમાણુ હથિયાર મેળવવાથી બે થી ચાર અઠવાડિયા દૂર હતું. તેમણે તે સુવિધાઓને ‘નાશ પામેલા’ તરીકે વર્ણવી. રાષ્ટ્રપતિએ કહ્યું કે, વોશિંગ્ટન તે સ્થળો અને અન્ય સ્થાનનું નિરીક્ષણ કરવા માટે તેની અવકાશ ક્ષમતાઓનો ઉપયોગ કરી રહ્યું છે જેને તેમણે પિકેક્સ માઉન્ટેન તરીકે ઓળખાવ્યું. રાષ્ટ્રપતિ ટ્રમ્પે કહ્યું, ‘આપણે દરેકને જાણીએ છીએ જે અંદર જાય છે અને બહાર જાય છે. તમે શાબ્દિક રીતે અવકાશમાંથી તેમના નામનું ટેગ વાંચી શકો છો.’ તેમણે કહ્યું કે, ત્રણ સ્થળો પર પરમાણુ સામગ્રી હવે ‘લાખો ટન પર્વત’ નીચે દટાયેલી છે અને તેને પુનઃપ્રાપ્ત કરવી મુશ્કેલ બનશે. રાષ્ટ્રપતિ ટ્રમ્પે યુરોપને ચેતવણી



પણ આપી હતી, દલીલ કરી હતી કે, ઈરાની પરમાણુ હથિયાર ખંડ માટે વધુ તાત્કાલિક ખતરો ઊભો કરશે. ‘હું તમારા દેશને પણ આ ખતરાથી બચાવી રહ્યો છું, કારણ કે, જો ઈરાન પાસે પરમાણુ હથિયાર હોય, તો તેઓ યુરોપમાં તેનો ઉપયોગ કરે તેવી શક્યતા વધુ છે, જ્યાં તેમની પાસે અમેરિકા કરતાં મિસાઈલ ક્ષમતા છે,’ તેમણે બ્રિટિશ ઈન્ટરવ્યુઅર બેવ ટર્નરને કહ્યું. રાષ્ટ્રપતિ ટ્રમ્પે દાવો કર્યો હતો કે, યુનાઈટેડ સ્ટેટ્સે ઈરાનની નૌકાદળ અને વાયુસેનાને હરાવી દીધી છે અને તાજેતરમાં તેના રડાર સ્થાપનો પર હુમલો કર્યો છે. ‘અમે હોર્મુઝ સ્ટ્રેટ પર નિયંત્રણ રાખીએ છીએ,’ તેમણે કહ્યું. ‘અમારૂં હોર્મુઝ સ્ટ્રેટ પર ખૂબ નિયંત્રણ છે, અમે એક રાત્રે ૩૦, ૪૦ બોટ કાઢી રહ્યા છીએ અને ત્યાંથી ઘણું તેલ નીકળી રહ્યું છે.’

# વાણિજ્યિક જહાજો પર હુમલા બંધ ન થાય ત્યાં સુધી ઈરાન સાથે કોઈ વાતચીત નહીં : અમેરિકા

(એજન્સી) તા.૪

જ્યાં સુધી તેહરાન વાણિજ્યિક જહાજો પર હુમલો કરવાનું બંધ ન કરે ત્યાં સુધી યુનાઈટેડ સ્ટેટ્સ ઈરાન સાથે વાટાઘાટો નહીં કરે, યુએસ ઉપપ્રમુખ જે.ડી. વાન્સે ચેતવણી આપી છે કે, વોશિંગ્ટન વૈશ્વિક ઊર્જા પુરવઠાને સુરક્ષિત રાખવા અને ઈરાનને તેના પરમાણુ કાર્યક્રમનું પુનર્નિર્માણ કરતા અટકાવવા માટે આર્થિક, લશ્કરી, રાજદ્વારી અને ગુપ્ત દબાણનો ઉપયોગ કરી શકે છે. ‘રાષ્ટ્રપતિ ટ્રમ્પ ખૂબ જ સ્પષ્ટ છે, અમે તેમની સાથે વાત કરી રહ્યા નથી અને જ્યાં સુધી તેઓ વાણિજ્યિક શિપિંગ પર ગોળીબાર કરવાનું બંધ ન કરે ત્યાં સુધી અમે તેમની સાથે વાત કરવાના નથી,’ વાન્સે વ્હાઈટ હાઉસની પ્રેસ બ્રીફિંગમાં જણાવ્યું હતું. વાન્સે કહ્યું કે, યુએસ તેના ઓપરેશન્સ સમાપ્ત કરવા માટે કોઈ સમયમર્યાદા નક્કી કરશે નહીં કારણ કે, તેમનો સમયગાળો વૈશ્વિક ઊર્જા શિપમેન્ટ માટે મુખ્ય માર્ગ, હોર્મુઝ સ્ટ્રેટમાં ઈરાનની કાર્યવાહી પર આધારિત હશે. ‘અમે કૃત્રિમ સમયમર્યાદા નક્કી કરવાના નથી,’ તેમણે કહ્યું, દલીલ કરી કે સમયપત્રક જાહેર કરવું બેજવાબદાર રહેશે જ્યારે ઈરાન તેલ અને ગેસ જહાજોને ધમકી આપવાનું ચાલુ રાખશે. પરિસ્થિતિને ચાલુ યુદ્ધ તરીકે વર્ણવવાનો ઈન્કાર કરતા વાન્સે કહ્યું કે, મોટા યુદ્ધ કામગીરી હવે થઈ રહી નથી અને તાત્કાલિક યુએસ ઉદ્દેશ્ય સ્ટ્રેટ દ્વારા ઊર્જાના પ્રવાહને જાળવી રાખવાનો છે. વાન્સે કહ્યું કે, વૈશ્વિક ઊર્જા કટોકટીની ગેરહાજરી વાણિજ્યિક શિપિંગને સુરક્ષિત કરવાના યુએસ પ્રયાસોને પ્રતિબિંબિત કરે છે, અન્ય કોઈ દેશ પાસે તે ભૂમિકા ભજવવાની ક્ષમતા નથી. તેમણે એ કહેવાનો ઈન્કાર કર્યો કે વહીવટીતંત્ર ઈરાની અસંતુષ્ટોને સશસ્ત્ર બનાવવાનું વિચારી રહ્યું છે કે નહીં પરંતુ કહ્યું કે, રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઘણા વિકલ્પો જાળવી રાખ્યા છે. ‘જે કંઈ થઈ શકે છે તે બધું ટેબલ પર છેઃ આર્થિક દબાણ, લશ્કરી દબાણ, રાજદ્વારી દબાણ, ગુપ્ત દબાણ,’ વાન્સે કહ્યું. વાન્સે એમ પણ કહ્યું કે, ચીને ઈરાન સંબંધિત કેટલીક યુએસ વિનંતીઓનો જવાબ આપ્યો છે, જો કે, તે ખાતરી નથી કે ટ્રમ્પે તેહરાનને નાણાકીય સેવાઓ પ્રતિબંધિત કરવા અંગે ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે સીધી વાત કરી છે કે નહીં. તુર્કી, અઝરબૈજાન, સંયુક્ત અરબ અમીરાત, સઉદી અરેબિયા અને કતાર પણ ઈરાન પર દબાણ લાવવામાં મદદ કરી રહ્યા છે, વાન્સે કહ્યું, કેટલીક સરકારો જાહેરમાં તેમની ભૂમિકા સ્વીકાર્યા વિના ખાનગી રીતે સહયોગ કરી રહી છે. તેમણે કહ્યું કે, દબાણ અભિયાનના બે ઉદ્દેશ્યો હતાઃ વાણિજ્યિક શિપિંગનું રક્ષણ કરવું અને તેહરાનને તેની પરમાણુ ક્ષમતાઓને પુનઃસ્થાપિત કરવા માટે જરૂરી સંસાધનોનો ઈન્કાર કરવો. અત્યાર સુધી અમે તેમને આમ કરવાનો પ્રયાસ કરતા જોયા નથી પરંતુ અમે અહીં જે કરી રહ્યા છીએ તેનો એક ભાગ એ છે કે, તેમની પરમાણુ સંવર્ધન ક્ષમતાનો નાશ કર્યા પછી અમે ખાતરી કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ કે તેઓ તેને ફરીથી ન બનાવે, તેમણે કહ્યું હતું.

# ફ્રીડમ ફ્લોટિલાએ ઓક્ટોબરમાં ગાઝા માટે નવા મિશનની જાહેરાત કરી

(એજન્સી) તા.૪

ફ્રીડમ ફ્લોટિલા ગઠબંધનના આયોજકોએ બુધવારે ઓક્ટોબરમાં ગાઝા પટ્ટી પહોંચવા માટે એક નવા દરિયાઈ મિશનની યોજનાની જાહેરાત કરી. આયોજકોના જણાવ્યા મુજબ ભાગ લેનારા જહાજો ગાઝા તરફ આગળ વધતા પહેલા સ્પેન, પોર્ટુગલ અને ઈટાલીમાં રોકાશે. ગઠબંધને જણાવ્યું હતું કે, આ મિશનનો હેતુ ગાઝામાં દરિયાઈ પ્રવેશ પર ઈઝરાયેલના પ્રતિબંધોને પડકારવાનો અને એન્ક્લેવ પ્રત્યે ઈઝરાયેલી નીતિમાં ફેરફાર માટે આંતરરાષ્ટ્રીય દબાણ બનાવવાનો હતો. અગાઉના ગઠબંધનના સફરમાં હંડાલા IIનો સમાવેશ થાય છે, જે જૂન અને જુલાઈમાં સ્કેન્ડિનેવિયા થઈને નોર્વે, સ્વીડન અને ડેનમાર્કના બંદરો પર રોકાયો હતો. અન્ય એક જહાજ, કાઈટ, યુનાઈટેડ કિંગડમના બ્રિસ્ટોલથી રવાના થયું હતું અને ગઠબંધનની ઝુંબેશ પ્રવૃત્તિઓના ભાગરૂપે આયર્લેન્ડ, જર્મની અને ફ્રાન્સમાં રોકાયું હતું. આયોજકોએ જણાવ્યું હતું કે, તેઓ દરેક બંદર પર સ્થાનિક જૂથો સાથે કામ કરવાની યોજના ધરાવે છે જેથી સરકારોને ઈઝરાયેલ સામે પગલાં લેવા દબાણ કરી શકાય, જેમાં શસ્ત્રો અને ઊર્જા પુરવઠો સમાપ્ત કરવાનો, રાજદ્વારી અને લશ્કરી સહયોગ ઘટાડવાનો અને પ્રતિબંધો લાદવાનો સમાવેશ થાય છે. ગઠબંધને જણાવ્યું હતું કે, યુરોપિયન સ્ટોપનો હેતુ ઓક્ટોબર ૨૦૨૬માં ગાઝા પહોંચવાના




તેમના આયોજિત પ્રયાસ પહેલા જાહેર સમર્થન એકત્રિત કરવાનો પણ હતો. ‘ફ્રીડમ ફ્લોટિલા ફરીથી સફર કરી રહ્યું છે કારણ કે, આપણી સરકારો તેમની ફરજોમાં નિષ્ફળ રહી છે,’ ગઠબંધનની સ્ટીયરિંગ કમિટીના સભ્ય ઝોહર ચેમ્બરલેન-રેગેવે જણાવ્યું હતું. ‘દરેક બંદર પર, અમે પેલેસ્ટીનીઓને ગૌરવ સાથે જીવવાની સ્વતંત્રતા આપવાની માગણી ઉઠાવીશું,’ તેણીએ ઉમેર્યું.

# ઈઝરાયેલની ચૂંટણીના ૫૬ દિવસ પહેલા, વડાપ્રધાન નેતાન્યાહુ નબળા પડી રહ્યા છે : વિશ્લેષણ



(એજન્સી) તા.૪

એનાદોલુના અહેવાલ મુજબ, ઈઝરાયેલની ચૂંટણી સુધી ૫૬ દિવસ બાકી છે ત્યારે, વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂ તેમના હરીફોના મજબૂત બનવા સાથે વધુને વધુ નબળા પડી રહ્યા છે. ઈઝરાયેલની નેસેટ ચૂંટણી ૨૭ ઓક્ટોબરના રોજ યોજાવાની છે, જેમાં મતદાનમાં નેતન્યાહૂ અને તેમની લિકુડ પાર્ટી માટે ઘટતો ટેકો દર્શાવવામાં આવ્યો છે. નેતન્યાહૂ આ મતદાનને તેમના રાજકીય અને વ્યક્તિગત ભવિષ્ય માટે નિર્ણાયક માને છે કારણ કે તેઓ લાંચ, છેતરપિંડી અને વિશ્વાસ ભંગના આરોપોનો સામનો કરી રહ્યા છે. ભ્રષ્ટાચારના આરોપો ઉપરાંત, નેતન્યાહૂ ૨૦૨૪થી ગાઝા પટ્ટીમાં યુદ્ધ ગુનાઓ અને માનવતા વિરૂદ્ધના ગુનાઓ સંબંધિત આરોપોમાં આંતરરાષ્ટ્રીય ફોજદારી અદાલતના ધરપકડ વોરંટનો સામનો કરી રહ્યા છે. તેઓ સત્તામાં રહેવાને સંભવિત ફોજદારી દોષિત ઠેરવવાથી રક્ષણ તરીકે જુએ છે, કારણ કે ઈઝરાયેલની સેન્ટ્રલ કોર્ટ તેમના વિરૂદ્ધ ભ્રષ્ટાચારના કેસની સુનાવણી ચાલુ રાખે છે. નેતન્યાહૂને આશા છે કે ચૂંટણી કાં તો તેમને આગામી સરકાર બનાવવા દેશે અથવા એવી મડાગાંઠ તરફ દોરી જશે જેમાં તેઓ અને વિપક્ષ બંને ગઠબંધન બનાવવામાં નિષ્ફળ જશે, જેના કારણે બીજી ચૂંટણી કરવાની ફરજ પડશે અને નવી સરકાર રચાય ત્યાં સુધી તેમને પદ પર રાખશે. ઈઝરાયેલી જાહેર પ્રસારણકર્તા દ્વારા રવિવારે સાંજે પ્રકાશિત થયેલા એક મતદાનમાં દર્શાવવામાં આવ્યું છે કે જો ચૂંટણીઓ હમણાં યોજાશે, તો નેતન્યાહૂનો જૂથ ૫૨ બેઠકો જીતશે, જ્યારે બિન-આરબ વિપક્ષ ૫૫ બેઠકો અને આરબ કાયદા ઘડનારાઓને ૧૩ બેઠકો મળશે. સરકાર રચવા માટે પાર્ટીના જૂથને ૧૨૦ બેઠકોવાળી નેસેટમાં ઓછામાં ઓછા ૬૧ કાયદા ઘડનારાઓના સમર્થનની જરૂર છે. વિપક્ષી પક્ષો સરકાર રચવા માટે આરબ કાયદા ઘડનારાઓનો ટેકો મેળવી શકે છે, પરંતુ તેમના મોટાભાગના નેતાઓ આવા પગલાને નકારે છે. હવે ધ્યાન ઈઝરાયેલી આર્મી ચીફ ઓફ સ્ટાફ ગાદી આઈઝેનકોટ તરફ છે, જેમને સરકાર રચવા માટે સૌથી મજબૂત વિપક્ષી વ્યક્તિ તરીકે જોવામાં આવે છે. તેમની નવી સ્થાપિત યાશર પાર્ટી તાજેતરના અઠવાડિયામાં આગળ વધી છે, નેતન્યાહૂના લિકુડને પણ પાછળ છોડી દીધી છે, જે વર્ષોથી ઈઝરાયેલી રાજકારણમાં પ્રભુત્વ ધરાવે છે. મતદાન મુજબ, યાશર ૨૪ બેઠકો જીતશે, જ્યારે લિકુડ ૨૧ બેઠકો જીતશે. સર્વેક્ષણમાં વડા પ્રધાનપદ માટે યોગ્યતામાં આઈઝેનકોટ નેતન્યાહૂ કરતાં આગળ હોવાનું પણ દર્શાવવામાં આવ્યું છે. ૪૦% ઉત્તરદાતાઓએ કહ્યું છે કે તેઓ આગામી સરકારનું નેતૃત્વ કરવા માટે વધુ યોગ્ય છે, જ્યારે નેતન્યાહૂ માટે ૩૭% લોકોએ કહ્યું છે. નેતન્યાહૂ જમણેરી પક્ષો માટે મત વધારવા માટે ઉપલબ્ધ તમામ માધ્યમોનો ઉપયોગ કરી રહ્યા છે. ઈઝરાયેલમાં તેમના પર પશ્ચિમ કાંઠે પેલેસ્ટીનીઓ સામે કબજેદારોની હિંસા પ્રત્યે આંખ આડા કાન કરવાનો આરોપ છે જેથી કબજેદારોને કટ્ટર-જમણેરી પક્ષના ચૂંટણી આધારમાં રાખી શકાય. નેતન્યાહૂ અને કટ્ટર-જમણેરી નાણામંત્રી બેઝાલેલ સ્મોટ્રિચે પણ બડાઈ મારી છે કે ૨૦૨૨ના અંતમાં રચાયેલી સરકારે ૧૦૪ ગેરકાયદેસર વસાહતોના નિર્માણને મંજૂરી આપી હતી અને કબજા હેઠળના પશ્ચિમ કાંઠે ૧૬૦ કૃષિ વસાહતોની સ્થાપનાને મંજૂરી આપી હતી. પરંતુ નેતન્યાહૂ બે મુખ્ય પડકારોનો સામનો કરી રહ્યા છે : નવા જમણેરી પક્ષોનો ઉદય, જે તેમના મતે હજારો જમણેરી મતોને ‘બળી’ શકે છે, અને સંયુક્ત યાદી હેઠળ ત્રણ આરબ પક્ષોનું એકતા, જેનાથી આરબ મતદાનમાં વધારો થવાની ધારણા છે. જ્યારે અગાઉના મતદાનમાં આરબ કાયદા ઘડનારાઓને ૧૦ બેઠકો મળી હતી, તાજેતરના સર્વેક્ષણો સૂચવે છે કે તેઓ ઓછામાં ઓછી ૧૩ બેઠકો જીતી શકે છે. અરબ નાગરિકોમાં વધુ મતદાન, જે ઈઝરાયેલની ૧૦ મિલિયન વસ્તીના લગભગ ૨૦% છે, તે નાના જમણેરી પક્ષોના ચૂંટણી થ્રેશોલ્ડને પાર કરવાની શક્યતા ઘટાડી શકે છે, જેનાથી નેતન્યાહૂની સરકાર બનાવવાની ક્ષમતા નબળી પડી શકે છે અને વિપક્ષની તકોમાં સુધારો થઈ શકે છે. નેતન્યાહૂ તેથી જમણેરી પક્ષોના મતોના નુકસાનને રોકવાના બેનર હેઠળ નાના જમણેરી પક્ષોને એક કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ .........

ગુજરાત ટુડે

# મતદાર યાદીમાંથી નામ કપાય તો જવાબદારી કોની? SIRમાં ભૂલ માટે ચૂંટણી પંચે જવાબ આપવો જ પડશે

લોકશાહીમાં મતદાન માત્ર એક અધિકાર નથી, પરંતુ નાગરિકની લોકશાહી ભાગીદારીનું સૌથી મહત્ત્વનું સાધન છે. તેથી મતદાર યાદીમાં કોઈ યોગ્ય નાગરિકનું નામ હોવું જેટલું જરૂરી છે, તેટલું જ અયોગ્ય વ્યક્તિનું નામ દૂર કરવું પણ જરૂરી છે. મતદાર યાદીને શુદ્ધ અને વિશ્વસનીય બનાવવાના હેતુથી કરવામાં આવતી ખાસ સઘન પુનર્નિરીક્ષણ પ્રક્રિયા એટલે SIRને આ જ દૃષ્ટિએ જોવી જોઈએ. પરંતુ જ્યારે આ પ્રક્રિયા દરમિયાન જ સાચા અને જીવંત મતદારોનાં નામ દૂર થવાના આક્ષેપો સામે આવે ત્યારે સમગ્ર પ્રક્રિયાની નિષ્પક્ષતા અને વિશ્વસનીયતા સામે ગંભીર પ્રશ્નો ઊભા થાય છે.

તાજેતરમાં ઝારખંડના ગોડ્ડા જિલ્લામાં કેટલાક લોકોનાં નામ મતદાર યાદીમાંથી દૂર કરાવવા માટે પરિપત્ર-૭ના કથિત દુરુપયોગનો મામલો સામે આવ્યો છે. ખાસ વાત એ છે કે સંબંધિત લોકો પોતાના સરનામે રહેતા હોવા છતાં તેમને 'સરનામા પર હાજર નથી' અથવા 'સ્થળાંતરિત' બતાવીને નામ દૂર કરાવવાનો પ્રયાસ થયો હોવાના આક્ષેપો છે. જો આ પ્રકારની ફરિયાદો સાચી હોય તો તે માત્ર એક વ્યક્તિના મતાધિકારનો પ્રશ્ન નથી; તે ચૂંટણી વ્યવસ્થાની વિશ્વસનીયતા સાથે જોડાયેલો ગંભીર મુદ્દો છે. SIRનો મૂળ હેતુ યોગ્ય મતદારોને મતાધિકારથી વંચિત કરવાનો નથી, પરંતુ મતદાર યાદીને વધુ ચોક્કસ બનાવવાનો છે. મૃત્યુ પામેલા લોકોનાં નામ, કાયમી સ્થળાંતર કરનારાઓનાં નામ અથવા અન્ય રીતે અયોગ્ય બનેલા નામ દૂર થવા જોઈએ. પરંતુ આ પ્રક્રિયામાં સાચા મતદારોનાં નામ પણ ભૂલથી કે કોઈ હેતુસર દૂર થઈ જાય તો તેનો ભાર આખરે નાગરિકે જ શા માટે સહન કરવો? ઉલ્લેખનીય છે કે પશ્ચિમ બંગાળમાં SIR દરમિયાન આ જ મુદ્દે મોટા પ્રમાણમાં પ્રશ્નો ઊભા થયા હતા. વિરોધ પક્ષોએ વાંધો ઉઠાવ્યો અને મામલો સુપ્રીમ કોર્ટ સુધી પહોંચ્યો. ત્યારબાદ અપીલ ટ્રિબ્યુનલની પ્રક્રિયા શરૂ થઈ. અહીં સૌથી ચોંકાવનારી બાબત એ છે કે શરૂઆતના તબક્કામાં ટ્રિબ્યુનલ સુધી પહોંચેલા કેસોમાં લગભગ ૯૧ ટકા લોકોના મતાધિકારને માન્ય ગણવામાં આવ્યો અને તેમના નામ ફરી મતદાર યાદીમાં સામેલ કરવામાં આવ્યા. આ આંકડો માત્ર એક આંકડો નથી. તે સમગ્ર પ્રક્રિયા સામે ગંભીર સવાલ ઊભો કરે છે. જો ૯૧ ટકા લોકો સાચા મતદાર હતા, તો તેમના નામ શરૂઆતમાં દૂર કરવાની જરૂર જ શા માટે પડી? અને જો આ લોકોના નામ ખોટી રીતે દૂર થયા હતા તો તેમને જે માનસિક, સામાજિક અને ખાસ તો લોકશાહીનું નુકસાન થયું તેની જવાબદારી કોણ લેશે? સૌથી ગંભીર બાબત એ છે કે મતદાર યાદીમાં નામ પાછું ઉમેરાઈ જાય તોય જો ચૂંટણી પસાર થઈ ગઈ હોય તો નાગરિક પોતાનો મત આપી શકતો નથી. એટલે પછીથી થયેલી સુધારણા કદાપિ થયેલા નુકસાનની ભરપાઈ કરી શકતી નથી. ચૂંટણીના દિવસે મત આપવાનો અધિકાર ગુમાવવો એ એવી ખામી છે જેને ત્યાર પછીની પ્રક્રિયા સંપૂર્ણપણે સુધારી શકતી નથી.

અહીં ચૂંટણી પંચની ભૂમિકા સૌથી મહત્વપૂર્ણ બની જાય છે. ચૂંટણી પંચ માત્ર મતદાર યાદી બનાવતી સંસ્થા નથી; તે સમગ્ર ચૂંટણી પ્રક્રિયાની વિશ્વસનીયતાનો રક્ષક છે. તેથી મતદાર યાદીમાંથી નામ દૂર કરવાની પ્રક્રિયામાં ચોકસાઈ, પારદર્શિતા અને જવાબદારી ત્રણેય જરૂરી છે. જો કોઈ વ્યક્તિનું નામ દૂર કરવા માટે અરજી થાય, તો માત્ર કાગળ પરની અરજીના આધારે નિર્ણય ન લેવો જોઈએ. સ્થાનિક સ્તરે યોગ્ય ચકાસણી, સંબંધિત મતદારને જાણ, વાંધો રજૂ કરવાની પૂરતી તક અને અંતિમ નિર્ણય પહેલાં પારદર્શક પ્રક્રિયા થવી જ જોઈએ. ખાસ કરીને એવા લોકોના નામ દૂર કરતી વખતે વધુ સાવચેતી જરૂરી છે જેઓ લાંબા સમયથી પોતાના સરનામે રહે છે. આ મુદ્દાનું રાજકીય પાસું પણ એટલો જ મહત્ત્વનું છે. જો કોઈ રાજકીય પક્ષ કે તેના કાર્યકર્તાઓ ખોટી રીતે મતદારોનાં નામ દૂર કરાવવાનો પ્રયાસ કરે છે, તો તેની નિષ્પક્ષ તપાસ થવી જોઈએ અને દોષિત સામે કાર્યવાહી થવી જોઈએ. પરંતુ તપાસ પૂર્ણ થાય તે પહેલાં કોઈ પક્ષને દોષિત ઠેરવવો પણ યોગ્ય નથી. લોકશાહીમાં આરોપો કરતાં પુરાવા વધુ મહત્ત્વના છે. તેથી ચૂંટણી પંચે આવી ફરિયાદોની સ્વતંત્ર અને વિશ્વસનીય તપાસ કરાવવી જોઈએ.

સવાલ એ પણ છે કે SIR જેવી વિશાળ પ્રક્રિયામાં થયેલી ભૂલોનું સંપૂર્ણ ઓડિટ કેમ ન થવું જોઈએ? દરેક રાજ્યમાં કેટલાં નામ દૂર થયા, કેટલાં નામ સામે વાંધા આવ્યા, કેટલાં નામ ફરી ઉમેરાયા અને કેટલાં નાગરિકો ચૂંટણીમાં મત આપી શક્યા નહીં-આ તમામ માહિતી જાહેર થવી જોઈએ. મતદાર યાદી સુધારવાનો પ્રયાસ આવકાર્ય છે, પરંતુ સુધારાના નામે મતાધિકારને જ જોખમમાં મૂકી શકાય નહીં. એક અયોગ્ય નામ દૂર કરવાની ઉતાવળ કરતાં એક યોગ્ય મતદારનું નામ બચાવવાની જવાબદારી વધુ મોટી છે. લોકશાહીમાં ચૂંટણીની નિષ્પક્ષતા માત્ર મતદાન મશીનથી નક્કી થતી નથી; તેની શરૂઆત મતદાર યાદીથી થાય છે. જો મતદાર યાદી જ શંકાસ્પદ બની જાય તો આખી ચૂંટણી પ્રક્રિયા પર પ્રશ્નાર્થ ઊભો થાય છે.

આથી SIRને રાજકીય વિવાદનો વિષય બનાવવાને બદલે તેને નાગરિકના મતાધિકારની સુરક્ષા સાથે જોડાયેલી બંધારણીય જવાબદારી તરીકે જોવાની જરૂર છે. ચૂંટણી પંચે માત્ર "ભૂલ થઈ હોય તો સુધારીશું" એટલું કહેવું પૂરતું નથી. પ્રશ્ન એ છે કે ભૂલ થઈ જ કેમ અને તેના માટે જવાબદાર કોણ? લોકશાહીમાં મતદારનું નામ યાદીમાંથી કાઢવું સહેલું હોઈ શકે, પરંતુ તેની પાછળ એક નાગરિકનો અધિકાર, વિશ્વાસ અને લોકશાહીમાં તેની ભાગીદારી જોડાયેલી હોય છે. તેથી SIRની પ્રક્રિયા જેટલી કડક હોવી જોઈએ, એટલી જ નિષ્પક્ષ, પારદર્શક અને જવાબદાર પણ હોવી જોઈએ. નહિતર મતદાર યાદીની સુધારણાના નામે ક્યાંક લોકશાહીના મતાધિકારને જ નુકસાન ન થઈ જાય, તેની ચિંતા કરવી જરૂરી છે.

# 'પુરુષપ્રધાન માનસિકતા હટાવો' : રાહુલ ગાંધીનો આ નારો શું યુવા અને શહેરી મહિલાઓને કોંગ્રેસ તરફ આકર્ષી શકશે ?




**પુણેમાં તેમનો કાર્યક્રમ ઉપેક્ષિત મતવિસ્તારના લોકોના દિલને સ્પર્શી ગયો હતો. જો કે, મહિલાઓ તેમના પક્ષને મત આપતા પહેલા ઈચ્છે છે કે તેમનો પક્ષ તેમના માટે હજી વધુ કામ કરી બતાવે**

૨૬ વર્ષના વૈષ્ણવી પાટીલ, ગયા મહિને પુણેમાં મહિલાઓ માટેના કોંગ્રેસ પક્ષના એક કાર્યક્રમમાં રાહુલ ગાંધી સાથે મંચ પર રહેવાના હતા. જોકે સમયના અભાવે તેઓ હાજર જનમેદનીને સંબોધિત કરી શક્યા નહી, પરંતુ આમ છતાં તેઓ જરાય નિરાશ થયા નહી.

કાર્યક્રમ પછી Scroll સાથે વાત કરતા આ સંશોધકે જણાવ્યું કે, આ પહેલો એવો કાર્યક્રમ હતો જ્યાં કોઈ રાજકીય પક્ષના વડા મહિલા કેન્દ્રિત મુદ્દાઓ પર વાત કરી રહ્યા હતા.

૨૨ વર્ષની મનોવિજ્ઞાનમાં સ્નાતક થયેલી દિલ્હીની કૃતિકા જૈન પણ પુણેમાં યોજાયેલા કાર્યક્રમથી ભાવવિભોર બની ગઈ હતી. કૃતિકાએ જણાવ્યું કે, એક પુરુષ રાજકારણીને ભારતીય સમાજની 'પિતૃસત્તાક માનસિકતા' વિશે વાત કરતા જોઈને તે 'આશ્ચર્યચકિત થઈ ગઈ હતી.

ઈન્સ્ટાગ્રામ પર રાહુલ ગાંધીના ભાષણના અંશો જોયા પછી તે બોલી ઉઠી, "ઓહ માય ગૉડ! વાઉ! શું આ સાચે જ આવું થવાનું છે? જ્યારે મેં તેના વિશે વધુ વિચાર્યું ત્યારે હું ખરેખર પ્રભાવિત થઈ ગઈ હતી."

સ્ક્રોલે જ્યારે ભારતના કેટલાક શહેરોની યુવતીઓ સાથે વાતચીત કરી ત્યારે તમામનો લગભગ એક સરખો જ પ્રતિભાવ જાણવા મળ્યો હતો. જેના પરથી એ સ્પષ્ટ થયું હતું કે, રાહુલ ગાંધીએ ભારતીય રાજકારણમાં યુવા અને શહેરી યુવતીઓના એક એવા વર્ગના દિલને સ્પર્શી લીધું છે જે સામાન્ય રીતે ઉપેક્ષિત રહે છે.

જો કે, મોટાભાગના ઈન્ટરવ્યુ આપનારાઓએ એ વાત પણ ઉમેરી હતી કે, માત્ર નિવેદનો આપવાથી જ તેઓ ભવિષ્યની ચૂંટણીઓમાં કોંગ્રેસ પક્ષને વોટ નહીં આપે. તેઓ કોંગ્રેસ પક્ષને સમર્થન આપતા પહેલાં કોંગ્રેસ પાર્ટી મહિલાઓ માટે હજુ વધુ કામ કરે તેવી અપેક્ષાઓ રાખે છે.

**કલ્યાણ અને સુખ-સમૃદ્ધિથી આગળ**

પુણેમાં, મોટે ભાગે યુવતીઓની ભીડને આપેલા એક કલાકના ભાષણમાં રાહુલ ગાંધીએ સ્પષ્ટપણે સ્ત્રીઓના અધિકારોની હિમાયત કરતો સુર અપનાવ્યો હતો અને કેટલાક હાજર રહેલા લોકો પણ સ્ટેજ પર જોડાઈને પોતાની ચિંતાઓ વ્યક્ત કરી હતી.

તાળીઓ વગાડતી ભીડને સંબોધતા ગાંધીએ ઘોષણા કરીને કહ્યું, "તમે તમારા પોતાના સિવાય કોઈના નથી. તમારે પિતા, પતિ, ભાઈ, પુત્ર સાથે સંબંધ છે. પણ તમે તેમના નથી."

પુણેમાં યોજાયેલી જાહેર સભા કન્સર્ટ-શૈલીની રેલીઓની શ્રેણીમાં ચોથી હતી, જેના દ્વારા રાહુલ ગાંધી યુવા ભારતીયોને આકર્ષવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમનો પક્ષ આ અભિયાનને 'છાત્રો કી ગૂંજ' ગણાવી રહ્યો છે. આ પ્રથમ વખત હતું જ્યારે તેમની રજૂઆત મહિલાઓ પર કેન્દ્રિત હતી અને તેમનો આ દાવ મોટે ભાગે સફળ રહ્યો હતો. તેમનો સંદેશ સ્થળ પર હાજર ઘણી મહિલાઓને સ્પર્શી ગયો હતો.

મહિલાઓ શું ઈચ્છે છે તેની લોકસભામાં વિરોધ પક્ષના નેતાને પાકી ખબર છે તેવી પુણેની ભારતી વિદ્યાપીઠ કોલેજની ૧૮ વર્ષની કાયદાની વિદ્યાર્થિની દીયાને ખાતરી હતી.

દિલ્હી સ્થિત સેન્ટર ફોર ધ સ્ટડી ઓફ ડેવલપિંગ સોસાયટીઝના ચૂંટણી અભ્યાસ કાર્યક્રમ 'લોકનીતિ' દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર, ગ્રામીણ મહિલાઓની સરખામણીમાં શહેરી મહિલાઓમાં કોંગ્રેસનું પ્રદર્શન પહેલેથી જ વધુ સારું રહ્યું છે. ઉદાહરણ તરીકે, ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ગ્રામીણ મહિલાઓમાંથી ૨૧%એ તે પક્ષને મત આપ્યો, જ્યારે ૩૫% મહિલાઓએ ભારતીય જનતા પાર્ટીની તરફેણ કરી હતી. જોકે, શહેરી મહિલાઓના કિસ્સામાં બંને પક્ષો વચ્ચેનું અંતર ઘટ્યું હતું; જેમાં ૨૫% મહિલાઓએ કોંગ્રેસને મત આપ્યો, જ્યારે ૩૬% મહિલાઓએ ભાજપની પસંદગી કરી હતી.

તેથી જ એમાં કોઈ આશ્ચર્ય નથી કે આ જૂનો અને જાણીતો કોંગ્રેસ પક્ષ આ અંતરને વધુ ઘટાડવાનો પ્રયાસ કરી રહ્યો છે.

'What Women Want: Understanding the Female Voter in Modern India' પુસ્તકના લેખક-પત્રકાર રૂહી તિવારી, રાહુલ ગાંધીના જનસંપર્કને એક નવા પ્રકારની રાજનીતિ ગણાવે છે, જે કલ્યાણકારી યોજનાઓથી વધુ આગળ છે.

અત્યાર સુધી, ભારતીય રાજકારણીઓએ યુવતીના શિક્ષણ માટે પ્રોત્સાહન, મફત રાંધણ ગેસ કનેક્શન અને રોકડ ટ્રાન્સફર જેવી મહિલા લક્ષી યોજનાઓ અપનાવી છે પરંતુ તિવારીએ સૂચવ્યું કે, તે લાભો હવે ઘણી યુવતીઓ માટે એક પાયાની જરૂરિયાત બની ગયા છે, અને હવે તે તેનાથી વધુની અપેક્ષા રાખી રહી છે. રાહુલ ગાંધીની 'પિતૃસત્તાને તોડી પાડવા'ની હાકલ તેમને આકર્ષવા માટે હતી.

તિવારીએ કહ્યું, "આ યુવાન સ્ત્રી માત્ર કલ્યાણકારી યોજનાઓ કે સહાય મેળવવા નથી માગતી, તે પ્રતિનિધિત્વ અને સમાનતાના સવાલો પર ધ્યાન કેન્દ્રિત થાય તેમાં વધુ રસ ધરાવે છે."

આ બાબત પુણેના કાર્યક્રમમાં સ્પષ્ટપણે જોવા મળી હતી, જ્યાં હાજર રહેલી કેટલીક મધ્યમ વર્ગની મહિલાઓએ મહારાષ્ટ્ર સરકારની 'લાડકી બહેન યોજના' સામે અસંતોષ વ્યક્ત કર્યો હતો. આ યોજના અંતર્ગત ૨૧થી ૬૫ વર્ષની વયની મહિલાઓ કે જેમના પરિવારની વાર્ષિક આવક ૨.૫ લાખ રૂપિયાથી ઓછી હોય તેમને દર મહિને ૧,૫૦૦ રૂપિયા આપવામાં આવે છે.

પાટીલ નામની એક મહિલાએ કહ્યું, "જ્યારે હું ૨૫,૦૦૦ રૂપિયા કમાઉ છું ત્યારે ૧,૫૦૦ રૂપિયા મને કેવી રીતે મદદ કરશે? મારા જેવી કામ કરતી મહિલાઓ માટે શું છે?"

**હિંદુત્વથી લઈને આકર્ષકતા સુધી**

ભાજપે મુખ્યત્વે રાહુલ ગાંધીના મુખ્ય મુદ્દા પર પ્રતિક્રિયા આપવાનું ટાળ્યું છે અને અત્યાર સુધી તેમનું ધ્યાન પુણેમાં તેમના સંબોધન દરમિયાન પ્રાચીન હિન્દુ કાનૂની ગ્રંથ મનુસ્મૃતિના સંદર્ભો પર જ કેન્દ્રિત રાખ્યું છે. આસામ અને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રીઓએ પિતૃસત્તા વિશે વાત કરતી વખતે માત્ર હિન્દુ ધર્મને જ નિશાન બનાવવા બદલ કોંગ્રેસ નેતાની આકરી ટીકા કરી છે.

હિંદુત્વની વિચારધારામાં 'સાંસ્કૃતિક ગૌરવ'નું જે મહત્વ છે તે જોતાં, રાજકીય વિજ્ઞાની સુહાસ પાલશિકરને આ બાબતથી કોઈ આશ્ચર્ય થયું ન હતું.

તેમણે સમજાવ્યું, "મનુસ્મૃતિ પર આ હુમલો અથવા આપણા વર્તમાન અસ્તિત્વના કોઈપણ ભાગ પરનો હુમલો, જે ભૂતકાળમાં ડોકિયું કરવાની કે આત્મનિરીક્ષણ કરવાની માગ કરે છે, તે ભાજપને સ્વીકાર્ય નથી."

Scroll સાથે વિવિધ ભારતીય શહેરોની જે યુવતીઓએ વાતચીત કરી તેમાં તેઓ ભાજપ સાથે સહમત હોય કે તેને સ્વીકારતી હોય તેવું જણાતું ન હતું. રાહુલ ગાંધી સાથે સહમત ૩૦ વર્ષના ઐશ્વર્યા દ્વિવેદી સાથે સહમત હતાં. તેમના મતે કેટલીક હિન્દુ ધાર્મિક વિધિઓમાં પુરુષ-સ્ત્રી વચ્ચેનો જાતિગત ભેદભાવ સમાયેલો હોઈ શકે છે. તેમણે પોતે અનુભવ્યું હતું કે કેવી રીતે હિન્દુ પરિવારો સ્ત્રીઓ પાસેથી ધાર્મિક વિધિઓ કરવાની અપેક્ષા રાખે છે પરંતુ તેમના પતિઓને ઘણીવાર તેમાંથી મુક્તિ આપવામાં આવે છે.

ભોપાલમાં રહેતા સોફ્ટવેર કન્સલ્ટન્ટે કહ્યું, "રાહુલ ગાંધી સાચી વાત કહી રહ્યા છે. મારી આસપાસની તમામ મહિલાઓ જાણે છે કે તેઓ પુરુષપ્રધાન માનસિકતાનો ભોગ બનેલી છે. તેથી, તેમણે જે મુદ્દો ઉઠાવ્યો છે તે ઘણી મહિલાઓના હૃદયની ખૂબ નજીક છે કારણ કે તેઓ રોજિંદા જીવનમાં આનો સામનો કરે છે."

ગાંધીની યુવા મહિલાઓમાં લોકપ્રિયતા પાછળનું એક કારણ કદાચ તેમની વર્તણૂક અને તેઓ જે રીતે પોતાને રજૂ કરે છે તે પણ હોઈ શકે છે.

દિલ્હીની ૨૨ વર્ષની મનોવિજ્ઞાન ગ્રેજ્યુએટ જૈને સ્વીકાર્યું કે તે તેમને 'આકર્ષક' માને છે. તેણે હસતા હસતા ઉમેર્યું, "મેં મારા ઈન્સ્ટાગ્રામ પર રાહુલના થોડા થર્સ્ટ ટ્રેપ્સ (આકર્ષક/હોટ લુક્સવાળા) રીલ્સ જોયા છે અને મને તે જોવામાં વાંધો નથી. તેમનામાં વ્યક્તિત્વ અને આકર્ષણની એક અલગ જ ઝલક છે. તમે આકર્ષક ગીતોનો ઉપયોગ કરીને તેમના પર એડિટ કરીને વિડિયો કે રીલ્સ બનાવી શકો છો. મોદીજી સાથે આવું કરવું થોડું અઘરું છે."

કોંગ્રેસના નેતા પણ તાજેતરમાં આ પ્રકારના પ્રશંસકોને આકર્ષવાનો પ્રયાસ કરતા હોય તેવું લાગે છે. ઉદાહરણ તરીકે, તાજેતરમાં જ તેમણે Instagram પર તેમની ફિટનેસ વિશે ખુલીને વાત કરી હતી. જૂન મહિનાથી, જ્યારે 'છાત્રોં કી ગુંજ' અભિયાન શરૂ થયું, ત્યારથી તેમણે કેટલીક તકો પર પોતાનો સામાન્ય સફેદ શર્ટ બાજુ પર મૂકી દીધો છે અને તેના બદલે રંગબેરંગી શર્ટ પસંદ કર્યા છે. પુણેના કાર્યક્રમ અગાઉ રાહુલ ગાંધીએ મૂકેલી ઈન્સ્ટાગ્રામ રીલમાં તેમણે પિતૃસત્તા વિશે વાત કરી હતી.

**"સ્ત્રીઓની ઈચ્છા"**

જોકે આ બધી બાબતોથી રાહુલ ગાંધીને યુવાન મહિલાઓ તરફથી વધુ આકર્ષણ મળી રહ્યું હોઈ શકે છે પરંતુ માત્ર આનાથી જ તેઓ તેમના વોટ જીતી શકશે નહીં. દિલ્હીની મહિલા જૈન, જેમણે તેમને 'સેક્સી' કહ્યા હતા, તેમણે જણાવ્યું હતું કે, તેઓ તેમને વોટ આપતા પહેલા મહિલા સશક્તિકરણ માટે વધુ કામ કરતા જોવા માંગે છે.

રાહુલ ગાંધી માટે ઓનલાઈન વપરાતા સ્નેહભર્યા ઈન્ટરનેટ સ્લેંગ (અનૌપચારિક શબ્દપ્રયોગ)નો ઉલ્લેખ કરતા ભોપાલના સોફ્ટવેર કન્સલ્ટન્ટ દ્વિવેદીએ વધુ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું, "મને તેમના 'લાડકાપણા'થી પણ કોઈ વાંધો નથી."

દ્વિવેદીએ ઈન્સ્ટાગ્રામ પર રાહુલનું પુણેનું ભાષણ પણ જોયું હતું પરંતુ તેમાં કોઈ અમલમાં મૂકી શકાય તેવી બાબતો ન મળતાં તેમણે નિરાશા થઈને સૂચવ્યું કે, કોંગ્રેસ શાળાના અભ્યાસક્રમમાં જાતિ સંવેદનશીલતાનો સમાવેશ કરવા પર કામ કરી શકે છે. કોંગ્રેસ પક્ષને વોટ આપવા તે હજુ એક વર્ષના સમયની રાહ જોવા માંગે છે.

ચેન્નાઈની ૨૧ વર્ષની માર્કેટિંગ પ્રોફેશનલ શ્રીનિધિ વર્ધન પણ આ પક્ષને મત આપવા અંગે એટલી જ અસમંજસમાં હતી, ભલે તેણે સ્વીકાર્યું કે પુણેના કાર્યક્રમે તેનામાં ઉત્સુકતા જગાડી હતી. તેણે કહ્યું, "આ એવો કોઈ મોટો બદલાવ કે ટર્નિંગ પોઈન્ટ નથી કે જેના પછી હું ઈચ્છુ કે રાહુલ ગાંધી જીતે. પણ આનાથી હું તેઓ શું કરી રહ્યા છે તેના પર વધુ ધ્યાન આપીશ અને આવનારા દિવસોમાં તેઓ શું કરવાના છે તેના પર નજર રાખીશ."

પત્રકાર તિવારીનો એવો અભિપ્રાય હતો કે, જો રાહુલ ગાંધી મહિલાઓમાં પોતાની વિશ્વસનીયતા ઊભી કરવા માંગતા હોય, તો તેમણે કોંગ્રેસ પક્ષમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ વધારવું જોઈએ. તેમણે દલીલ કરી હતી કે ધારાસભાઓમાં મહિલાઓ માટે ૩૩% અનામત ફરજિયાત કરતા કાયદાને વિવાદાસ્પદ સીમાંકન પ્રક્રિયા સાથે જોડી દેવા બદલ કોંગ્રેસ પક્ષ માત્ર મોદી સરકાર પર દોષારોપણ કરે, તે પૂરતું નથી. તિવારીએ પ્રશ્ન કર્યો કે, "આ કાયદાની અમલવારી થવી જ જોઈએ, પરંતુ ભાજપ સહિતના કોઈપણ રાજકીય પક્ષે તેની રાહ શા માટે જોવી જોઈએ? રાહુલ ગાંધીને એવું કહેતા કોણ રોકી રહ્યું છે કે આગામી ચૂંટણીથી તેઓ એ વાતની ખાતરી કરશે કે મહિલાઓને પુરુષો જેટલી જ અથવા ઓછામાં ઓછી ૩૩% ટિકિટો મળે? આ પગલું તેમના હેતુને ઘણો ફાયદો કરાવશે."

**બોલવું સહેલું, અમલ અઘરો**

રાજકીય વિશ્લેષકોની દલીલ છે કે જ્યારે જાતિ સમાનતા તરફ કોઈ નક્કર પગલાં લેવાની વાત આવશે ત્યારે કોંગ્રેસના નેતાને તે માટે તેમના પક્ષમાંથી સમર્થન મેળવવું સંભવતઃ મુશ્કેલ બનશે.

અનુભવી પત્રકાર નીરજા ચૌધરી, જેમણે રાહુલ ગાંધીની રાજકીય કારકિર્દી તેમજ તેમના માતા, પિતા અને દાદીની કારકિર્દીને પણ આવરી લીધી છે, તેમણે પુણેમાં 'મજબૂત સંદેશ' આપવા બદલ રાહુલના વખાણ કર્યા હતા. કોંગ્રેસ પક્ષની નબળી સ્થિતિ તરફ પણ ઈશારો કરતા તેમણે કહ્યું હતું કે, "મને હંમેશાં એવું લાગ્યું છે કે રાહુલ ગાંધી સમાજ બદલવામાં ખૂબ જ રસ ધરાવે છે. તેમનામાં એક NGO જેવો સ્વભાવ કેળવાયેલો છે. પરંતુ સમસ્યા એ છે કે જ્યારે તેઓ જે ઉત્સાહ ઊભો કરી રહ્યા છે ત્યારે ઘણાખરા રાજ્યોમાં કોંગ્રેસનું સંગઠન લગભગ અસ્તિત્વમાં જ નથી. માત્ર નવો મુદ્દો ઊભો કરવાથી ચૂંટણી જીતી શકાતી નથી."

રાજકીય વિજ્ઞાની પાલશીકરે આ વાત સાથે સહમતી દર્શાવતા કહ્યું કે, કોંગ્રેસ એવા વિચારો લાવે છે જે મીડિયાનું ધ્યાન આકર્ષિત કરે છે અને બૌદ્ધિકો તથા કાર્યકરોને ઉત્સાહિત કરે છે, પરંતુ તેની પાસે જમીન સ્તર પર આ ગતિને જાળવી રાખવા માટેનું સંગઠન નથી. તેમના મતે, જે રાજ્યોમાં કોંગ્રેસનું સંગઠનાત્મક માળખું મોજૂદ છે ત્યાં પણ રાહુલ ગાંધી એક વારંવાર આવતી સમસ્યાનો સામનો કરે છેઃ તેમનો પક્ષ પોતે પોતાના નેતા જેટલો પ્રગતિશીલ વિચારો માટે ઉત્સાહી હોતા નથી. પાલશીકરે દલીલ કરી કે, "સાચી અડચણ કોંગ્રેસના કહેવાતા દિગ્ગજ નેતાઓની માનસિકતા છે. દરેક જગ્યાએ કોંગ્રેસ રાહુલ ગાંધીના બદલે આ દિગ્ગજ નેતાઓ દ્વારા નિયંત્રિત થાય છે. જો તમે ભાજપમાં જુઓ, તો એકવાર તેમને ઉચ્ચ નેતૃત્વ તરફથી સંકેત મળે, એટલે તરત જ નીચેના સ્તર સુધીના તમામ લોકો તે જ વાત માની લે છે."

**-દિવ્યા અશ્લેષા અને અનંત ગુપ્તા**
**(સૌ. : સ્ક્રોલ.ઈન)**

## ભરૂચ જિલ્લાના જુગારિયાઓ ઉપર પોલીસ ડ્રોનથી નજર રાખશે

(સંવાદદાતા દ્વારા)
ભરૂચ, તા.૪

ભરૂચ જિલ્લામાં આઠમના તહેવારને લઈ શ્રાવણિયા જુગારની પ્રવૃત્તિઓ પર પોલીસની બાજ નજર રહેશે. ખાસ કરીને ખેતરો, ઝાડી-ઝાંખરા અને અવાવરૂં સ્થળોએ જુગાર રમવા માટે ટોળે વળતા લોકો સામે પોલીસ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવશે. જુગારિયાઓ પોલીસની નજરથી બચવા માટે ભલે ખેતર કે ઝાડી-ઝાંખરાનો સહારો લે, પરંતુ હવે આવા સ્થળો પણ પોલીસની નજરથી બચી શકશે નહીં. ભરૂચ પોલીસ દ્વારા ડ્રોન કેમેરાની મદદથી સંવેદનશીલ અને શંકાસ્પદ સ્થળોનું મોનીટરિંગ કરવામાં આવશે. ડ્રોન મારફતે ઉપરથી નજર રાખી જુગાર રમતા ટોળાંની ઓળખ કરવામાં આવશે અને માહિતી મળતા જ પોલીસ ટીમ દ્વારા સ્થળ પર દરોડા પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આઠમના તહેવાર દરમિયાન જુગારની પ્રવૃત્તિઓને ડામવા માટે ભરૂચ પોલીસ દ્વારા ખાસ આયોજન કરવામાં આવ્યું છે. પોલીસની ડ્રોન નજરને કારણે જુગારિયાઓમાં પણ ફફડાટ ફેલાયો છે.

## ભૂજ ખાતે સાતમ-આઠમના મેળામાં વ્યસનમુક્તિ માટે કરાઈ કામગીરી



ગુજરાત સરકારના ગૃહ વિભાગના નશાબંધી અને આબકારી વિભાગ તથા પશ્ચિમ કચ્છ જિલ્લા હોમગાર્ડ, ભુજ - કચ્છ ના સંયુક્ત ઉપક્રમે વ્યસન મુક્તિ જનજાગૃતિ અભિયાન હેઠળ ભુજના હમીસર કાંઠે યોજવામાં આવેલ સાતમ આઠમના મેળામાં લોકોને વ્યસન મુક્તિ માટે અપીલ કરવામાં આવી હતી. આ પ્રસંગે કચ્છ મોરબીના સાંસદ વિનોદભાઈ ચાવડા, ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલ, પશ્ચિમ કચ્છ જિલ્લા હોમગાર્ડ કમાન્ડન્ટ મનીષભાઈ બારોટ, નશાબંધી વિભાગના ઈન્સ્પેક્ટર શૈલેષભાઈ મારુ, ભુજ નગરપાલિકાના પ્રમુખ, શીતલભાઈ શાહ, ઉપપ્રમુખ બેન, બિંદિયાબેન ઠક્કર, કારોબારી ચેરમેન, કમલભાઈ ગઢવી, દંડક રૂપલબેન ચાવડા, ભુજ નગરપાલિકાના ચીફ ઓફિસર પિંકલબેન પટેલ, ભુજ નગરપાલિકાના પદાધિકારી તથા ચૂંટાયેલા પ્રતિનિધિ અને સામાજિક અગ્રણીઓ જોડાયા હતા. **(તસવીર : યુસુફ જત, ભૂજ)**

શિક્ષણ અને સમાજસેવાની ઉદાત્ત ભેટ

## મોડાસાના કાશિમ દાદુ દ્વારા ટીંટોઈ ઘાંચી હાઈસ્કૂલને આર્થિક સહાય

(સંવાદદાતા દ્વારા) મોડાસા, તા.૪

મોડાસાના સેવાભાવી અગ્રણી કાશિમ દાદુ દ્વારા શૈક્ષણિક અને સામાજિક ઉત્થાનના હેતુથી 'એમ.આર.ટી.સી.એસ. ઘાંચી હાઈસ્કૂલ, ટીંટોઈ'ને રૂા.૫૦,૦૦૦/-ની આર્થિક સહાયનો ચેક અર્પણ કરવામાં આવ્યો છે. શાળાના સર્વાંગી વિકાસ અને વિદ્યાર્થીઓની શૈક્ષણિક પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપવા માટે આ મહત્વપૂર્ણ યોગદાન આપવામાં આવ્યુંછે. આ ઉદાર આર્થિક સહાયથી શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને વધુ શ્રેષ્ઠ શૈક્ષણિક સુવિધાઓ અને સાધનો ઉપલબ્ધ કરાવવામાં મદદ મળશે. બાળકોના ઉજ્જવળ ભવિષ્ય અને શિક્ષણના સ્તરને વધુ મજબૂત બનાવવાના ઉદ્દેશ્ય સાથે કરવામાં આવેલી આ પહેલને સ્થાનિક સ્તરે ખૂબ બિરદાવવામાં આવી રહી છે. શિક્ષણ



ક્ષેત્રે આપવામાં આવેલા આ ઉમદા સહયોગ બદલ શાળા પરિવાર તેમજ શાળા સંચાલક મંડળ દ્વારા કાશિમ દાદુનો હૃદયપૂર્વક આભાર માનવામાં આવ્યો હતો. સંસ્થાના હોદ્દેદારોએ જણાવ્યું હતું કે, સમાજના બાળકોના ભવિષ્ય નિર્માણ માટે લેવાયેલી આ પહેલ અન્ય સેવાભાવી નાગરિકો અને દાતાઓ માટે પણ પ્રેરણારૂપ બની રહેશે.

નેશનલ હાઈવે ઓથોરિટી અને વહીવટી તંત્રની બેદરકારી

## હિંમતનગર બાયપાસ પર MHK મોલથી RTO સુધી ઘોર અંધારપટ

(સંવાદદાતા દ્વારા) હિંમતનગર, તા.૪

હિંમતનગર બાયપાસ માર્ગ પર આવેલા MHK મોલથી લઈને RTO કચેરી સુધીના મુખ્ય રોડ પર છેલ્લા એક મહિનાથી સ્ટ્રીટ લાઈટો સદંતર બંધ હાલતમાં છે. રોજના હજારો વાહનચાલકો અને રાહદારીઓ આ માર્ગ પરથી જીવ હથેળીમાં લઈને પસાર થવા મજબૂર બન્યા છે, ત્યારે હિંમતનગર શહેર કોંગ્રેસ માઈનોરિટી ડિપાર્ટમેન્ટ દ્વારા તંત્ર સામે આકરા પ્રહારો કરવામાં આવ્યા છે. રાત્રિના સમયે અંધારું હોવાને લીધે રસ્તા પરના ડિવાઈડર દેખાતા નથી, જેના કારણે વાહનો સીધા ડિવાઈડર સાથે અથડાઈ રહ્યા છે અને નિર્દોષ લોકો ગંભીર ઈજાઓનો ભોગ બની રહ્યા છે. આ માર્ગ પર અંધારાનો ગેરલાભ લઈને લૂંટફાટ કે અસામાજિક પ્રવૃત્તિઓ થવાની ભીતિ સેવાઈ રહી છે. મહિલાઓ અને પરિવાર સાથે નીકળતા લોકો માટે આ રસ્તો અત્યંત જોખમી સાબિત થઈ રહ્યો છે. એક મહિનાથી સ્થાનિકો પરેશાન હોવા છતાં હાઈવે ઓથોરિટી કે વહીવટી તંત્રના પેટનું પાણી હલતું નથી. શું તંત્ર કોઈ મોટી જાનહાનિ કે ગંભીર દુર્ઘટનાની રાહ જોઈ રહ્યું છે ? હિંમતનગર શહેર કોંગ્રેસ માઈનોરિટી ડિપાર્ટમેન્ટ દ્વારા હાઈવે ઓથોરિટી અને શાસક પક્ષને સ્પષ્ટ ચેતવણી આપવામાં આવે છે કે, આ બંધ પડેલી તમામ લાઈટો તાત્કાલિક ધોરણે ચાલુ કરવામાં આવે. જો આગામી દિવસોમાં આ માર્ગ પર અજવાળું નહીં કરવામાં આવે, તો જનતાના હિત માટે કચેરીઓ સામે રસ્તા પર ઉતરી ઉગ્ર જનઆંદોલન છેડવામાં આવશે, જેની સંપૂર્ણ જવાબદારી એસી ચેમ્બરોમાં બેસી તમાશો જોતા અધિકારીઓની રહેશે. એમ અકીલ આઈ. શેખ ચેરમેન, હિંમતનગર શહેર કોંગ્રેસ માઈનોરિટી ડિપાર્ટમેન્ટ, એમ એક અખબારી યાદીમા જણાવે છે.

નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ .........

ગુજરાત ટુડે

# મતદાર યાદીમાંથી નામ કપાય તો જવાબદારી કોની? SIRમાં ભૂલ માટે ચૂંટણી પંચે જવાબ આપવો જ પડશે

લોકશાહીમાં મતદાન માત્ર એક અધિકાર નથી, પરંતુ નાગરિકની લોકશાહી ભાગીદારીનું સૌથી મહત્ત્વનું સાધન છે. તેથી મતદાર યાદીમાં કોઈ યોગ્ય નાગરિકનું નામ હોવું જેટલું જરૂરી છે, તેટલું જ અયોગ્ય વ્યક્તિનું નામ દૂર કરવું પણ જરૂરી છે. મતદાર યાદીને શુદ્ધ અને વિશ્વસનીય બનાવવાના હેતુથી કરવામાં આવતી ખાસ સઘન પુનર્નિરીક્ષણ પ્રક્રિયા એટલે SIRને આ જ દૃષ્ટિએ જોવી જોઈએ. પરંતુ જ્યારે આ પ્રક્રિયા દરમિયાન જ સાચા અને જીવંત મતદારોનાં નામ દૂર થવાના આક્ષેપો સામે આવે ત્યારે સમગ્ર પ્રક્રિયાની નિષ્પક્ષતા અને વિશ્વસનીયતા સામે ગંભીર પ્રશ્નો ઊભા થાય છે.

તાજેતરમાં ઝારખંડના ગોડ્ડા જિલ્લામાં કેટલાક લોકોનાં નામ મતદાર યાદીમાંથી દૂર કરાવવા માટે પરિપત્ર-૭ના કથિત દુરુપયોગનો મામલો સામે આવ્યો છે. ખાસ વાત એ છે કે સંબંધિત લોકો પોતાના સરનામે રહેતા હોવા છતાં તેમને 'સરનામા પર હાજર નથી' અથવા 'સ્થળાંતરિત' બતાવીને નામ દૂર કરાવવાનો પ્રયાસ થયો હોવાના આક્ષેપો છે. જો આ પ્રકારની ફરિયાદો સાચી હોય તો તે માત્ર એક વ્યક્તિના મતાધિકારનો પ્રશ્ન નથી; તે ચૂંટણી વ્યવસ્થાની વિશ્વસનીયતા સાથે જોડાયેલો ગંભીર મુદ્દો છે. SIRનો મૂળ હેતુ યોગ્ય મતદારોને મતાધિકારથી વંચિત કરવાનો નથી, પરંતુ મતદાર યાદીને વધુ ચોક્કસ બનાવવાનો છે. મૃત્યુ પામેલા લોકોનાં નામ, કાયમી સ્થળાંતર કરનારાઓનાં નામ અથવા અન્ય રીતે અયોગ્ય બનેલા નામ દૂર થવા જોઈએ. પરંતુ આ પ્રક્રિયામાં સાચા મતદારોનાં નામ પણ ભૂલથી કે કોઈ હેતુસર દૂર થઈ જાય તો તેનો ભાર આખરે નાગરિકે જ શા માટે સહન કરવો? ઉલ્લેખનીય છે કે પશ્ચિમ બંગાળમાં SIR દરમિયાન આ જ મુદ્દે મોટા પ્રમાણમાં પ્રશ્નો ઊભા થયા હતા. વિરોધ પક્ષોએ વાંધો ઉઠાવ્યો અને મામલો સુપ્રીમ કોર્ટ સુધી પહોંચ્યો. ત્યારબાદ અપીલ ટ્રિબ્યુનલની પ્રક્રિયા શરૂ થઈ. અહીં સૌથી ચોંકાવનારી બાબત એ છે કે શરૂઆતના તબક્કામાં ટ્રિબ્યુનલ સુધી પહોંચેલા કેસોમાં લગભગ ૯૧ ટકા લોકોના મતાધિકારને માન્ય ગણવામાં આવ્યો અને તેમના નામ ફરી મતદાર યાદીમાં સામેલ કરવામાં આવ્યા. આ આંકડો માત્ર એક આંકડો નથી. તે સમગ્ર પ્રક્રિયા સામે ગંભીર સવાલ ઊભો કરે છે. જો ૯૧ ટકા લોકો સાચા મતદાર હતા, તો તેમના નામ શરૂઆતમાં દૂર કરવાની જરૂર જ શા માટે પડી? અને જો આ લોકોના નામ ખોટી રીતે દૂર થયા હતા તો તેમને જે માનસિક, સામાજિક અને ખાસ તો લોકશાહીનું નુકસાન થયું તેની જવાબદારી કોણ લેશે? સૌથી ગંભીર બાબત એ છે કે મતદાર યાદીમાં નામ પાછું ઉમેરાઈ જાય તોય જો ચૂંટણી પસાર થઈ ગઈ હોય તો નાગરિક પોતાનો મત આપી શકતો નથી. એટલે પછીથી થયેલી સુધારણા કદાપિ થયેલા નુકસાનની ભરપાઈ કરી શકતી નથી. ચૂંટણીના દિવસે મત આપવાનો અધિકાર ગુમાવવો એ એવી ખામી છે જેને ત્યાર પછીની પ્રક્રિયા સંપૂર્ણપણે સુધારી શકતી નથી.

અહીં ચૂંટણી પંચની ભૂમિકા સૌથી મહત્વપૂર્ણ બની જાય છે. ચૂંટણી પંચ માત્ર મતદાર યાદી બનાવતી સંસ્થા નથી; તે સમગ્ર ચૂંટણી પ્રક્રિયાની વિશ્વસનીયતાનો રક્ષક છે. તેથી મતદાર યાદીમાંથી નામ દૂર કરવાની પ્રક્રિયામાં ચોકસાઈ, પારદર્શિતા અને જવાબદારી ત્રણેય જરૂરી છે. જો કોઈ વ્યક્તિનું નામ દૂર કરવા માટે અરજી થાય, તો માત્ર કાગળ પરની અરજીના આધારે નિર્ણય ન લેવો જોઈએ. સ્થાનિક સ્તરે યોગ્ય ચકાસણી, સંબંધિત મતદારને જાણ, વાંધો રજૂ કરવાની પૂરતી તક અને અંતિમ નિર્ણય પહેલાં પારદર્શક પ્રક્રિયા થવી જ જોઈએ. ખાસ કરીને એવા લોકોના નામ દૂર કરતી વખતે વધુ સાવચેતી જરૂરી છે જેઓ લાંબા સમયથી પોતાના સરનામે રહે છે. આ મુદ્દાનું રાજકીય પાસું પણ એટલો જ મહત્ત્વનું છે. જો કોઈ રાજકીય પક્ષ કે તેના કાર્યકર્તાઓ ખોટી રીતે મતદારોનાં નામ દૂર કરાવવાનો પ્રયાસ કરે છે, તો તેની નિષ્પક્ષ તપાસ થવી જોઈએ અને દોષિત સામે કાર્યવાહી થવી જોઈએ. પરંતુ તપાસ પૂર્ણ થાય તે પહેલાં કોઈ પક્ષને દોષિત ઠેરવવો પણ યોગ્ય નથી. લોકશાહીમાં આરોપો કરતાં પુરાવા વધુ મહત્ત્વના છે. તેથી ચૂંટણી પંચે આવી ફરિયાદોની સ્વતંત્ર અને વિશ્વસનીય તપાસ કરાવવી જોઈએ.

સવાલ એ પણ છે કે SIR જેવી વિશાળ પ્રક્રિયામાં થયેલી ભૂલોનું સંપૂર્ણ ઓડિટ કેમ ન થવું જોઈએ? દરેક રાજ્યમાં કેટલાં નામ દૂર થયા, કેટલાં નામ સામે વાંધા આવ્યા, કેટલાં નામ ફરી ઉમેરાયા અને કેટલાં નાગરિકો ચૂંટણીમાં મત આપી શક્યા નહીં-આ તમામ માહિતી જાહેર થવી જોઈએ. મતદાર યાદી સુધારવાનો પ્રયાસ આવકાર્ય છે, પરંતુ સુધારાના નામે મતાધિકારને જ જોખમમાં મૂકી શકાય નહીં. એક અયોગ્ય નામ દૂર કરવાની ઉતાવળ કરતાં એક યોગ્ય મતદારનું નામ બચાવવાની જવાબદારી વધુ મોટી છે. લોકશાહીમાં ચૂંટણીની નિષ્પક્ષતા માત્ર મતદાન મશીનથી નક્કી થતી નથી; તેની શરૂઆત મતદાર યાદીથી થાય છે. જો મતદાર યાદી જ શંકાસ્પદ બની જાય તો આખી ચૂંટણી પ્રક્રિયા પર પ્રશ્નાર્થ ઊભો થાય છે.

આથી SIRને રાજકીય વિવાદનો વિષય બનાવવાને બદલે તેને નાગરિકના મતાધિકારની સુરક્ષા સાથે જોડાયેલી બંધારણીય જવાબદારી તરીકે જોવાની જરૂર છે. ચૂંટણી પંચે માત્ર "ભૂલ થઈ હોય તો સુધારીશું" એટલું કહેવું પૂરતું નથી. પ્રશ્ન એ છે કે ભૂલ થઈ જ કેમ અને તેના માટે જવાબદાર કોણ? લોકશાહીમાં મતદારનું નામ યાદીમાંથી કાઢવું સહેલું હોઈ શકે, પરંતુ તેની પાછળ એક નાગરિકનો અધિકાર, વિશ્વાસ અને લોકશાહીમાં તેની ભાગીદારી જોડાયેલી હોય છે. તેથી SIRની પ્રક્રિયા જેટલી કડક હોવી જોઈએ, એટલી જ નિષ્પક્ષ, પારદર્શક અને જવાબદાર પણ હોવી જોઈએ. નહિતર મતદાર યાદીની સુધારણાના નામે ક્યાંક લોકશાહીના મતાધિકારને જ નુકસાન ન થઈ જાય, તેની ચિંતા કરવી જરૂરી છે.

# 'પુરુષપ્રધાન માનસિકતા હટાવો' : રાહુલ ગાંધીનો આ નારો શું યુવા અને શહેરી મહિલાઓને કોંગ્રેસ તરફ આકર્ષી શકશે ?

૨૬ વર્ષના વૈષ્ણવી પાટીલ, ગયા મહિને પુણેમાં મહિલાઓ માટેના કોંગ્રેસ પક્ષના એક કાર્યક્રમમાં રાહુલ ગાંધી સાથે મંચ પર રહેવાના હતા. જોકે સમયના અભાવે તેઓ હાજર જનમેદનીને સંબોધિત કરી શક્યા નહી, પરંતુ આમ છતાં તેઓ જરાય નિરાશ થયા નહી.

કાર્યક્રમ પછી Scroll સાથે વાત કરતા આ સંશોધકે જણાવ્યું કે, આ પહેલો એવો કાર્યક્રમ હતો જ્યાં કોઈ રાજકીય પક્ષના વડા મહિલા કેન્દ્રિત મુદ્દાઓ પર વાત કરી રહ્યા હતા.

૨૨ વર્ષની મનોવિજ્ઞાનમાં સ્નાતક થયેલી દિલ્હીની કૃતિકા જૈન પણ પુણેમાં યોજાયેલા કાર્યક્રમથી ભાવવિભોર બની ગઈ હતી. કૃતિકાએ જણાવ્યું કે, એક પુરુષ રાજકારણીને ભારતીય સમાજની 'પિતૃસત્તાક માનસિકતા' વિશે વાત કરતા જોઈને તે 'આશ્ચર્યચકિત થઈ ગઈ હતી.

ઈન્સ્ટાગ્રામ પર રાહુલ ગાંધીના ભાષણના અંશો જોયા પછી તે બોલી ઉઠી, "ઓહ માય ગૉડ! વાઉ! શું આ સાચે જ આવું થવાનું છે? જ્યારે મેં તેના વિશે વધુ વિચાર્યું ત્યારે હું ખરેખર પ્રભાવિત થઈ ગઈ હતી."

સ્ક્રોલે જ્યારે ભારતના કેટલાક શહેરોની યુવતીઓ સાથે વાતચીત કરી ત્યારે તમામનો લગભગ એક સરખો જ પ્રતિભાવ જાણવા મળ્યો હતો. જેના પરથી એ સ્પષ્ટ થયું હતું કે, રાહુલ ગાંધીએ ભારતીય રાજકારણમાં યુવા અને શહેરી યુવતીઓના એક એવા વર્ગના દિલને સ્પર્શી લીધું છે જે સામાન્ય રીતે ઉપેક્ષિત રહે છે.

જો કે, મોટાભાગના ઈન્ટરવ્યુ આપનારાઓએ એ વાત પણ ઉમેરી હતી કે, માત્ર નિવેદનો આપવાથી જ તેઓ ભવિષ્યની ચૂંટણીઓમાં કોંગ્રેસ પક્ષને વોટ નહીં આપે. તેઓ કોંગ્રેસ પક્ષને સમર્થન આપતા પહેલાં કોંગ્રેસ પાર્ટી મહિલાઓ માટે હજુ વધુ કામ કરે તેવી અપેક્ષાઓ રાખે છે.

**કલ્યાણ અને સુખ-સમૃદ્ધિથી આગળ**

પુણેમાં, મોટે ભાગે યુવતીઓની ભીડને આપેલા એક કલાકના ભાષણમાં રાહુલ ગાંધીએ સ્પષ્ટપણે સ્ત્રીઓના અધિકારોની હિમાયત કરતો સુર અપનાવ્યો હતો અને કેટલાક હાજર રહેલા લોકો પણ સ્ટેજ પર જોડાઈને પોતાની ચિંતાઓ વ્યક્ત કરી હતી.

તાળીઓ વગાડતી ભીડને સંબોધતા ગાંધીએ ઘોષણા કરીને કહ્યું, "તમે તમારા પોતાના સિવાય કોઈના નથી. તમારે પિતા, પતિ, ભાઈ, પુત્ર સાથે સંબંધ છે. પણ તમે તેમના નથી."

પુણેમાં યોજાયેલી જાહેર સભા કન્સર્ટ-શૈલીની રેલીઓની શ્રેણીમાં ચોથી હતી, જેના દ્વારા રાહુલ ગાંધી યુવા ભારતીયોને આકર્ષવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમનો પક્ષ આ અભિયાનને 'છાત્રો કી ગૂંજ' ગણાવી રહ્યો છે. આ પ્રથમ વખત હતું જ્યારે તેમની રજૂઆત મહિલાઓ પર કેન્દ્રિત હતી અને તેમનો આ દાવ મોટે ભાગે સફળ રહ્યો હતો. તેમનો સંદેશ સ્થળ પર હાજર ઘણી મહિલાઓને સ્પર્શી ગયો હતો.

મહિલાઓ શું ઈચ્છે છે તેની લોકસભામાં વિરોધ પક્ષના નેતાને પાકી ખબર છે તેવી પુણેની ભારતી વિદ્યાપીઠ કોલેજની ૧૮ વર્ષની કાયદાની વિદ્યાર્થિની દીયાને ખાતરી હતી.

દિલ્હી સ્થિત સેન્ટર ફોર ધ સ્ટડી ઓફ ડેવલપિંગ સોસાયટીઝના ચૂંટણી અભ્યાસ કાર્યક્રમ 'લોકનીતિ' દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડા અનુસાર, ગ્રામીણ મહિલાઓની સરખામણીમાં શહેરી મહિલાઓમાં કોંગ્રેસનું પ્રદર્શન પહેલેથી જ વધુ સારું રહ્યું છે. ઉદાહરણ તરીકે, ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ગ્રામીણ મહિલાઓમાંથી ૨૧%એ તે પક્ષને મત આપ્યો, જ્યારે ૩૫% મહિલાઓએ ભારતીય જનતા પાર્ટીની તરફેણ કરી હતી. જોકે, શહેરી મહિલાઓના કિસ્સામાં બંને પક્ષો વચ્ચેનું અંતર ઘટ્યું હતું; જેમાં ૨૫% મહિલાઓએ કોંગ્રેસને મત આપ્યો, જ્યારે ૩૬% મહિલાઓએ ભાજપની પસંદગી કરી હતી.

તેથી જ એમાં કોઈ આશ્ચર્ય નથી કે આ જૂનો અને જાણીતો કોંગ્રેસ પક્ષ આ અંતરને વધુ ઘટાડવાનો પ્રયાસ કરી રહ્યો છે.




પુણેમાં તેમનો કાર્યક્રમ ઉપેક્ષિત મતવિસ્તારના લોકોના દિલને સ્પર્શી ગયો હતો. જો કે, મહિલાઓ તેમના પક્ષને મત આપતા પહેલા ઈચ્છે છે કે તેમનો પક્ષ તેમના માટે હજી વધુ કામ કરી બતાવે

'What Women Want: Understanding the Female Voter in Modern India' પુસ્તકના લેખક-પત્રકાર રૂહી તિવારી, રાહુલ ગાંધીના જનસંપર્કને એક નવા પ્રકારની રાજનીતિ ગણાવે છે, જે કલ્યાણકારી યોજનાઓથી વધુ આગળ છે.

અત્યાર સુધી, ભારતીય રાજકારણીઓએ યુવતીના શિક્ષણ માટે પ્રોત્સાહન, મફત રાંધણ ગેસ કનેક્શન અને રોકડ ટ્રાન્સફર જેવી મહિલા લક્ષી યોજનાઓ અપનાવી છે પરંતુ તિવારીએ સૂચવ્યું કે, તે લાભો હવે ઘણી યુવતીઓ માટે એક પાયાની જરૂરિયાત બની ગયા છે, અને હવે તે તેનાથી વધુની અપેક્ષા રાખી રહી છે. રાહુલ ગાંધીની 'પિતૃસત્તાને તોડી પાડવા'ની હાકલ તેમને આકર્ષવા માટે હતી.

તિવારીએ કહ્યું, "આ યુવાન સ્ત્રી માત્ર કલ્યાણકારી યોજનાઓ કે સહાય મેળવવા નથી માગતી, તે પ્રતિનિધિત્વ અને સમાનતાના સવાલો પર ધ્યાન કેન્દ્રિત થાય તેમાં વધુ રસ ધરાવે છે."

આ બાબત પુણેના કાર્યક્રમમાં સ્પષ્ટપણે જોવા મળી હતી, જ્યાં હાજર રહેલી કેટલીક મધ્યમ વર્ગની મહિલાઓએ મહારાષ્ટ્ર સરકારની 'લાડકી બહેન યોજના' સામે અસંતોષ વ્યક્ત કર્યો હતો. આ યોજના અંતર્ગત ૨૧થી ૬૫ વર્ષની વયની મહિલાઓ કે જેમના પરિવારની વાર્ષિક આવક ૨.૫ લાખ રૂપિયાથી ઓછી હોય તેમને દર મહિને ૧,૫૦૦ રૂપિયા આપવામાં આવે છે.

પાટીલ નામની એક મહિલાએ કહ્યું, "જ્યારે હું ૨૫,૦૦૦ રૂપિયા કમાઉ છું ત્યારે ૧,૫૦૦ રૂપિયા મને કેવી રીતે મદદ કરશે? મારા જેવી કામ કરતી મહિલાઓ માટે શું છે?"

**હિંદુત્વથી લઈને આકર્ષકતા સુધી**

ભાજપે મુખ્યત્વે રાહુલ ગાંધીના મુખ્ય મુદ્દા પર પ્રતિક્રિયા આપવાનું ટાળ્યું છે અને અત્યાર સુધી તેમનું ધ્યાન પુણેમાં તેમના સંબોધન દરમિયાન પ્રાચીન હિન્દુ કાનૂની ગ્રંથ મનુસ્મૃતિના સંદર્ભો પર જ કેન્દ્રિત રાખ્યું છે. આસામ અને ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રીઓએ પિતૃસત્તા વિશે વાત કરતી વખતે માત્ર હિન્દુ ધર્મને જ નિશાન બનાવવા બદલ કોંગ્રેસ નેતાની આકરી ટીકા કરી છે.

હિંદુત્વની વિચારધારામાં 'સાંસ્કૃતિક ગૌરવ'નું જે મહત્વ છે તે જોતાં, રાજકીય વિજ્ઞાની સુહાસ પાલશિકરને આ બાબતથી કોઈ આશ્ચર્ય થયું ન હતું.

તેમણે સમજાવ્યું, "મનુસ્મૃતિ પર આ હુમલો અથવા આપણા વર્તમાન અસ્તિત્વના કોઈપણ ભાગ પરનો હુમલો, જે ભૂતકાળમાં ડોકિયું કરવાની કે આત્મનિરીક્ષણ કરવાની માગ કરે છે, તે ભાજપને સ્વીકાર્ય નથી."

Scroll સાથે વિવિધ ભારતીય શહેરોની જે યુવતીઓએ વાતચીત કરી તેમાં તેઓ ભાજપ સાથે સહમત હોય કે તેને સ્વીકારતી હોય તેવું જણાતું ન હતું. રાહુલ ગાંધી સાથે સહમત ૩૦ વર્ષના ઐશ્વર્યા દ્વિવેદી સાથે સહમત હતાં. તેમના મતે કેટલીક હિન્દુ ધાર્મિક વિધિઓમાં પુરુષ-સ્ત્રી વચ્ચેનો જાતિગત ભેદભાવ સમાયેલો હોઈ શકે છે. તેમણે પોતે અનુભવ્યું હતું કે કેવી રીતે હિન્દુ પરિવારો સ્ત્રીઓ પાસેથી ધાર્મિક વિધિઓ કરવાની અપેક્ષા રાખે છે પરંતુ તેમના પતિઓને ઘણીવાર તેમાંથી મુક્તિ આપવામાં આવે છે.

ભોપાલમાં રહેતા સોફ્ટવેર કન્સલ્ટન્ટે કહ્યું, "રાહુલ ગાંધી સાચી વાત કહી રહ્યા છે. મારી આસપાસની તમામ મહિલાઓ જાણે છે કે તેઓ પુરુષપ્રધાન માનસિકતાનો ભોગ બનેલી છે. તેથી, તેમણે જે મુદ્દો ઉઠાવ્યો છે તે ઘણી મહિલાઓના હૃદયની ખૂબ નજીક છે કારણ કે તેઓ રોજિંદા જીવનમાં આનો સામનો કરે છે."

ગાંધીની યુવા મહિલાઓમાં લોકપ્રિયતા પાછળનું એક કારણ કદાચ તેમની વર્તણૂક અને તેઓ જે રીતે પોતાને રજૂ કરે છે તે પણ હોઈ શકે છે.

દિલ્હીની ૨૨ વર્ષની મનોવિજ્ઞાન ગ્રેજ્યુએટ જૈને સ્વીકાર્યું કે તે તેમને 'આકર્ષક' માને છે. તેણે હસતા હસતા ઉમેર્યું, "મેં મારા ઈન્સ્ટાગ્રામ પર રાહુલના થોડા થર્સ્ટ ટ્રેપ્સ (આકર્ષક/હોટ લુક્સવાળા) રીલ્સ જોયા છે અને મને તે જોવામાં વાંધો નથી. તેમનામાં વ્યક્તિત્વ અને આકર્ષણની એક અલગ જ ઝલક છે. તમે આકર્ષક ગીતોનો ઉપયોગ કરીને તેમના પર એડિટ કરીને વિડિયો કે રીલ્સ બનાવી શકો છો. મોદીજી સાથે આવું કરવું થોડું અઘરું છે."

કોંગ્રેસના નેતા પણ તાજેતરમાં આ પ્રકારના પ્રશંસકોને આકર્ષવાનો પ્રયાસ કરતા હોય તેવું લાગે છે. ઉદાહરણ તરીકે, તાજેતરમાં જ તેમણે Instagram પર તેમની ફિટનેસ વિશે ખુલીને વાત કરી હતી. જૂન મહિનાથી, જ્યારે 'છાત્રોં કી ગુંજ' અભિયાન શરૂ થયું, ત્યારથી તેમણે કેટલીક તકો પર પોતાનો સામાન્ય સફેદ શર્ટ બાજુ પર મૂકી દીધો છે અને તેના બદલે રંગબેરંગી શર્ટ પસંદ કર્યા છે. પુણેના કાર્યક્રમ અગાઉ રાહુલ ગાંધીએ મૂકેલી ઈન્સ્ટાગ્રામ રીલમાં તેમણે પિતૃસત્તા વિશે વાત કરી હતી.

**"સ્ત્રીઓની ઈચ્છા"**

જોકે આ બધી બાબતોથી રાહુલ ગાંધીને યુવાન મહિલાઓ તરફથી વધુ આકર્ષણ મળી રહ્યું હોઈ શકે છે પરંતુ માત્ર આનાથી જ તેઓ તેમના વોટ જીતી શકશે નહીં. દિલ્હીની મહિલા જૈન, જેમણે તેમને 'સેક્સી' કહ્યા હતા, તેમણે જણાવ્યું હતું કે, તેઓ તેમને વોટ આપતા પહેલા મહિલા સશક્તિકરણ માટે વધુ કામ કરતા જોવા માંગે છે.

રાહુલ ગાંધી માટે ઓનલાઈન વપરાતા સ્નેહભર્યા ઈન્ટરનેટ સ્લેંગ (અનૌપચારિક શબ્દપ્રયોગ)નો ઉલ્લેખ કરતા ભોપાલના સોફ્ટવેર કન્સલ્ટન્ટ દ્વિવેદીએ વધુ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું, "મને તેમના 'લાડકાપણા'થી પણ કોઈ વાંધો નથી."

દ્વિવેદીએ ઈન્સ્ટાગ્રામ પર રાહુલનું પુણેનું ભાષણ પણ જોયું હતું પરંતુ તેમાં કોઈ અમલમાં મૂકી શકાય તેવી બાબતો ન મળતાં તેમણે નિરાશા થઈને સૂચવ્યું કે, કોંગ્રેસ શાળાના અભ્યાસક્રમમાં જાતિ સંવેદનશીલતાનો સમાવેશ કરવા પર કામ કરી શકે છે. કોગ્રેસ પક્ષને વોટ આપવા તે હજુ એક વર્ષના સમયની રાહ જોવા માંગે છે.

ચેન્નાઈની ૨૧ વર્ષની માર્કેટિંગ પ્રોફેશનલ શ્રીનિધિ વર્ધન પણ આ પક્ષને મત આપવા અંગે એટલી જ અસમંજસમાં હતી, ભલે તેણે સ્વીકાર્યું કે પુણેના કાર્યક્રમે તેનામાં ઉત્સુકતા જગાડી હતી. તેણે કહ્યું, "આ એવો કોઈ મોટો બદલાવ કે ટર્નિંગ પોઈન્ટ નથી કે જેના પછી હું ઈચ્છુ કે રાહુલ ગાંધી જીતે. પણ આનાથી હું તેઓ શું કરી રહ્યા છે તેના પર વધુ ધ્યાન આપીશ અને આવનારા દિવસોમાં તેઓ શું કરવાના છે તેના પર નજર રાખીશ."

પત્રકાર તિવારીનો એવો અભિપ્રાય હતો કે, જો રાહુલ ગાંધી મહિલાઓમાં પોતાની વિશ્વસનીયતા ઊભી કરવા માંગતા હોય, તો તેમણે કોંગ્રેસ પક્ષમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ વધારવું જોઈએ. તેમણે દલીલ કરી હતી કે ધારાસભાઓમાં મહિલાઓ માટે ૩૩% અનામત ફરજિયાત કરતા કાયદાને વિવાદાસ્પદ સીમાંકન પ્રક્રિયા સાથે જોડી દેવા બદલ કોંગ્રેસ પક્ષ માત્ર મોદી સરકાર પર દોષારોપણ કરે, તે પૂરતું નથી. તિવારીએ પ્રશ્ન કર્યો કે, "આ કાયદાની અમલવારી થવી જ જોઈએ, પરંતુ ભાજપ સહિતના કોઈપણ રાજકીય પક્ષે તેની રાહ શા માટે જોવી જોઈએ? રાહુલ ગાંધીને એવું કહેતા કોણ રોકી રહ્યું છે કે આગામી ચૂંટણીથી તેઓ એ વાતની ખાતરી કરશે કે મહિલાઓને પુરુષો જેટલી જ અથવા ઓછામાં ઓછી ૩૩% ટિકિટો મળે? આ પગલું તેમના હેતુને ઘણો ફાયદો કરાવશે."

**બોલવું સહેલું, અમલ અઘરો**

રાજકીય વિશ્લેષકોની દલીલ છે કે જ્યારે જાતિ સમાનતા તરફ કોઈ નક્કર પગલાં લેવાની વાત આવશે ત્યારે કોંગ્રેસના નેતાને તે માટે તેમના પક્ષમાંથી સમર્થન મેળવવું સંભવતઃ મુશ્કેલ બનશે.

અનુભવી પત્રકાર નીરજા ચૌધરી, જેમણે રાહુલ ગાંધીની રાજકીય કારકિર્દી તેમજ તેમના માતા, પિતા અને દાદીની કારકિર્દીને પણ આવરી લીધી છે, તેમણે પુણેમાં 'મજબૂત સંદેશ' આપવા બદલ રાહુલના વખાણ કર્યા હતા. કોંગ્રેસ પક્ષની નબળી સ્થિતિ તરફ પણ ઈશારો કરતા તેમણે કહ્યું હતું કે, "મને હંમેશાં એવું લાગ્યું છે કે રાહુલ ગાંધી સમાજ બદલવામાં ખૂબ જ રસ ધરાવે છે. તેમનામાં એક NGO જેવો સ્વભાવ કેળવાયેલો છે. પરંતુ સમસ્યા એ છે કે જ્યારે તેઓ જે ઉત્સાહ ઊભો કરી રહ્યા છે ત્યારે ઘણાખરા રાજ્યોમાં કોંગ્રેસનું સંગઠન લગભગ અસ્તિત્વમાં જ નથી. માત્ર નવો મુદ્દો ઊભો કરવાથી ચૂંટણી જીતી શકાતી નથી."

રાજકીય વિજ્ઞાની પાલશીકરે આ વાત સાથે સહમતી દર્શાવતા કહ્યું કે, કોંગ્રેસ એવા વિચારો લાવે છે જે મીડિયાનું ધ્યાન આકર્ષિત કરે છે અને બૌદ્ધિકો તથા કાર્યકરોને ઉત્સાહિત કરે છે, પરંતુ તેની પાસે જમીન સ્તર પર આ ગતિને જાળવી રાખવા માટેનું સંગઠન નથી. તેમના મતે, જે રાજ્યોમાં કોંગ્રેસનું સંગઠનાત્મક માળખું મોજૂદ છે ત્યાં પણ રાહુલ ગાંધી એક વારંવાર આવતી સમસ્યાનો સામનો કરે છેઃ તેમનો પક્ષ પોતે પોતાના નેતા જેટલો પ્રગતિશીલ વિચારો માટે ઉત્સાહી હોતા નથી. પાલશીકરે દલીલ કરી કે, "સાચી અડચણ કોંગ્રેસના કહેવાતા દિગ્ગજ નેતાઓની માનસિકતા છે. દરેક જગ્યાએ કોંગ્રેસ રાહુલ ગાંધીના બદલે આ દિગ્ગજ નેતાઓ દ્વારા નિયંત્રિત થાય છે. જો તમે ભાજપમાં જુઓ, તો એકવાર તેમને ઉચ્ચ નેતૃત્વ તરફથી સંકેત મળે, એટલે તરત જ નીચેના સ્તર સુધીના તમામ લોકો તે જ વાત માની લે છે."

-દિવ્યા અશ્લેષા અને અનંત ગુપ્તા
(સૌ. : સ્ક્રોલ.ઈન)

# કલકત્તા હાઈકોર્ટે સીપીએમ નેતા લહેક અલીને શરતી વચગાળાના જામીન આપ્યા

(એજન્સી) તા.૪

જૂનમાં સર્જાયેલી અશાંતિ સાથે જોડાયેલા કેસોમાં બરૂઈપુરના સીપીએમ રાજ્ય સમિતિના સભ્ય લહેક અલીને કોલકત્તા હાઈકોર્ટે શરતી વચગાળાના જામીન આપ્યા છે. ન્યાયાધીશ તીર્થંકર ઘોષે બુધવારે અરજીને ૧૦ સપ્ટેમ્બર સુધી મંજૂર રાખી હતી, જેમાં અલીને વિસ્તાર ન છોડવાનો અને ચાલુ પોલીસ તપાસમાં સંપૂર્ણ સહયોગ કરવાનો નિર્દેશ આપ્યો હતો. જામીન અરજીમાં અલીની માતાની ગંભીર બીમારીનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. કોર્ટે માનવતાવાદી ધોરણે અરજી સ્વીકારી હતી અને જણાવેલી શરતો લાદી હતી. આ કેસ બરૂઈપુરમાં એક સગીર બાળકી પર બળાત્કાર અને હત્યા બાદ ફાટી નીકળેલી હિંસામાંથી ઉદ્ભવ્યા હતા. સ્થાનિક રહેવાસીઓએ ન્યાયની માંગણી સાથે વિરોધ પ્રદર્શન કર્યા હતા. ત્યારબાદ થયેલી અશાંતિ દરમિયાન, એક વ્યક્તિનું કથિત રીતે મોબ લિંચિંગમાં મોત થયું હતું અને પોલીસ કર્મચારીઓ પર હુમલો કરવામાં આવ્યો હતો. ખોદરબજારનો રહેવાસી અલી આંદોલનનો એક અગ્રણી ચહેરો તરીકે ઉભરી આવ્યો હતો. પોલીસે હિંસામાં સંડોવણીનો આરોપ લગાવીને તેની સામે અનેક કેસ નોંધ્યા હતા. ૧૨ જુલાઈના રોજ તેમના નિવાસસ્થાનેથી તેમની ધરપકડ કરવામાં આવી હતી. સીપીએમે આ ધરપકડને રાજકીય રીતે પ્રેરિત ગણાવી છે અને દાવો કર્યો છે કે તે સ્થાનિક ચિંતાઓ ઉઠાવનારા નેતા સામે બદલો લેવાની ઝુંબેશનો ભાગ હતો. વચગાળાનો આદેશ અલીને તપાસ ચાલુ રહે ત્યાં સુધી કામચલાઉ રાહત આપે છે. જામીન ફક્ત ૧૦ સપ્ટેમ્બર સુધી માન્ય રહેશે અને હાઈકોર્ટની શરતોનું કડક પાલન કરવાને આધીન રહેશે.

# નવા ફંડિંગ કૌભાંડથી કટ્ટરપંથી પક્ષ ઘેરાયો : રિફોર્મ યુકેના અધિકારીઓએ રાજીનામું આપ્યું

**દૂરદર્શનની એક ડોક્યુમેન્ટ્રીમાં પાર્ટી દ્વારા એક વિદેશી કંપની મારફતે પોલિંગ (સર્વેક્ષણ) માટે નાણાકીય ભંડોળ પૂરૂં પાડવાની વ્યવસ્થા કરવામાં આવી હોવાના આક્ષેપો બાદ આ રાજીનામા પડ્યા છે**

(એજન્સી) તા.૪

બ્રિટનના કટ્ટરપંથી રાજકીય પક્ષ 'રિફોર્મ યુકે' (Reform UK) ફરી એકવાર ફંડિંગ કૌભાંડમાં ઘેરાતા પક્ષના બે મુખ્ય અધિકારીઓએ પોતાના પદ પરથી રાજીનામું આપી દીધું છે. એક તપાસાત્મક ટીવી ડોક્યુમેન્ટ્રી પ્રસારિત થયા બાદ શુક્રવારે પાર્ટીના અધિકારીઓ જેમ્સ ઓર (James Orr) અને ડેન જ્યુક્સ (Dan Jukes) દ્વારા આ રાજીનામાની જાહેરાત કરવામાં આવી હતી. પાર્ટી ડોનેશન (દાન)ના નિયમોના ઉલ્લંઘન અંગેના અનેક અહેવાલો વચ્ચે રિફોર્મ યુકેના જનસમર્થનમાં સતત ઘટાડો નોંધાયો છે, ત્યારે પક્ષે આ તાજેતરના આક્ષેપો સામે તપાસ શરૂ કરવાની જાહેરાત કરી છે. ચેનલ ૪ ન્યૂઝ (Channel 4 News) દ્વારા કરવામાં આવેલા અંડરકવર સ્ટિંગ ઓપરેશનમાં એવો દાવો કરવામાં આવ્યો છે કે રિફોર્મ યુકેના અધિકારીઓએ એક વિદેશી કંપની દ્વારા પોલિંગનો ખર્ચ ચૂકવવાની વ્યવસ્થા કરીને રાજકીય દાનના નિયમોનો ભંગ કર્યો હતો. ડોક્યુમેન્ટ્રીમાં જ્યુક્સ અંડરકવર રિપોર્ટરને બ્રિટિશ ચૂંટણી કાયદાઓમાંથી છટકીને વિદેશથી પક્ષને દાન કેવી રીતે આપી શકાય તેની સલાહ આપતા કેમેરામાં કેદ થયા હતા. અંડરકવર રિપોર્ટે જ્યારે પક્ષના નેતા નાઈજલ ફરાઝ (Nigel Farage)ને કહ્યું કે તેઓ જેમ્સ ઓર સાથે આ અંગે ચર્ચા કરી રહ્યા છે, ત્યારે ટેબલ પર બેઠેલા ફરાઝે દાવો કર્યો હતો કે બધું કાયદા અનુસાર ('above board') થઈ રહ્યું છે. નાઈજલ ફરાઝના લાંબા સમયના સહયોગી જ્યુક્સ અને પક્ષના પોલિસી હેડ જેમ્સ ઓરના આ રાજીનામા પાર્ટીના વાર્ષિક સંમેલનની પૂર્વસંધ્યાએ જ આવ્યા છે. તાજેતરના મહિનાઓમાં વ્યક્તિગત તેમજ પક્ષના નામે મળેલા નાણાં અંગે સવાલોનો



સામનો કરી રહેલા ફરાઝે શુક્રવારે એક રેડિયો ઈન્ટરવ્યુમાં દાવો કર્યો હતો કે પાર્ટીએ 'કોઈ કાયદો તોડ્યો નથી'. જો કે, તેમણે ઉમેર્યું હતું કે 'આ રીતે છટકામાં ફસાઈને કરાયેલી વાતચીત યોગ્ય લાગતી નથી, અને તેથી જ અમે પક્ષ સ્તરે તપાસ શરૂ કરી છે.' લંડનની મેટ્રોપોલિટન પોલીસે એક નિવેદનમાં જણાવ્યું છે કે તેઓ મીડિયામાં આવેલ રાજકીય પક્ષના દાન અને 'પોલિટિકલ પાર્ટીઝ, ઈલેક્શન્સ એન્ડ રેફરેન્ડમ્સ એક્ટ ૨૦૦૦'ના કથિત ભંગ અંગેના અહેવાલોથી વાકેફ છે. શાસક લેબર પાર્ટી અને વિપક્ષી લિબરલ ડેમોક્રેટ્સે આ ખુલાસાઓ બાદ રિફોર્મ યુકે વિરુદ્ધ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. બીજી તરફ, રિફોર્મ યુકેએ શરૂઆતમાં આ આક્ષેપોને એક 'અફવા/પ્રાંક' કહીને ફગાવી દીધા હતા. ફરાઝે અન્ય રાજકીય પક્ષો પર પણ વળતો પ્રહાર કરતા આક્ષેપ કર્યો હતો કે તેઓ પેરેજ (સાંસદ પદ/સન્માન) વેચી રહ્યા છે. તેમણે કહ્યું, 'રાજકીય ભંડોળની દુનિયામાં દાયકાઓથી અનેક ખોટી બાબતો થઈ છે. એક પક્ષ તરીકે અમે કંઈ ખોટું કર્યું નથી. માત્ર અમારા કેટલાક કોન્ટ્રાક્ટરોએ એવી વાતો કરી છે જે ન કહેવી જોઈતી હતી.' છેલ્લા કેટલાક મહિનાઓમાં રિફોર્મ યુકે સામે આવેલા ફંડિંગ કૌભાંડોની શ્રેણીમાં, ક્રિપ્ટોકરન્સી અબજોપતિ ક્રિસ્ટોફર હારબોર્ન (Christopher Harborne) દ્વારા ફરાઝને આપવામાં આવેલી ૫૦ લાખ પાઉન્ડ ($6.7 million)ની અજાહેર વ્યક્તિગત ભેટથી પક્ષને સૌથી વધુ નુકસાન થયું છે. હારબોર્ને અગાઉ પણ રિફોર્મ યુકેને ૨.૫ કરોડ પાઉન્ડ ($33.6 million)થી વધુનું દાન આપ્યું છે, જે અંગે હાલમાં ગુનાહિત અને સંસદીય તપાસ ચાલી રહી છે. હારબોર્નની ક્રિપ્ટોકરન્સી કંપની 'ટેથર' (Tether) પર ડ્રગ કાર્ટેલ, છેતરપિંડી અને માનવ તસ્કરી સાથે સંકળાયેલા હોવાના ગંભીર આક્ષેપો છે. આ વિવાદો વચ્ચે ફરાઝે પોતાની સંસદીય બેઠક પરથી રાજીનામું આપીને ઉપચૂંટણી યોજવાની જાહેરાત કરીને આંતરરાષ્ટ્રીય સ્તરે ધ્યાન ખેંચ્યું હતું. તેમણે પોતાને 'સ્થાપિત હિતો સામે લડનાર' તરીકે રજૂ કર્યા હતા. મુખ્ય રાજકીય પક્ષોએ આ પગલાંને માત્ર એક 'સ્ટંટ' ગણાવીને પોતાના ઉમેદવારો ઊભા રાખવાનો ઈનકાર કર્યો હતો. પરિણામે પોપ્યુલિસ્ટ નેતા ફરાઝ આ ઉપચૂંટણી સરળતાથી જીતી ગયા હતા, પરંતુ તેમના નજીકના હરીફ 'ઈન્ટરગેલેક્ટિક સ્પેસ વોરિયર' કાઉન્ટ બિનફેસ (Count Binface)ને મળેલા લગભગ ૧૦,૦૦૦ મતોએ ફરાઝ સામેનો મોટો વિરોધ પણ દર્શાવી આપ્યો હતો.

**હદીસ બોધ**

કચડાયેલા લોકોના નિસાસાથી ચેતો, તેઓ અલ્લાહને ન્યાય માટે પ્રાર્થના કરે છે અને એકમાત્ર અલ્લાહ જ ન્યાય આપનાર છે. (હદીસ બોધ)

**બોધ વચન**

વાચકો પુષ્કળ હોય છે, ચિંતકો જૂજ હોય છે.

-હેમ્લેટ માર્ટિનવ

**આજની આરસી**

૫ સપ્ટેમ્બર શનિવાર ૨૦૨૬
૨૨ રબીઉલ અવ્વલ હિજરી ૧૪૪૮
શ્રાવણ વદ નોમ સંવત ૨૦૮૨

| | |
|---|---|
| સુબ્હ સાદિક | ૫-૦૨ |
| ખત્મે ઝવાલ | ૧૨-૩૯ |
| તુલૂએ આફતાબ (સૂર્યોદય) | ૬-૨૩ |
| ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) | ૬-૫૪ |

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચક મિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી.

- વ્યવસ્થાપક

# અજિત અગરકર BCCIની સમીક્ષા બેઠકમાં ગેરહાજર મુખ્ય પસંદગીકારના ભવિષ્ય અંગે અનિશ્ચિતતા ઘેરી બની

**બોર્ડ સાથે મતભેદો અને રોહિત શર્માના મુદ્દે ઊભા થયેલા વિવાદ વચ્ચે ૧૮ સપ્ટેમ્બરે યોજાનારી AGMમાં અગરકરના કાર્યકાળ અંગે નિર્ણય લેવાશે**

મુંબઈ, તા.૪

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)ના મુંબઈ સ્થિત મુખ્ય મથકે યોજાયેલી મહત્ત્વપૂર્ણ સમીક્ષા બેઠકમાં પસંદગી સમિતિના અધ્યક્ષ અજિત અગરકરની ગેરહાજરીએ તેમના ભવિષ્ય અંગે અનેક સવાલો ઊભા કર્યા છે. જુલાઈ મહિનામાં મુખ્ય પસંદગીકાર તરીકે ત્રણ વર્ષ પૂરા કરનાર અગરકરના કાર્યકાળને વધુ લંબાવવા અંગે હાલ અનિશ્ચિતતાનો માહોલ જોવા મળી રહ્યો છે. આ સમીક્ષા બેઠકમાં મુખ્ય કોચ ગૌતમ ગંભીર, સેન્ટર ઓફ એક્સેલન્સ (COE)ના વડા વીવીએસ લક્ષ્મણ, ટેસ્ટ અને વન-ડે કેપ્ટન શુભમન ગિલ તથા T20I કેપ્ટન શ્રેયસ અય્યર વર્ચ્યુઅલ અને પ્રત્યક્ષ રીતે જોડાયા હતા. અગરકર પણ આ બેઠકમાં ઓનલાઈન જોડાવાના હતા, પરંતુ બોર્ડના સેક્રેટરી દેવજીત સાઈકિયાના જણાવ્યા અનુસાર ટૂંકી નોટિસના કારણે અને અગરકર બહાર ગામ હોવાથી નેટવર્ક કનેક્ટિવિટીના અભાવે તેઓ જોડાઈ શક્યા નહોતા. જો કે, અગરકરની આ ગેરહાજરી એવા સમયે સામે આવી છે જ્યારે બોર્ડ અને પસંદગીકારો વચ્ચે મતભેદો સપાટી પર આવ્યા છે. તાજેતરમાં લંડનમાં ૨૦૨૭ વન-ડે વર્લ્ડકપના આયોજનને ધ્યાનમાં રાખીને એક પસંદગીકારે રોહિત શર્માને જણાવ્યું હતું કે, બોર્ડ હવે ભવિષ્ય તરફ જોઈ રહ્યું છે



અને લોર્ડ્સ વન-ડે તેમની છેલ્લી મેચ હોઈ શકે છે. આ બાબત સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ ભારે વિવાદ ઊભો થયો હતો. ત્યારબાદ બોર્ડના સેક્રેટરી સાઈકિયાએ સ્પષ્ટતા કરવી પડી હતી કે રોહિત શર્મા ટીમનો નિયમિત સભ્ય રહેશે અને જ્યાં સુધી તે ફિટ છે ત્યાં સુધી રમવાનું ચાલુ રાખશે. પસંદગીના નિર્ણયોમાં બોર્ડના હસ્તક્ષેપથી અગરકર નારાજ હોવાનું મનાઈ રહ્યું છે. બીજી તરફ ૨૦૨૭ના વન-ડે વર્લ્ડકપ માટે રોહિત શર્મા અને વિરાટ કોહલી જેવા વરિષ્ઠ ખેલાડીઓનો અનુભવ મહત્ત્વનો હોવાનું બોર્ડ માને છે, જ્યારે પસંદગીકાર સમિતિના મોટાભાગના સભ્યોનો દૃષ્ટિકોણ અલગ છે. અગરકર સપ્ટેમ્બર પછી આ પદ પર ચાલુ રહેવા માંગે છે કે, નહીં તે અંગે બોર્ડ સાથે હજુ સુધી આખરી ચર્ચા થઈ નથી. આગામી ૧૮ સપ્ટેમ્બરે યોજાનારી બોર્ડની વાર્ષિક સામાન્ય સભા (AGM)માં અગરકરના કાર્યકાળના વિસ્તાર અંગે આખરી નિર્ણય લેવાશે. જો અગરકર પદ છોડવાનો નિર્ણય લે છે, તો બોર્ડ નવા ચેરમેનની શોધ શરૂ કરશે. આ પદ માટે વીવીએસ લક્ષ્મણ બોર્ડની પહેલી પસંદ છે, પરંતુ તેઓ સતત પ્રવાસ કરવા ઈચ્છતા નથી. આ સિવાય પાર્થિવ પટેલ અને ઝહીર ખાનના નામો પણ ચર્ચામાં છે. સાઈકિયાએ સ્પષ્ટ કર્યું છે કે, હાલ પૂરતી લક્ષ્મણ માટે ડાયરેક્ટર ઓફ ક્રિકેટ જેવી કોઈ નવી પોસ્ટ ઊભી કરવામાં આવી નથી પરંતુ ભવિષ્યમાં ભારતીય ક્રિકેટના સંચાલનમાં તેમને વધુ સત્તા આપવાની શક્યતાઓને નકારી શકાય નહીં. હવે સૌની નજર ૧૮ સપ્ટેમ્બરની AGM પર ટકેલી છે કે, અગરકર બોર્ડની શરતો સાથે આગળ વધવા તૈયાર થાય છે કે પદ છોડવાનો માર્ગ પસંદ કરે છે.

# માઓવાદી ચળવળમાં વર્ષો સુધી સક્રિય રહ્યા બાદ મહિલા આદિવાસી નેતાનું અવસાન

(એજન્સી) તા.૪

વરિષ્ઠ માઓવાદી નેતા મોતીબાઈ, જે રાધાક્કા તરીકે જાણીતા છે, તેમનું ૬૫ વર્ષની વયે સોમવાર, ૩૧ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સાંજે તેલંગાણાના આદિલાબાદમાં રાજીવ ગાંધી ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (RIMS) હોસ્પિટલમાં સારવાર દરમિયાન અવસાન થયું. તેઓ લાંબા સમયથી બીમારીથી પીડાતા હતા અને તાજેતરના મહિનાઓમાં નિયમિત ડાયાલિસિસ કરાવતા હતા. તેમનું મૃત્યુ કિડની ફેલ થવાને કારણે થયું હોવાનું કહેવાય છે. રાધાક્કા આદિલાબાદ જિલ્લાના આદિવાસી હતા અને આદિલાબાદ મંડલના પિપ્પલધારી ગામની વતની હતી. તે માઓવાદી પક્ષના ભૂતપૂર્વ કેન્દ્રીય સમિતિના સભ્ય, પુલ્લુરી પ્રસાદ રાવ, જેને ચંદ્રાન્ના તરીકે પણ ઓળખવામાં આવે છે, તેની ભાગીદાર હતી. તેઓ તેલંગાણામાં સંગઠન સક્રિય હતું તે સમયગાળા દરમિયાન રાધાક્કા પ્રદેશમાં પીપલ્સ વોર ચળવળની એક અગ્રણી મહિલા સભ્ય બની હતી. તેણીએ જિલ્લા સમિતિમાં સેવા આપી હતી અને પ્રદેશમાં સંગઠનની પ્રવૃત્તિઓમાં સામેલ હતી. ૨૦૧૩માં ભૂગર્ભ પ્રવૃત્તિમાંથી બહાર આવીને તબીબી સારવાર મેળવવા માટે તેણીની ધરપકડ કરવામાં આવી હતી. તેણી લગભગ બે વર્ષ જેલમાં રહી અને ૨૦૧૫માં તેણીને મુક્ત કરવામાં આવી, અહેવાલ મુજબ તેણીની બગડતી તબિયતને કારણે. તેણીની મુક્તિ પછી, તેણી જમીનથી ઉપર રહી અને તબીબી સારવાર મેળવતી રહી. માઓવાદી ચળવળના અહેવાલો અનુસાર, આ સમયગાળા દરમિયાન તેલંગાણામાં સંગઠનને રાજ્યના દમન અને રાજકીય અને સંગઠનાત્મક પછાડાઓનો સામનો કરવો પડ્યો. ત્યારબાદ પાર્ટીએ સભ્યોને સ્થાનાંતરિત કરવા અને સુરક્ષા કામગીરીમાં તેના કાર્યકરોના સંપર્કને ઘટાડવા માટે પગલાં લીધાં. આ વ્યાપક સંગઠનાત્મક વ્યૂહરચનાના ભાગ રૂપે, રાધાક્કાને ૨૦૦૩માં દંડકારણ્ય પ્રદેશમાં સ્થાનાંતરિત કરવામાં આવી હતી. રાધાક્કાએ ધરપકડ પહેલા માઓવાદી ચળવળ સાથે સંકળાયેલા લગભગ ૨૫ વર્ષ ગાળ્યા હતા. તેલંગાણા અને આસપાસના વિસ્તારોમાં માઓવાદી સંગઠનો સામે નોંધપાત્ર સશસ્ત્ર સંઘર્ષ અને રાજ્ય કાર્યવાહીના સમયગાળા સાથે તેમનો સંડોવણી હતી. તેણીની મુક્તિ પછીના વર્ષોમાં, તેણીનું સ્વાસ્થ્ય ખરાબ રહ્યું હોવાના અહેવાલ છે. વધુ સ્વાસ્થ્ય સમસ્યાઓનો અનુભવ થયા બાદ તેણીને તાજેતરમાં આદિલાબાદના RIMSમાં દાખલ કરવામાં આવી હતી અને ત્યારબાદ તેણીની સ્થિતિ વધુ બગડી હતી. તેમના મૃત્યુથી એક મહિલાના જીવનનો અંત આવ્યો જે ઘણા દાયકાઓ સુધી માઓવાદી ચળવળમાં સામેલ રહી હતી અને જેમણે ભૂગર્ભ રાજકીય પ્રવૃત્તિ, ધરપકડ, કેદ, માંદગી અને લાંબા સમય સુધી તબીબી સારવારનો અનુભવ કર્યો હતો. તેમના જીવન અને કારકિર્દીને મધ્ય અને દક્ષિણ ભારતમાં સશસ્ત્ર અને રાજકીય ચળવળોમાં આદિવાસી સમુદાયોની મહિલાઓની ભાગીદારીના વ્યાપક સંદર્ભમાં પણ જોઈ શકાય છે.

# વૈભવ સૂર્યવંશીને સચિન તેંડુલકર જેવી કારકિર્દી બનાવવા માટે BCCIનું સમર્થન મળ્યું

**૧૫ વર્ષના યુવા સન્સેશનને લાંબા સમય સુધી સફળતા મળે તે માટે બોર્ડ દ્વારા ખાસ આયોજન; મુંબઈમાં યોજાયેલી ઉચ્ચ સ્તરીય બેઠકમાં ભવિષ્યની યોજનાઓ પર ચર્ચા**



મુંબઈ, તા.૪

૧૫ વર્ષીય ક્રિકેટર વૈભવ સૂર્યવંશીના ઝડપી ઉભાર મોહરાને ધ્યાનમાં રાખીને ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)એ તેની કારકિર્દીના વિકાસ માટે લાંબા ગાળાનો અભિગમ અપનાવ્યો છે. બોર્ડના સેક્રેટરી દેવજીત સાઈકિયાએ સ્પષ્ટ કર્યું છે કે, આ યુવા ખેલાડીને આંતરરાષ્ટ્રીય સ્તરે લાંબા સમય સુધી સતત સફળતા મળે તે માટે તેની ખૂબ જ કાળજીપૂર્વક સજ્જતા કરવામાં આવી રહી છે. BCCI ઈચ્છે છે કે, આ કિશોર વયનો સ્ટાર સચિન તેંડુલકર જેવા મહાન ખેલાડીઓના માર્ગે ચાલે અને દેશ માટે એક યાદગાર આંતરરાષ્ટ્રીય કારકિર્દી બનાવે.

મુંબઈમાં યોજાયેલી BCCIની ઉચ્ચ સ્તરીય સમીક્ષા બેઠકમાં સૂર્યવંશીના ભવિષ્ય અંગે વિગતવાર ચર્ચા કરવામાં આવી હતી. બેઠક બાદ સાઈકિયાએ જણાવ્યું હતું કે, 'અમે ઈચ્છીએ છીએ કે વૈભવ સૂર્યવંશી અથવા તેના કદનો કોઈ પણ ખેલાડી સચિન તેંડુલકર કે ભૂતકાળના અન્ય મહાન ખેલાડીઓની જેમ દેશની લાંબા સમય સુધી સેવા કરે. તેથી અમે વૈભવને ખૂબ જ ગંભીરતાથી લઈએ છીએ. તેના આંતરરાષ્ટ્રીય કરિયરના દરેક પગલાં પર તમામ દૃષ્ટિકોણથી નજર રાખવામાં આવી રહી છે.' સાઈકિયાએ ઉમેર્યું હતું કે, બોર્ડની પ્રાથમિકતા તાત્કાલિક પરિણામો મેળવવાને બદલે તેના લાંબા ગાળાના ભવિષ્યને સુરક્ષિત કરવાની છે, જેથી તે માત્ર 'એક સીરિઝ કે એક વર્ષનો ચમત્કાર' બનીને ન રહી જાય.

**IPL સન્સેશનથી લઈને દુલીપ ટ્રોફીમાં રેકોર્ડ સુધીની સફર**

સૂર્યવંશીની સ્થાનિક ક્રિકેટમાં શાનદાર રમત સતત ધ્યાન ખેંચી રહી છે. IPL ૨૦૨૬ની શાનદાર સીઝન બાદ સૂર્યવંશી ભારતનો સૌથી યુવા પુરૂષ આંતરરાષ્ટ્રીય ડેબ્યૂટન્ટ બન્યો હતો. ઈંગ્લેન્ડ સામેની તેની પ્રથમ T20I સીરિઝ આશા મુજબ રહી ન હતી પરંતુ ત્યારબાદ તેણે ઝિમ્બાબ્વે સામે ત્રણ મેચમાં ૧૫૧ રન બનાવીને પુનરાગમન કર્યું હતું. તાજેતરમાં દુલીપ ટ્રોફીની સેમિફાઈનલમાં સેન્ટ્રલ ઝોન સામે ઈસ્ટ ઝોન તરફથી રમતા તેણે ૮૧ બોલમાં ૯૨ રન બનાવ્યા હતા. આ સાથે તે આ ટુર્નામેન્ટના ઈતિહાસમાં અડધી સદી ફટકારનાર સૌથી યુવા બેટ્સમેન બન્યો હતો, જ્યારે બીજી ઈનિંગ્સમાં પણ તેણે ઝડપી ૪૦ રન જોડ્યા હતા.

જો કે, દુલીપ ટ્રોફીની ફાઈનલમાં તેના રમવાનો નિર્ણય મુખ્ય કોચ ગૌતમ ગંભીરના હાથમાં રહેશે. ૬ સપ્ટેમ્બરથી ચેન્નાઈના એમ.એ. ચિદંબરમ સ્ટેડિયમ ખાતે ઈસ્ટ ઝોન અને સાઉથ ઝોન વચ્ચે ફાઈનલ રમાશે. અહેવાલો મુજબ, સૂર્યવંશી ઉપરાંત તિલક વર્મા અને ઈશાન કિશન જેવા ખેલાડીઓને ફાઈનલમાં રમવા માટે ગંભીરની મંજૂરીની જરૂર પડશે.

**૧૨ સિક્સર ફટકારી, ૩૯ બોલમાં સદી બનાવી**

# શનાકાએ કેરેબિયન પ્રીમિયર લીગમાં સૌથી ઝડપી સદી ફટકારી ઈતિહાસ રચ્યો

નવી દિલ્હી, તા.૪

શ્રીલંકાના દાસુન શનાકાએ ચોગ્ગા-છગ્ગાની રમઝટ બોલાવી કેરેબિયન પ્રીમિયર લીગના (સીપીએલ) ઈતિહાસની સૌથી ઝડપી સદી ફટકારી છે. તેણે ફક્ત ૩૯ બોલમાં સદી ફટકારી આ સિદ્ધિ મેળવી છે. તેણે આ યાદગાર ઈનિંગમાં ૧૨ સિક્સરની મદદથી ૧૨૧ રન બનાવ્યા હતા. દાસુન શનાકાએ સેન્ટ લુસિયા કિંગ્સ સામે ૩૯ બોલમાં પોતાની સદી પૂરી કરી અને ૪૩ બોલમાં ૮ ચોગ્ગા અને ૧૨ સિક્સરની મદદથી ૧૨૧ રન બનાવ્યા. આ દરમ્યાન તેનો સ્ટ્રાઈક રેટ ૨૮૧.૪૦ હતો. કેરેબિયન પ્રીમિયર લીગના ઈતિહાસમાં આ સૌથી ઝડપી સદી છે. આ પહેલા આ રેકોર્ડ સંયુક્ત રીતે આન્દ્રે રેસલ, ટિમ સીફર્ટ અને શિમરોન હેટમાયરના નામે હતો. જેમણે ૪૦ બોલમાં સદી ફટકારી હતી.



પેટ્રિઓટ્સનો સ્કોર એક સમયે ૧૫ ઓવરમાં ૧૪૨ રન હતો. શનાકા ૧૮ બોલમાં ૪૦ રન બનાવી રમી રહ્યો હતો ત્યારબાદ શનાકાએ સેન્ટ લુસિયાના બોલરોની જબરદસ્ત ધોલાઈ કરી. છેલ્લી પાંચ ઓવરમાં પેટ્રિઓટ્સે ૯૩ રન બનાવ્યા. શનાકાએ છેલ્લી ઓવરમાં ૨૮ રન બનાવ્યા. જેમાં ચાર સિક્સર અને એક ચોગ્ગાનો સમાવેશ થાય છે. પેટ્રિઓટ્સે ૨૩૫ રન બનાવ્યા હતા. તેનો પીછો કરવા ઊતરેલી સેન્ટ લુસિયા કિંગ્સ ૯૮ રનમાં સમેટાઈ ગઈ હતી.

# કર્ણાટક : ભાજપના વિજયેન્દ્ર અને અશોકે કોંગ્રેસ સરકાર પર ખેડૂતો અને દલિતોને નિષ્ફળ કરવાનો આરોપ લગાવ્યો

**રાયચુર (કર્ણાટક), પ્રદેશ ભાજપ પ્રમુખ બી.વાય. વિજયેન્દ્ર અને વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા આર. અશોકે મંગળવારે કર્ણાટકમાં કોંગ્રેસ સરકાર પર આકરા પ્રહારો કર્યા, જેમાં ભ્રષ્ટાચાર, ખેડૂતો અને દલિતોને નિષ્ફળ કરવાનો અને ભરતી અને કલ્યાણ યોજનાઓનો ગેરવહીવટ કરવાનો આરોપ લગાવ્યો**

(એજન્સી) તા.૪

લિંગાસુગુરમાં ભાજપની બલ્લારી ચલો પદયાત્રાના પ્રારંભ પ્રસંગે બોલતા, વિજયેન્દ્રએ આરોપ લગાવ્યો કે મુખ્યમંત્રી ડી.કે. શિવકુમારના નેતૃત્વ હેઠળની સરકાર "ભ્રષ્ટોની, ભ્રષ્ટો દ્વારા અને ભ્રષ્ટો માટે" સરકાર છે અને ભારપૂર્વક જણાવ્યું હતું કે સરકારને સત્તા પરથી દૂર ન થાય ત્યાં સુધી ભાજપનું આંદોલન ચાલુ રહેશે. વિજેન્દ્રએ કહ્યું કે ભાજપ ફક્ત એટલા માટે પોતાનું આંદોલન પાછું ખેંચશે નહીં કારણ કે ભૂતપૂર્વ મંત્રી બી. નાગેન્દ્રએ ૧૮૭ કરોડ રૂપિયાના વાલ્મીકી કોર્પોરેશન કૌભાંડના સંદર્ભમાં રાજીનામું આપ્યું હતું. "જ્યાં સુધી વાલ્મિકી કોર્પોરેશનને સંપૂર્ણ નાણાં પરત ન મળે, દલિતોના કલ્યાણ માટે SCP/TSP ભંડોળ પાછું ન મળે, અત્યાચારનો ભોગ બનેલા લોકોને ન્યાય ન મળે અને ખેડૂતોને ન્યાય ન મળે ત્યાં સુધી અમે અમારી લડાઈ ચાલુ રાખીશું," તેમણે કહ્યું. નાગેન્દ્રના રાજીનામા પછી ભાજપ પદયાત્રા કેમ ચાલુ રાખી રહી છે તે અંગે શિવકુમારની ટિપ્પણી પર પ્રશ્ન ઉઠાવતા, વિજયેન્દ્રએ આરોપ લગાવ્યો કે કોંગ્રેસ સરકાર ગરીબ વિરોધી, દલિત વિરોધી, યુવા વિરોધી અને મહિલા વિરોધી છે. તેમણે સરકાર પર દલિત કલ્યાણ પર "નાટક"નો ઉપયોગ કરવાનો અને "મગરના આંસુ" વહાવવાનો આરોપ પણ લગાવ્યો, જ્યારે તેમના વિકાસ માટે ભંડોળનો કથિત રીતે ઉપયોગ કર્યો. વિજેન્દ્રએ કહ્યું કે નાગેન્દ્રનું રાજીનામું ભાજપના આંદોલનનો "પહેલો વિજય" હતો અને પ્રશ્ન કર્યો કે વાલ્મિકી કોર્પોરેશન સાથે જોડાયેલા આરોપો બાદ અગાઉ રાજીનામું આપ્યા હોવા છતાં તેમને કેમ મંત્રીમંડળમાં ફરીથી સામેલ કરવામાં આવ્યા.

# હલ્દવાની 'શુદ્ધિકરણ' કેસમાં ખડગેએ FIR નોંધવાની કરી માંગ, જે.પી. નડ્ડાને લખ્યો પત્ર

**હલ્દવાનીમાં 'શુદ્ધિકરણ' કરીને કથિત દલિત અપમાનના કેસમાં ખડગેએ જે.પી. નડ્ડાને લખેલા પત્રમાં કહ્યું છે, 'આ મુદ્દો મારા અથવા કોંગ્રેસ અધ્યક્ષ પદનો નહીં પણ કરોડો લોકોની લાગણીઓ સાથે જોડાયેલો છે, જેઓ આ ક્રૂર વાસ્તવિકતાનો સામનો કરતા રહે છે'**

(એજન્સી) તા.૪

કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ રાજ્યસભાના નેતા જે.પી. નડ્ડાને પત્ર લખીને ઉત્તરાખંડના હલ્દવાનીમાં તેમની રેલી પછી 'શુદ્ધિકરણ' કરનારાઓ સામે તાત્કાલિક FIR દાખલ કરવાની માંગ કરી છે. તેમણે પ્રશ્ન કર્યો છે કે, ઘટનાના ૨૪ દિવસ પછી પણ શુદ્ધિકરણ માટે જવાબદાર વ્યક્તિઓ અને સંગઠનો સામે કોઈ FIR કેમ દાખલ કરવામાં આવી નથી.

હલ્દવાનીમાં 'શુદ્ધિકરણ' કરીને દલિતોનું અપમાન કરનારાઓ સામે કાર્યવાહી કરવાની માંગ કરનારા રાહુલ ગાંધી સામે FIR દાખલ કરવામાં આવી છે પરંતુ શુદ્ધિકરણ કરનારાઓ સામે હજુ સુધી કોઈ FIR દાખલ કરવામાં આવી નથી. જો કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે સાથે આવો દુર્વ્યવહાર થઈ શકે છે, તો લાખો સામાન્ય દલિતો સાથે શું થઈ રહ્યું હશે ? ખડગેએ જે.પી. નડ્ડાને લખેલા પત્રમાં પણ આ જ પ્રશ્ન ઉઠાવ્યો છે. ખડગેએ પોતાના પત્રમાં જણાવ્યું હતું કે, આ મામલો ફક્ત તેમના કે કોંગ્રેસ અધ્યક્ષ પદનો નથી પરંતુ દેશભરના લાખો દલિતોની ભાવનાઓ અને ગૌરવનો પણ છે.

૮ ઓગસ્ટના રોજ હલ્દવાનીના રામલીલા મેદાનમાં કોંગ્રેસની રેલી બાદ વિવાદ ફાટી નીકળ્યો હતો. કોંગ્રેસની રેલી સમાપ્ત થયા પછી કેટલાક જમણેરી સંગઠનોના સભ્યોએ કથિત રીતે તે જ આધાર પર 'શુદ્ધિકરણ' વિધિ કરી હતી. ઘટનાના વીડિયો અને ફોટોગ્રાફ્સ સામે આવ્યા પછી કોંગ્રેસે સખત વાંધો ઉઠાવ્યો હતો, તેને દલિત સમુદાયનું અપમાન ગણાવ્યું હતું. કોંગ્રેસનો આરોપ છે કે, આ શુદ્ધિકરણ એટલા માટે કરવામાં આવ્યું હતું કારણ કે, સભાને કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગે દ્વારા સંબોધવામાં આવી હતી, જે દલિત સમુદાયના છે.

**ખડગેએ પત્રમાં શું લખ્યું ? :**

જે.પી. નડ્ડાને લખેલા પત્રમાં ખડગેએ જણાવ્યું હતું કે, રાજ્યસભામાં આ મુદ્દા પર ચર્ચા દરમિયાન તેમને કાર્યવાહીનું આશ્વાસન આપવામાં આવ્યું હતું પરંતુ અત્યાર સુધી કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી.

તેમણે લખ્યું, 'આ મુદ્દો મારી અંગત સંડોવણી કે ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસના પ્રમુખ પદથી આગળ વધે છે; તે લાખો લોકોની લાગણીઓ સાથે સંબંધિત છે જેઓ દરરોજ આ ક્રૂર વાસ્તવિકતાનો સામનો કરે છે. આવા ગુનેગારોને પાઠ ભણાવવો જરૂરી છે.'

કોંગ્રેસનું કહેવું છે કે, આ ઘટના માત્ર રાજકીય વિવાદ નથી પરંતુ સામાજિક ભેદભાવનો મામલો છે. પાર્ટીનો આરોપ છે કે, જો એક અગ્રણી દલિત નેતા અને કોંગ્રેસ પ્રમુખ સાથે આવો વ્યવહાર થઈ શકે છે, તો સામાન્ય દલિતોને તેમના રોજિંદા જીવનમાં કેવા પ્રકારનો ભેદભાવનો સામનો કરવો પડશે ?

કોંગ્રેસના નેતાઓ કહે છે કે, બંધારણ બધા નાગરિકોને સમાન અધિકાર આપે છે અને આવી ઘટનાઓ બંધારણની મૂળ ભાવનાની વિરુદ્ધ છે.

અગાઉ કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ પણ હલ્દવાની ઘટના પર ભાજપ અને રાજ્ય સરકાર પર નિશાન સાધ્યું હતું. તેમણે કથિત શુદ્ધિકરણને 'અસ્પૃશ્યતાનું બીજું નામ' ગણાવ્યું અને કહ્યું કે, તે બંધારણ અને સામાજિક સમાનતાના મૂલ્યોનું અપમાન છે. રાહુલ ગાંધીએ માગણી પણ કરી હતી કે, શુદ્ધિકરણ કરનારાઓ સામે FIR દાખલ કરવામાં આવે.

૩૦ ઓગસ્ટના રોજ રાહુલ ગાંધી વિરુદ્ધ FIR દાખલ કરવામાં આવતા આ કેસમાં નવો વળાંક આવ્યો. વાલ્મીકિ સમુદાયના સભ્ય અમિતકુમારની ફરિયાદના આધારે આ FIR દાખલ કરવામાં આવી હતી. ફરિયાદમાં આરોપ મૂકવામાં આવ્યો હતો કે, રાહુલ ગાંધીના નિવેદનથી અનુસૂચિત જાતિ સમુદાયની ભાવનાઓને ઠેસ પહોંચી છે.

પોલીસે રાહુલ ગાંધી વિરુદ્ધ અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ (અત્યાચાર નિવારણ) અધિનિયમની અનેક કલમો તેમજ ભારતીય દંડ સંહિતાની કલમ ૧૯૬ હેઠળ કેસ નોંધ્યો છે.

કોંગ્રેસ પાર્ટીનું કહેવું છે કે, શુદ્ધિકરણ વિધિ કરનારાઓ સામે કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હતી, છતાં રાહુલ ગાંધી વિરુદ્ધ અવાજ ઉઠાવવા બદલ FIR દાખલ કરવામાં આવી હતી તે વિરોધાભાસી છે. ભાજપે આરોપોને ફગાવી દીધા. ભાજપના સાંસદ સુધાંશુ ત્રિવેદીએ કહ્યું કે, આ ઘટનાનો કોઈ જાતિ સંબંધ નથી. તેમણે આરોપ લગાવ્યો કે કોંગ્રેસ હિન્દુ સમાજને વિભાજીત કરવાનો પ્રયાસ કરી રહી છે અને રાજકીય લાભ માટે આ મુદ્દાને જાતિ આધારિત રંગ આપી રહી છે.

ભારતમાં દલિતો સામે જાતિ આધારિત ભેદભાવ અને અપમાન ઘણા સ્વરૂપોમાં જોવા મળ્યું છે. આમાં અસ્પૃશ્યતાની પ્રથાનો સમાવેશ થાય છે - મંદિરો, કુવાઓ અથવા જાહેર સ્થળોએ પ્રવેશ પર પ્રતિબંધ, વાસણો અલગ રાખવા, અથવા દલિત વ્યક્તિ સાથે સંપર્ક કર્યા પછી સ્થળને 'શુદ્ધ' કરવું. હલ્દવાની ઘટનામાં પણ આ જ આરોપ લગાવવામાં આવ્યો હતો, જ્યાં ખડગેની રેલી પછી રામલીલા મેદાનમાં શુદ્ધિકરણ સમારોહ કરવામાં આવ્યો હતો. કોંગ્રેસ આને તેમની દલિત ઓળખને કારણે અપમાન અને અસ્પૃશ્યતાનું પ્રતીક માને છે.

અન્ય સ્વરૂપોમાં જાતિ આધારિત દુર્વ્યવહાર, સામાજિક બહિષ્કાર, લગ્નોમાં ઘોડેસવારી પર પ્રતિબંધ, જમીન વિવાદોમાં હિંસા અને ચોરી અને કચરો ફેંકવાના આરોપોનો સમાવેશ થાય છે. મહિલાઓ સામે જાતીય હિંસાને ઘણીવાર જાતિ સાથે પણ જોડવામાં આવે છે. બંધારણ અને SC/ST કાયદા હોવા છતાં આ પ્રથાઓ કેટલાક ક્ષેત્રોમાં ચાલુ રહે છે, જે સમાનતાના આદર્શની વિરુદ્ધ છે.

તેમ છતાં હલ્દવાની ઘટના ઉત્તરાખંડના રાજકારણ તેમજ રાષ્ટ્રીય સ્તરે ચર્ચાનો વિષય બની છે. કોંગ્રેસ તેને દલિત ગૌરવ અને સામાજિક ન્યાયનો મુદ્દો કહી રહી છે, જ્યારે ભાજપ આ આરોપોને રાજકીય રીતે પ્રેરિત ગણાવી રહી છે.

હવે બધું તેના પર નિર્ભર છે કે, ઉત્તરાખંડ સરકાર કથિત શુદ્ધિકરણ કરનારાઓ સામે FIR નોંધે છે કે નહીં કારણ કે, કોંગ્રેસ સતત આ મામલે કાર્યવાહીની માંગ કરી રહી છે.

## હલ્દવાની 'શુદ્ધિકરણ' ઘટનાની સ્વતંત્ર તપાસ માટે ઉત્તરાખંડ હાઈકોર્ટમાં PIL દાખલ

**દહેરાદૂન સ્થિત વકીલ બૈજનાથ ચૌહાણ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીની સુનાવણી ૭ સપ્ટેમ્બરના રોજ હાઈકોર્ટની ડિવિઝન બેંચ સમક્ષ થવાની છે**

(એજન્સી) તા.૪

હલ્દવાનીમાં કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેની રેલી બાદ જમણેરી જૂથના કાર્યકરો દ્વારા કથિત રીતે આયોજિત ''શુદ્ધિકરણ'' વિધિની સ્વતંત્ર અને સમયમર્યાદામાં તપાસ માટે નૈનિતાલ હાઈકોર્ટમાં જાહેર હિતની અરજી (પીઆઈએલ) દાખલ કરવામાં આવી છે. દહેરાદૂન સ્થિત વકીલ બૈજનાથ ચૌહાણ દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીની સુનાવણી ૭ સપ્ટેમ્બરના રોજ હાઈકોર્ટની ડિવિઝન બેંચ સમક્ષ થવાની છે. ૨૦૨૭ની ઉત્તરાખંડ વિધાનસભા ચૂંટણી પહેલા ૮ ઓગસ્ટના રોજ હલ્દવાનીના રામલીલા ગ્રાઉન્ડ ખાતે કોંગ્રેસની રેલી પછી વિવાદ શરૂ થયો હતો. જમણેરી જૂથના સભ્યોએ કથિત રીતે પાછળથી સ્થળ પર 'શુદ્ધિકરણ' વિધિ કરી હતી, જેની કોંગ્રેસ નેતાઓ દ્વારા ટીકા કરવામાં આવી હતી. ANI સાથે વાત કરતા, બૈજનાથ ચૌહાણે કહ્યું કે આ ઘટનાએ સામાન્ય જનતાને દુઃખ પહોંચાડ્યું છે અને ભારતની આઝાદીના દાયકાઓ પછી સામાજિક સમાનતા પર ગંભીર પ્રશ્નો ઉભા કર્યા છે. ''મેં એક સામાન્ય નાગરિક તરીકે આ જાહેર હિતની અરજી (PIL) દાખલ કરી છે. હું અહીં એક વ્યાવસાયિક વકીલ હોવા છતાં, સામાન્ય જનતા આ ઘટનાથી દુઃખી છે. આપણી આઝાદીને લગભગ ૮૦ વર્ષ થઈ ગયા છે. જો ૮૦ વર્ષ પછી પણ પરિસ્થિતિ એવી હોય કે કોઈ વ્યક્તિ કોઈ સ્થળ છોડીને જાય તો સ્ટેજ ''શુદ્ધ'' થઈ જાય - એટલે કે - તો તે ચિંતાનો વિષય છે. આ તપાસનો વિષય છે. અરજીમાં મારી વિનંતી પણ છે કે આની તપાસ થવી જોઈએ. જો આપણે ૮૦ વર્ષ પછી પણ આઝાદી પછી પણ ''શુદ્ધિકરણ''ની ઘટનાઓ જોઈ રહ્યા છીએ; જો આપણે હજુ પણ જોઈએ છીએ કે દલિત વ્યક્તિને ઘોડા પર સવારી કરવાની મંજૂરી નથી; જો આપણે જોઈએ છીએ કે દલિત વ્યક્તિ પૂજા સ્થળમાં પ્રવેશ કરી શકતો નથી, અને જો તેઓ કરે છે, તો તે સ્થળ પછી પણ ''શુદ્ધ'' થઈ જાય છે - તો આ ખરેખર દુઃખની વાત છે, અને તે સમગ્ર સમાજ માટે દુઃખદ છે. આ મુદ્દાઓથી દુઃખી થઈને મેં આ અરજી દાખલ કરી છે,'' ચૌહાણે કહ્યું. અરજદારે હાઈકોર્ટમાં જતા પહેલા લીધેલા કાનૂની પગલાંની વધુ વિગતો આપી. ''અને મેં તે સીધી ફાઈલ કરી ન હતી. પહેલા, ૧૪ ઓગસ્ટના રોજ, મેં ત્યાંના અધિકારીઓ પાસેથી માહિતી અધિકાર (RTI) કાયદા હેઠળ માહિતી માંગી. ત્યારબાદ, ૧૭ ઓગસ્ટના રોજ, મેં માનનીય પોલીસ ડીજી, જિલ્લા મેજિસ્ટ્રેટ, નૈનિતાલના એસએસપી અને એસએચઓને એક રજૂઆત સુપરત કરી, જેમાં જવાબદારો સામે તપાસ અને કાનૂની કાર્યવાહી કરવાની વિનંતી કરવામાં આવી. જ્યારે મને તેમના તરફથી સંતોષકારક જવાબ ન મળ્યો ત્યારે મેં આ અરજી દાખલ કરી,'' તેમણે ઉમેર્યું. જ્યારે ભાજપના દાવાઓ વિશે પૂછવામાં આવ્યું કે તેમના સભ્યો 'હવન'/ધાર્મિક વિધિમાં સામેલ ન હતા, ત્યારે ચૌહાણે ભારપૂર્વક જણાવ્યું કે તેમની અરજી રાજકીય રીતે પ્રેરિત નથી. ''આ એક રાજકીય મામલો છે. હું તેના પર ટિપ્પણી કરી શકતો નથી. જોકે, આ ઘટના બની હતી અને તપાસ વિના આવો દાવો કેવી રીતે કરી શકાય? જો કોઈ રાજકીય પક્ષ એવું તારણ કાઢે છે કે તેમના લોકો ત્યાં નહોતા, તો શું તેઓ એવું કહેવા માંગે છે કે જ્યારે તેમના લોકો તેમાં સામેલ ન હતા, તો ''શુદ્ધિકરણ'' ખરેખર થયું હતું? જો એવું હોય - જો તે સ્વીકાર હોય કે ''શુદ્ધિકરણ'' થયું હતું, ફક્ત તેમના લોકો દ્વારા નહીં - તો મને કોઈ વાંધો નથી. મારો આમાં કોઈ રાજકીય એજન્ડા નથી, ન તો કોઈ ચોક્કસ પક્ષ માટે કે ન તો તેની વિરુદ્ધ. બિલકુલ નહીં,'' ચૌહાણે ખાતરી આપી. આ દરમિયાન, ખડગેએ આરોપ લગાવ્યો કે ભાજપ ઉત્તરાખંડમાં કોંગ્રેસની રેલીના સ્થળે કરવામાં આવેલી શુદ્ધિકરણ વિધિનો મુદ્દો ઉઠાવવા બદલ લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી સામે FIR નોંધીને તેમને ડરાવવા અને નિરાશ કરવાનો પ્રયાસ કરી રહી છે.

# વેપાર સોદો ફક્ત અમેરિકા કરતા સારા ટેરિફ દરે થશે ગોયલ; વિપક્ષ ગોયલને 'ગોરના પર્સનલ સેક્રેટરી' ગણાવ્યા

(એજન્સી) તા.૪

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે જણાવ્યું છે કે અમેરિકા સાથે પ્રસ્તાવિત દ્વિપક્ષીય વેપાર કરાર (BTA) ત્યારે જ અંતિમ સ્વરૂપ આપવામાં આવશે જ્યારે ભારતને તેના સ્પર્ધકો કરતા સારા ટેરિફ દર મળશે. દરમિયાન, ભારતમાં યુએસ રાજદૂત સર્જિયો ગોરે પિયૂષ ગોયલ અંગે કરેલી હળવી ટિપ્પણીએ રાજકીય વિવાદ ઉભો કર્યો છે. વિપક્ષે આ ટિપ્પણી પર સરકાર પર કટાક્ષ કર્યો છે, ગોયલને યુએસ રાજદૂતના ''ખાનગી સચિવ'' અને ''વિઝા ઓફિસ રિસેપ્શનિસ્ટ'' ગણાવ્યા છે.

ગુરૂવારે લીવરેજિંગ એફટીએ આઉટરીચ પ્રોગ્રામના રાષ્ટ્રીય વર્કશોપને સંબોધતા પીયૂષ ગોયલે ભારત-યુએસ વેપાર કરાર પર સરકારના વલણની રૂપરેખા આપી હતી. ANI અનુસાર, ગોયલે કહ્યું હતું કે અમેરિકા તેના સ્પર્ધકો કરતા વધુ સારા ટેરિફ દર ઓફર કરવા સંમત થતાં જ ભારત કરારને અંતિમ સ્વરૂપ આપશે અને તેની અંતિમ વિગતો જાહેર કરશે. ભારત લાંબા સમયથી અમેરિકા સાથે વેપાર વાટાઘાટોમાં આગ્રહ રાખે છે કે યુએસ બજારમાં ભારતીય ઉત્પાદનો માટે વાજબી અને સ્પર્ધાત્મક ભાવ નક્કી કરવામાં આવે.

ભારત અને અમેરિકા વચ્ચે પ્રસ્તાવિત દ્વિપક્ષીય વેપાર કરાર (BTA)નો ઉદ્દેશ્ય બંને દેશો વચ્ચે વેપાર વધારવા અને વેપાર અવરોધો ઘટાડવાનો છે. આ કરાર હેઠળ, બંને દેશો એકબીજાના બજારોમાં ઉત્પાદનોની પહોંચ સુધારવા, ટેરિફ ઘટાડવા અને અનુકૂળ વેપાર વાતાવરણ બનાવવા માટે વાટાઘાટો કરી રહ્યા છે. અમેરિકા ભારત માટે એક મુખ્ય નિકાસ બજાર છે. તેથી, કરારમાં પૂરા પાડવામાં આવેલા ટેરિફ દરો ભારતીય કંપનીઓ અને નિકાસકારો માટે મહત્ત્વપૂર્ણ છે. એક વરિષ્ઠ યુએસ અધિકારીએ જુલાઈમાં જણાવ્યું હતું કે પ્રસ્તાવિત વેપાર કરારનો ટેક્સ્ટ લગભગ અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે અને આગામી ત્રણથી ચાર મહિનામાં તેના પર હસ્તાક્ષર થઈ શકે છે. અધિકારીના જણાવ્યા મુજબ, બંને દેશો વચ્ચે કરારનું માળખું કાગળ પર તૈયાર છે અને વિલંબ મુખ્યત્વે પ્રક્રિયાગત મુદ્દાઓને કારણે છે. જો કે, યુએસ દ્વારા ચાલી રહેલી કલમ ૩૦૧ વેપાર તપાસને એક મુખ્ય પેન્ડિંગ મુદ્દા તરીકે ટાંકવામાં આવી હતી. સુધારેલા ટેરિફ દરો પર ભારતનો ભાર સૂચવે છે કે ટેરિફ દરો અંતિમ કરારમાં મુખ્ય ભૂમિકા ભજવશે.

સર્જિયો ગોરના નિવેદન પર હોબાળો કેમ ? વેપાર વાટાઘાટો વચ્ચે, પીયૂષ ગોયલ વિશે યુએસ એમ્બેસેડર સર્જિયો ગોરની ટિપ્પણીએ રાજકીય ચર્ચા જગાવી છે. બુધવારે, ગોરે ઓટોમોટિવ કમ્પોનન્ટ મેન્યુફેક્ચરર્સ એસોસિએશન ઓફ ઈન્ડિયાના વાર્ષિક કાર્યક્રમમાં હાજરી આપી હતી. કાર્યક્રમ દરમિયાન, તેમણે પીયૂષ ગોયલને તેમના ''પ્રિય મિત્ર'' ગણાવ્યા હતા.

ગોરે કહ્યું કે દિલ્હી આવ્યા પછી, તેમના બે પ્રિય મંત્રીઓ વિદેશ મંત્રી એસ. જયશંકર અને વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલ છે. ત્યારબાદ તેમણે મજાકમાં ટિપ્પણી કરી કે જો લોકો તેમનો સંપર્ક નહીં કરી શકે, તો તેઓ નિરાશ થશે.

ગોરે કહ્યું કે ગોયલ યુએસ-ભારત સંબંધોની ખૂબ કાળજી રાખે છે અને તેમના અને તેમની પત્નીના સારા મિત્રો પણ છે. પીયૂષ ગોયલે યુએસ એમ્બેસેડરની ટિપ્પણીનો એ જ રીતે હળવાશથી જવાબ આપ્યો. તેમણે કહ્યું કે તેઓ હવે ગોરને તેમનો મિત્ર કહેવાથી ડરતા હતા, કારણ કે જો ગોરે ફરીથી આવી ટિપ્પણીઓ કરશે, તો ઘણા લોકો યુએસ વિઝા એપોઈન્ટમેન્ટ મેળવવા માટે તેમની ઓફિસમાં ઉમટી પડશે. ગોયલે એમ પણ કહ્યું કે તેઓ જાણતા હતા કે યુએસ એમ્બેસી વિઝા નિયમોનું ઉલ્લંઘન કરતી નથી અને તેથી લોકોએ આવું કરવાનો પ્રયાસ ન કરવો જોઈએ. આ કાર્યક્રમમાં વાતચીત હળવી હતી, પરંતુ વિપક્ષી નેતાઓએ પાછળથી આ ટિપ્પણીને રાજકીય મુદ્દામાં ફેરવી દીધી. કોંગ્રેસના નેતા પવન ખેરાએ આ મુદ્દા પર કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું. તેમણે પ્રશ્ન કર્યો કે શું ભારતીય અર્થતંત્ર એટલું બગડી ગયું છે કે કેન્દ્રીય મંત્રી પીયૂષ ગોયલને યુએસ એમ્બેસેડરના ''સેક્રેટરી'' તરીકે વધારાનું કામ કરવું પડ્યું. ખેરાએ સોશિયલ મીડિયા પર આકરા પ્રહારો કરતાં કહ્યું, ''વિશ્વ ગુરૂથી વિઝા ઓફિસ રિસેપ્શનિસ્ટ - કેવો ઘટાડો !'' આ ટિપ્પણી દ્વારા કોંગ્રેસે મોદી સરકારની વિદેશ નીતિ અને અમેરિકા સાથેના તેના સંબંધો પર પણ પ્રશ્નો ઉઠાવવાનો પ્રયાસ કર્યો. તૃણમૂલ કોંગ્રેસના સાંસદ મહુઆ મોઈત્રાએ પણ પીયૂષ ગોયલ પર કટાક્ષ કર્યો, સર્જિયો ગોરના નિવેદનનો વીડિયો શેર કર્યો. તેમણે કહ્યું કે તે ''શરમજનક'' છે કે ભારતના વાણિજ્ય મંત્રીને યુએસ એમ્બેસેડર માટે નિમણૂકો ગોઠવનારા ''ખાનગી સચિવ'' તરીકે દર્શાવવામાં આવી રહ્યા છે. વિપક્ષનો આરોપ છે કે આવી ટિપ્પણીઓ ભારત-અમેરિકા સંબંધોમાં સત્તા સંતુલન પર પ્રશ્નો ઉભા કરે છે. જોકે, ભારત-અમેરિકા વેપાર કરારને લગતો સૌથી મોટો પ્રશ્ન એ છે કે બંને દેશો વચ્ચે ટેરિફ પર અંતિમ કરાર કયા તબક્કે થશે. ભારત ઈચ્છે છે કે તેના નિકાસકારો સ્પર્ધકોની તુલનામાં યુએસમાં સારી સ્થિતિ ધરાવે. આ માટે, ટેરિફ દરોમાં નોંધપાત્ર છૂટછાટો આવશ્યક માનવામાં આવે છે. બીજી તરફ, યુએસ પણ ભારતીય બજારમાં તેના ઉત્પાદનો માટે વધુ સારી પહોંચ ઈચ્છે છે. આવી સ્થિતિમાં, બંને દેશોએ પોતપોતાના આર્થિક હિતોને સંતુલિત કરવા પડશે.

# હરિયાણાની ખાનગી યુનિવર્સિટીઓની સંખ્યા ૨૯ થઈ, પરંતુ તેનો લાભ હરિયાણાના વિદ્યાર્થીઓ નહીં, દિલ્હીના DU-JNUમાં સ્થાન ન મેળવી શકતા વિદ્યાર્થીઓને મળે છે

(એજન્સી) ગુરૂગ્રામ, તા.૪

હરિયાણા વિધાનસભાએ મંગળવારે રાજ્યની યાદીમાં વધુ બે ખાનગી યુનિવર્સિટીઓ ઉમેરવા માટે એક બિલ પસાર કર્યું છે, જેનાથી આ સંખ્યા ૨૯ થઈ ગઈ છે રાજ્યની વસ્તી અને સંસ્થાઓના સ્થાન સાથે જોડાયેલી ખાનગી યુનિવર્સિટીઓની સંખ્યા, હરિયાણાની ઉચ્ચ શિક્ષણ પ્રણાલી કોને સેવા આપી રહી છે તેની પોતાની વાર્તા છે.

હરિયાણા ખાનગી યુનિવર્સિટીઓ (સુધારા) બિલ ૨૦૨૬, હરિયાણા ખાનગી યુનિવર્સિટીઓ અધિનિયમ, ૨૦૦૬ના સમયપત્રકમાં સુધારો કરશે જેમાં કુસુમ ઈન્ટરનેશનલ યુનિવર્સિટી, રેવાડી અને માસ્ટર્સ યુનિયન યુનિવર્સિટી, ગુરૂગ્રામને ક્રમાંક ૨૮ અને ૨૯ તરીકે સામેલ કરવામાં આવશે. આ બિલના ઉદ્દેશ્યો અને કારણોના નિવેદનમાં, ઉચ્ચ શિક્ષણ પ્રધાન મહિપાલ ઢાંડાએ જણાવ્યું હતું કે, રાજ્યને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ દ્વારા નિર્ધારિત ૫૦ ટકા કુલ નોંધણી ગુણોત્તર બેન્ચમાર્કને પાર કરવા માટે ૨૦૩૦ સુધીમાં તમામ સ્તરે સંસ્થાઓની સંખ્યા લગભગ બમણી કરવાની જરૂર છે. માત્ર સરકારી હસ્તક્ષેપ આ બેન્ચમાર્કને પૂર્ણ કરવા માટે પૂરતો નથી અને ખાનગી ક્ષેત્રની ભાગીદારી મુખ્ય રીતે જરૂરી છે.

તાજેતરના ઉમેરા સાથે, ૨૦૧૧ની વસ્તી ગણતરી અનુસાર ૨.૫૩ કરોડ લોકોની વસ્તી ધરાવતા હરિયાણામાં રાષ્ટ્રીય મહત્ત્વની ૧૨ સંસ્થાઓ હશે; ૨૪ રાજ્યની અને ત્રણ કેન્દ્રીય યુનિવર્સિટીઓ સહિત ૨૭ જાહેર યુનિવર્સિટીઓ અને ૨૯ ખાનગી યુનિવર્સિટીઓ. અન્ય કેટલાક રાજ્યોની સરખામણીમાં, હરિયાણામાં ૨૯ ખાનગી યુનિવર્સિટીઓની સંખ્યા વસ્તી ગણતરીમાં નોંધપાત્ર રીતે અલગ પડે છે. ૨.૭૭ કરોડની મોટી વસ્તી ધરાવતા પંજાબમાં ૧૬ ખાનગી યુનિવર્સિટીઓ છે. ભારતના સૌથી વધુ વસ્તી ધરાવતા રાજ્ય ઉત્તરપ્રદેશમાં, લગભગ ૨૦ કરોડ લોકો, લગભગ ૪૮ ખાનગી યુનિવર્સિટીઓ છે, જેમાંથી લગભગ આઠ દિલ્હી નજીક નોઈડામાં છે.

નિષ્ણાતો નિર્દેશ કરે છે કે, હવે સૂચિબદ્ધ ૨૯ ખાનગી યુનિવર્સિટીઓમાંથી, ૧૨ ગુરૂગ્રામ જિલ્લામાં, પાંચ સોનેપતમાં, ત્રણ ઝજ્જરમાં અને બે ફરીદાબાદમાં છે અને ચાર હરિયાણા જિલ્લાઓ છે જે દિલ્હી સાથે સરહદ ધરાવે છે. મંગળવારે ઉમેરવામાં આવેલી બંને નવી યુનિવર્સિટીઓ આ NCR પટ્ટામાં આવે છે. એકંદરે હવે ૨૯ યુનિવર્સિટીઓમાંથી ૨૫ દિલ્હીની નજીકના જિલ્લાઓના વિશાળ રિંગમાં આવેલી છે, જેમાં પાણીપત, રેવાડી અને રોહતકનો સમાવેશ થાય છે. ગુરૂગ્રામ જિલ્લાની યાદીમાં જ એક ડઝન જેટલા નામો છે, જેમાં એમિટી યુનિવર્સિટી, એસ.જી.ટી. યુનિવર્સિટી, અપીજય સત્ય યુનિવર્સિટી, સુશાંત યુનિવર્સિટી, બી.એમ.એલ. મુંજલ યુનિવર્સિટી, જી.ડી. ગોએન્કા યુનિવર્સિટી, કે.આર. મંગલમ યુનિવર્સિટી અને હવે માસ્ટર્સ યુનિયન યુનિવર્સિટીનો સમાવેશ થાય છે. ઓ.પી. જિંદાલ ગ્લોબલ યુનિવર્સિટી, અશોકા યુનિવર્સિટી, એસઆરએમ યુનિવર્સિટી અને ઋષિહુડ યુનિવર્સિટી સોનેપતનો મુખ્ય ભાગ છે.



દિલ્હી યુનિવર્સિટીના મોતીલાલ નેહરૂ કોલેજના પ્રિન્સિપાલ તરીકે નિવૃત્ત થયેલા ડૉ.સૂરજ ભાન ભારદ્વાજના મતે, આ કોઈ સંયોગ નથી. તેમણે કહ્યું કે, જે વિદ્યાર્થીઓ દિલ્હી યુનિવર્સિટી, જવાહરલાલ નેહરૂ યુનિવર્સિટી અથવા દિલ્હીની અન્ય કોલેજોમાં પ્રવેશ મેળવવામાં નિષ્ફળ જાય છે તેઓ હરિયાણાની ખાનગી સંસ્થાઓમાં જાય છે. સોનેપત, ફરીદાબાદ, ગુરૂગ્રામ, ઝજ્જર, રોહતક, પલવલ, નૂહ, પાણીપત અને રેવાડી જેવા એનસીઆર જિલ્લાઓમાં ઔદ્યોગિક અને આઈટી વૃદ્ધિએ આ વિસ્તારોના પરિવારોને ભારે ખાનગી યુનિવર્સિટી ફી ચૂકવવી પડે છે.

કુરૂક્ષેત્ર યુનિવર્સિટીના નિવૃત્ત પ્રોફેસર ડૉ.મહાબીર જગલાને મૂલ્યાંકન કરતાં જણાવ્યું હતું કે, દિલ્હીની નિકટતા એકમાત્ર સૌથી મોટું પરિબળ છે કારણ કે, દેશભરના વિદ્યાર્થીઓ દિલ્હી યુનિવર્સિટી, જેએનયુ અને જામિયા મિલ્લિયા ઈસ્લામિયામાં બેઠકો માટે સ્પર્ધા કરવા માટે રાજધાની આવે છે જેના કારણે મોટી સંખ્યામાં સ્થાનિક હરિયાણા વિદ્યાર્થીઓને બેઠક મળતી નથી. દિલ્હીની બે રાજ્ય યુનિવર્સિટીઓ, આંબેડકર યુનિવર્સિટી અને ઈન્દ્રપ્રસ્થ યુનિવર્સિટી પણ આ ઓવરફ્લોને સમાવી શકી નથી.

હરિયાણા પાસે પોતાની મજબૂત રાજ્ય યુનિવર્સિટીઓ જેવું પગલું ભરવાની તક હતી પરંતુ તેણે તેનો લાભ લીધો નહીં, હરિયાણા એક નાનું રાજ્ય છે અને દિલ્હીમાં પ્રવેશ ન મળે તેવા લોકો માટે તે વધુ સારો વિકલ્પ સાબિત થઈ શક્યું હોત પરંતુ ફેકલ્ટીની અછત અને રાજકીય દખલગીરીને કારણે, હરિયાણાની રાજ્ય યુનિવર્સિટીઓમાં બેઠકો ખાલી રહે છે, જ્યારે ખાનગી યુનિવર્સિટીઓ વધી રહી છે. ઘણી ખાનગી યુનિવર્સિટીઓમાં શૈક્ષણિક ધોરણો નબળા છે, કેટલીક યુનિવર્સિટીઓ બિન-હાજરીની સ્થિતિમાં પણ ડિગ્રીઓ આપે છે અને ઓછા અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓ પાસ થાય છે. તેમણે કહ્યું કે, રાજ્ય સરકાર જાહેર યુનિવર્સિટીઓને ગ્રાન્ટથી વંચિત રાખી રહી છે, તાજેતરના વર્ષોમાં તેમની જગ્યાએ ગ્રાન્ટ-ઈન-એઈડ શરૂ કરી રહી છે જે નાણાં સંસ્થાઓએ ચૂકવવા પડશે. રાજ્યની યુનિવર્સિટીઓમાં ખાલી ફેકલ્ટીની જગ્યાઓ ચાર વર્ષથી ખાલી પડી છે અને સરકારે હવે આ જગ્યાઓને સંપૂર્ણપણે નાબૂદ કરવાનો નિર્ણય લીધો છે. હરિયાણા ફેડરેશન ઓફ યુનિવર્સિટી એન્ડ કોલેજ ટીચર્સ ઓર્ગેનાઈઝેશન હાલમાં આ પગલાં સામે આંદોલન કરી રહ્યું છે.

# 'ઉત્તરપ્રદેશમાં સમાજવાદી પાર્ટી સાથે ગઠબંધન થશે, પરંતુ સમાનતાના ધોરણે કરવામાં આવશે' : રાજેન્દ્ર પાલ ગૌતમનો દાવો

**આમ આદમી પાર્ટી સાથે જોડાયેલા રાજેન્દ્ર પાલ ગૌતમ હવે ઉત્તરપ્રદેશના કોંગ્રેસ પ્રભારી છે, ઉત્તરપ્રદેશમાં કોંગ્રેસના દલિત વિસ્તરણની કવાયત તેજ થઈ રહી છે અને પક્ષે યોગી સરકાર પર આકરા પ્રહાર કરતાં ભાજપ પર વિપક્ષને નબળો પાડવાનો આરોપ લગાવ્યો**

(એજન્સી) તા.૪

ઉત્તરપ્રદેશની ૨૦૨૭ની વિધાનસભા ચૂંટણીને હજુ સમય બાકી છે, પરંતુ રાજ્યમાં રાજકીય ગોઠવણીઓની શરૂઆત થઈ ચૂકી છે. કોંગ્રેસે સંગઠન મજબૂત કરવાની સાથે દલિત, પછાત અને વંચિત વર્ગોમાં પોતાની પહોંચ વધારવાની કવાયત તેજ કરી છે. આ સમગ્ર અભિયાનમાં કોંગ્રેસના ઉત્તર પ્રદેશ પ્રભારી રાજેન્દ્ર પાલ ગૌતમ મહત્વની ભૂમિકા ભજવી રહ્યા છે. આમ આદમી પાર્ટી છોડીને કોંગ્રેસમાં આવેલા ગૌતમનું માનવું છે કે ઉત્તરપ્રદેશમાં કોંગ્રેસ ફરીથી પોતાનું રાજકીય સ્થાન મજબૂત કરી શકે છે. તેમના મતે રાહુલ ગાંધી હવે માત્ર કોંગ્રેસના નેતા તરીકે નહીં, પરંતુ ભાજપના વિકલ્પ તરીકે પણ જોવામાં આવી રહ્યા છે. તેઓ દાવો કરે છે કે ભાજપે છેલ્લા કેટલાક વર્ષોમાં વિપક્ષી પક્ષોને નબળા પાડવા માટે વિવિધ રાજકીય ઉપાયો અપનાવ્યા છે, પરંતુ તેના કારણે હવે વિપક્ષી એકતાની જરૂરિયાત વધુ સ્પષ્ટ છે. ગૌતમના નિવેદનોમાં એક તરફ કોંગ્રેસને સંગઠનાત્મક રીતે પુનઃસ્થાપિત કરવાનો આત્મવિશ્વાસ દેખાય છે, તો બીજી તરફ સમાજવાદી પાર્ટી સહિત અન્ય વિપક્ષી પક્ષો સાથે ગઠબંધન અંગે કોંગ્રેસની નવી શરતોનો સંકેત પણ મળે છે. ઉત્તરપ્રદેશમાં સમાજવાદી પાર્ટી સાથે કોંગ્રેસનું ગઠબંધન આગામી ચૂંટણીમાં પણ મહત્વપૂર્ણ બની શકે છે. જોકે રાજેન્દ્ર પાલ ગૌતમ સ્પષ્ટ કરે છે કે કોંગ્રેસ માત્ર નાના ભાગીદાર બનીને ચૂંટણી લડવા તૈયાર નથી. તેમના મતે ગઠબંધનનો આધાર પરસ્પર સન્માન અને બંને પક્ષોની રાજકીય તાકાત મુજબ હોવો જોઈએ. તેઓ કહે છે કે કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટી વચ્ચે સમજણની સંભાવના છે, પરંતુ બેઠકોની વહેંચણી 'બરાબરી'ના ધોરણે થવી જોઈએ. ગૌતમ દ્વારા કોંગ્રેસ માટે આશરે ૨૦૦ બેઠકો પર દાવો કરવાની સંભાવનાનો સંકેત પણ આપવામાં આવ્યો છે. જોકે અંતિમ નિર્ણય બંને પક્ષોની વાટાઘાટો બાદ જ થશે. તેમનું કહેવું છે કે રાજકારણમાં 'આપવું અને લેવું' બંને ચાલે છે, પરંતુ કોંગ્રેસને તેની વાસ્તવિક રાજકીય ક્ષમતા પ્રમાણે સ્થાન મળવું જોઈએ. આ નિવેદનનો સીધો અર્થ એ છે કે કોંગ્રેસ આગામી ચૂંટણીમાં ઉત્તર પ્રદેશમાં માત્ર સહયોગી પક્ષ તરીકે નહીં, પરંતુ પોતાના અલગ રાજકીય દાવ સાથે મેદાનમાં ઉતરવા માગે છે. રાજેન્દ્ર પાલ ગૌતમના રાજકીય અભિગમનું સૌથી મહત્વનું પાસું દલિત સમાજ સુધી કોંગ્રેસની પહોંચ વધારવાનું છે. તેમના મતે દલિત સમાજ માત્ર ચૂંટણી સમયે યાદ કરવામાં આવતો મતદાતા સમૂહ નથી, પરંતુ ભારતના લોકશાહી અને સામાજિક ન્યાયના પ્રશ્નોના કેન્દ્રમાં રહેલો વર્ગ છે. ગૌતમ મહાત્મા જ્યોતિરાવ ફૂલે, સાવિત્રીબાઈ ફૂલે, છત્રપતિ શાહુ મહારાજ અને ડૉ. બાબાસાહેબ આંબેડકરની વિચારધારાને પોતાના રાજકીય અભિગમ સાથે જોડે છે. તેમનું કહેવું છે કે શિક્ષણ, સામાજિક સમાનતા, પ્રતિનિધિત્વ અને બંધારણીય અધિકારોના પ્રશ્નો વિના દલિત મુક્તિની વાત અધૂરી છે. તેઓ મનુસ્મૃતિની સામાજિક વ્યવસ્થાની ટીકા કરતાં ફૂલે-આંબેડકર પરંપરાને સામાજિક ન્યાયની વૈકલ્પિક વિચારધારા તરીકે રજૂ કરે છે. તેમના મતે કોંગ્રેસે ઐતિહાસિક રીતે ગરીબો, દલિતો અને વંચિત વર્ગો માટે અનેક કલ્યાણકારી નીતિઓ અને અનામત વ્યવસ્થાને આગળ વધારવામાં ભૂમિકા ભજવી હતી. ગૌતમનો પ્રયાસ એ છે કે આ ઐતિહાસિક વારસાને માત્ર પુસ્તકો અને ભાષણોમાં નહીં, પરંતુ આજના રાજકીય સંઘર્ષ સાથે જોડવામાં આવે. ગૌતમના જણાવ્યા મુજબ ભાજપ સામે કોંગ્રેસનું સૌથી મોટું રાજકીય બળ હવે રાહુલ ગાંધીના નેતૃત્વમાં જોવા મળી રહ્યું છે. તેઓ દાવો કરે છે કે રાહુલ ગાંધીને લઈને દેશના એક વર્ગમાં અગાઉ જે શંકાઓ હતી, તેમાં પરિવર્તન આવ્યું છે. તેમના મતે બંધારણ, લોકશાહી, સામાજિક ન્યાય, બેરોજગારી અને આર્થિક અસમાનતા જેવા પ્રશ્નોને સતત ઉઠાવવાના કારણે રાહુલ ગાંધી વિપક્ષના એક મહત્વપૂર્ણ નેતા તરીકે સ્વીકારવામાં



આવી રહ્યા છે. ગૌતમનો આ દાવો કોંગ્રેસની વ્યૂહરચનાના કેન્દ્રમાં છે. કોંગ્રેસ ઉત્તર પ્રદેશમાં માત્ર સ્થાનિક મુદ્દાઓ પર નહીં, પરંતુ રાષ્ટ્રીય સ્તરે લોકશાહી અને બંધારણના પ્રશ્નોને ચૂંટણીના મુખ્ય મુદ્દા બનાવવા માગે છે. ઉત્તરપ્રદેશની યોગી આદિત્યનાથ સરકાર અંગે ગૌતમનું વલણ અત્યંત આક્રમક છે. તેઓ રાજ્ય સરકાર પર સત્તાના કેન્દ્રીકરણ અને કડક વહીવટી વલણનો આરોપ મૂકે છે. તેમના મતે રાજ્યમાં પોલીસ કાર્યવાહી, ધરપકડ, કથિત એન્કાઉન્ટર અને બુલડોઝર કાર્યવાહી અંગે ગંભીર પ્રશ્નો ઊભા થયા છે. તેઓ એવો પણ આક્ષેપ કરે છે કે ચોક્કસ સમુદાયો, ખાસ કરીને મુસ્લિમો, સામે વહીવટી કાર્યવાહી અંગે સમાજમાં અસમાનતાની લાગણી છે. જોકે આવા આક્ષેપો રાજકીય દાવાઓ છે અને તેમની સ્વતંત્ર પુષ્ટિ જરૂરી છે, પરંતુ ગૌતમનું કહેવું છે કે કોંગ્રેસ આ મુદ્દાઓને ચૂંટણીમાં ઉઠાવશે. તેમના મતે સરકારનો કોઈપણ નિર્ણય કાયદા અને બંધારણની મર્યાદામાં હોવો જોઈએ. કાયદો સૌ માટે સમાન હોવો જોઈએ અને રાજ્યની સત્તાનો ઉપયોગ રાજકીય અથવા સામાજિક ભેદભાવ માટે ન થવો જોઈએ. ગૌતમ યુવાનોના પ્રશ્નોને પણ કોંગ્રેસના આગામી રાજકીય અભિયાનના કેન્દ્રમાં રાખવા માગે છે. તેમનું કહેવું છે કે ઉત્તરપ્રદેશમાં લાખો યુવાનો રોજગારની રાહ જોઈ રહ્યા છે અને સરકારી ભરતી પ્રક્રિયા વારંવાર વિવાદોમાં છે. કથિત પ્રશ્નપત્ર લીક, ભરતીમાં વિલંબ અને પરીક્ષાઓ માટે વધતો ખર્ચ યુવાનોમાં અસંતોષ પેદા કરી રહ્યો છે. ગૌતમના મતે યુવાનોને માત્ર ચૂંટણી સમયે 'યુવા શક્તિ' કહીને સંબોધવાથી કામ નહીં ચાલે. તેમને સ્થિર રોજગાર, પારદર્શક ભરતી પ્રક્રિયા અને ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવું પડશે. તેમના મતે વિદ્યાર્થીઓ અને યુવાનોમાં ઉભા થતા આંદોલનોને રાજકીય દૃષ્ટિએ સમજવાની જરૂર છે. સરકાર જો તેમના પ્રશ્નોનો જવાબ નહીં આપે તો આ અસંતોષ આગામી ચૂંટણીમાં મતમાં પરિવર્તિત થઈ શકે છે. ગૌતમ અનામત વ્યવસ્થાને લઈને પણ ભાજપ સરકાર સામે પ્રશ્નો ઉઠાવે છે. તેમનો આરોપ છે કે સરકારી ભરતી અને શિક્ષણ ક્ષેત્રે અનામતના નિયમોના અમલ અંગે અનેક વખત ફરિયાદો સામે આવી છે. તેઓ કહે છે કે દલિત અને પછાત વર્ગોને બંધારણે આપેલા અધિકારો માત્ર કાગળ પર નહીં, પરંતુ વ્યવહારમાં પણ હોવા જોઈએ. કોંગ્રેસ આ મુદ્દાને સામાજિક ન્યાય સાથે જોડવા માગે છે. ગૌતમ માટે અનામત માત્ર નોકરીમાં બેઠકોનો પ્રશ્ન નથી, પરંતુ પ્રતિનિધિત્વ અને સમાન તકનો મુદ્દો છે. ઉત્તરપ્રદેશની રાજનીતિમાં બહુજન સમાજ પાર્ટીની ભૂમિકા હંમેશા મહત્વપૂર્ણ રહી છે. ગૌતમનું કહેવું છે કે બંધારણ, લોકશાહી અને સામાજિક ન્યાયમાં વિશ્વાસ રાખતા પક્ષો સાથે કોંગ્રેસ સંવાદ માટે તૈયાર છે. આ નિવેદનનો અર્થ એ થઈ શકે છે કે કોંગ્રેસ ભવિષ્યમાં બીએસપી સાથે પણ કોઈ પ્રકારની ચૂંટણીલક્ષી સમજણની સંભાવના સંપૂર્ણપણે નકારી રહી નથી. ૨૦૨૭ની ચૂંટણીનું પરિણામ ભલે હજુ દૂર હોય, પરંતુ ઉત્તરપ્રદેશની રાજકીય તૈયારી શરૂ થઈ ગઈ છે અને રાજેન્દ્ર પાલ ગૌતમના નિવેદનો બતાવે છે કે કોંગ્રેસ આ વખતે પોતાની ભૂમિકાને ઘટાડવાના મૂડમાં નથી.

# આ નિયમો ખૂબ જ કડક છે કે અસંતુલિત ? : ભારતના ખાદ્ય પદાર્થોના લેબલના નિયમો અંગે પેકેજ્ડ ઉદ્યોગ અને આરોગ્ય ક્ષેત્ર દ્વારા ચિંતા દર્શાવવામાં આવી રહી છે

## આ નિયમો ભારતના ૧૦૦ અબજ ડૉલરથી વધુના પેકેજ્ડ ખાદ્ય ઉદ્યોગ માટે એક મોટો પડકાર છે

(એજન્સી) તા.૪

ભારત સરકાર દ્વારા ખાદ્ય પદાર્થોના પેકેટ પર ચેતવણી લેબલ લગાવવાના પ્રસ્તાવનો આરોગ્ય નિષ્ણાતો અને મોટી ખાદ્ય કંપનીઓ બંને તરફથી ભારે વિરોધ થઈ રહ્યો છે. આરોગ્ય કાર્યકરોનું કહેવું છે કે, પ્રસ્તાવમાં એવી ઘણી છટકબારીઓ છે જેના કારણે ઘણા ખાદ્ય પદાર્થો અનેક ચેતવણીથી બચી જશે. બીજી તરફ, ખાદ્ય ઉદ્યોગનું કહેવું છે કે, નક્કી કરવામાં આવેલા માપદંડો એટલા કડક છે કે, મોટી સંખ્યામાં ઉત્પાદનો પર લાલ ચેતવણી ચિહ્ન લગાવવું ફરજિયાત બની શકે છે.

ભારતના ૧૦૦ અબજ ડૉલરથી વધુના પેકેજ્ડ ખાદ્ય ઉદ્યોગે લાંબા સમયથી પેકેટના આગળના ભાગે ચેતવણી લેબલ લગાવવાનો વિરોધ કર્યો છે. હવે ભારતીય ખાદ્ય સુરક્ષા અને ધોરણ પ્રાધિકરણે એવો પ્રસ્તાવ મૂક્યો છે કે, જો કોઈ ઉત્પાદન ત્રણમાંથી ઓછામાં ઓછા બે પોષક તત્ત્વોમાં નક્કી કરેલી મર્યાદા કરતાં વધુ હોય તો તેના પર લાલ રંગનું ષટ્કોણાકાર ચેતવણી ચિહ્ન લગાવવામાં આવે. આ ત્રણ પોષક તત્ત્વોમાં ઉમેરવામાં આવેલી ખાંડ, મીઠું અને સંતૃપ્ત ચરબીનો સમાવેશ થાય છે.

આ પ્રસ્તાવ એવા સમયે આવ્યો છે જ્યારે ખાદ્ય ઉત્પાદનો પર ચેતવણી લેબલને લઈને ભારતમાં જાહેર ચર્ચા ચાલી રહી છે. માર્ચમાં કોકા-કોલા તેમજ નેસ્લે અને પેપ્સિકોને સમર્થન આપતા જૂથોએ ખાદ્ય અને પીણાંના પેકેટના આગળના ભાગે ચેતવણી લેબલ લગાવવાનો વિરોધ કર્યો હતો અને સરકાર પર ઉદ્યોગના દબાણનો પ્રભાવ પડ્યો હતો.

વિશ્વભરના આરોગ્ય નિષ્ણાતો માટે ભારતના પ્રસ્તાવમાં સૌથી મોટી સમસ્યા એ છે કે, ચેતવણી માટે ત્રણમાંથી બે પોષક તત્ત્વો મર્યાદા કરતાં વધુ હોવા જરૂરી છે. આનો અર્થ એ થાય છે કે, કોઈ ખાદ્ય પદાર્થમાં માત્ર એક જ પોષક તત્ત્વનું પ્રમાણ ખૂબ વધારે હોય તો પણ તેને ચેતવણી લેબલમાંથી મુક્તિ મળી શકે છે. અમેરિકાની એક જાહેર આરોગ્ય સંસ્થાના પોષણ વિભાગના પ્રોફેસર બેરી પોપકિનના જણાવ્યા મુજબ આવી પદ્ધતિનો કોઈ ખાસ અર્થ નથી. આ ચેતવણી લેબલનો ઉપયોગ કરતા અન્ય દેશોમાં દરેક મહત્ત્વપૂર્ણ પોષક તત્ત્વ માટે અલગ ચેતવણી આપવામાં આવે છે.

વિશ્વભરના સંશોધનો દર્શાવે છે કે, ચેતવણી લેબલ જાહેર આરોગ્ય માટે ફાયદાકારક સાબિત થયા છે. ભારતની સર્વોચ્ચ અદાલતે પણ વિવિધ અરજીઓની સુનાવણી દરમિયાન આવા લેબલ લાગુ કરવાની જરૂરિયાત દર્શાવી છે.

ચિલીએ ૨૦૧૬માં ખાદ્ય લેબલનો કાયદો લાગુ કર્યો હતો. તેમાં મર્યાદા કરતાં વધુ પ્રમાણ ધરાવતા દરેક પોષક તત્ત્વ માટે પેકેટ પર અલગ કાળા રંગનું અષ્ટકોણાકાર ચિહ્ન લગાવવામાં આવે છે. આ કાયદો લાગુ થયા પછીના ૧૮ મહિનામાં ખાંડવાળા પીણાંની ખરીદીમાં ૨૩.૭ ટકાનો ઘટાડો થયો હતો.

ભારત સરકારે આ વર્ષે સ્થૂળતાની વધતી સમસ્યા અંગે પણ ચિંતા વ્યક્ત કરી છે. સરકારના જણાવ્યા મુજબ ૨૦૦૬થી ૨૦૧૯ દરમિયાન અતિપ્રક્રિયિત ખાદ્ય પદાર્થોના છૂટક વેચાણમાં લગભગ ૪૦ ગણો વધારો થયો હતો અને તેનું મૂલ્ય ૩૮ અબજ ડૉલર સુધી પહોંચ્યું હતું. એક તબીબી સંશોધન મુજબ ૨૦૨૧માં ભારતમાં આશરે ૧૮ કરોડ પુખ્ત લોકોનું વજન વધારે હતું અથવા તેઓ સ્થૂળતાથી પીડાતા હતા. ૨૦૫૦ સુધીમાં આ સંખ્યા વધીને ૪૫ કરોડ સુધી પહોંચવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

ભારતીય ખાદ્ય સુરક્ષા અને ધોરણ પ્રાધિકરણે પોતાનો લેબલ પ્રસ્તાવ સર્વોચ્ચ અદાલત સમક્ષ રજૂ કર્યો છે. સરકારના એક અધિકારીએ જણાવ્યું કે, ૧૦ સપ્ટેમ્બરે યોજાનારી સુનાવણી દરમિયાન અદાલત આ પ્રસ્તાવ અંગે નિર્ણય કરશે. સરકાર સામે અદાલતમાં અરજી કરનાર આરોગ્ય જૂથ 'થ્રી એસ એન્ડ અવર હેલ્થ'એ પણ ન્યાયાધીશો સમક્ષ રજૂઆત માટેનો મુસદ્દો તૈયાર કર્યો છે. આ મુસદ્દામાં પ્રસ્તાવની અનેક ખામીઓ દર્શાવવામાં આવી છે. તેમાં મધ, ગોળ અને સ્વાભાવિક રીતે ખાંડ અથવા ચરબીનું પ્રમાણ વધારે હોય તેવા કેટલાક ખાદ્ય પદાર્થોને આપવામાં આવેલી છૂટનો પણ વિરોધ કરવામાં આવ્યો છે. ઉપરાંત ત્રણમાંથી બે પોષક તત્ત્વોની મર્યાદા પાર કરવાની શરત અંગે પણ પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો છે.



ઉદાહરણ તરીકે ભારતમાં વેચાતા એક જાણીતા મકાઈ આધારિત નાસ્તાના પેકેટ પર ૨૭ ટકા ખાંડ હોવાનું દર્શાવવામાં આવે છે પરંતુ તેમાં ચરબી અને મીઠાનું પ્રમાણ પ્રસ્તાવિત મર્યાદામાં હોવાથી તેના પર ચેતવણી લેબલ ન પણ આવે. આ ઉત્પાદન બનાવતી કંપનીએ જણાવ્યું છે કે, તે સ્પષ્ટ અને વૈજ્ઞાનિક આધારિત પોષણ માહિતીના સમર્થનમાં છે અને ભારતમાં નિયમોમાં ફેરફાર થશે તો તેનું પાલન કરશે. કંપનીએ કહ્યું કે, વિવિધ પ્રદેશોમાં ઘટકોની જરૂરિયાત અને લોકોની ખાવાની પસંદગી અલગ હોય છે અને સંતુલિત આહારમાં તમામ પ્રકારના ખોરાકનો સમાવેશ થઈ શકે છે.

ભારતમાં કાર્યરત અન્ય એક મોટી બહુરાષ્ટ્રીય કંપનીએ પણ નિયમોનું પાલન કરવાની અને ગ્રાહકોને માહિતગાર પસંદગી કરવામાં મદદરૂપ થાય તેવા પગલાંનું સમર્થન કરવાની વાત કરી છે. જો કે, નેસ્લે, પેપ્સિકો, કોકા-કોલા અને મોન્ડેલેઝે આ અંગે કોઈ ટિપ્પણી કરી નથી.

ખાદ્ય ઉદ્યોગ પણ આ પ્રસ્તાવ સામે વિરોધ કરવાની તૈયારી કરી રહ્યો છે. ભારતીય અને વિદેશી કંપનીઓના વરિષ્ઠ અધિકારીઓએ જણાવ્યું કે, તેઓ પ્રસ્તાવ અંગે અત્યંત ચિંતિત છે. તેમની મુખ્ય ચિંતાઓમાંની એક એ છે કે, ઉત્પાદન પર ચેતવણી મૂકવી કે નહીં તે નક્કી કરવા માટે ૧૦૦ ગ્રામના પ્રમાણને આધાર બનાવવામાં આવી રહ્યો છે, જ્યારે વાસ્તવિક જીવનમાં ગ્રાહક ઘણી વખત તેનાથી ઘણું ઓછું પ્રમાણ ખાય છે.

એક વરિષ્ઠ ઉદ્યોગ અધિકારીએ કહ્યું કે, કોઈ વ્યક્તિ ૧૦૦ ગ્રામ અથાણું અથવા ચટણી એકસાથે ખાતી નથી. તેથી ઉદ્યોગ પ્રાધિકરણને પ્રતિ ૧૦૦ ગ્રામના બદલે પ્રતિ સર્વિંગના આધારે ગણતરી કરવાની માંગ કરશે. બીજી મોટી ચિંતા મર્યાદાઓ અંગે છે. ભારતના પ્રસ્તાવ મુજબ ઘન ખાદ્ય પદાર્થમાં ઉમેરેલી ખાંડનું પ્રમાણ ૩ ટકાથી વધારે હોય અથવા ચરબીનું પ્રમાણ ૪.૨ ટકાથી વધારે હોય તો લાલ ચેતવણી ચિહ્ન લગાવવામાં આવી શકે છે. આ મર્યાદાઓ ઘણા અન્ય દેશોની સરખામણીમાં વધુ કડક છે. એક ભારતીય કંપનીના મુખ્ય કાર્યકારી અધિકારીએ ચિંતા વ્યક્ત કરતાં કહ્યું કે, આ નિયમો પછી 'બધા પેકેટ પર લાલ ચેતવણી લગાવવી ફરજિયાત થઈ જશે.'

ભારતીય લોકો મીઠી વાનગીઓ ઉપરાંત નમકીન જેવા મસાલેદાર અને ખારા નાસ્તાને પસંદ કરે છે. મીઠાઈ અને નમકીન ઉત્પાદકોના સંગઠનના જણાવ્યા મુજબ ખાંડ, મીઠું અને ચરબી ઘણી પરંપરાગત વાનગીઓના મહત્ત્વપૂર્ણ ઘટકો છે. સંગઠને જણાવ્યું કે, તેના આશરે ૫૦૦૦ સભ્યો આ પ્રસ્તાવથી ગંભીર રીતે ચિંતિત છે. પરંપરાગત મીઠાઈનો ગ્રાહક ઘણી વખત એક સમયે માત્ર નાનો ટુકડો જ ખાતો હોય છે. તેથી ૧૦૦ ગ્રામના આધારે ચેતવણી નક્કી કરવી વાસ્તવિક વપરાશને પ્રતિબિંબિત કરતી નથી.

સંગઠનના મહાનિર્દેશક ફિરોઝ નકવીએ જણાવ્યું કે, પેકેજ્ડ પરંપરાગત મીઠાઈઓ અને નમકીનની મોટી સંખ્યામાં વસ્તુઓ પર ચેતવણી લેબલ લાગી શકે છે. તેમના મત મુજબ તેનાથી ગ્રાહકોની નજરમાં આ ઉત્પાદનોની છબી ખરાબ થઈ શકે છે અને તેમની માંગમાં પણ ઘટાડો થઈ શકે છે. ભારત સામે એક મુશ્કેલ પ્રશ્ન સંતુલનનો છે. એક તરફ વધતી જતી સ્થૂળતા અને અસ્વસ્થ આહાર સામે ગ્રાહકોને સ્પષ્ટ માહિતી આપવાની જરૂરિયાત છે, જ્યારે બીજી તરફ અત્યંત કડક નિયમો પરંપરાગત અને પેકેજ્ડ ખાદ્ય ઉદ્યોગ પર અસર કરી શકે છે.

# અપેક્ષા મુજબ, રામ મંદિર ટ્રસ્ટના પ્રથમ CEO વડાપ્રધાનની વ્યક્તિગત પસંદગી છે

## શું ANIને ઓગસ્ટ ૨૦૨૬ના પોડકાસ્ટ દરમિયાન ખબર હતી કે, એર માર્શલ જીતેન્દ્ર મિશ્રા (નિવૃત્ત)ને શ્રી રામ મંદિર ટ્રસ્ટના CEO તરીકે નિયુક્ત કરવામાં આવશે ?

(એજન્સી) તા.૪

એર માર્શલ (નિવૃત્ત) જીતેન્દ્ર મિશ્રાને બુધવારે અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના પ્રથમ CEO તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. તેમને ૫૫૮૫ અરજદારોમાંથી પસંદ કરવામાં આવ્યા હતા. દાન અને પ્રસાદની ઉચાપત અને ચોરીના આરોપો પર ટ્રસ્ટ 'ચંદા ચોરી' વિવાદમાં ફસાયા પછી CEOની નિમણૂક કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. ટ્રસ્ટ એક ખાનગી સંસ્થા છે જેના ટ્રસ્ટીઓ કથિત રીતે વડાપ્રધાન દ્વારા પસંદ કરવામાં આવ્યા હતા. જાહેર ટ્રસ્ટો, જે સરકારી ચકાસણીને આધીન હોય છે, તેમના ઓડિટેડ એકાઉન્ટ્સ પ્રકાશિત કરવા જરૂરી હોય છે અને નિર્ધારિત નિયમોનું પાલન કરવાનું ફરજિયાત હોય છે, તેનાથી વિપરીત ખાનગી ટ્રસ્ટોને આવી જરૂરિયાતોમાંથી મુક્તિ આપવામાં આવે છે. મે ૨૦૨૫માં ઓપરેશન સિંદૂર દરમિયાન વેસ્ટર્ન એર કમાન્ડનું નેતૃત્વ કરનારા એર માર્શલ મિશ્રા (નિવૃત્ત)ને પસંદગી પ્રક્રિયા દરમિયાન ઘણા લાભ હતા. ઉત્તરપ્રદેશના દેવરિયાના ધરતીપુત્ર અને પોતે બ્રાહ્મણ હોવાથી, તેમની નિમણૂક રાજ્યમાં બ્રાહ્મણ સમુદાયના એવા વર્ગોને શાંત કરવાના રાજકીય હેતુને પણ પૂર્ણ કરી શકે છે, જેઓ વિવિધ મુદ્દાઓ પર મોદી અને યોગી સરકારોથી નાખુશ હોવાનું માનવામાં આવે છે. અયોધ્યા સ્થિત એક પત્રકારના મતે નિમણૂક પાછળનો એક વધુ મહત્ત્વપૂર્ણ વિચાર મિશ્રાની રાષ્ટ્રવાદી ઓળખ અને લશ્કરી પૃષ્ઠભૂમિ છે. ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાન સામે હવાઈ હુમલાઓનું નેતૃત્વ કરવામાં તેમની ભૂમિકા મહત્ત્વપૂર્ણ પરિબળ છે.

આપણે માનીએ છીએ કે આપણે સ્માર્ટ છીએ પરંતુ હકીકત એ છે કે, વડાપ્રધાન વધુ સ્માર્ટ છે. તેમણે સમજાવ્યું કે, કોઈ પણ યુદ્ધના અનુભવી પર આંગળી ચીંધવાની હિંમત કરશે નહીં અને જો ટ્રસ્ટ વસ્તુઓને વધુ સારી રીતે



સંચાલિત કરવામાં નિષ્ફળ જાય, તો પણ વિપક્ષ માટે પણ કુશાસનની ટીકા કરવી મુશ્કેલ બનશે કારણ કે, તેમના પર ઓપરેશન સિંદૂરના એક નાયકની નિંદા કરવાનો આરોપ મૂકવામાં આવશે. એર માર્શલ મિશ્રા (નિવૃત્ત)ની પસંદગી જાહેરાતના ઘણા અઠવાડિયા પહેલા નક્કી કરવામાં આવી હતી. ઓગસ્ટ ૨૦૨૬માં ઓપરેશન સિંદૂરમાં તેમની ભૂમિકા અંગે ANI દ્વારા દોઢ કલાકથી વધુ સમય માટે તેમનો ઈન્ટરવ્યૂ તેનો પુરાવો છે. આ વિસ્તૃત ઈન્ટરવ્યૂથી એર માર્શલને ભારતીય વાયુસેનાના કારનામાઓ બતાવવાની તક મળી. તેનાથી પણ વધુ મહત્ત્વની વાત એ છે કે, એર માર્શલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વની પ્રશંસા કરી હતી. તેમણે દાવો કર્યો કે, સશસ્ત્ર દળોને સંપૂર્ણ ઓપરેશનલ સ્વતંત્રતા આપવામાં આવી હતી. ઈન્ટરવ્યૂમાં એક તબક્કે, નિવૃત્ત વાયુસેના અધિકારીએ દાવો કર્યો છે કે, જ્યારે મોદી વેસ્ટર્ન કમાન્ડની મુલાકાતે આવ્યા હતા, ત્યારે તેમણે મોદી સાથે એ જ કારમાં બેસવાની પરવાનગી માંગી હતી. પૂર્વ એર માર્શલે યાદ કર્યું કે પીએમએ તરત જ કહ્યું હતું, 'કેમ નહીં ?' તેમણે દાવો કર્યો હતો કે, આગામી ૯૦ મિનિટ દરમિયાન તેમને પ્રધાનમંત્રીને સાંભળવાનો લહાવો મળ્યો. તે તેમના માટે જીવનમાં એક વાર મળતો અનુભવ હતો, તેમણે સંમતિ આપી અને ભારતીય વાયુસેના દ્વારા ઉપયોગમાં લેવાતી શસ્ત્ર પ્રણાલીઓના વડાપ્રધાનના જ્ઞાનથી તેઓ આશ્ચર્યચકિત થયા હતા. આધુનિક યુદ્ધ અને હવાઈ લડાઈઓમાં વડાપ્રધાનની માહિતી જોઈને તેઓ આશ્ચર્યચકિત થયા હતા. આ ઈન્ટરવ્યૂનો ઉપયોગ પૂર્વ વાયુસેના કમાન્ડરના યુદ્ધ રેકોર્ડને મજબૂત બનાવવા માટે કરવામાં આવ્યો હતો, ત્યારે નિવૃત્ત અધિકારી એવી છાપ ઊભી કરવા માટે પ્રયાસ કરી રહ્યા હતા કે, તેઓ અને પીએમ મોદી એકબીજા સાથે ગાઢ રીતે વાતચીત કરી હતી. ઉત્તરપ્રદેશના નિરીક્ષકોએ જણાવ્યું હતું કે, શક્ય છે કે, વડાપ્રધાન કમાન્ડરથી પ્રભાવિત થયા હોય અને તેમણે તેમને સીઈઓ પદ માટે અરજી કરવાની સલાહ આપી હોય. બીજી બાજુ, તેમણે કહ્યું કે, એ પણ શક્ય છે કે, વડાપ્રધાન એર માર્શલમાં એક એવો ભક્ત શોધી કાઢે જે અયોધ્યામાં તેમના માટે ઉપયોગી 'વફાદાર માણસ' બની શકે. વડાપ્રધાનના પૂર્વ મુખ્ય સચિવ નૃપેન્દ્ર મિશ્રા પણ મોદી પાસે ટ્રસ્ટમાં પહેલેથી જ એવા વ્યક્તિ હતા. એર માર્શલ મિશ્રા સાથે, ટ્રસ્ટમાં તેમની સંભાળ રાખનાર બીજી વ્યક્તિ હશે.

સૂત્રોએ એવા અહેવાલોને નકારી કાઢ્યા હતા કે, ટ્રસ્ટે CEOને શાસ્ત્રો અથવા મહાકાવ્યોથી વાકેફ હોવાની જરૂર છે. CEO માટે એકમાત્ર શરત એ હતી કે, તેઓ હિન્દુ ધર્મ પાળતા હોય અને ૨૦ વર્ષનો વહીવટી અને વ્યવસ્થાપક અનુભવ ધરાવતા હોય. જો કે, તેમણે સ્વીકાર્યું કે એર માર્શલ પાસે છેલ્લા ૨૦ વર્ષોમાં જરૂરી અનુભવ નથી. તેમણે નિર્દેશ કર્યો કે ઘણા વરિષ્ઠ આઈએએસ અધિકારીઓ અને કોર્પોરેટ પૃષ્ઠભૂમિ ધરાવતા લોકોએ અરજી કરી હતી. તેમાંના ઘણાને એર માર્શલ કરતાં લાંબો વહીવટી અનુભવ હોઈ શકે છે. ઉમેદવારોમાં ઘણા બ્રાહ્મણો પણ હતા.

# 'ખેડૂતો ખાલી હાથે પાછા ફરી રહ્યા છે' : ખાતરના પુરવઠા અંગે ગેહલોતે રાજસ્થાન સરકાર પર પ્રહારો કર્યા

(એજન્સી) તા.૪

રાજસ્થાનના પૂર્વ મુખ્યમંત્રી અશોક ગેહલોતે ગુરૂવારે ભાજપની આગેવાની હેઠળની રાજ્ય સરકારની ઓનલાઈન ખાતર બુકિંગ સિસ્ટમ પર ટીકા કરી હતી, આરોપ લગાવ્યો હતો કે, ટેક્નિકલ સમસ્યાઓ અને નબળા અમલીકરણ ખેડૂતો માટે વ્યાપક મુશ્કેલીઓનું કારણ બની રહ્યા છે. ગેહલોતે કહ્યું કે, સમસ્યાઓ ફક્ત બારન જિલ્લા સુધી મર્યાદિત નથી અને દાવો કર્યો હતો કે, રાજસ્થાનના ખેડૂતોને નવી સિસ્ટમ હેઠળ ખાતર મેળવવામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટમાં કોંગ્રેસના નેતાએ આરોપ લગાવ્યો હતો કે,



ઓનલાઈન બુકિંગ વ્યવસ્થા, ખાતરને વધુ સુલભ બનાવવાને બદલે, ખેડૂતો માટે હેરાનગતિનું કારણ બની ગઈ છે. તેમણે દાવો કર્યો હતો કે, ટેક્નિકલ ખામીઓ અને વારંવાર સર્વર આઉટેજ ખેડૂતોને બુકિંગ પ્રક્રિયા પૂર્ણ કરવામાં અટકાવી રહ્યા છે. તેમણે આરોપ લગાવ્યો હતો કે, જેઓ ખાતર વિતરણ બિંદુઓ પર પહોંચવામાં સફળ રહ્યા હતા તેમને પણ ખાલી હાથે પાછા ફરવા માટે કલાકો સુધી લાઈનોમાં ઊભા રહેવાની ફરજ પડી રહી હતી. ગેહલોતે એવો પણ આરોપ લગાવ્યો કે, રાજસ્થાનના ખેડૂતો માટે બનાવાયેલ ખાતર પાડોશી મધ્યપ્રદેશમાં મોકલવામાં આવી રહ્યું છે. તેમણે ભાજપ સરકાર પર ખેડૂતો માટે પૂરતો પુરવઠો સુનિશ્ચિત કરવામાં નિષ્ફળ જવાનો આરોપ લગાવ્યો અને કહ્યું કે, સરકારનું 'ડબલ-એન્જિન' મોડેલ સમસ્યાનું નિરાકરણ કરવામાં નિષ્ફળ ગયું છે.

# બાઈકચોર રાજસ્થાનના યુવકની હિંમતનગરમાં ધરપકડ પોલીસે ૧૧ બાઈકો જપ્ત કરી, ૭ ગુના ઉકેલ્યા

(સંવાદદાતા દ્વારા)
હિંમતનગર, તા.૪

સાબરકાંઠા જિલ્લામાં વધી રહેલા વાહનચોરીના બનાવોને અટકાવવા પોલીસ દ્વારા ખાસ વાહનચોરી ડિટેક્શન સ્કવોડ બનાવવામાં આવી હતી. પોલીસ અધિક્ષક ડૉ. પાર્થરાજસિંહ ગોહિલની સૂચનાથી એલસીબી પીઆઈ ડી.સી. સાકરિયા અને પીએસઆઈ વી.આર. ચૌહાણની ટીમ દ્વારા પેટ્રોલિંગ અને વાહનચોરીના ગુનાઓની તપાસ હાથ ધરવામાં આવી રહી હતી.

૩ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ પોલીસને બાતમી મળી હતી કે એક શંકાસ્પદ યુવક નંબર વગરની સ્પ્લેન્ડર પ્લસ બાઈક લઈને રાજસ્થાન તરફથી હિંમતનગર આવી રહ્યો છે. બાતમીના આધારે પોલીસે હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં વોચ ગોઠવી હતી. દરમિયાન શંકાસ્પદ યુવક બાઈક સાથે મળી આવતા પોલીસે તેને ઝડપી લીધો હતો. તેની પાસે બાઈકના કોઈ દસ્તાવેજો પણ મળી આવ્યા નહોતા. પોલીસે બાઈકના એન્જિન અને ચેસિસ નંબરના આધારે તપાસ કરતા આ બાઈક હિંમતનગર એ ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ચોરી થઈ હોવાની ફરિયાદ નોંધાયેલી હોવાનું સામે આવ્યું હતું. પોલીસે આરોપીની ઓળખ સાહિલ ઉર્ફે સાયર સલીમભાઈ ઘાંચી, ઉંમર ૨૨ વર્ષ, રહેવાસી ભાણધા, તાલુકો ખેરવાડા, જિલ્લો ઉદયપુર, રાજસ્થાન તરીકે કરી હતી. તેની ધરપકડ કરીને વધુ તપાસ માટે હિંમતનગર એ ડિવિઝન પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યો હતો.

પોલીસની ઊંડાણપૂર્વકની પૂછપરછ દરમિયાન આરોપીએ અગાઉ પણ અનેક બાઈક ચોરી કરી હોવાનું કબૂલ્યું હતું. આરોપીની પૂછપરછ અને તેની પાસેથી મળેલી માહિતીના આધારે પોલીસે વધુ ચોરીની બાઈકો શોધી કાઢી હતી. તપાસ દરમિયાન કુલ ૧૧ મોટરસાઈકલ જપ્ત કરવામાં આવી હતી, જેની અંદાજિત કિંમત રૂા.૪.૬૦ લાખ છે. આ સમગ્ર તપાસમાં સાબરકાંઠા પોલીસે વાહનચોરીના કુલ ૭ અનડિટેક્ટ ગુનાઓનો ભેદ ઉકેલ્યો છે. પોલીસે જપ્ત કરાયેલા વાહનો અંગે સંબંધિત પોલીસ સ્ટેશનો સાથે વધુ વિગતો મેળવવાની કાર્યવાહી હાથ ધરી છે અને આરોપીની વધુ પૂછપરછ ચાલુ રાખી છે.



(તસવીર : એફ.કે. મનસુરી, હિંમતનગર)

### જપ્ત કરાયેલી ૧૧ બાઈકોની વિગત

| | |
|---|---|
| ૧. | GJ-09-DD-1740 - પલ્સર ૧૫૦ |
| ૨. | GJ-09-DB-2312 - સ્પ્લેન્ડર પ્લસ |
| ૩. | GJ-09-DE-4164 - સ્પ્લેન્ડર પ્લસ |
| ૪. | GJ-09-DG-2545 - હીરો સ્પ્લેન્ડર પ્લસ |
| ૫. | MP-43-EH-5439 - યામાહા FZ |
| ૬. | GJ-09-DG-0745 - સ્પ્લેન્ડર પ્લસ |
| ૭. | MH-47-BN-1473 - ટીવીએસ |
| ૮. | GJ-38-AH-2960 પલ્સર NS-125 |
| ૯. | GJ-01-YH-4769 - યામાહા |
| ૧૦. | GJ-09-CR-0904 - રોકસ્ટાર |
| ૧૧. | GJ-09-AS-1100 - સ્પ્લેન્ડર પ્લસ |

# ઝઘડિયા તાલુકાના ફુલવાડી ગામે નવી બનેલ પાણીની ટાંકીનું લોકાર્પણ

## આરતી કંપની દ્વારા સીએસઆર ફંડમાંથી લોકોની સુવિધા માટે પાણીની ટાંકી બનાવવામાં આવી




(તસવીર : મુનીર શેખ, અંકલેશ્વર)

(સંવાદદાતા દ્વારા) અંકલેશ્વર, તા.૪

ઝઘડિયા તાલુકાના ફૂલવાડી ગામે ઝઘડિયા જીઆઈડીસીની આરતી ઈન્ડસ્ટ્રીઝ કંપનીના સીએસઆર ફંડથી નવી બનેલ પાણીની ટાંકીના લોકાર્પણનો કાર્યક્રમ યોજાયો હતો. ઉલ્લેખનીય છે કે તાલુકાના વિવિધ ગામોએ પીવાના પાણી સહિતની વિવિધ જરૂરિયાતો પુર્ણ થાય તે માટે જીઆઈડીસીની આરતી કંપની દ્વારા તેના સીએસઆર ફંડમાંથી આવા લોક ઉપયોગી કાર્યો માટે યોગ્ય રકમની ફાળવણી કરાય છે, તે મુજબ ઝઘડિયા તાલુકાના ફુલવાડી ગામે પીવાના પાણીની સુવિધા ઉપલબ્ધ બનાવવા કંપની દ્વારા સીએસઆર ફંડમાંથી રકમની ફાળવણી કરવામાં આવી હતી. આજરોજ નવી બનેલ પાણીની ટાંકીને કંપનીના અધિકારીઓ, સ્થાનિક અગ્રણીઓ તેમજ ગ્રામજનોની ઉપસ્થિતિમાં ખુલ્લી મૂકવામાં આવી હતી. આ પ્રસંગે ઝઘડિયા તાલુકા ભાજપા પ્રમુખ સંદીપભાઈ પટેલ, ઝઘડિયા તાલુકા પંચાયત ઉપપ્રમુખ નરેન્દ્રભાઈ પટેલ તેમજ આરતી ઈન્ડસ્ટ્રીઝના અધિકારીઓ નદીમભાઈ, જયેશ ગોગારી, દેવેન્દ્ર પટેલ તથા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. આ ટાંકીના નિર્માણથી હવે ગામના દરેક ઘર સુધી પીવાનું ચોખ્ખું પાણી સરળતાથી પહોંચાડી શકાશે, એમ અગ્રણીઓ દ્વારા જણાવાયું હતું. નવી બનેલ પાણીની ટાંકીનું લોકાર્પણ કરવામાં આવતા ગ્રામજનોએ સંતોષ વ્યક્ત કર્યો હતો.

## છેલ્લા પાંચ દિવસથી કિલ્લો પ્રવાસીઓ માટે બંધ કરાયો હતો

# જૂનાગઢના ઉપરકોટ કિલ્લામાં ઘૂસી ગયેલો દીપડો પાંજરે પૂરાતા તંત્રએ રાહતનો શ્વાસ લીધો

(સંવાદદાતા દ્વારા) જૂનાગઢ, તા.૪

જૂનાગઢના પ્રખ્યાત અને ઐતિહાસિક ઉપરકોટ કિલ્લા વિસ્તારમાં ગયા રવિવારની સાંજે અચાનક દીપડો ઘૂસી આવ્યો હોવાની આશંકા સામે આવી હતી. કિલ્લા પરિસરમાં વન્યજીવની હાજરી જણાતા જ પ્રવાસીઓની સુરક્ષાને પ્રાથમિકતા આપીને વહીવટીતંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે આખો કિલ્લો ખાલી કરાવવામાં આવ્યો હતો. પ્રવાસીઓની સલામતી સર્વોપરી હોવાથી કોઈપણ પ્રકાર જોખમ ન લેવાય તે હેતુથી છેલ્લા પાંચ દિવસથી ઉપરકોટનો કિલ્લો પ્રવાસીઓ માટે સંપૂર્ણપણે બંધ રાખવામાં આવ્યો હતો.

ગત બે રાતો દરમિયાન કિલ્લામાં લગાવાયેલા સીસીટીવી કેમેરામાં દીપડાની મૂવમેન્ટ સ્પષ્ટપણે દેખાઈ હતી. પરંતુ તે પછીની બે રાતોમાં સીસીટીવીમાં તેની કોઈ હલચલ જોવા મળી નહોતી. વન વિભાગ અને તંત્રને એવો અંદાજ હતો કે કદાચ દીપડો કિલ્લાની બહાર નીકળી ગયો હોઈ શકે, પરંતુ જ્યાં સુધી સંપૂર્ણ ખાતરી ન થાય ત્યાં સુધી પ્રવાસીઓ માટે કિલ્લો ખોલવા ઝોખમી હતો, તેથી કિલ્લો બંધ જ રખાયો હતો. આજના દિવસે વન વિભાગે મૂકેલા પાંજરામાં દીપડો પૂરાઈ જતાં તેને કિલ્લામાંથી બહાર લઈ જવામાં આવ્યો છે અને હવે કિલ્લો સંપૂર્ણ સુરક્ષિત બની ગયો છે. બનાવની શરૂઆતથી જ જૂનાગઢ વન વિભાગના ફિલ્ડ સ્ટાફ, ટ્રેકર ટીમ અને વેટરનરી ટીમ દ્વારા દિવસ-રાત કિલ્લા પરિસરમાં પગપાળા સઘન તપાસ અને સતત મોનિટરિંગ કરવામાં આવ્યું હતું. દીપડાને ઝડપી લેવા માટે ૫ પાંજરા ગોઠવવામાં આવ્યા હતા. સાથોસાથ સમગ્ર વિસ્તારમાં ૨૪x૭ પેટ્રોલિંગ, ટ્રેપ કેમેરાથી દેખરેખ અને થર્મલ ડ્રોન વડે સઘન સ્કેનિંગ હાથ ધરાયું હતું. વન વિભાગની આ સતત મહેનતને કારણે જ આખરે દીપડો પકડાઈ ગયો છે અને માનવ-વન્યજીવ સંઘર્ષ ટળી ગયો છે. હવે ઉપરકોટ કિલ્લો પ્રવાસીઓ માટે સંપૂર્ણ સુરક્ષિત છે અને તેઓ ફરીથી અહીં ભ્રમણ કરી શકશે.



# જૂનાગઢ હાઈવે પર ક્ષુલ્લક બાબતે થયેલ તકરારમાં બાઈકચાલક શખ્સનું મોત

## અન્ય ઈજાગ્રસ્ત બાઈકસવાર ધોરાજી હોસ્પિટલમાં

(સંવાદદાતા દ્વારા) જૂનાગઢ, તા.૪

રાજકોટ જિલ્લાના ધોરાજીથી જૂનાગઢ તરફ દવાખાનાના કામ અર્થે જઈ રહેલા અનુસૂચિત જાતિ સમાજના બે યુવાનો પર માર્ગમાં અજાણ્યા બાઈકસવારો દ્વારા નજીવી બાબતે હિંસક હુમલો કરવામાં આવ્યો હોવાની ચકચારી ઘટના સામે આવી છે. ધોરાજી-જૂનાગઢ હાઈવે પર વાહન ઓવરટેક કરવા તેમજ સામસામે જોવાની ક્ષુલ્લક તકરારમાં ઉશ્કેરાયેલા શખ્સોએ હુમલો કરી દેતાં બહાદુરપુરાના યુવાનનું કરૂણ મોત નીપજ્યું છે. જ્યારે તેની સાથે રહેલો અન્ય એક યુવક ઈજાગ્રસ્ત થયો છે. ઘટનાના પગલે પંથકમાં ભારે અરેરાટી સાથે રોષ ફેલાયો છે. ઘટના સંદર્ભે ઈજાગ્રસ્ત યુવક રાજ લલિતભાઈ વિંઝુડાએ જણાવ્યું હતું કે, તેઓ અને તેમના ભાઈ જયેશ ડાહ્યાભાઈ વિંઝુડા પોતાની મોટરસાઈકલ પર સવાર થઈને ધોરાજીથી જૂનાગઢ હોસ્પિટલના કામે જઈ રહ્યા હતા. આ દરમિયાન હોન્ડા શાઈન બાઈક પર આવેલા બે અજાણ્યા શખ્સો સાથે વાહન આગળ કાઢવા અને સામસામે ઘૂરીને જોવાની બાબતે ઉગ્ર બોલાચાલી થઈ હતી. બોલાચાલી જોતજોતામાં હિંસક ઝઘડામાં ફેરવાઈ ગઈ હતી અને બંને અજાણ્યા શખ્સોએ જયેશભાઈના માથાના ભાગે ઉપરાઉપરી જોરદાર ઢીકાપાટુનો માર મારવાનું શરૂ કર્યું હતું. આ આકસ્મિક હુમલામાં માથાના ભાગે ગંભીર ફટકા વાગવાને કારણે જયેશભાઈ અર્ધબેભાન થઈને માર્ગ પર ઢળી પડ્યા હતા અને ગણતરીની મિનિટોમાં જ તેમનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું. વચ્ચે બચાવવા પડેલા રાજ વિંઝુડાને પણ માથાના ભાગે ઈજાઓ પહોંચી હતી. હુમલો કર્યા બાદ બંને આરોપીઓ પોતાની બાઈક લઈને જૂનાગઢ તરફ પૂરપાટ ઝડપે ફરાર થઈ ગયા હતા. બનાવ બાદ સ્થાનિક લોકો અને રાહદારીઓની મદદથી ઈજાગ્રસ્ત અને મૃતકને તાત્કાલિક ધોરાજી સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબોએ જયેશભાઈને તપાસીને મૃત જાહેર કર્યા હતા. હાલમાં ભોગ બનનાર ઈજાગ્રસ્ત યુવકના નિવેદન અને ફરિયાદના આધારે જૂનાગઢ પોલીસે હાઈવે પરના સીસીટીવી ફૂટેજ ચકાસીને શાઈન બાઈક પર નાસી છૂટેલાં બંને અજાણ્યા આરોપીઓની ઓળખ મેળવવા અને તેમને જેલના સળિયા પાછળ ધકેલવા માટે વિવિધ ટીમો બનાવી તપાસ તેજ કરી છે.





ડીસા, તા.૪

ભીલડી પોલીસ સ્ટેશનના નવનિયુક્ત મહિલા PI એસ.ડી. ચૌધરીની ભીલડી પ્રેસ ક્લબના પદાધિકારીઓ અને સભ્યોએ શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ મુલાકાત ભીલડી પોલીસ સ્ટેશન ખાતે થઈ હતી. આ પ્રસંગે પ્રેસ ક્લબ દ્વારા પો.ઈ. ચૌધરીનું સન્માન કરવામાં આવ્યું. પ્રેસ ક્લબના સભ્યોએ નવનિયુક્ત મહિલા પોલીસ ઈન્સ્પેક્ટર સાથે પરિચય કર્યો. તેમણે શહેર અને પોલીસ તંત્રને લગતા જુદા જુદા મુદ્દાઓ પર વાતચીત કરી હતી. PI ચૌધરીને તેમની નવી જવાબદારી માટે શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે પોલીસ અને પત્રકારો વચ્ચે સારો તાલમેલ અને સહકાર જળવાઈ રહે તેવી ભાવના વ્યક્ત કરાઈ હતી. ભીલડી શહેરમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા અને વિકાસના કામોને ઝડપ આપવા માટે સાથે મળીને કામ કરવાનો સંકલ્પ લેવાયો હતો.

# કાસોર ગામના તળાવમાંથી મગર ખેતરમાં ઘૂસી જતા અફરાતફરી મચી

આણંદ, તા.૪

આણંદ જિલ્લાના સોજીત્રા તાલુકાના કાસોર ગામે આવેલા સ્થાનિક તળાવમાંથી એક વિશાળકાય મગર અચાનક બહાર આવી નજીકના ખેતરમાં આવી ચડતાં સમગ્ર વિસ્તારમાં ભારે કૂતુહલ અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ખેતરમાં મહાકાય જળચર પ્રાણીને જોઈને ગ્રામજનોના જીવ અધ્ધર થઈ ગયા હતા અને જોતજોતામાં મગરને જોવા માટે આસપાસના લોકોની મોટી ભીડ એકઠી થઈ ગઈ હતી. વન વિભાગની ટીમ અને દયા ફાઉન્ડેશનના સ્વયંસેવકોનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. ટીમ દ્વારા કોઈ પણ પ્રકારની હેરાનગતિ, ઈજા કે માનવસર્જિત ખલેલ પહોંચાડ્યા વગર મગરને સુરક્ષિત રીતે ગાઈડ કરીને પાછો તળાવના ઊંડા પાણીમાં મોકલી આપવામાં આવ્યો હતો.

# ધોળકામાં જ્વેલર્સ સામે રૂા.૭૪.૫૧ લાખની છેતરપિંડી-વિશ્વાસઘાતની પોલીસ ફરિયાદ

## ૧૧૩ કિલો ચાંદીમાં રૂા.૧.૪૧ કરોડનું રોકાણ કરાવ્યા બાદ રૂા.૭૪.૫૧ લાખ પરત ન આપ્યાનો આક્ષેપ

(સંવાદદાતા દ્વારા)
ધોળકા, તા.૪

ધોળકા ટાઉન પોલીસ સ્ટેશનમાં તા.૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ બુરૂજ રોડ, ધોળકા ખાતે રહેતા સુહાનાબેન ઈમરાનભાઈ મનસુરીએ ધોળકામાં ઓમ જ્વેલર્સ નામની દુકાન ધરાવતા જ્વેલર્સ અમિતકુમાર ગુણવંતલાલ સોની તથા પાર્થ અમિતકુમાર સોની વિરૂદ્ધ છેતરપિંડી અને વિશ્વાસઘાત અંગે ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવ્યા મુજબ, બંને આરોપીઓએ પૂર્વઆયોજિત કાવતરૂં રચી પોતાની ઓમ જ્વેલર્સની દુકાન તથા શો-રૂમ ખાતે સોના-ચાંદીના દાગીનાના ખરીદ-વેચાણનો વ્યવસાય કરી સોના-ચાંદીના વેપારમાં સારો એવો નફો થતો હોવાનું જણાવી, રોકાણ કરવામાં આવે તો સારૂં વળતર મળશે તેવો વિશ્વાસ અને પ્રલોભન આપ્યું હતું. આ રીતે ફરિયાદી તથા સાહેદોને ડિપોઝિટ જમા કરાવવા માટે આગ્રહ કરવામાં આવ્યો હોવાનો ફરિયાદમાં આક્ષેપ કરાયો છે.આ પ્રકારે એક કિલો ચાંદીના રૂા.૧,૨૪,૫૦૦ના ભાવે કુલ ૧૧૩ કિલો ચાંદી પેટે રૂા.૧,૪૧,૧૪,૧૫૫નું રોકાણ કરાવવામાં આવ્યું હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. ત્યારબાદ ડિપોઝિટની રકમ જપ્ત લઈ, ફરિયાદી દ્વારા અવારનવાર ઉઘરાણી કરવા છતાં રોકાણ કરાયેલી રકમ પૈકી રૂા.૭૪,૫૧,૭૭૬ની રકમ પરત ન આપી ફરિયાદી સાથે વિશ્વાસઘાત કરવામાં આવ્યો હોવાનું જણાવાયું છે. આ અંગે ધોળકા ટાઉન પોલીસે બંને આરોપીઓ વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ ડી.વી. ચિત્રા ચલાવી રહ્યા છે.

# બોરસદમાં પોલીસની ખોટી નેમ પ્લેટ મૂકી અકસ્માત સર્જનાર કારચાલક સામે ગુનો નોંધાયો

(સંવાદદાતા દ્વારા) આણંદ, તા.૪

આણંદ જિલ્લાનાં બોરસદ શહેરમાં વાસદ ચોકડી પાસે કારની આગળ ડેસબોર્ડ પર પોલીસ લખેલું બોર્ડ મુકેલી કારને અકસ્માત થયો હોવાનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા પોલીસે તપાસ કરતા પોલીસમાં નહી હોવા છતાં કાર ચાલકે કારનાં ડેસ બોર્ડ પર પોલીસ લખેલુ પાટીયું મુકી પોલીસની ખોટી ઓળખ ઉભી કરેલી હોય આ બનાવ અંગે કાર ચાલક વિરૂદ્ધ બોરસદ ટાઉન પોલીસ મથકે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. મળતી વિગતો અનુસાર બોરસદ શહેરમાં વાસદ ચોકડી પાસે જાહેર માર્ગ પર ગઈકાલે સાંજનાં પોણા છ વાગ્યાનાં સુમારે કારને અકસ્માત સર્જાયો હતો અને કારની આગળ ડેસબોર્ડ પર પોલીસ લખેલું પાટીયું મુકેલું હતું, જે અંગેનો વીડિયો સોશિયલશ મીડિયામાં વાયરલ થતા જે વીડિયો બોરસદ ટાઉન પોલીસ મથકમાં ફરજ બજાવતા એએસઆઈ કિસ્મતકુમાર ભાઈલાલભાઈનાં ધ્યાનમાં આવતા તેઓએ ઘટનાસ્થળે જઈ તપાસ કરતા અકસ્માત કરેલી કારનો ચાલક કાર લઈને ભાગી ગયો હતો. જેથી પોલીસે વધુ તપાસ કરતા કાર ચાલકે પોતે પોલીસમાં નહી હોવા છતાં પોલીસ તરીકેની ખોટી ઓળખ ઉભી કરવા માટે કારની આગળ ડેસબોર્ડ પર પોલીસ લખેલું બોર્ડ મુકી તેમજ પોતાની કાર પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારીને કોઈપણ જગ્યાએ અકસ્માત સર્જ્યો હોવાનું જણાતા આ બનાવ અંગે ફરાર થઈ ગયેલા કારચાલક વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## એડી. ડીજીપી પીયૂષ પટેલે કાર્યભાર સંભાળતા જ એસીબી એકશન મોડમાં

# માત્ર ૬ મહિનામાં જ ૫૦ જેટલા ઉચ્ચ અધિકારીઓ અને ૧૩૬ કર્મચારીઓને લાંચ લેતા ઝડપી પાડ્યા

**(ઈસરાઈલ શેખ દ્વારા)**
સુરત, તા.૪

જન્મના દાખલાથી લઈને કોઈ પણ બીલ પાસ કરાવવા સુધીના પાયાના કામોમાં તલાટી અને કલાર્ક કક્ષાના કર્મચારીથી લઈ ઉચ્ચકક્ષાના અધિકારીઓ પણ યેનકેન પ્રકારે લાંચ માંગવાના વધી રહેલા બનાવની જાણ લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો ટૂંકમાં એસીબીને તથા જેના ડિરેક્ટર એડી. ડીજીપી પીયૂષ પટેલે પાછલા છ મહિનામાં જ ભ્રષ્ટાચાર નાબૂદ કરવાના અર્થે વિવિધ સરકારી કચેરીઓમાંથી ૧૩ જેટલા કલાસ વન અને ૩૬થી વધુ કલાસ ૨ અધિકારીઓને ઝડપી પાડી કુલ ૧૩૬ ઉપરાંત લાંચના બનાવના કેસમાં ૫૦ ઉપરાંત ઉચ્ચ બાબુઓને ઝડપી લઈ તેમના વિરૂદ્ધ કેસ નોંધી કાયદેસરની કાર્યવાહી કરતા ભ્રષ્ટ અધિકારી, કર્મચારીઓ, બાબુઓમાં ફફડાટ વ્યાપી ગયો છે. એસીબીએ ટ્રેપ છટકાના ૧૦૯ કેસ અને ડિકોય નકલી ગ્રાહક મોકલી ૧૫ જેટલા કેસોની સાથો-સાથ સત્તાનો દુરૂપયોગના પણ બે કેસ સાથે અપ્રમાણ મિલકતના દસ જેટલા કેસમાં રૂા.૧૪.૧૭ કરોડની અપ્રમાણસર મિલકતો ઝડપી હોવાનું તથા ટ્રેપ અને ડિકોય કેસ દરમિયાન કુલ રૂા.૯૮.૧૬ લાખની લાંચની રકમ કબજે કરવામાં આવી હોવાનું એસીબીના વડા એડી.ડીજીપી પીયૂષ પટેલે જણાવ્યું હતું.

કરપ્શન અગેન્સની જે ટ્રાય છે તે વધારેને વધારે કડકાઈથી કામ કરવામાં આવનાર હોવાથી તેમાં મુખ્ય ફોક્સ સીનીયર અધિકારી તરફ કરેલ છે અને જે લોકો મુખ્ય કરપ્શનના શ્રોત છે, તેવા લોકોને ટાર્ગેટ કરવા અને કલાસ વન તથા કલાસ ૨ ભ્રષ્ટ અધિકારીને વધારે ને વધારે ટાર્ગેટ કરવાનો લક્ષ્ય રાખવામાં આવ્યો હોવાનું તે માટે ચાર જેટલા નાયબ નિયામકો અને મદદનિશ નાયબ નિમાયકોની જે ખાલી પડેલી જગ્યા પૂર્ણ થઈ હોવાથી આગામી દિવસો એસીબીની કામગીરી વધારેમાં વધારે અસરકારક અને ભ્રષ્ટ તત્ત્વોને ડરાવનારી રહેશે અને વહિવટી તંત્રમાં પારદર્શક વહિવટ કઈ રીતે સુમેળ સ્વચ્છ રીતે થઈ શકશે તથા ગુજરાતનાં વિકાસના એન્જીન વધારે ઝડપથી વધી શકે તે માટેના તમામ પ્રયત્ન લાંચરૂશ્વત બ્યુરોના ગુજરાતના વડા એડી.ડીજીપી પીયૂષ પટેલે વધુમાં જણાવ્યું હતું.

આ અંગે વિસ્તુતમાં પ્રાપ્ત થતી માહિતી અનુસાર ગુજરાતમાં ભ્રષ્ટાચાર મુક્ત કરવા અર્થે લાંચ રૂશ્વત વિરોધી બ્યુરોમાં ફેબ્રુઆરી ૨૦૨૬માં નિમણૂક થયેલા એડી.ડીજીપી પિયુષ પટેલે પોતાનો કાર્યભાર સંભાળતા જ એકશન મોડમાં આવી જઈ ભ્રષ્ટ બાબુઓને ઝડપવાની કાર્યવાહી સાથે એસીબીના એકમને કડક આદેશ આપતા જ માત્ર ૬ મહિનામાં જ ૫૦ જેટલા ઉચ્ચ અધિકારી અને ૧૩૬ જેટલા કર્મચારીઓને લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડ્યા હતા. જેમાં સૌથી ચર્ચાસ્પદ કેસોમાં ગાંધીનગર ખાતે વિધુત નિરીક્ષકની કચેરીના વર્ગ એકના અધિકારી એ.બી.ચૌધરી પાંચ લાખની લાંચ લેતા ઝડપાયા હતા અને જેની તપાસમાં અંદાજે રૂા.૨.૬૮ કરોડની અપ્રમાણસર મિલકત સામે આવી હતી. તે સિવાય પણ સ્ટેટ ઈન્ટેલિજન્સ બ્યુરો (એસઆઈબી)ના અધિકારી કેતન દવેના લોકરમાંથી પણ આશરે રૂા.૫૨ લાખ રોકડા મળી આવ્યા હતા. લોકોના કામ સુમેળ ભર્યા, ભ્રષ્ટાચાર મુક્ત થાય તે માટે લોકોએ જાગૃતતા કેળવવી પડશે અને હિંમત દાખવી એસીબીને જાણ કરી ફરિયાદ આપવી પડશે, તેવું પણ એસીબી વડા પીયુશ પટેલે જણાવ્યું હતું.ગુજરાતના એસીબીના તમામ એકમો દ્વારા અલગ અલગ જિલ્લા અને શહેરોમાં અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, પંચમહાલ, સુરત, રાજકોટ, ભાવનગર, જૂનાગઢ અને બોર્ડર વિસ્તારમાં અભિયાન ચાલી રહ્યું છે. એસીબીના તમામમાંથી માત્ર ગાંધીનગર અને અમદાવાદ એકમ સૌથી વધુ અસરકારક સાબિત થયા છે, જ્યાંથી સૌથી વધુ લાંચિયા ઝડપાયા છે. જ્યારે ભાવનગર અને જૂનાગઢ એકમમાં ચાર મહિના દરમિયાન સૌથી ઓછી કાર્યવાહી નોંધાઈ છે. તેમજ દરેક કેસમાં નાગરિકોની ફરિયાદના આધારે ટ્રેપ ગોઠવવામાં આવી હતી અને અધિકારીઓને રંગેહાથ ઝડપવામાં આવ્યા છે. રાજ્યના વિવિધ સરકારી કચેરીઓ, મહાનગર પાલિકા, તાલુકા કચેરીઓ, પોલીસ વિભાગ અને ગ્રામ પંચાયત સ્તરે લાંચ માંગવાના કેસો સામે આવ્યા છે. એસીબી દ્વારા લેવામાં આવતી આ પ્રકારની કામગીરીથી સરકારી તંત્રમાં ભયનો માહોલ ઊભો થયો છે અને લાંચ માંગતા કર્મચારીઓએ સાવચેતી રાખવાની સ્થિતિ ઊભી થઈ છે. જો કે, લાંચ બંધ થતી નથી ત્યારે જ્યાં સુધી નાગરિકો પોતાની હિંમત ન ગુમાવે અને ફરિયાદ કરે, તેવું એસીબીના અધિકારીઓએ જણાવ્યું છે. ગુજરાતમાં શરૂ થયેલા "ભ્રષ્ટાચાર મુક્ત અભિયાન" હેઠળ દરેક અધિકારી અને કર્મચારીને જવાબદારીથી કામ કરાવવાનું લક્ષ્ય રાખવામાં આવ્યુંછે. આવા સમયમાં એસીબી દ્વારા સમયસર અને અસરકારક પગલાં લેવાઈ રહ્યા છે. સરકારનો પ્રયાસ નાગરિકોને ન્યાય આપવા માટે મહત્વપૂર્ણ છે. એસીબીની કામગીરી રાજ્યવ્યાપી અને સતત ચાલું રહેશે. તેવું એડી ડીજીપી પિયુષ પટેલે જણાવ્યું હતું. આગામી સમયમાં એસીબી વધુ અસરકર્તા બનાવનો પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે. તે માટે એસીબી તમામ ડીવાયએસપી કક્ષાના અધિકારી વધુ નેટવર્ક સરકારી કચેરી બનાવી રહ્યું છે સાથે સાથે આધુનિક ટેક્નોલોજીનો વધુ ઉપયોગ કરવમાં આવી રહ્યા હોવાનું પણ એડી.ડીજીપીએ જણાવ્યું હતું. વધુમાં જણાવ્યું હતું કે, એસીબીમાં જે જગ્યા ખાલી હતી તેમાં સરકારે મદદ કરતા જેમાં ચાર નાયબ નિયામકની જગ્યા અને મદદનિશ નિયામકોની પણ ખાલી જગ્યા પૂર્ણ થતા આગળના દિવસોમાં એસીબીની કામગીરી વધારે અસરકારક અને ભ્રષ્ટ તત્ત્વોને ડરાવનારી રહેશે. તેવી આશા અને અપેક્ષા હોવાનું તથા વહીવટી તંત્રમાં પારદર્શક વહીવટ થાય અને ગુજરાતના વિકાસનો એન્જીન વધારે ઝડપથી વધી શકે તે માટેના એસીબીના તમામ પ્રયત્ન હોવાનું પણ એસીબી વડા એડી.ડીજીપી પીયૂષ પટેલે 'ગુજરાત ટુડે'ને જણાવ્યું હતું.



### સમગ્ર રાજ્યમાં ભ્રષ્ટાચારના કેસોમાં પોલીસ વિભાગ પ્રથમ ક્રમે છે તેવું માત્ર છ મહિનાના એસીબી ટ્રેપના આંકડામાં ઉજાગર થયું છે

ગુજરાત એન્ટીકરપ્શન બ્યુરો અર્ધવાર્ષિક અહેવાલ મુજબ રાજ્યમાં લાંચ લેવાતા કેસોમાં ગૃહ વિભાગ (પોલીસ) વિભાગ પ્રથમ ક્રમે આવે છે. વર્ષ ૨૦૨૬માં જાન્યુઆરીથી ઓગસ્ટ સુધીમાં જ નોંધાયેલા આંકડા મુજબ ૨૮ જેટલા કેસ પોલીસ વિભાગના નોંધાયેલા છે. આ કેસમાં કોન્સ્ટેબલ, હેડ કોન્સ્ટેબલથી લઈને પીએસઆઈ કક્ષાના અધિકારીઓનો સમાવેશ થાય છે. તેમજ કેટલાક પોલીસવાળા પોતાના વચેટીયાઓ પણ રાખતા હોય છે. તેવા ૩૪ જેટલા વચેટીયાઓને પણ એસીબી દ્વારા ઝડપી પાડવામાં આવ્યા છે. દરમિયાન તાજેતરમાં જ બે મહિલા પોલીસ કર્માચારીઓ રૂા.૧.૧૦ લાખની લાંચ સાથે ઝડપી પાડ્યાના ચકચારીત બનાવ બનવા પામ્યો હતો. તેમજ કેટલાક પોલીસ વાળાઓએ પીએસઆઈ કક્ષાએ જ બંગલાઓ પોતાના વતનમાં બનાવી લીધા છે. તેઓ હાલમાં પ્રમોશન સાથે પી.આઈ. કક્ષાએ પહોંચ્યા છે તેવા પોલીસ અધિકારીઓને મિલકતની તપાસ ફરિયાદ મળતે તપાસ શરૂ કરવામાં આવનાર હોવાનું એસીબી સૂત્રોએ જણાવ્યું હતું.

### કાયેદસરનું કામ કરાવવા માટે પણ અપાતી રકમને લાંચ તરીકે લોકો માને છે. પરંતુ ભેટ કે બક્ષિસ પણ લાંચનો જ એક ભાગ છે

ભ્રષ્ટ રાજ્ય સેવકો સમો ગુનો નોંધી ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળ રાજ્ય સરકારના કર્મચારીઓમાં ફરજ નિષ્ઠ વધારવા તથા વહીવટી કામકાજને ભ્રષ્ટાચાર મુક્ત બતાવવાના હેતુથી આ વિભાગ કાર્યરત છે. મુંબઈ રાજ્યમાંથી ગુજરાત રાજ્ય અલગ થયા પછી ૩ સપ્ટેમ્બર ૧૯૬૩ના રોજ આ બ્યુરોની રચના કરવામાં આવી હતી.જેમાં સમાજમાં પ્રવર્તતા ભ્રષ્ટાચારનો સામાન્ય રીતે લાંચ શબ્દ પ્રચલિત છે. સામાન્ય નાગરિક લાંચ એટલે કાયદેસરનું કામ કરાવવા માટે આપવી પડતી નાણાંકીય રકમ તેટલું જ સમજે છે. પરંતુ લાંચ શબ્દનો વિસ્તુત અર્થ છે. આ અધિનિયમમાં લાંચ શબ્દની વ્યાખ્યા આપવામાં આવી નથી. આથી નાગરિકોએ જાણવાની જરૂર છે કે ફક્ત ફરજમાં આવતી કામગીરી કરવા કે ના કરવા માટે આપવામાં ભેટ કે બક્ષિસ પણ લાંચનો જ એક પ્રકાર છે.

### ભ્રષ્ટાચાર મામલે મહેસૂલ વિભાગ રાજ્યમાં બીજા ક્રમે

ભ્રષ્ટાચાર મામલે મહેસુલ વિભાગ રાજ્યમાં બીજા ક્રમે આવતો હોવાથી આ વિભાગમાં પણ એસીબી સક્રિયતા વધી ગઈ છે. આણંદના પૂર્વ ડી.સી. કેતકી વ્યાસની અપ્રમાણસર કેસ ખૂબ જ ચકચારિત રહ્યો છે. પાછલા વર્ષ અને આ ચાલુ માસ દરમિયાન અપ્રમાણસર મિલક્તના કેસો કરવામાં આવતા જેમાં ૬૦થી ૭૦ કરોડ રૂપિયાની અપ્રમાણસર મિલકતોને કોર્ટના હુકમ લઈને લાંચમાં લેવાની કાર્યવાહી પણ એસીબી દ્વારા કરવામાં આવી હોવાનું એડી.ડીજીપી પિયુષ પટેલે જણાવ્યું હતું.

દેશના પ્રધાનમંત્રીએ સંકલ્પ સૂત્રો આપ્યો હતો કે, ભ્રષ્ટાચાર મુક્ત પારદર્શક વહિવટને પ્રોત્સાહનને સાર્થક કરવા ગુજરાત એસીબીની ટીમ દ્વારા તમામ પ્રયત્ન કરવામાં આવી રહ્યાં છે.

રાજ્યનો મહેસુલ વિભાગના ૨૨ જેટલા કેસો પાછલા છ મહિનામાં જ નોંધાયેલા હોવાથી મહેસુલ વિભાગ ભ્રષ્ટાચારના મામલામાં બીજા નંબર ઉપર આવે છે. મહેસુલ વિભાગમાં મુખ્યત્વે એસીબીના કેસો, મીન માપણીના, દસ્તાવેજ, એન્ટી(નોંધ) મંજૂર કરવા અથવા બિન-ખેતી એનઓસીની મંજૂરી માટે તલાટી-કમ-મંત્રી, નાયબ મામલતદાર, કલાર્ક અને વચેટીયાઓ (એજન્ટો)ને લાંચ લેતા ઝડપાયાના મુખ્ય કેસો એસીબી નોંધાયા છે.

જ્યારે રાજ્યમાં ખુબ ચકચારિત બનેલ આણંદના પૂર્વ ડેપ્યુટી કલેક્ટર કેતકી વ્યાસની એન્ટી કરપ્શન બ્યુરો દ્વારા અપ્રમાણસર મિલકત રાખવાના ગુનામાં ધરપકડ કરવામાં આવી હતી. જેમાં કેતકી વ્યાસના કાયદેસરના પગાર કરતા ૬૮.૮૪ ગણી વધુ રૂા. ત્રણ કરોડથી વધુની સંપતિ બાબતે તેઓ એજન્સી સમક્ષ કોઈ જ ઘટસ્ફોટ કરી શક્યા ન હતા. જે બનાવ બાબતે તેમની ધરપકડ જે તે વખતે કરતા ભારે ચકચાર મચી જવા પામ્યો હતો અને હાલમાં બે દિવસ પૂર્વે કેતકી વ્યાસની જામીન અરજી કોર્ટ દ્વારા નામંજૂર કરવામાં આવી હતી. અપ્રમણસર મિલકત બાબતે ગયા વર્ષથી લઈ હાલ સુધીની ૬૦થી ૭૦ કરોડની મિલકતોને ટાંચમાં લેવા ગૃહ વિભાગને જાણકાર કોર્ટમાંથી ઓર્ડર લઈ આ તમામ મિલકતને ટાંચમાં લેવાની પ્રક્રિયા પણ કરવામાં આવી હોવાનું એસીબી વડા એડી.ડીજીપી પીયૂષ પટેલે ગુજરાત ટુડેને જણાવ્યું હતું.

# રેસિડેન્ટ ડૉક્ટરોની ફરિયાદ પર આરોગ્ય મંત્રીની ત્વરિત કાર્યવાહી સાઈકાઈટ્રિક વિભાગના એસોસિએટ પ્રોફેસરની તાત્કાલિક બદલી

## વિદ્યાર્થીઓની સુરક્ષા અને સન્માન સાથે કોઈ સમજૂતી નહીં : આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયા

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૪

આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયાએ ગત રોજ વડોદરાની SSG હોસ્પિટલ અને સરકારી મેડિકલ કોલેજની સરપ્રાઈઝ વિઝિટ દરમિયાન મેડિકલ વિદ્યાર્થીઓ સાથે સંવાદ સાધ્યો હતો.



સાઈકાઈટ્રિક વિભાગના રેસીડેન્ડ ડૉક્ટર્સ દ્વારા આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયા સમક્ષ સાયકિયાટ્રી વિભાગના ડૉ. ચિરાગ બારોટ વિરૂદ્ધ લેખિતમાં ગંભીર ફરિયાદો કરવામાં આવી હતી. આ ફરિયાદમાં મેડિકલ કોલેજના R1, R2, R3 અને સિનિયર રેસિડેન્ટ સહિત આશરે ૧૮ જેટલા તબીબોએ આરોપ લગાવ્યો હતો કે, ડૉ. બારોટ દ્વારા તેમની શારીરિક અને માનસિક હેરાનગતિ કરવામાં આવી રહી છે.

આ ઉપરાંત રજૂઆતમાં રેગિંગ, અભદ્ર મેસેજ મોકલવા, કામકાજના સમય પછી પણ અયોગ્ય માગણીઓ કરવી, હોસ્ટેલના રૂમ નંબર પૂછવા તેમજ ચાલુ કામ દરમિયાન અશ્લીલ ટિપ્પણીઓ કરવા જેવા ચોંકાવનારા આક્ષેપો કરાયા છે. આ ઉપરાંત ડૉક્ટરોને થીસીસ અને પરીક્ષામાં ફેલ કરવાની ધમકીઓ અપાતી હોવાનું પણ લેખિત રજૂઆતમાં જણાવાયું છે.

આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયાએ સાઈકાઈટ્રિક વિભાગના રેસીડેન્ડ ડૉક્ટરોની રજૂઆતને અત્યંત ગંભીરતાથી લઈ ત્વરિત અને હકારાત્મક નિર્ણય લીધો હતો. રજૂઆતના ટૂંક જ સમયમાં રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા તાત્કાલિક ધોરણે કાર્યવાહી કરવામાં આવી છે. જે અંતર્ગત ડૉ. ચિરાગ બારોટની સરકારી મેડિકલ કોલેજ, વડોદરાથી તાત્કાલિક અસરથી સરકારી મેડિકલ કોલેજ, ભાવનગર ખાતે બદલી કરવામાં આવી છે. આ મામલે કડક વલણ અપનાવતા આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયાએ જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓ અને તબીબોની સુરક્ષા, માન-સન્માન તથા માનસિક શાંતિ સાથે કોઈ પણ પ્રકારની સમજૂતી કરવામાં આવશે નહીં. રેગિંગ, શારીરિક-માનસિક શોષણ કે ગેરવર્તણૂક સામે રાજ્ય સરકારની 'ઝીરો ટોલરન્સ' નીતિ છે.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, વડોદરા મેડિકલ કોલેજના રેસિડેન્ટ ડોક્ટર્સ દ્વારા રજૂ કરાયેલા પુરાવા અને ફરિયાદોને અત્યંત ગંભીરતાથી લઈને તાત્કાલિક ધોરણે કડક કાર્યવાહીના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયા દ્વારા આદેશ અપાયા છે. ગુજરાતની કોઈપણ મેડિકલ શૈક્ષણિક સંસ્થામાં આવી અશિસ્ત કે હેરાનગતિ જરાય ચલાવી લેવાશે નહીં અને દોષિતો સામે ભવિષ્યમાં પણ આવી જ કડક કાર્યવાહી કરવામાં આવશે તેમ મંત્રીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું.

# અમદાવાદમાં આગામી બે સપ્તાહ દરમ્યાન ડેન્ગ્યુ વકરશે : AMCની બેઠકમાં આગાહી

અમદાવાદ, તા.૪

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની તાજેતરમાં મળેલી વીકલી રિવ્યુ બેઠકમાં મ્યુનિસિપલ કમિશનરે આરોગ્ય વિભાગની નબળી કામગીરી સામે ભારે નારાજગી વ્યક્ત કરી હતી. બેઠક દરમિયાન આરોગ્ય ખાતાના અધિકારીએ સ્પષ્ટ શબ્દોમાં સ્વીકાર્યું હતું કે, શહેરમાં આગામી ૨ સપ્તાહ સુધી ડેન્ગ્યુના કેસ પીક પર રહેશે. આ બાબત સામે આવતા જ કમિશનરે અધિકારીની ઝાટકણી કાઢતા સવાલ કર્યો હતો કે, જો આટલો અગાઉથી ખ્યાલ હતો તો તંત્ર દ્વારા આગોતરી તૈયારીઓ કેમ કરવામાં ન આવી. ?

બેઠકમાં શહેરમાં થતા ફોગિંગની કામગીરીની સમીક્ષા કરતી વખતે કમિશનરે ટકોર કરી હતી કે ફોગિંગ યોગ્ય રીતે થતું નથી. તેના બચાવમાં આરોગ્ય અધિકારીએ જણાવ્યું કે, એક એજન્સી સામે શિક્ષાત્મક કાર્યવાહી કરીને ૨૨ લાખ રૂપિયાના બિલમાંથી ૨ લાખ રૂપિયા પેનલ્ટી પેટે કાપીને ૨૦ લાખ રૂપિયા ચૂકવવામાં આવ્યા છે. આ સાંભળીને કમિશનરે કટાક્ષ કરતા કહ્યું કે, કામ ન કરવા બદલ પણ તમે એજન્સીને ૨૦ લાખ રૂપિયા ચૂકવી દીધા! તેમણે પેનલ્ટી કાપવાના બદલે આખું બિલ જ અટકાવી દેવાની કડક તાકીદ કરી હતી. જો શહેરમાં યોગ્ય રીતે દવાનો છંટકાવ કરવામાં આવે તો ફોગિંગ કરવાની જરૂર જ રહેશે નહીં.

રિવ્યુ બેઠક દરમિયાન જ્યારે કમિશનરે શહેરમાં ડેન્ગ્યુ સહિતના અન્ય રોગચાળાના આંકડા અંગેનું ચોક્કસ મેપિંગ માંગ્યું, ત્યારે આરોગ્ય અધિકારી કોઈ સ્પષ્ટ આંકડા રજૂ કરી શક્યા નહોતા. કેસ વધવાની શક્યતા હોવા છતાં યોગ્ય તૈયારીઓ ન હોવા બદલ કમિશનરે કડક શબ્દોમાં નિર્દેશ આપ્યો હતો કે, આગામી બેઠકમાં આરોગ્ય અધિકારીએ રોગચાળાના ચોક્કસ મેપિંગ અને આંકડા સાથે ફરજિયાત હાજર રહેવું પડશે.

આ રિવ્યુ બેઠકમાં સફાઈ કામદારો અને ઈજનેર વિભાગના કર્મચારીઓની અનિયમિત હાજરીનો મુદ્દો પણ ગાજ્યો હતો, જે અંગે કમિશનરે ભારે નારાજગી વ્યક્ત કરી હતી. આ ઉપરાંત, શહેરમાં આવેલી હોટેલ અને રેસ્ટોરન્ટના રસોડાનું લાઈવ પ્રસારણ થાય તે માટે સીસીટીવી કેમેરા લગાવવાના આયોજન અંગે સમીક્ષા કરવામાં આવી હતી. આ મામલે અધિકારીઓએ જવાબ આપ્યો હતો કે, શહેરની કુલ ૧૧,૦૦૦ હોટેલ-રેસ્ટોરન્ટમાંથી અત્યાર સુધીમાં આશરે ૩,૦૦૦ સ્થળોએ સીસીટીવી કેમેરા લગાવી દેવામાં આવ્યા છે.

# પેલેડિયમ મોલમાં આવેલ જ્વેલરીના શો-રૂમમાંથી રૂા.૫.૯૦ લાખના સોના-હીરાના ઘરેણાં ચોરી સેલ્સમેન ફરાર !

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૪

થલતેજ વિસ્તારમાં આવેલા પેલેડિયમ મોલના 'ઓરા ફાઈન જ્વેલરી' શો-રૂમમાંથી લાખો રૂપિયાના દાગીનાની ચોરી થવાની ઘટના સામે આવી છે. આ ઘટનાની જાણ થતાં જ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને તપાસ હાથ ધરી હતી. આ મામલે પોલીસે આરોપી સેલ્સમેનની ધરપકડ કરી છે.

પ્રાથમિક માહિતી પ્રમાણે, રૂા.૫.૯૦ લાખની કિંમતના સોના-હીરાના દાગીનાની ચોરી થઈ હોવાનું સામે આવ્યું હતું. શો-રૂમમાં જ સેલ્સ એક્ઝિક્યુટિવ તરીકે નોકરી કરતા કર્મચારીએ બેગ ભૂલી જવાનું બહાનું કાઢી દુકાનની ચાવી લઈને રાતના સમયે ચોરીને અંજામ આપ્યો હતો. આ મામલે સ્ટોર મેનેજરે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી અને પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

મળતી માહિતી પ્રમાણે, ગત ૧૭ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ રાત્રે ૯ વાગ્યાની આસપાસ સ્ટોરના સામાનનું કાઉન્ટિંગ પૂરૂં કરી કર્મચારી મોહમદ શકલેન શેખે શો-રૂમ લોક કર્યો હતો. શકલેન મોલની બહાર ચા પીવા ગયો, ત્યારે ત્યાં સેલ્સ એક્ઝિક્યુટિવ દર્શન અશ્વિનભાઈ સોની આવ્યો હતો. દર્શને બેગ સ્ટોરમાં રહી ગઈ હોવાનું કહી શકલેન પાસેથી ચાવી લીધી હતી અને અડધા કલાક બાદ પરત કરી હતી.

બીજા દિવસે સવારે સાડા અગિયાર વાગ્યે સ્ટોર કર્મચારી ઉર્વશીએ તપાસતાં ત્રણ કિંમતી દાગીના ગાયબ હોવાનું સામે આવ્યું હતું. ત્યારબાદ સ્ટોરના સીસીટીવી કેમેરાના ફૂટેજ ચકાસવામાં આવતાં ૧૭ ઓગસ્ટે રાત્રે ૧૦ વાગ્યે દર્શન સોનીએ સ્ટોર ખોલીને દાગીનાની ચોરી કરી હોવાનું સ્પષ્ટ થયું હતું. ઉચ્ચ અધિકારીઓ સાથે ચર્ચા-વિચારણા કર્યા બાદ વસ્ત્રાપુર પોલીસ મથકે આ મામલે ફરિયાદ નોંધાવવામાં આવી છે. હાલ પોલીસે દર્શનની શોધખોળ હાથ ધરી છે.

સ્ટોર બંધ થયા પછી નિયમ મુજબ ચાવી અન્ય કર્મચારીને આપવા અંગે કંપનીની કોઈ સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (SOP) હતી કે કેમ તે બાબતે પણ તપાસ થઈ શકે છે. દર્શને માત્ર બેગ લેવાના બહાને ચાવી માંગી હતી, પરંતુ તેની સાથે અંદર અન્ય કોઈ વ્યક્તિ ગયું હતું કે નહીં તે અંગે પણ પોલીસ મોલના કોરિડોર અને એન્ટ્રી પોઈન્ટના ફૂટેજ તપાસી રહી છે.

# નિરવ દવે કૌભાંડમાં ફરીથી તપાસ : નિવૃત્ત નાયબ સચિવ સહિત પરિવાર જેલમાં, છતાં કરોડો રૂપિયાનો પત્તો મળતો નથી

(સંવાદદાતા દ્વારા) તા.૪

સેક્ટર-૨૩માં રહેતા નિવૃત્ત નાયબ સચિવના પરિવાર સાથે સંકળાયેલા હાઈપ્રોફાઈલ ઠગાઈ પ્રકરણમાં ફરી એકવાર તપાસ તેજ બની છે. નકલી સરકારી ટેન્ડર અને વર્ક ઓર્ડરના નામે કરોડો રૂપિયાની ઠગાઈના આક્ષેપો ધરાવતા આ કેસમાં ઈન્ફોસિટી પોલીસે મુખ્ય આરોપી નિરવ દવે, તેના પિતા મહેન્દ્ર દવે, પત્ની મીરાં દવે અને પુત્ર યજત સહિત પરિવારના સભ્યો સામે કાર્યવાહી કરી હતી.

લાંબી તપાસ બાદ પોલીસે કોર્ટમાં ચાર્જશીટ પણ રજૂ કરી હતી. જોકે, રોકાણકારો પાસેથી મેળવવામાં આવેલા કરોડો રૂપિયા આખરે ક્યાં ગયા તે અંગે પોલીસને પૂરતી કડી મળી ન હતી. નાણાંની ભાળ ન મળતા ભોગ બનનારોએ ગાંધીનગર કોર્ટનો સંપર્ક કર્યો હતો. ત્યારબાદ કોર્ટે સમગ્ર કેસની ફરીથી ઊંડાણપૂર્વક અને તટસ્થ તપાસ કરવાનો આદેશ આપ્યો છે. કોર્ટના આદેશ બાદ ઈન્ફોસિટી પોલીસે હવે કેસની ફેરતપાસ શરૂ કરી છે.

પોલીસના ચોપડે હાલ આ કથિત કૌભાંડની રકમ રૂા.૩૩ કરોડથી વધુ હોવાનું સામે આવ્યું છે. જોકે, તપાસમાં હજુ વધુ લોકો ભોગ બન્યા હોવાની માહિતી સામે આવી રહી છે. કેટલાક નામાંકિત બિલ્ડરો અને ડોક્ટરો પણ આ કથિત ઠગાઈ (Gandhinagar Fraud Case)ની ઝાળમાં ફસાયા હોવાની માહિતી મળી રહી છે. જો આ દાવાઓ અને ફરિયાદોની તપાસમાં પુષ્ટિ થાય તો સમગ્ર કૌભાંડનો આંકડો રૂા.૮૦ કરોડ સુધી પહોંચી શકે છે. આથી હવે પોલીસ માટે માત્ર આરોપીઓની ભૂમિકા જ નહીં, પરંતુ સમગ્ર નાણાકીય નેટવર્કની તપાસ પણ મહત્વની બની છે.

મળતી વિગતો પ્રમાણે આ કથિત ઠગાઈ (Gandhinagar Fraud Case)નું નેટવર્ક વર્ષ ૨૦૦૪થી ઊભું કરવામાં આવ્યું હોવાનો આક્ષેપ છે. આરોપ મુજબ, નિરવ દવે, તેની પત્ની મીરાં, પુત્ર યજત અને નિવૃત્ત નાયબ સચિવ પિતા મહેન્દ્ર દવે દ્વારા સાથે મળીને સરકારી પ્રોજેક્ટ્સ સાથે જોડાયેલા હોવાનું દર્શાવતા નકલી દસ્તાવેજો અને વર્ક ઓર્ડર તૈયાર કરવામાં આવતા હતા. રોકાણકારોને આ પ્રોજેક્ટ્સ વાસ્તવિક હોવાનું જણાવી તેમની પાસેથી નાણાં લેવામાં આવતા હોવાના આક્ષેપો છે. કથિત કૌભાંડમાં ગુજરાતના જાણીતા સરકારી અને પ્રવાસન સંબંધિત પ્રોજેક્ટ્સના નામનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાનું સામે આવ્યું છે. આમાં મુખ્યત્વેઃ પાટણની રાણકી વાવમાં ઈલેક્ટ્રિક લાઈટિંગ પ્રોજેક્ટ, દ્વારકાના શિવરાજપુર બીચ ડેવલપમેન્ટ, અમરેલીના રાજમહેલ કિલ્લાના રિનોવેશન અને વડનગરના શર્મિષ્ઠા તળાવના મેન્ટેનન્સ જેવા કામોના નકલી વર્ક ઓર્ડર, લેટરપેડ અને અન્ય દસ્તાવેજો તૈયાર કરવામાં આવ્યા હોવાના આક્ષેપો છે. આ દસ્તાવેજોના આધારે રોકાણકારોનેસરકારી પ્રોજેક્ટમાં રોકાણ કરવાની તક હોવાનું દર્શાવવામાં આવતુંહોવાની તપાસમાં વિગતો સામે આવી હતી. આ કેસમાં નિરવ દવેના પુત્ર યજતની ભૂમિકા પણ તપાસ હેઠળ રહી છે. આરોપ મુજબ, યજત ડિજિટલ એડિટિંગની મદદથી અસલી સરકારી પત્રો અને દસ્તાવેજોમાં ફેરફાર કરીને નકલી દસ્તાવેજો તૈયાર કરતો હતો. બીજી તરફ, પરિવારના વડા મહેન્દ્ર દવે નિવૃત્ત નાયબ સચિવ રહી ચૂક્યા હોવાથી રોકાણકારો પર તેની અસર પડતી હોવાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે. સરકારી પદ પર રહી ચૂકેલી વ્યક્તિ પરિવાર સાથે સંકળાયેલી હોવાથી પ્રોજેક્ટ્સ સાચા હોવાનો વિશ્વાસ રોકાણકારોમાં ઊભો થતો હોવાનો તપાસમાં દાવો કરવામાં આવ્યો છે. આ કથિત ઠગાઈ (Gandhinagar Fraud Case)માં અમદાવાદના વેપારી ભાવિકભાઈ પટેલે રૂા.૨૦.૭૦ કરોડ, જ્યારે ઈન્ફોસિટીમાં ગેસ એજન્સી ધરાવતા દર્શનભાઈ રામીએ રૂા.૧.૧૨ કરોડ ગુમાવ્યા હોવાની વિગતો સામે આવી છે. આ ઉપરાંત નિરવ દવેની ઓફિસમાં કામ કરતા એક કર્મચારીએ પણ રૂા.૨૪ લાખ ગુમાવ્યા હોવાનું જણાવાયું છે. આ સિવાય અન્ય વેપારીઓ સહિત કુલ આશરે ૧૭ લોકો આ કથિત ઠગાઈ (Gandhinagar Fraud Case)નો ભોગ બન્યા હોવાની માહિતી છે. પોલીસ તપાસ દરમિયાન નિરવ દવે સહિત પરિવારના સભ્યો સામે કાર્યવાહી કરવામાં આવી હતી અને તેમને જેલમાં મોકલવામાં આવ્યા હતા. જોકે, કેસની તપાસ આગળ વધવા છતાં રોકાણકારો પાસેથી લેવામાં આવેલા કરોડો રૂપિયા ક્યાં ગયા તે અંગે પોલીસને સ્પષ્ટ કડી મળી શકી નહોતી. મુખ્ય આરોપીના પુત્ર યજતને બાદમાં જામીન મળ્યા હોવાનું પણ સામે આવ્યું છે. પરંતુ ભોગ બનનારાઓ માટે સૌથી મોટો સવાલ હજુ પણ એ જ રહ્યો કે તેમની પાસેથી લેવામાં આવેલા કરોડો રૂપિયા ક્યાં ગયા ?

નાણાંની ભાળ ન મળતાં ભોગ બનનાર દર્શનભાઈ રામીએ વકીલ મારફતે ગાંધીનગર કોર્ટમાં અરજી કરી હતી. તેમના જણાવ્યા અનુસાર, પોલીસ તપાસ બાદ પણ નાણાંની કોઈ ભાળ મળી ન હોવાથી તેમણે સમગ્ર કેસની ફરી તપાસ કરવાની માગ કરી હતી. કોર્ટે કેસની ગંભીરતાને ધ્યાનમાં લઈને ફરીથી તપાસ કરવાનો આદેશ આપ્યો છે. કોર્ટના આદેશ બાદ ગાંધીનગર જિલ્લા પોલીસ વડાએ પણ પરિણામલક્ષી તપાસ કરવા સૂચના આપી હોવાનું જણાવાયું છે.

ઈન્ફોસિટી પોલીસ ઈન્સ્પેક્ટર વિશાલ શાહના જણાવ્યા મુજબ, કોર્ટના આદેશને પગલે સમગ્ર કેસની ફેરતપાસ શરૂ કરવામાં આવી છે. હવે પોલીસનું મુખ્ય ધ્યાન કથિત ઠગાઈ (Gandhinagar Fraud Case)માંથી મેળવવામાં આવેલા નાણાંની હિલચાલ, આરોપીઓના નાણાકીય વ્યવહારો અને અન્ય સંભવિત લોકોની ભૂમિકા શોધવા પર રહેશે. રૂા.૩૩ કરોડથી વધુની નોંધાયેલી કથિત ઠગાઈ (Gandhinagar Fraud Case)માં જો વધુ ફરિયાદો અને વ્યવહારો સામે આવે તો આંકડો રૂા.૮૦ કરોડ સુધી પહોંચવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. આથી આગામી તપાસમાં કથિત નાણાકીય નેટવર્ક, વધુ ભોગ બનનારાઓ અને આ સમગ્ર પ્રકરણ પાછળ સંભવિત અન્ય લોકોની ભૂમિકા અંગે મહત્વની વિગતો સામે આવે તેવી શક્યતા છે. હવે સૌથી મોટો સવાલ એ છે કે, કરોડોની આ કથિત ઠગાઈ (Gandhinagar Fraud Case)માં રોકાણકારોના નાણાં આખરે ક્યાં ગયા અને પોલીસ ફેરતપાસમાં તેનો તાળો મેળવી શકશે કે નહીં ?

# રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ (NHRC) દ્વારા ગાંધીનગર ખાતે કેમ્પ સિટિંગ અને ઓપન હિયરિંગનું આયોજન કરાયું

ગાંધીનગર, તા.૪

રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગે ૨ અને ૩ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી, ગાંધીનગર, ગુજરાત ખાતે પૂર્ણ આયોગ કેમ્પ સિટિંગ અને ઓપન હિયરિંગનું આયોજન કર્યું હતું.




૨-૯-૨૦૨૬ના રોજ, NHRCના અધ્યક્ષ જસ્ટિસ વી. રામાસુબ્રમણ્યન, સભ્યો ડૉ. જસ્ટિસ વિદ્યુત રંજન સારંગી અને વિજયા ભારતી સયાની સાથે ૪૫ કેસોની સુનાવણી કરી હતી. આ સુનાવણીમાં ફરિયાદીઓ, રાજ્યના સત્તાધિકારીઓ અને સંબંધિત વિભાગોના પ્રતિનિધિઓની સક્રિય ભાગીદારી જોવા મળી હતી, જે પારદર્શિતા અને જવાબદારી પ્રત્યે આયોગની પ્રતિબદ્ધતાને દર્શાવે છે.

કાર્યવાહી દરમિયાન, પક્ષકારોને સાંભળ્યા પછી અને પાલન અહેવાલોની સમીક્ષા કર્યા પછી આયોગે ૨૭ કેસો બંધ કર્યા હતા. ઘણા કિસ્સાઓમાં, વળતર ચુકવણીના પુરાવા સબમિટ કરવામાં આવ્યા હતા, જે પીડિતો અને તેમના પરિવારો માટે પ્રત્યક્ષ રાહત દર્શાવે છે. માનવ અધિકારોના ઉલ્લંઘન માટે ન્યાય અને નિવારણ સુનિશ્ચિત કરવાની દિશામાં એક મહત્ત્વપૂર્ણ પગલું ચિહ્નિત કરતા, કુલ મળીને આશરે ૩.૫ કરોડથી વધુનું વળતર ચૂકવવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું છે. માનવ અધિકાર ઉલ્લંઘનના કેટલાક ગંભીર બાબતો હાથ ધરવામાં આવી હતી. એક કેસમાં જ્યાં એક મહિલાની યોગ્ય નોટિસ વિના કથિત રીતે ધરપકડ કરવામાં આવી હતી, ત્યાં રૂા.૭.૫ લાખના વળતરની ભલામણ કરવામાં આવી છે.

કસ્ટડીમાં મોત, નાગરિક બેદરકારીને કારણે થતા મૃત્યુ અને પોલીસ અત્યાચારની બાબતો ઉપરાંત, બાળકોને આવરી લેતા દુઃખદ કેસો પણ સાંભળવામાં આવ્યા હતા. એક કેસમાં જ્યાં એક બાળકને કૂતરો ઉપાડી ગયો હતો પરંતુ તે ક્યારેય મળ્યો ન હતો, વગેરે કેસોમાં પરિવારો માટે વળતરની ભલામણ કરવામાં આવી છે. સમગ્ર ગુજરાતની ફેક્ટરીઓમાં કામદારોના મોતને લગતા કેસો પણ સાંભળવામાં આવ્યા હતા. ભરૂચમાં એક કેમિકલ ફેક્ટરીમાં ભયાનક આગ અને વિસ્ફોટ બાદ પાંચ કામદારોએ જીવ ગુમાવ્યા હતા અને તેમના પરિવારોને વળતર મળ્યું હતું. દહેજમાં એક કેમિકલ પ્લાન્ટમાં બનેલી અન્ય એક દુઃખદ ઘટનામાં ઝેરી ગેસ શ્વાસમાં જવાથી ચાર કામદારોના મોત થયા હતા અને તેમના પરિવારોને કુલ રૂા.૨ કરોડથી વધુની રકમનું વળતર આપવામાં આવ્યું હતું. તેવી જ રીતે, અમદાવાદમાં એક મોટું જાહેરાતનું હોર્ડિંગ ધરાશાયી થતાં ત્રણ કામદારોના મોત થયા હતા, જેમાં જવાબદારો સામે ફોજદારી કાર્યવાહી શરૂ કરવામાં આવી છે, જોકે વળતરની વિગતો પેન્ડિંગ છે. આ કેસો આયોગના દ્રઢ વલણને પ્રતિબિંબિત કરે છે કે ઔદ્યોગિક બેદરકારીને કારણે થતા જાનમાલના નુકસાન સામે જવાબદારી અને પીડિત પરિવારો માટે અર્થપૂર્ણ નિવારણ બંને હોવા જોઈએ. આયોગે શાળાના માળખાકીય સુવિધાઓની નિષ્ફળતા અને અનુસૂચિત જાતિ સમુદાયો માટે સ્મશાનગૃહના અભાવના મુદ્દાઓ પણ હાથ ધર્યા હતા અને સુધારાત્મક પગલાં લેવા નિર્દેશ આપ્યો હતો. ૩-૯-૨૦૨૬ના રોજ, અધ્યક્ષ, NHRCએ કથિત બંધુઆ મજૂરીના ૨૭ કેસો સાંભળ્યા હતા. શ્રમ સચિવ, ગુજરાત અને સંબંધિત જિલ્લાના કલેક્ટરઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. આયોગે કલેક્ટરઓની રજૂઆતો સાંભળી હતી અને કેસોમાં મળેલા અહેવાલો પર વિચારણા કરવામાં આવી હતી. અધ્યક્ષએ મહિલાઓ અને બાળકો સહિતના પરિવારો સાથે વ્યવહાર કરતી વખતે સંવેદનશીલ અને દયાળુ રહેવા સત્તાધિકારીઓને સંવેદનશીલ બનાવ્યા હતા, અને આવી ફરિયાદોનો નિકાલ કરતી વખતે ગેરકાયદે મજૂરીના લક્ષણો ધ્યાનમાં લેવાય તે સુનિશ્ચિત કરવા જણાવ્યું હતું.

## 'બેચલર ડેડી'નું ટાઈટલ અનાવરણ

તા.૪

મરાઠી અને હિન્દી ફિલ્મોમાં અનેક સફળ પ્રોજેક્ટ્સ આપ્યા બાદ, મુંબઈ સ્થિત પ્રખ્યાત પ્રોડક્શન હાઉસ 'સીન ટુ સીન સ્ટુડિયોઝ'એ ગુજરાતી ચલચિત્ર જગતમાં એન્ટ્રી કરી છે. '3S મુવીઝ' પ્રેઝન્ટ્સ અને 'સીન ટુ સીન સ્ટુડિયોઝ'ના બેનર હેઠળ એકસાથે બે ગુજરાતી ફિલ્મો બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. તેમની પ્રથમ ફિલ્મ "બેચલર ડેડી"નું ટાઈટલ અનાવરણ અમદાવાદ ખાતે સફળતાપૂર્વક પૂર્ણ થયું છે. આ ભવ્ય પ્રસંગે ફિલ્મના નિર્માતા સંજના વિનોદ તાંબે અને આશુતોષ વિનોદ તાંબે, સહ-નિર્માતા હિતેશ બેલદાર અને ઉમેશ હરિશ્ચંદ્ર તાંબે, તથા નિર્દેશક શાંતનુ અનંત તાંબે ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને મીડિયા સાથે સંવાદ સાધ્યો હતો.

## સરપંચ સંગાર કાનજીભાઈ ગગુની આગેવાનીમાં માંડવીના ટીડીઓને આવેદનપત્ર પાઠવાયું

# કચ્છના ભોજાય ગામમાં ધાર્મિક સ્થાનો નહીં તોડવા સ્થાનિક હિન્દુ-મુસ્લિમોની બુલંદ માંગ

ભૂજ, તા.૪

માંડવી (કચ્છ) તાલુકાના ભોજાય ગામના હિન્દુ-મુસ્લિમ અગ્રણીઓ-ગ્રામજનોએ માંડવી ખાતે તાલુકા વિકાસ અધિકારીને રજૂઆત કરવામાં આવી છે કે ભોજાય ગામ તથા આસપાસ આવેલ ધાર્મિક સ્થાનો (મોટા ભાગે દરગાહો) તોડી પાડવામાં આવશે તેવી જાણ માંડવી તાલુકા પંચાયત કચેરી તથા ગઢશીશા પોલીસ સ્ટેશન મારફત થઈ છે. આ ધાર્મિક સ્થાનો કોઈને નડતરરૂપ નથી અને ભારતની આઝાદીથી અગાઉથી અસ્તિત્વમાં છે અને કોઈ ગ્રામજન કે નાગરિક તરફથી અડચણરૂપ હોવાની કોઈ રજૂઆત નથી તો શા માટે વહીવટી તંત્ર દ્વારા આ ધાર્મિક સ્થાનો તોડી પાડવાના પ્રયાસ થઈ રહ્યા છે.ભોજાય ગ્રામ પંચાયતના સરપંચ સંગાર કાનજીભાઈ ગગુ દ્વારા TDOને પાઠવામાં આવેલ આવેદનપત્રમાં રજૂઆત કરાઈ છે કે, કચ્છ સુફી સંતોની ધરતી છે, તમામ સમાજના કચ્છીઓ કોમી એકતા ભાઈચારાથી ધાર્મિક તહેવારો ઉજવે છે. આસ્થા ધરાવે છે. રાજાશાહીના સમયથી ગામમાં, સીમમાં



(તસવીર : યુસુફ જત, ભૂજ)

દરગાહો, મંદિરો, મસ્જિદો આવેલ છે જે કોઈને અડચણરૂપ નથી અને તે ધર્મસ્થાનો સાથે ગ્રામજનો ગાઢ રીતે જોડાયેલા છે. તેમ છતાં મનસ્વી રીતે આ ધર્મ સ્થાનોને કઈ કાયદાકીય જોગવાઈઓ હેઠળ તોડી પાડવામાં આવી રહ્યા છે. તેવો પ્રશ્ન કરાયો છે એનાથી વિપરિત ગામના સિલેક્ટીવ ધાર્મિક સ્થાનોને તોડી પાડવામાં આવશે તો ગ્રામજનોની ધાર્મિક લાગણી દુભાશે અને આ પસંદગીયુક્ત કાર્યવાહી શાંત જળમાં કાંકરીચાળાનું કામ કરશે માટે ધર્મસ્થાનોને તોડી પાડવાનો મનસૂબો રોકી દેવામાં આવે.

આ આવેદનપત્ર આપતી વેળા ભોજાય ગામના સરપંચ સંઘાર કાનજીભાઈ ગગુ, જાડેજા બાપાલાલ પ્રભાતસિંહ, સંઘાર ભીમજી કેશાભાઈ, સંઘાર રામજી લઘા, સંઘાર છગનભાઈ ઈબ્રાહીમ, સંઘાર હરેશ લઘા, સંઘાર મોહન લક્ષ્મીચંદ, સંઘાર હિરેન મુરજી, સંઘાર સુરેશ વેલજી, ઓમદેવસિંહ સુરૂભા જાડેજા, મહેશ્વરી ચેતન, સંઘાર ઈસ્માઈલ આમદ (ડાડાભાઈ), સંઘાર અલીમામદ આમદ, સંઘાર સિદીક આમદ, લુહાર મજીદભાઈ ઓસમાણ, લુહાર ઈમ્તિયાઝ ગનીભાઈ, લુહાર અસલમભાઈ ગનીભાઈ, મિયાજી આમદ ઈબ્રાહીમ, કુંભાર અબ્બાસ ઓસમાણ, કુંભાર ફકીરમામદ, મામદ મહેશભાઈ દાનિસંગ ચૌહાણ, કુંભાર હુસેન મામદ, ઉઠાર હસન ઈશાક, મિયાજી સિદીક ઈબ્રાહીમ, લઘા હુસેન ઉમર, લઘા હાજીમામદ ઉમર (રજાક લંઘા), નિરવભાઈ મિસ્ત્રી, સંઘાર જુસબ બાબુભાઈ, દીપકભાઈ મિસ્ત્રી સહિત ભોજાય ગામના ગ્રામજનો તેમજ જૈન સમાજ, સંઘાર સમાજ, મહેશ્વરી સમાજ, દરબાર સમાજ, કોળી સમાજ મુસ્લિમ અને સમાજ સહિત સર્વ સમાજના આગેવાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ઓઢવમાં ચાલતા સ્પામાંથી ડ્રગ્સ ઝડપાયું, રિસેપ્શનના કાઉન્ટર પરથી પકડાયું રૂા.૬.૩૮ લાખનું MD

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૪

અમદાવાદ પોલીસે ઓઢવ વિસ્તારમાં આવેલા સ્પાના કાઉન્ટર પરથી ૬.૩૮ લાખની કિંમતનું ૨૧૨.૯ ગ્રામ જેટલો એમડી ડ્રગ્સનો જથ્થો ઝડપી પાડ્યો છે. આ સાથે જ ડ્રગ્સની હેરાફેરી મામલે ૨૩ વર્ષીય યુવાનની ધરપકડ કરી છે અને ડ્રગ્સ સપ્લાયરને વોન્ટેડ જાહેર કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી પ્રમાણે, એસપી રિંગ રોડ પર આવેલા ઓઢવ સર્કલ નજીક નિર્મિત સ્ક્વેરમાં આવેલી દુકાન નંબર ૧૦૧માં સ્પા ચલાવવામાં આવે છે. ત્યાં રિસેપ્શન કાઉન્ટર પરથી મૂળ રાજસ્થાનનો રહેવાસી લીલારામ ચૌધરી ડ્રગ્સ સાથે ઝડપાયો હતો. આ મામલે પોલીસે બે મોબાઈલ અને એક ડિજિટલ વજન કાંટા સહિત કુલ ૬.૪૮ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

આ મામલે ક્રાઈમ બ્રાન્ચને બાતમી મળી હતી કે, સ્પાના રિસેપ્શન પર બેસતો લીલારામ ચૌધરી ગેરકાયદેસર રીતે એમડી ડ્રગ્સની હેરાફેરી કરે છે અને વેચે છે. ત્યારે ક્રાઈમ બ્રાન્ચની ટીમે અંદાજે ૭.૩૦ વાગ્યાના અરસામાં બાતમીને આધારે દરોડો પાડ્યો હતો અને તપાસ હાથ ધરી હતી. જેમાં ઘટનાસ્થળે લીલારામના ખિસ્સામાંથી ડ્રગ્સનું પેકેટ મળી આવ્યુ હતું.

આરોપીની પૂછપરછમાં જાણવા મળ્યું હતું કે, રાજસ્થાનના બાલોત્રા જિલ્લાના જાસોલ ગામના રહેવાસી રમેશ માળી પાસેથી ડ્રગ્સ લાવતો હતો. ત્યારબાદ અમદાવાદમાં કમિશન પેટે ડ્રગ્સનું વેચાણ કરતો હતો. હાલ પોલીસે આ મામલે ડ્રગ્સ સપ્લાયર રમેશ માળીને વોન્ટેડ જાહેર કર્યો છે અને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# અમદાવાદમાં આવતીકાલે ૨૭૧ દિવ્યાંગજનોને મળશે ૨૯૧ નારાયણ કૃત્રિમ અંગ

તા.૪

અમદાવાદા નારાયણ સેવા સંસ્થાન, ઉદયપુર અને CSR પાર્ટનર ઈંગરસોલ રેન્ડના સહયોગથી ૬ સપ્ટેમ્બરે ગુજરાત યુનિવર્સિટીના અતુલ કલામ કેમ્પસ લેન, નવરંગપુરા ખાતે કૃત્રિમ અંગ ફિટમેન્ટ કેમ્પનું આયોજન કરવામાં આવશે. આ કેમ્પમાં ૨૭૧ દિવ્યાંગજનોને ૨૯૧ નારાયણ મોડ્યુલર કૃત્રિમ અંગો તથા ૬૪ દિવ્યાંગજનોને ૮૭ કેલિપર્સ નિઃશુલ્ક આપવામાં આવશે. જાપાની-જર્મન ટેક્નોલોજીથી નિર્મિત આ કૃત્રિમ અંગોનું નિષ્ણાત ટીમ દ્વારા ફિટમેન્ટ કરવામાં આવશે. કેમ્પ સવારે ૮ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી ચાલશે અને તેનું ઔપચારિક ઉદ્ઘાટન સવારે ૧૧ વાગ્યે કરવામાં આવશે. લાભાર્થીઓની પસંદગી ૨૬ જુલાઈના રોજ અમદાવાદમાં યોજાયેલા નિઃશુલ્ક નારાયણ લિમ્બ મેજરમેન્ટ કેમ્પમાં કરવામાં આવી હતી. નારાયણ સેવા સંસ્થાનના મીડિયા અને જનસંપર્ક પ્રમુખ ભગવાન પ્રસાદ ગૌડે જણાવ્યું કે કૃત્રિમ અંગોના ફિટમેન્ટ સાથે લાભાર્થીઓને ચાલવા, સંતુલન જાળવવા અને કૃત્રિમ અંગોનો સરળતાથી ઉપયોગ કરવા માટે તાલીમ પણ આપવામાં આવશે. તેમણે જણાવ્યું કે આધુનિક ટેક્નોલોજીથી તૈયાર કરવામાં આવેલા નારાયણ મોડ્યુલર લિમ્બ હળવા, સુવિધાજનક અને જરૂરિયાત મુજબ એડજસ્ટ કરી શકાય તેવા છે.

ગૌડે જણાવ્યું કે સંસ્થાનો ઉદ્દેશ માત્ર કૃત્રિમ અંગો ઉપલબ્ધ કરાવવાનો નથી, પરંતુ દિવ્યાંગજનોને આત્મનિર્ભર અને સન્માનજનક જીવન તરફ આગળ વધારવાનો છે. અકસ્માત, બીમારી અથવા જન્મજાત દિવ્યાંગતાના કારણે ઊભી થયેલી શારીરિક મુશ્કેલીઓને આધુનિક ટેક્નોલોજી અને સતત સહયોગ દ્વારા ઘટાડવા માટે સંસ્થા દેશના વિવિધ વિસ્તારોમાં આવા કેમ્પોનું આયોજન કરી રહી છે. તેમણે જણાવ્યું કે સંસ્થાના અધ્યક્ષ પ્રશાંત અગ્રવાલના માર્ગદર્શન હેઠળ આયોજિત આ કેમ્પ જરૂરિયાતમંદ દિવ્યાંગજનો સુધી આધુનિક ટેક્નોલોજીથી તૈયાર કૃત્રિમ અંગો પહોંચાડવાની સેવા યાત્રાનો એક ભાગ છે. CSR સહયોગીઓ, સમાજસેવકો અને દાતાઓના સહયોગથી વધુમાં વધુ દિવ્યાંગજનોને આત્મનિર્ભર બનાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

# મમતા બેનરજીની દિલ્હીમાં ભાજપ નેતાઓના ઘર સામે વિરોધ પ્રદર્શન કરવાની ધમકી

## અભિષેક બેનરજીની કમાક સ્ટ્રીટ સ્થિત પાર્ટી ઓફિસમાં તોડફોડના વિરોધમાં મમતા બેનરજીએ ફેસબુક લાઈવ આવીને ભાજપ અને પોલીસ સામે ગંભીર આક્ષેપો કર્યા

(એજન્સી) કોલકાતા, તા.૪

તૃણમૂલ કોંગ્રેસના જનરલ સેક્રેટરી, ડાયમંડ હાર્બરના સાંસદ અને તેમના ભત્રીજા અભિષેક બેનરજીની કમાક સ્ટ્રીટ સ્થિત પાર્ટી ઓફિસ પર ભાજપના કાર્યકરો દ્વારા કરવામાં આવેલા કથિત હુમલા અને તોડફોડ અંગે પશ્ચિમ બંગાળના પૂર્વ મુખ્યમંત્રી મમતા બેનરજીએ આખરે મૌન તોડ્યું છે. ગુરુવારે સાંજે લગભગ ૫ વાગ્યે ફેસબુક લાઈવ આવીને મમતા બેનરજીએ આ હુમલા માટે ભાજપને જવાબદાર ઠેરવતા ચેતવણી આપી હતી કે જો આ અત્યાચારો બંધ નહીં થાય તો તેઓ પોતે દિલ્હી જઈને ભાજપ નેતાઓના ઘર સામે લોકશાહી ઢબે ધરણાઓ અને વિરોધ પ્રદર્શન કરશે. પોતાના ફેસબુક લાઈવ સંદેશમાં પૂર્વ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, "ભાજપે વહેલી સવારે અમારી પાર્ટી ઓફિસમાં ગુંડાઓ મોકલ્યા હતા. તમામ મહત્ત્વના કાગળો, દસ્તાવેજો અને રેકોર્ડ્સ નષ્ટ કરી દેવામાં આવ્યા છે. અમારા ચાર પાર્ટી કાર્યકર્તાઓને અંદર પૂરીને તેમની સાથે અત્યાચાર ગુજારવામાં આવ્યો હતો." તેમણે વધુમાં ઉમેર્યું હતું કે શેક્સપિયર સરણી પોલીસ સ્ટેશન પાર્ટી ઓફિસની ખૂબ નજીક હોવા છતાં પોલીસે કોઈ કાર્યવાહી કરી નથી. તેમણે અનેક પોલીસ સ્ટેશનોની ભૂમિકા અંગે નોંધ લીધી હોવાનું જણાવતા કહ્યું કે ભાજપ કાયમ માટે સત્તામાં રહેવાનો નથી. મમતા બેનરજીએ આ મુદ્દાને રાષ્ટ્રીય રાજધાની સુધી લઈ જવાની તેમની યોજના વિશે જણાવતા કહ્યું કે, "જરૂર પડશે તો અમે દિલ્હી સુધી અમારો લોકશાહી વિરોધ લંબાવીશું. તેઓ અમને ક્યાં સુધી રોકી શકશે? જો આ અત્યાચારો બંધ નહીં થાય તો હું વ્યક્તિગત રીતે નવી દિલ્હી જઈશ અને ત્યાંના ભાજપ નેતાઓના ઘરની બહાર વિરોધ પ્રદર્શનો કરીશ." આ ઉપરાંત, તેમણે બંગાળ સરકાર પર તેમની સુરક્ષા વ્યવસ્થા અંગે ગેરમાર્ગે દોરનારી માહિતી ફેલાવવાનો પણ



આક્ષેપ કર્યો હતો. પૂર્વ મુખ્યમંત્રી તરીકે મળવાપાત્ર સુરક્ષા અંગે સ્પષ્ટતા કરતા તેમણે કહ્યું કે, "રાજ્ય સરકાર મને કોઈ સુરક્ષા પૂરી પાડતી નથી. મારી સુરક્ષા વ્યવસ્થા ઘણા સમય પહેલા જ પાછી ખેંચી લેવામાં આવી હતી. હવે તેઓ આ અંગે ખોટો પ્રચાર કરી રહ્યા છે, પરંતુ મને તમારી પાસેથી સુરક્ષા જોઈતી નથી." તેમણે એવો પણ દાવો કર્યો હતો કે ચાલુ વર્ષે યોજાયેલી પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીઓ પૂરી થયા પછી તૃણમૂલ કોંગ્રેસની ૪,૦૦૦થી વધુ પાર્ટી ઓફિસો પર ભાજપ દ્વારા બળજબરીપૂર્વક કબજો કરી લેવામાં આવ્યો છે. ભાજપને ચેતવણી આપતાં તેમણે ઉમેર્યું હતું કે તેમની સામે દરરોજ નવી એફઆઈઆર (FIR) નોંધવામાં આવી રહી છે, પરંતુ એફઆઈઆર નોંધાવતા નોંધાવતા તેઓ થાકી જશે પણ તૃણમૂલ કોંગ્રેસને રોકી શકશે નહીં.

# મહારાષ્ટ્રમાં મુસ્લિમોએ નકલી પ્રમાણપત્ર મેળવ્યા હતા એવા દાવાઓની તપાસમાં કોઈ પુરાવા મળ્યા નથી

## કલ્યાણમાં ૧૦ નકલી મૃત્યુ પ્રમાણપત્રો મેળવવાનો એક નવો આરોપ લગાવવામાં આવ્યો છે

(એજન્સી) મુંબઈ, તા.૪

મહારાષ્ટ્રમાં મુસ્લિમો અને ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સને નકલી જન્મ અને મૃત્યુ પ્રમાણપત્રો સાથે જોડવાના આરોપો પછી કલ્યાણ-ડોંબિવલી મ્યુનિસિપલ કોર્પોરેશન (KDMC) દ્વારા રચાયેલી તપાસ સમિતિ દાવાઓને સમર્થન આપતા પુરાવા શોધવામાં નિષ્ફળ ગઈ છે. ભાજપ નેતા કિરીટ સોમૈયાએ KDMC મુખ્યાલયની મુલાકાત લીધી અને થાણે જિલ્લામાં, જેમાં થાણે, કલ્યાણ-ડોંબિવલી અને ઉલ્હાસનગર નાગરિક સંસ્થાઓની મુલાકાત લીધી હતી અને તે પછી જન્મ અને મૃત્યુ પ્રમાણપત્રો જારી કરવામાં મોટા પાયે ગેરરીતિઓનો આરોપ લગાવ્યા બાદ તપાસનો આદેશ આપવામાં આવ્યો હતો. સોમૈયાએ આરોપ લગાવ્યો હતો કે, ૧૦,૦૦૦થી વધુ બોગસ જન્મ પ્રમાણપત્રો જારી કરવામાં આવ્યા હોઈ શકે છે અને ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ નકલી દસ્તાવેજોનો ઉપયોગ કરીને પ્રમાણપત્રો મેળવવા માટે વિલંબિત નોંધણી જોગવાઈનો દુરૂપયોગ કરી રહ્યા છે. આ ફરિયાદની નોંધ લેતા રાજ્યના મહેસૂલ વિભાગે ૨૧ જાન્યુઆરીના રોજ જન્મ કે મૃત્યુ એક વર્ષ કરતાં વધુ સમય પહેલાં થયેલા કેસોમાં જન્મ અને મૃત્યુ પ્રમાણપત્ર જારી કરવાની પ્રક્રિયા પર રોક લગાવી દીધી હતી. રાજ્ય સરકારે પાછળથી જાહેર આરોગ્ય વિભાગ દ્વારા એક સરકારી ઠરાવ (GR) જારી કર્યો હતો જેમાં વિલંબિત વિનંતીઓ માટે નવી ચકાસણી પ્રક્રિયાની વિગતો આપવામાં આવી હતી. આ સુધારેલા ધોરણો હેઠળ, આવી વિનંતીઓ માટે હવે રજિસ્ટ્રાર, જિલ્લા મેજિસ્ટ્રેટ અને અન્ય અધિકારીઓ દ્વારા ચકાસણી કરવામાં આવે છે અને પ્રમાણપત્ર ફક્ત લેટ ફી અને ચકાસણી પછી જ જારી કરવામાં આવે છે. સપ્ટેમ્બરમાં મહારાષ્ટ્ર સરકારે અમાન્ય વિલંબિત નોંધણીઓ રદ કરવા અને યોગ્ય સત્તા વિના જારી કરાયેલા પ્રમાણપત્રો મેળવવા માટે એક વ્યાપક આદેશ પણ જારી કર્યો હતો અને અનિયમિતતાઓને દૂર કરવા માટે ત્રણ મહિનાના ખાસ મિશનની જાહેરાત કરવામાં આવી હતી. મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુલેએ બિન-નાગરિકો દ્વારા તેનો દુરૂપયોગ અટકાવવા માટે જન્મ અને મૃત્યુ નોંધણી કાયદામાં સુધારાની જાહેરાત કરી હતી અને મુખ્યમંત્રી



દેવેન્દ્ર ફડણવીસે આરોપોની તપાસ માટે ખાસ તપાસ ટીમ (SIT) બનાવવાનો આદેશ આપ્યો હતો. આવ ઘણા વ્યાપક આરોપો છતાં KDMCની તપાસમાં મુસ્લિમોએ મોટા પાયે નકલી પ્રમાણપત્રો મેળવ્યા હોવાના દાવાઓને કોઈ સમર્થન મળ્યું ન હતું. ભાજપના એક કોર્પોરેટરે આરોપ લગાવ્યો છે કે, ૧૦ નકલી મૃત્યુ પ્રમાણપત્રો બનાવટી દસ્તાવેજોના આધારે જારી કરવામાં આવ્યા હતા જેમાં મહાનગરપાલિકાના જાહેર આરોગ્ય અને તબીબી વિભાગના અધિકારીઓની સંડોવણી છે. કોર્પોરેટરે નિષ્પક્ષ અને સમયબદ્ધ તપાસ અને સંડોવાયેલા અધિકારીઓ સામે કડક કાર્યવાહીની માંગ કરી છે. આ આરોપ એવા સંદર્ભમાં કરવામાં આવ્યો છે જ્યાં અગાઉ આ પ્રદેશમાં વીમા છેતરપિંડી માટે નકલી મૃત્યુ પ્રમાણપત્રોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. થાણે પોલીસે અગાઉ કલ્યાણના રહેવાસી ચંદ્રકાંત નરસિમુલુ શિંદેની મુમ્બ્રાથી કાર્યરત એક નાગરિક સ્મશાન કર્મચારી અને બે ડોક્ટરો દ્વારા મેળવેલા બનાવટી મૃત્યુ પ્રમાણપત્રોનો ઉપયોગ કરીને ખાનગી વીમા કંપનીઓ પાસેથી ઓછામાં ઓછા ૮૧ લાખ રૂપિયાનો દાવો કરવા બદલ ધરપકડ કરી હતી. KDMCના અધિકારીઓએ હજુ સુધી ૧૦ પ્રમાણપત્રોના તાજેતરના આરોપ પર ઔપચારિક નિવેદન જારી કર્યું નથી.

# મણિપુરમાં ૨૦૨૩થી ૩૦૬ લોકો માર્યા ગયા લાંબા વંશીય સંઘર્ષ વચ્ચે ૪૯ હજુ પણ ગુમ

## ભાજપના નેતૃત્વ હેઠળની સરકારે ગુરૂવારે મણિપુર વિધાનસભાને જાણ કરી કે આ વર્ષે ઓગસ્ટ સુધીમાં ઓછામાં ઓછા ૩૦૬ લોકો માર્યા ગયા છે અને ૩ મે, ૨૦૨૩ના રોજ રાજ્યમાં વંશીય અશાંતિ ફાટી નીકળી ત્યારથી ૪૯ લોકો ગુમ છે

(એજન્સી) તા.૪

રાજ્યના ગૃહમંત્રી ગોવિંદદાસ કોન્થુજમે ચાલુ વિધાનસભા સત્રના બીજા દિવસે પ્રશ્નકાળ દરમિયાન ભાજપના ધારાસભ્ય સપમ રંજન સિંહના પ્રશ્નનો જવાબ આપતા ૩૧ ઓગસ્ટ સુધી નોંધાયેલા મૃત્યુઆંક અને ગુમ થયેલા વ્યક્તિઓની સંખ્યા વિશે માહિતી આપી. તેમણે એમ પણ કહ્યું કે, ચાલુ સંઘર્ષના પરિણામે મોટા પાયે વિસ્થાપન થયું છે અને સામાન્ય જીવન પ્રભાવિત થયું છે.

મેઈટી અને કુકી-ઝો વચ્ચેના સંઘર્ષ અને આ વર્ષે મે મહિનાથી નાગા અને કુકી-ઝો વચ્ચે વધતી જતી દુશ્મનાવટને કારણે રાજ્યમાં સુરક્ષા પરિસ્થિતિ વધુ જટિલ બની છે. આ સમયગાળા દરમિયાન ઓછામાં ઓછા ૧૮ કુકી-ઝો અને ૧૨ નાગા નાગરિકો માર્યા ગયા છે.

અન્ય એક પ્રશ્નના જવાબમાં ગૃહમંત્રીએ જણાવ્યું હતું કે, ૧૩ મેના રોજ છ નાગા નાગરિકોની હત્યાના સંદર્ભમાં ચાર વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે ચાર વધુ શંકાસ્પદોની ઓળખ કરવામાં આવી છે. NIA આ કેસની તપાસ કરી રહી છે. છ પુરૂષોનું અપહરણ અને હત્યા નાગા અને કુકી-ઝો સમુદાયો વચ્ચે મુખ્ય તણાવનો મુદ્દો બની ગયો છે. ૧૦ જૂનના રોજ મળી આવેલા છ પુરૂષોના મૃતદેહ હજુ પણ ઈમ્ફાલમાં જવાહરલાલ નેહરૂ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ (JNIMS)ના શબઘરમાં રાખવામાં આવ્યા છે.

બીજી તરફ મણિપુરના મુખ્યમંત્રી




યુમનમ ખેમચંદ સિંહે વિધાનસભાને માહિતી આપી હતી કે ૩ મે, ૨૦૨૩ના રોજ શરૂ થયેલા "અભૂતપૂર્વ કટોકટી" દરમિયાન બેઘર બનેલા કુલ ૬૦,૦૦૦ IDPsમાંથી ૩૬,૦૦૦ આંતરિક રીતે વિસ્થાપિત વ્યક્તિઓ (IDPs)ને પહેલાથી જ પુનર્વસન કરવામાં આવ્યા છે.

કોંગ્રેસના ધારાસભ્ય થ. લોકેશ્વર સિંહે વિધાનસભામાં જણાવ્યું હતું કે, મુખ્યમંત્રી યુમનામ ખેમચંદ સિંહે જણાવ્યું હતું કે, મે ૨૦૨૩થી રાજ્યભરમાં ૨૪,૦૦૦ IDPs હજુ પણ વિવિધ રાહત શિબિરોમાં રહે છે. તેમણે ૩૬,૦૦૦ IDPsના પુનર્વસનમાં થયેલી પ્રગતિ માટે ધારાસભ્યોના સામૂહિક સમર્થન અને પ્રયાસોને પણ શ્રેય આપ્યો હતો.

મુખ્યમંત્રીએ કહ્યું કે, તેમણે ગયા મહિને IDPsના છથી સાત સંયુક્ત સંગઠનોના પ્રતિનિધિઓને આ મુદ્દા પર ચર્ચા માટે બોલાવ્યા હતા જેથી સહાય પૂરી પાડવા અને તેમના પુનર્વસનને સરળ બનાવવાના રસ્તાઓ શોધી શકાય.

૩૬,૦૦૦ IDPsના પુનર્વસન છતાં સરકાર હજુ પણ કુલ ૬૦,૦૦૦ IDPsમાંથી લગભગ ૫૯,૦૦૦ને નાણાકીય સહાય પૂરી પાડી રહી છે. મુખ્યમંત્રીએ સમજાવ્યું કે, જે લોકો ઘરે પરત ફર્યા છે તેઓ પણ આજીવિકા અને કમાણીની તકોના અભાવે મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા છે. તેથી સરકાર તેમને માસિક નાણાકીય સહાય આપવાનું ચાલુ રાખે છે.

તેમણે વધુમાં ભાર મૂક્યો કે માત્ર નાણાકીય સહાય ત્રણ વર્ષથી વધુ સમયથી ચાલુ રહેલા સંઘર્ષની અસરને સંબોધી શકતી નથી. "લાંબા સમય સુધી ચાલેલા સંકટને કારણે અસરગ્રસ્ત લોકોમાં માનસિક આઘાત પણ થયો છે. આ સંદર્ભમાં આરોગ્ય વિભાગ તેમને થઈ રહેલા આઘાતને ઓછો કરવા માટે પગલાં લઈ રહ્યું છે."

ખેમચંદે જણાવ્યું હતું કે, તેઓ અસરગ્રસ્ત લોકોના પુનર્વસન અને આજીવિકા સહાય માટે વધુ પગલાં અને પહેલ શોધવા માટે આયોજન વિભાગ સાથે પણ આ બાબતે ચર્ચા કરી રહ્યા છે.

IDP સમસ્યાના ઉકેલ માટે તમામ ક્ષેત્રો પાસેથી સૂચનો માંગતા મુખ્યમંત્રીએ કહ્યું કે, ઈમ્ફાલ-દિમાપુર-ગુવાહાટી બસ સેવાના "સફળ પુનઃપ્રારંભ"થી સરકાર મોરેહ વેપાર માર્ગ ફરીથી ખોલવા તરફ આગળ વધી છે.

ખેમચંદે સમુદાયોમાં વિશ્વાસની ખામીને સૌથી મહત્ત્વપૂર્ણ પડકાર તરીકે ઓળખાવી જેને તેમની સરકાર સામાન્યતા પુનઃસ્થાપિત કરવા માટે દૂર કરવાનો પ્રયાસ કરી રહી છે.

# ૨૦૨૨માં ખરગોનમાં રામનવમી નિમિત્તે થયેલી સાંપ્રદાયિક હિંસાના કેસમાં કોઈને સજા થઈ નથી, ન્યાય અંગે અનેક પ્રશ્નો અનુત્તરિત

## જો આ રમખાણો થયા હતા તો વ્યક્તિગત ગુનાહિત જવાબદારી સાબિત કરવામાં રાજ્ય કેમ નિષ્ફળ ગયું છે?

(એજન્સી) તા.૪

ખરગોનમાં એપ્રિલ ૨૦૨૨માં રામનવમી દરમિયાન થયેલી સાંપ્રદાયિક હિંસાને ચાર વર્ષ વીતી ગયા છે પરંતુ આ ઘટનાને લગતી ફોજદારી ન્યાયપ્રક્રિયામાં હજુ સુધી એક પણ દોષિતને સજા થઈ શકી નથી. આ હિંસા બાદ કુલ ૬૫ કેસ નોંધાયા હતા. પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ આશરે ૨૦ કેસ હજુ વિવિધ તબક્કે અદાલતોમાં ચાલી રહ્યા છે, જ્યારે લગભગ ૬૦ આરોપીઓ હજુ સુધી પોલીસની પહોંચથી બહાર છે. આ દરમિયાન એક કેસમાં સેશન્સ કોર્ટે ૨૭ જુલાઈએ તમામ ૧૧ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા હતા. મધ્યપ્રદેશ સરકાર હવે આ ચુકાદાની સમીક્ષા કરી રહી છે અને તેને ઉચ્ચ અદાલતમાં પડકારવાની શક્યતા છે પરંતુ આ ૧૧ આરોપીઓની મુક્તિનો અર્થ એવો નથી કે ખરગોનમાં હિંસા થઈ જ ન હતી. અદાલતે ઘટનાનું અસ્તિત્વ સ્વીકાર્યું છે. જો કે, ફરિયાદ પક્ષ આ ૧૧ વ્યક્તિઓએ તેમના પર મૂકાયેલા ચોક્કસ ગુનાઓ કર્યા હોવાનું પૂરતા પુરાવાથી સાબિત કરી શક્યો ન હતો. રમખાણો થયા હોવા અને તેમાં ચોક્કસ વ્યક્તિની ગુનાહિત ભૂમિકા સાબિત થવી એ બે અલગ બાબતો છે. આ જ બાબત ખરગોનની સમગ્ર તપાસ સામે મોટો પ્રશ્ન ઊભો કરે છેઃ જો હિંસા વાસ્તવમાં થઈ હતી, તો તેમાં સામેલ વ્યક્તિઓની વ્યક્તિગત જવાબદારી સાબિત કરવામાં રાજ્યને આટલી મુશ્કેલી કેમ પડી રહી છે? તાજેતરના ચુકાદા બાદ સરકારી વકીલ યુવરાજ ગુજરાથીએ જણાવ્યું હતું કે, મધ્યપ્રદેશ સરકાર નિર્દોષ જાહેર કરાયેલા આરોપીઓ વિરુદ્ધ અપીલ કરવાની પ્રક્રિયામાં છે. તેમણે ટ્રાયલ દરમિયાન ફરિયાદ પક્ષે ભોગવેલી મુશ્કેલીઓનો પણ ઉલ્લેખ કર્યો છે. ઘણા સાક્ષીઓએ ફરિયાદ પક્ષને સમર્થન આપ્યું નહોતું અને કેટલાક સાક્ષીઓ પોતાના અગાઉના નિવેદનોથી ફરી ગયા હતા. સરકારી વકીલના જણાવ્યા મુજબ તેનું એક કારણ ભય હતું. હિંસામાં સામેલ લોકોને ઓળખવાથી પોતાને કે પરિવારને પાછળથી કોઈ નુકસાન થઈ શકે તેવી આશંકાને કારણે લોકો આરોપીઓની ઓળખ કરવા તૈયાર ન હતા. કેટલાક સાક્ષીઓ મુસ્લિમ બહુમતીવાળા વિસ્તારોમાં રહેતા હોવાથી પરિવારની સુરક્ષાને લઈને પણ ચિંતિત હતા પરંતુ આરોપીઓની ઓળખનો મુદ્દો વધુ જટિલ બની ગયો, કારણ કે, આ કેસમાં ઓળખ પરેડ યોજાઈ જ ન હતી. સરકારી વકીલે અગાઉ તેને પોલીસની ખામી ગણાવી હતી. જો કે, પોલીસ તરફથી અલગ દલીલ કરવામાં આવી. તપાસમાં સામેલ એક અધિકારીએ જણાવ્યું કે, પ્રથમ માહિતી અહેવાલમાં જ નોંધાયું હતું કે, હિંસામાં સામેલ લોકોના ચહેરા ઢંકાયેલા હતા. તેથી ઓળખ પરેડ યોજવાનો કોઈ ખાસ અર્થ નહોતો. આ બે દલીલો તપાસની મુશ્કેલીને સ્પષ્ટ કરે છે. ફરિયાદ પક્ષ કહે છે કે, સાક્ષીઓ આરોપીઓને ઓળખી શક્યા નહીં અથવા ઓળખવા તૈયાર ન હતા, જ્યારે પોલીસનું કહેવું છે કે, પરિસ્થિતિને કારણે પરંપરાગત ઓળખ પરેડ વ્યવહારૂ ન હતી પરંતુ ત્યાર પછી સૌથી મહત્ત્વનો સવાલ ઊભો થાય છેઃ જો રમખાણકારોના ચહેરા ઢંકાયેલા હતા અને ઓળખ પરેડ પણ યોજાઈ નહોતી, તો પછી જેમને આરોપી બનાવવામાં આવ્યા તેમની ઓળખ કેવી રીતે થઈ? અદાલતમાં આ પ્રશ્ન વધુ મહત્ત્વનો બન્યો કારણ કે, અંતે ૧૧ આરોપીઓને દોષિત ઠેરવવા પૂરતા પુરાવા મળ્યા નહોતા. ફરિયાદ પક્ષના આઠ સાક્ષીઓએ આરોપીઓને ઓળખ્યા નહોતા. ઓળખ સંબંધિત પુરાવાઓમાં પણ મુશ્કેલીઓ હતી અને કેટલાક આરોપો સામે રજૂ કરાયેલા વૈજ્ઞાનિક પુરાવાઓ પણ પૂરતા સાબિત થયા નહોતા. સાંપ્રદાયિક હિંસાની તપાસમાં સૌથી મોટો પડકાર એ છે કે, સમગ્ર હિંસા બની હોવાનું સાબિત કરવું એક બાબત છે પરંતુ તેમાં ચોક્કસ વ્યક્તિએ કયો ગુનો કર્યો હતો તે સાબિત કરવું બીજી બાબત છે. રમખાણો વાસ્તવિક હોઈ શકે છે પરંતુ કોઈ વ્યક્તિ સામે ફોજદારી કાર્યવાહી કરવા માટે તેની ચોક્કસ ભૂમિકા વિશ્વસનીય અને સ્વતંત્ર પુરાવાથી સાબિત કરવી જરૂરી છે. આ કેસમાં ઈલેક્ટ્રોનિક પુરાવાનો મુદ્દો પણ મહત્ત્વનો છે. સરકારી વકીલના જણાવ્યા મુજબ ઉપલબ્ધ ફૂટેજ અદાલતમાં ચલાવી શકાયા ન હતા. તેમણે કોઈ તકનિકી સમસ્યા હોવાનું જણાવ્યું હતું. સાક્ષીઓની ઓળખ મુશ્કેલ બની હોય ત્યારે ફૂટેજ આરોપીઓની વ્યક્તિગત ભૂમિકા સ્થાપિત કરવામાં મદદરૂપ થઈ શકતી હતી. તેથી પ્રશ્ન એ છે કે, હિંસા અને ટ્રાયલ વચ્ચેના ચાર વર્ષમાં આ પુરાવાનું શું થયું? મૂળ ફૂટેજ સુરક્ષિત રાખવામાં આવી હતી કે નહીં? તેની તપાસ કરવામાં આવી હતી કે નહીં? અને તેને અદાલતમાં રજૂ કરી શકાય તેવું બનાવવા માટે શું પ્રયત્નો થયા હતા? જ્યારે સાક્ષીઓ આરોપીઓને ઓળખી શકતા નથી અને ઈલેક્ટ્રોનિક પુરાવા પણ અસરકારક રીતે રજૂ થઈ શકતા નથી, ત્યારે વ્યક્તિગત ગુનો સાબિત કરવાની ફરિયાદ પક્ષની ક્ષમતા ઘણી નબળી પડી જાય છે. રમખાણો પૂરા થયા પછી તપાસકર્તાઓએ ઘટનાક્રમ ફરીથી ઊભો કરવો, ચોક્કસ આરોપીઓને ઓળખવા, પુરાવા સાચવવા અને એવા કેસ તૈયાર કરવા જરૂરી હોય છે જે વર્ષો પછી પણ અદાલતમાં ટકી શકે. ખરગોનના કેસો એ સવાલ ઊભો કરે છે કે, તપાસ આ પ્રક્રિયા સફળતાપૂર્વક કેમ થઈ શકી નહીં. આ સમસ્યા માત્ર ૧૧ આરોપીઓના કેસ સુધી મર્યાદિત નથી. પોલીસ સૂત્રો મુજબ આશરે ૬૦ આરોપીઓ હજુ શોધી શકાયા નથી. જો કે, પોલીસનું કહેવું છે કે, આ તમામ લોકો ધરપકડથી બચી રહ્યા છે એવું જરૂરી નથી. એક અધિકારીએ જણાવ્યું કે, અનેક કેસોમાં આરોપીઓનાં નામ તો નોંધાયા છે પરંતુ પિતાનું નામ, રહેઠાણ કે અન્ય ઓળખચિહ્ન જેવી પૂરતી વિગતો ઉપલબ્ધ નથી. પરિણામે તપાસકર્તાઓ માટે એ વ્યક્તિ ખરેખર કોણ છે અને ક્યાં મળી શકે તે નક્કી કરવું મુશ્કેલ છે. આ બાબત તપાસની મૂળભૂત સમસ્યા તરફ સંકેત કરે છે. રમખાણો પછી કોઈ વ્યક્તિની ઓળખ સ્થાપિત કરવી તાત્કાલિક પરિસ્થિતિમાં કોઈ શંકાસ્પદ વ્યક્તિને ઓળખવા કરતાં ઘણું મુશ્કેલ હોય છે. ખરગોનની હિંસા ૨૦૨૩ની મધ્યપ્રદેશ વિધાનસભા ચૂંટણીના આશરે એક વર્ષ પહેલાં બની હતી. તે સમયે તત્કાલીન મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણે રમખાણકારો સામે કડક કાર્યવાહી કરવાની જાહેરાત કરી હતી. પરંતુ ફોજદારી ન્યાયવ્યવસ્થા અલગ સિદ્ધાંત પર કામ કરે છે. કડક કાર્યવાહી પણ પુરાવા પર આધારિત હોવી જોઈએ. પ્રથમ માહિતી અહેવાલ દોષિત હોવાનો પુરાવો નથી. ધરપકડ દોષિત હોવાનો પુરાવો નથી. આરોપી તરીકે નામ નોંધાવવું પણ દોષિત હોવાનો પુરાવો નથી. રાજ્યએ દરેક વ્યક્તિએ શું કર્યું તે સાબિત કરવું પડે છે. ચાર વર્ષ બાદ પણ એક પણ કેસમાં દોષ સિદ્ધન ન થવું એ ગંભીર ચિંતાનો વિષય છે, જો કે, હજુ આશરે ૨૦ કેસ અદાલતમાં ચાલી રહ્યા હોવાથી સમગ્ર કાર્યવાહી નિષ્ફળ ગઈ હોવાનું કહેવું વહેલું ગણાશે. બાકી રહેલા કેસોમાં ભવિષ્યમાં સજા થઈ શકે છે. તેમ છતાં અત્યાર સુધીની સ્થિતિ તપાસ અને ફરિયાદ પક્ષની કાર્યક્ષમતા અંગે વાજબી સવાલો ઊભા કરે છે. નાગરિક અધિકારો માટે કામ કરતી સંસ્થા દ્વારા આરોપીઓને આપવામાં આવેલી કાનૂની મદદ અંગે પણ ગંભીર દાવા કરવામાં આવ્યા છે. સંસ્થાના એક પ્રતિનિધિના જણાવ્યા મુજબ હિંસામાં હિંદુ અને મુસ્લિમ બંને સમુદાયના લોકો સામેલ હતા પરંતુ ફોજદારી કેસોમાં મુસ્લિમો સામે પ્રમાણથી વધુ કાર્યવાહી કરવામાં આવી હતી અને કેટલાક નિર્દોષ લોકોને પણ જેલમાં મોકલવામાં આવ્યા હતા. આ દાવાઓની સંપૂર્ણ પોલીસ અને અદાલતી નોંધોના આધારે તપાસ જરૂરી છે. જો કે, ૧૧ આરોપીઓની મુક્તિ બાદ એ તપાસવું મહત્ત્વપૂર્ણ બની જાય છે કે, આરોપીઓની પસંદગી કેવી રીતે થઈ, તેમને ચોક્કસ ગુનાઓ સાથે જોડતા કયા પુરાવા હતા અને તપાસકર્તાઓએ વાસ્તવિક ગુનેગારો તથા માત્ર શંકાસ્પદ લોકો વચ્ચે પૂરતો તફાવત કર્યો હતો કે નહીં. રમખાણોના કેસોમાં સાક્ષીઓનો ભય એક ગંભીર સમસ્યા




છે. કોઈ સાક્ષી પાસેથી એવી અપેક્ષા રાખી શકાય નહીં કે તે પોતાના પરિવારની સુરક્ષાને જોખમમાં મૂકી માત્ર આરોપીની ઓળખ કરવા આગળ આવશે. આથી સાક્ષી સુરક્ષા એટલી જ મહત્ત્વપૂર્ણ બની જાય છે.

જો આરોપીઓએ ચહેરા ઢાંક્યા હોય અથવા સાક્ષીઓ ડરના કારણે ઓળખ ન કરી શકે, તો તપાસકર્તાઓ પર સ્વતંત્ર પુરાવા એકત્ર કરવાની જવાબદારી વધી જાય છે. ફૂટેજ, તસવીરો, વૈજ્ઞાનિક પુરાવા, મોબાઈલ ફોનની માહિતી, સ્થળસંબંધિત નોંધો અને અન્ય સહાયક પુરાવાઓ આરોપીની ચોક્કસ ભૂમિકા સાબિત કરવામાં મદદ કરી શકે છે. જો આવા તમામ પુરાવા પૂરતી ગંભીરતાથી તપાસવામાં ન આવે, તો આખરે ફરિયાદ પક્ષ પાસે એવા નિવેદનો સિવાય બહુ ઓછું બચે છે જે ટ્રાયલ દરમિયાન ટકી શકતા નથી. ૧૧ આરોપીઓની મુક્તિને સાવધાનીપૂર્વક સમજવાની જરૂર છે. તેનો અર્થ એ નથી કે તેઓ હકીકતમાં નિર્દોષ જ હતા. તેનો અર્થ એટલો છે કે, ફરિયાદ પક્ષ ફોજદારી કાયદા હેઠળ જરૂરી ધોરણ મુજબ તેમનો ગુનો સાબિત કરી શક્યું નહીં. આ સિદ્ધાંત બંને તરફ લાગુ પડે છે. જો વાસ્તવમાં રમખાણોમાં સામેલ લોકો તપાસની ખામીને કારણે પૂરતા પુરાવાના અભાવે છૂટી જાય, તો પીડિતોને ન્યાય મળતો નથી. બીજી તરફ, જો હિંસામાં સામેલ ન હોય તેવા લોકોને તેમની ઓળખ અને ભૂમિકા યોગ્ય રીતે સ્થાપિત કર્યા વિના આરોપી બનાવવામાં આવે, તો તેમની સાથે પણ અન્યાય થાય છે. બંને પરિસ્થિતિઓ કાયદા પ્રત્યે લોકોનો વિશ્વાસ નબળો પાડે છે. આથી સરકાર જો ૧૧ આરોપીઓની મુક્તિ વિરુદ્ધ અપીલ કરે તો તેની સાથે સમગ્ર ખરગોન તપાસની વ્યાપક સમીક્ષા પણ થવી જોઈએ. ઉચ્ચ અદાલત એ નક્કી કરી શકે છે કે, નીચલી અદાલતે પુરાવાનું મૂલ્યાંકન યોગ્ય રીતે કર્યું હતું કે નહીં પરંતુ તપાસ દરમિયાન એકત્ર ન કરાયેલા પુરાવા પાછળથી અપીલ દ્વારા રજૂ કરી શકાતા નથી. આથી કેટલાક અસ્વસ્થ કરનારા સવાલો હજુ યથાવત છેઃ ઓળખ પરેડ કેમ યોજાઈ નહોતી? જો પોલીસનું માનવું હતું કે, ચહેરા ઢંકાયેલા હોવાથી ઓળખ પરેડનો કોઈ અર્થ નહોતો, તો અન્ય કઈ પદ્ધતિથી આરોપીઓની ઓળખ કરવામાં આવી? દૃશ્ય પુરાવા ઉપલબ્ધ હતા કે નહીં અને તેમાંથી કેટલા અદાલતમાં રજૂ કરી શકાયા? આશરે ૬૦ આરોપીઓ હજુ કેમ શોધાયા નથી? ઘણા આરોપીઓની ઓળખ માટે જરૂરી વિગતો કેમ નોંધાઈ નહોતી? અને હિંસાના ચાર વર્ષ બાદ પણ એકપણ કેસમાં દોષ કેમ સાબિત થયો નથી?

આ પ્રશ્નોના જવાબો મહત્ત્વપૂર્ણ છે, કારણ કે, રમખાણોની તપાસનો હેતુ માત્ર ચોક્કસ સંખ્યામાં ધરપકડ કરવાનો ન હોવો જોઈએ. ચોક્કસ ગુનો કરનાર વ્યક્તિને ઓળખવી અને અદાલતમાં તેનો ગુનો સાબિત કરી શકાય તેવો મજબૂત કેસ તૈયાર કરવો જોઈએ.

રાજકીય વ્યવસ્થા કડક કાર્યવાહીનાં વચનો આપી શકે છે. પોલીસ કેસ નોંધાવી શકે છે. સરકાર નિર્દોષ છૂટેલા આરોપીઓ વિરુદ્ધ અપીલ કરી શકે છે પરંતુ અંતે અદાલતનો સવાલ સરળ હોય છેઃ કોણે શું કર્યું અને તેના પુરાવા ક્યાં છે? ખરગોનમાં હિંસા થઈ હતી તે હકીકત છે. ન્યાયની માંગ પણ એટલી જ વાસ્તવિક છે પરંતુ ન્યાય ત્યારે જ પૂર્ણ થાય જ્યારે હિંસા માટે ખરેખર જવાબદાર લોકોને સજા મળે અને જેમના વિરુદ્ધ જવાબદારી સાબિત ન થઈ શકે તેમને દોષિત ન ઠેરવવામાં આવે. ચાર વર્ષ પછી પણ ખરગોન ફોજદારી ન્યાયવ્યવસ્થા આ બંને જવાબદારીઓ પૂર્ણ કરે તેની લોકો રાહ જોઈ રહ્યા છે. (સૌ.: ધ ક્વિન્ટ.કોમ)

# પુણે : હિન્દુ જૂથે ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડતી કથિત ટિપ્પણી બદલ વિદ્યાનંદ બાપટ સામે FIR નોંધાવવાની માંગ કરી

**હિન્દુ સેવા સંઘે કહ્યું છે કે, ગણેશ ઉત્સવ વિશે વિદ્યાનંદ બાપટે નિવેદનો આપ્યા હતા કે, ગણેશ ઉત્સવ આર્થિક મંદી લાવે છે અથવા તેની ઉજવણી કરવી વ્યર્થ છે અને કોઈ કામ વગરના સ્થાનિક ગુંડાઓ ગુંડાગીરીમાં સામેલ હોય છે. તેમના આવા નિવેદનોથી આપણા સમગ્ર હિન્દુ સમુદાયની લાગણીઓને ઠેસ પહોંચી છે**

(એજન્સી) પુણે, તા.૪

હિન્દુ સેવા સંઘે કોથરૂડ પોલીસને પુણેના રહેવાસી વિદ્યાનંદ બાપટ સામે કેસ નોંધવાની માંગ કરી છે, જેમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે તેમણે ગણેશ ઉત્સવ દરમિયાન હિન્દુ સમુદાયની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડતી ટિપ્પણીઓ કરી હતી. સંઘના પ્રમુખ રોહિત રમેશ માર્ને કોથરુડ પોલીસ સ્ટેશનમાં વરિષ્ઠ પોલીસ નિરીક્ષકને ફરિયાદ નોંધાવી હતી, જેમાં બાપટ સામે તપાસ અને કાનૂની કાર્યવાહીની માંગ કરવામાં આવી હતી. આ સંગઠનના જણાવ્યા અનુસાર, બાપટે જાહેર મંચ પર કથિત રીતે વાંધાજનક નિવેદનો આપ્યા હતા અને ગણેશ ઉત્સવની પૃષ્ઠભૂમિમાં મીડિયા દ્વારા પણ નિવેદનો આપ્યા હતા. સંઘે દાવો કર્યો હતો કે તેમની ટિપ્પણીઓ અશાંતિ અને સામાજિક તણાવ પેદા કરી શકે છે.



**વિદ્યાનંદ બાપટ રત્નાગિરિના ૩૭ વર્ષીય BPO પ્રોફેશનલ છે જે લગભગ આઠ વર્ષથી પુણેના નારાયણ પેઠમાં રહે છે. તેઓ તાજેતરમાં ગણેશોત્સવ દરમિયાન ધ્વનિ પ્રદૂષણ અને ડીજે અને હાઈ-ડેસિબલ લાઉડસ્પીકરના ઉપયોગ સામે અવાજ ઉઠાવવા બદલ ચર્ચામાં આવ્યા હતા**

સંગઠને એવો પણ આરોપ લગાવ્યો છે કે બાપટે "હું બહુમતી પર વિશ્વાસ રાખતો નથી" જેવી દલીલ કરી હતી. તેણે નિવેદનના સંદર્ભમાં અને ભારતીય લોકશાહી પ્રણાલી, બંધારણ અને ડૉ. બી.આર. આંબેડકરના નેતૃત્વ હેઠળ સ્થાપિત લોકશાહી માળખા સાથે તેના કથિત જોડાણની વિગતવાર તપાસની માંગ કરી છે. હિન્દુ સેવા સંઘે પોલીસને ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવા, સામાજિક અશાંતિ પેદા કરવા અને બંધારણ અને લોકશાહી સંસ્થાઓનો કથિત રીતે અનાદર કરવાના આરોપોની તપાસ કરવા અને જો આરોપો સાચા જણાય તો યોગ્ય કાનૂની પગલાં લેવા વિનંતી કરી છે. પુણેમાં ગણેશ ઉત્સવને લગતી પ્રવૃત્તિ અને જાહેર ચર્ચા વચ્ચે આ માગણી કરવામાં આવી છે. હિન્દુ સેવા સંઘના પ્રમુખ રોહિત માર્ને કહ્યું કે, "વિદ્યાનંદ બાપટનું નામ તાજેતરમાં ચર્ચામાં છે. તેમણે ગણેશ ઉત્સવ વિશે, ગણેશ ઉત્સવ આર્થિક મંદી લાવે છે, અથવા તેની ઉજવણી અયોગ્ય છે અને કોઈ કામ વગરના સ્થાનિક ગુંડાઓ ગુંડાગીરી કરે છે તેવા નિવેદનો આપ્યા હતા તેનાથી આપણા સમગ્ર હિન્દુ સમુદાયની લાગણીઓને ઠેસ પહોંચી છે. કેટલાક કિસ્સાઓમાં, તેમણે આ તહેવારની તુલના યાકુબ મેમણ સાથે પણ કરી હતી. આનાથી આપણા બધા હિન્દુ લોકોની લાગણીઓને ઠેસ પહોંચી હતી, તેથી અમે આજે તેમની વિરૂદ્ધ ફરિયાદ નોંધાવવા આવ્યા છીએ. અમે સિનિયર ઈન્સ્પેક્ટરને ફરિયાદ નોંધાવી છે. વિદ્યાનંદ બાપટ રત્નાગિરિના ૩૭ વર્ષીય બીપીઓ પ્રોફેશનલ છે જે લગભગ આઠ વર્ષથી પુણેના નારાયણ પેઠમાં રહે છે. તેઓ તાજેતરમાં ગણેશોત્સવ દરમિયાન ધ્વનિ પ્રદૂષણ અને ડીજે અને હાઈ-ડેસિબલ લાઉડસ્પીકરના ઉપયોગ અંગે વાત કરવા બદલ ચર્ચામાં આવ્યા હતા. બાપટે કહ્યું છે કે તેમનું અભિયાન વધુ પડતા અવાજની વિરૂદ્ધ છે, ગણેશોત્સવ કે કોઈપણ ધર્મ વિરૂદ્ધ નહીં અને તેમણે અન્ય જાહેર કાર્યક્રમોમાં પણ સમાન નિયમો લાગુ કરવાની માંગ કરી છે. તેમણે ધ્વનિ પ્રદૂષણ પર કાર્યવાહી કરવા માટે નાગરિક અધિકારીઓને ફરિયાદો અને રજૂઆતો સબમિટ કરી છે. તેઓ રાજકારણી કે જાહેર વ્યક્તિ નથી; આ તેમની નાગરિક સક્રિયતા અને પોતાના વિચારો છે.

### જન્માષ્ટમીના ખુશીના પર્વે ભડિયાદર ગામમાં માતમ છવાયો

# ઉનાના કંસારી નજીક કાર અને બાઈક અથડાતાં બે યુવકોનાં ઘટનાસ્થળે મોત

ઉના, તા.૪

ઉના તાલુકાના કંસારી ગામ નજીક ભૂતડાદાદાના મંદિર પાસે આજે બપોરના સમયે વેગનઆર કાર અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. અકસ્માત એટલો ગંભીર હતો કે કાર અને બાઈક રોડની સાઈડના પાંચથી વધુ ફૂટ ઊંડા ખાડામાં ધડાકાભેર ખાબક્યાં હતાં. અકસ્મતમાં ભડિયાદર ગામના ૧૮ વર્ષીય કુલદીપ ભાણજીભાઈ સોલંકી અને ૧૮ વર્ષીય જીગર બટુકભાઈ સોલંકીને ગંભીર ઈજાઓ પહોંચી હતી. બંને યુવાનોના ઘટનાસ્થળે જ મોત નીપજતાં સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ હતી. આ બંને યુવાનો ભડિયાદરથી ઉના તરફ બાઈકમાં પેટ્રોલ ભરવા આવી રહ્યાં હતા. અકસ્મતની જાણ થતાં આસપાસના ગ્રામજનો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. અકસ્માતના પગલે રોડ પર ટ્રાફિક જામના દ્દશ્યો પણ સર્જાયા હતા. જીગરનો મૃતદેહ રોડ પર હોવાથી પરિવારજનો ઘટનાસ્થળે પહોંચતાં હ્રદયદ્રાવક આક્રંદના દૃશ્યો જોવા મળ્યા હતા.




પરિવારજનોને એકબીજાને સાંત્વના આપવી પણ મુશ્કેલ બની હતી. બંને યુવાનોના મૃતદેહને ઉના સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. ઘટનાની જાણ થતાં મૃતકોના પરિવારજનો, સગા-સંબંધીઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો હોસ્પિટલ ખાતે પહોંચ્યા હતા. અકસ્મત બાદ કારમાં સવાર લોકો કારને સ્થળ પર જ મૂકીને નીકળી ગયા હોવાની પ્રાથમિક માહિતી સામે આવી છે. બનાવની જાણ થતાં પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને સમગ્ર મામલે તપાસ હાથ ધરી હતી. હાલ જન્માષ્ટમીના તહેવારને લઈને લોકોમાં ઉત્સાહનો માહોલ છે અને ભડિયાદર ગામમાં પણ પરિવારજનો તહેવારની તૈયારીઓમાં વ્યસ્ત હતા. તહેવારના દિવસોમાં બનેલી આ કરુણ ઘટનાથી સમગ્ર કંસારી અને ભડિયાદર પંથકમાં શોકનો માહોલ છવાયો છે.

# રેસિડેન્ટ ડૉક્ટરોની ફરિયાદ પર આરોગ્ય મંત્રીની ત્વરિત કાર્યવાહી : સાઈકાઈટ્રિક વિભાગના એસોસિએટ પ્રોફેસરની તાત્કાલિક બદલી

### વિદ્યાર્થીઓની સુરક્ષા અને સન્માન સાથે કોઈ સમજૂતી નહીં : આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયા

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૪

આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયાએ ગત રોજ વડોદરાની SSG હોસ્પિટલ અને સરકારી મેડિકલ કોલેજની સરપ્રાઈઝ વિઝિટ દરમિયાન મેડિકલ વિદ્યાર્થીઓ સાથે સંવાદ સાધ્યો હતો.

સાઈકાઈટ્રિક વિભાગના રેસીડેન્ડ ડૉક્ટર્સ દ્વારા આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયા સમક્ષ સાયકિયાટ્રી વિભાગના ડૉ. ચિરાગ બારોટ વિરૂદ્ધ લેખિતમાં ગંભીર ફરિયાદો કરવામાં આવી હતી. આ ફરિયાદમાં મેડિકલ કોલેજના R1, R2, R3 અને સિનિયર રેસિડેન્ટ સહિત આશરે ૧૮ જેટલા તબીબોએ આરોપ લગાવ્યો હતો કે, ડૉ. બારોટ દ્વારા તેમની શારીરિક અને માનસિક હેરાનગતિ કરવામાં આવી રહી છે.



આ ઉપરાંત રજૂઆતમાં રેગિંગ, અભદ્ર મેસેજ મોકલવા, કામકાજના સમય પછી પણ અયોગ્ય માગણીઓ કરવી, હોસ્ટેલના રૂમ નંબર પૂછવા તેમજ ચાલુ કામ દરમિયાન અશ્લીલ ટિપ્પણીઓ કરવા જેવા ચોંકાવનારા આક્ષેપો કરાયા છે. આ ઉપરાંત ડૉક્ટરોને થીસીસ અને પરીક્ષામાં ફેલ કરવાની ધમકીઓ અપાતી હોવાનું પણ લેખિત રજૂઆતમાં જણાવાયું છે.

આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયાએ સાઈકાઈટ્રિક વિભાગના રેસીડેન્ડ ડૉક્ટરોની રજૂઆતને અત્યંત ગંભીરતાથી લઈ ત્વરિત અને હકારાત્મક નિર્ણય લીધો હતો. રજૂઆતના ટૂંક જ સમયમાં રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા તાત્કાલિક ધોરણે કાર્યવાહી કરવામાં આવી છે. જે અંતર્ગત ડૉ. ચિરાગ બારોટની સરકારી મેડિકલ કોલેજ, વડોદરાથી તાત્કાલિક અસરથી સરકારી મેડિકલ કોલેજ, ભાવનગર ખાતે બદલી કરવામાં આવી છે.આ મામલે કડક વલણ અપનાવતા આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયાએ જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓ અને તબીબોની સુરક્ષા, માન-સન્માન તથા માનસિક શાંતિ સાથે કોઈ પણ પ્રકારની સમજૂતી કરવામાં આવશે નહીં. રેગિંગ, શારીરિક-માનસિક શોષણ કે ગેરવર્તણૂક સામે રાજ્ય સરકારની 'ઝીરો ટોલરન્સ' નીતિ છે.

તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, વડોદરા મેડિકલ કોલેજના રેસિડેન્ટ ડોક્ટર્સ દ્વારા રજૂ કરાયેલા પુરાવા અને ફરિયાદોને અત્યંત ગંભીરતાથી લઈને તાત્કાલિક ધોરણે કડક કાર્યવાહીના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરિયા દ્વારા આદેશ અપાયા છે. ગુજરાતની કોઈપણ મેડિકલ શૈક્ષણિક સંસ્થામાં આવી અશિસ્ત કે હેરાનગતિ જરાય ચલાવી લેવાશે નહીં અને દોષિતો સામે ભવિષ્યમાં પણ આવી જ કડક કાર્યવાહી કરવામાં આવશે તેમ મંત્રીએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું.

# નડાબેટ બોર્ડર પર રિહર્સલ વેળા મિસફાયરિંગ સેનાના જવાનને પેટમાં ગોળી વાગતાં ગંભીર

### ગંભીર રીતે ઘવાયેલા અન્વરહુસૈનને પ્રાથમિક સારવાર બાદ પાલનપુરની ખાનગી હોસ્પિટલમાં રિફર કરાયા

(સંવાદદાતા દ્વારા)

પાલનપુર, તા.૪

બનાસકાંઠા જિલ્લાના સરહદી સુઈગામ પંથકમાં આવેલા નડાબેટ ભારત-પાકિસ્તાન બોર્ડર પરથી એક ચિંતાજનક સમાચાર સામે આવ્યા છે. નડાબેટ ખાતે સુરક્ષાદળોનું નિયમિત રિહર્સલ ચાલી રહ્યું હતું, તે દરમિયાન અચાનક ફાયરિંગ થતાં અન્વરહુસૈન નામના આર્મી જવાનને પેટના ભાગે સીધી ગોળી વાગી ગઈ હતી. ગોળી વાગતાં જ જવાન લોહીલુહાણ હાલતમાં ઢળી પડ્યા હતા, જેને પગલે કેમ્પમાં ભારે દોડધામ મચી ગઈ હતી.

ઘટના બનતા જ સાથી જવાનો અને ઉચ્ચ અધિકારીઓએ તુરંત બચાવ કામગીરી હાથ ધરી હતી. ગંભીર રીતે ઘવાયેલા જવાન અન્વરહુસૈનને તાત્કાલિક સ્થાનિક સ્તરે પ્રાથમિક સારવાર અપાયા બાદ સ્થિતિ નાજુક જણાતાં તાબડતોબ પાલનપુરની બનાસ મેડિકલ કોલેજ સંલગ્ન જનરલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. ત્યાં ફરજ પરના તબીબોએ જરૂરી પ્રાથમિક સારવાર આપી પરિસ્થિતિ થાળે પાડવાનો પ્રયાસ કર્યો હતો.જોકે, ગોળી પેટના ભાગે ઊંડે ઉતરી ગઈ હોવાથી અને અંદરના અવયવોને ઈજા પહોંચી હોવાની આશંકાએ વધુ સઘન અને અત્યાધુનિક સારવાર માટે તેમને તાકીદે પાલનપુરની જાણીતી ખાનગી મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા



છે.હાલ નિષ્ણાત સર્જનો અને ક્રિટિકલ કેર તબીબોની વિશેષ ટીમ દ્વારા જવાનની દેખરેખ હેઠળ સઘન સારવાર શરૂ કરી દેવામાં આવી છે. ગોળી પોતાના જ હથિયારમાંથી છૂટી કે અન્ય કોઈ સાથીના હથિયારમાંથી મિસફાયરિંગ થયું, તે અંગે સેનાના ઉચ્ચ અધિકારીઓ દ્વારા વિગતે તપાસ હાથ ધરવામાં આવી રહી છે. સરહદ પર બનેલી આ કમનસીબ ઘટનાને પગલે સુરક્ષા વર્તુળોમાં ભારે ચકચાર વ્યાપી ગઈ છે.

## "હું મુકેશ અંબાણી બોલું છું" કહી સુરતના વૃદ્ધ સાથે રૂા.૩૭.૮૫ લાખની છેતરપિંડી

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૪

સુરત શહેરમાં વેસુ વિસ્તારમાં ૭૭ વર્ષીય વૃદ્ધ ખેડૂતને "હું મુકેશ અંબાણી બોલું છું" કહી કંપનીના ફંડમાં રૂા.૨૦ કરોડનું વળતર આપવાની લાલચ આપી રૂા.૩૭.૮૫ લાખ પડાવી લેવાનો હાઈપ્રોફાઈલ સાયબર ફ્રોડ સામે આવ્યું છે.

પોલીસ સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી અનુસાર સાયબર ગઠિયાઓએ વેસુના ૭૭ વર્ષીય ખેડૂતને જાળમાં ફસાવ્યા હતા. ફોન કરનારે પોતાની ઓળખ મુકેશ અંબાણી તરીકે આપી રિલાયન્સ ફંડમાં રોકાણ સામે ૨૦ કરોડના મોટા વળતરની બાંહેધરી આપી હતી. ખેડૂતે ૨ મેથી ૮ જુલાઈ વચ્ચે ટુકડે-ટુકડે ૩૭.૮૫ લાખ ટ્રાન્સફર કર્યા હતા. મુદત પૂરી થતાં વધુ રૂપિયાની માગણી થતાં છેતરાયાનો અહેસાસ થતા મામલો સાયબર ક્રાઈમ સેલમાં પહોંચ્યો છે.

### સરપંચ સંગાર કાનજીભાઈ ગગુની આગેવાનીમાં માંડવીના ટીડીઓને આવેદનપત્ર પાઠવાયું

# કચ્છના ભોજાય ગામમાં ધાર્મિક સ્થાનો નહીં તોડવા સ્થાનિક હિન્દુ-મુસ્લિમોની બુલંદ માંગ

ભૂજ, તા.૪

માંડવી (કચ્છ) તાલુકાના ભોજાય ગામના હિન્દુ-મુસ્લિમ અગ્રણીઓ-ગ્રામજનોએ માંડવી ખાતે તાલુકા વિકાસ અધિકારીને રજૂઆત કરવામાં આવી છે કે ભોજાય ગામ તથા આસપાસ આવેલ ધાર્મિક સ્થાનો (મોટા ભાગે દરગાહો) તોડી પાડવામાં આવશે તેવી જાણ માંડવી તાલુકા પંચાયત કચેરી તથા ગઢશીશા પોલીસ સ્ટેશન મારફત થઈ છે. આ ધાર્મિક સ્થાનો કોઈને નડતરરૂપ નથી અને ભારતની આઝાદીથી અગાઉથી અસ્તિત્વમાં છે અને કોઈ ગ્રામજન કે નાગરિક તરફથી અડચણરૂપ હોવાની કોઈ રજૂઆત નથી તો શા માટે વહીવટી તંત્ર દ્વારા આ ધાર્મિક સ્થાનો તોડી પાડવાના પ્રયાસ થઈ રહ્યા છે.ભોજાય ગ્રામ પંચાયતના સરપંચ સંગાર




(તસવીર : યુસુફ જત, ભૂજ)

કાનજીભાઈ ગગુ દ્વારા TDOને પાઠવામાં આવેલ આવેદનપત્રમાં રજૂઆત કરાઈ છે કે, કચ્છ સુફી સંતોની ધરતી છે, તમામ સમાજના કચ્છીઓ કોમી એકતા ભાઈચારાથી ધાર્મિક તહેવારો ઉજવે છે. આસ્થા ધરાવે છે. રાજાશાહીના સમયથી ગામમાં, સીમમાં દરગાહો, મંદિરો, મસ્જિદો આવેલ છે જે કોઈને અડચણરૂપ નથી અને તે ધર્મસ્થાનો સાથે ગ્રામજનો ગાઢ રીતે જોડાયેલા છે. તેમ છતાં મનસ્વી રીતે આ ધર્મ સ્થાનોને કઈ કાયદાકીય જોગવાઈઓ હેઠળ તોડી પાડવામાં આવી રહ્યા છે. તેવો પ્રશ્ન કરાયો છે એનાથી વિપરિત ગામના સિલેક્ટીવ ધાર્મિક સ્થાનોને તોડી પાડવામાં આવશે તો ગ્રામજનોની ધાર્મિક લાગણી દુભાશે અને આ પસંદગીયુક્ત કાર્યવાહી શાંત જળમાં કાંકરીચાળાનું કામ કરશે માટે ધર્મસ્થાનોને તોડી પાડવાનો મનસૂબો રોકી દેવામાં આવે.

આ આવેદનપત્ર આપતી વેળા ભોજાય ગામના સરપંચ સંઘાર કાનજીભાઈ ગગુ, જાડેજા બાપાલાલ પ્રભાતસિંહ, સંઘાર ભીમજી કેશાભાઈ, સંઘાર રામજી લઘા, સંઘાર છગનભાઈ ઈબ્રાહીમ, સંઘાર હરેશ લઘા, સંઘાર મોહન લક્ષ્મીચંદ, સંઘાર હિરેન મુરજી, સંઘાર સુરેશ વેલજી, ઓમદેવસિંહ સુરૂભા જાડેજા, મહેશ્વરી ચેતન, સંઘાર ઈસ્માઈલ આમદ (ડાડાભાઈ), સંઘાર અલીમામદ આમદ, સંઘાર સિદ્દીક આમદ, લુહાર મજીદભાઈ ઓસમાણ, લુહાર ઈમ્તિયાઝ ગનીભાઈ, લુહાર અસલમભાઈ ગનીભાઈ, મિયાજી આમદ ઈબ્રાહીમ, કુંભાર અબ્બાસ ઓસમાણ, કુંભાર ફકીરમામદ, મામદ મહેશભાઈ દાનિસંગ ચૌહાણ, કુંભાર હુસેન મામદ, ઉઠાર હસન ઈશાક, મિયાજી સિદ્દીક ઈબ્રાહીમ, લઘા હુસેન ઉમર, લઘા હાજીમામદ ઉમર (રજાક લંઘા), નિરવભાઈ મિસ્ત્રી, સંઘાર જુસબ બાબુભાઈ, દીપકભાઈ મિસ્ત્રી સહિત ભોજાય ગામના ગ્રામજનો તેમજ જૈન સમાજ, સંઘાર સમાજ, મહેશ્વરી સમાજ, દરબાર સમાજ, કોળી સમાજ મુસ્લિમ અને સમાજ સહિત સર્વ સમાજના આગેવાનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## ડભોઈના થરવાસા-નડા માર્ગ પર ઝાડી-ઝાંખરા અને ખાડાઓનું સામ્રાજ્ય

(સંવાદદાતા દ્વારા) ડભોઈ, તા.૪

ડભોઈ તાલુકાના ગ્રામ્ય અને અંતરિયાળ વિસ્તારોને જોડતા માર્ગો હાલ તંત્રની ઘોર ઉપેક્ષાનો ભોગ બની રહ્યા છે. થરવાસાથી નડા તરફ જતા મહત્ત્વના માર્ગની બંને બાજુએ મોટા પ્રમાણમાં કાંટાળા ઝાડી-ઝાંખરા ઊગી નીકળતા માર્ગ અત્યંત સાંકડો બની ગયો છે. આ સાથે રસ્તા પર ઠેર-ઠેર પડેલા ખાડાઓને કારણે વાહનચાલકો અને રાહદારીઓને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. સામસામે વાહનો આવતા અકસ્માતનો સતત ભય સ્થાનિક રહીશો અને વાહનચાલકોના જણાવ્યા મુજબ રસ્તાની બંને તરફ બાવળ અને ઝાડીઓ એટલી હદે વધી ગઈ છે કે માર્ગની પહોળાઈ અડધી થઈ ગઈ છે. જ્યારે સામેથી અચાનક બીજું વાહન આવી ચડે ત્યારે સાઈડ આપવા માટે જગ્યા બચતી નથી. જેના કારણે વાહનો ઝાડીઓમાં ઉતારવા પડે છે અથવા ટ્રાફિક જામ સર્જાય છે. વળાંકો પર સામેથી આવતું વાહન ન દેખાવાને કારણે નાના-મોટા અકસ્માતોની સંભાવના સતત રહે છે. ઉપરાંત રસ્તા પર પડેલા ખાડાઓને કારણે દ્વિચક્રી અને ચાર પૈડાંવાળા વાહનોને મોટું નુકસાન થઈ રહ્યું છે. થરવાસા-નડા રોડ પરથી રોજિંદા નોકરિયાતો, ખેડૂતો અને વિદ્યાર્થીઓ અવરજવર કરે છે, જેમને દરરોજ જોખમી મુસાફરી કરવી પડે છે સ્થાનિક ગ્રામજનોની માંગ છે કે, માર્ગ અને મકાન વિભાગ તેમજ સ્થાનિક વહીવટી તંત્ર તાત્કાલિક કુંભકર્ણ નિંદ્રામાંથી જાગીને રસ્તાની બંને બાજુ ઊગી નીકળેલા ઝાડી-ઝાંખરાનું કટિંગ કરાવે અને રસ્તાનું યોગ્ય પેચવર્ક કરી માર્ગને સુગમ બનાવે એ જરૂરી છે.

## વેરાવળ ખારવા સમાજના ચોથીવાર પ્રમુખ ચૂંટાતા આગેવાનો દ્વારા સન્માન



(સંવાદદાતા દ્વારા)

પ્રભાસપાટણ, તા.૪

પ્રભાસ પાટણ અને વેરાવળના પૂર્વ કાઉન્સિલરો અને આગેવાનો એ વેરાવળ સમસ્ત ખારવા સમાજ (ફાઉડેશન) વંડી અને વેરાવળ સમસ્ત ખારવા સમાજના પટેલ પ્રમુખ ધામજીભાઈ રામજીભાઈ ફોફંડીતરીકે સતત ચોથી વખત બિનહરીફ ચૂંટાવા બદલ આગેવાનો દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.

સન્માનિતમાં વેરાવળ પાટણ ડ્રાયફીશ એસોસિએશન પ્રમુખ ગુલામ ખાન તથા ઘાંચી સમાજના પૂર્વ પટેલ હારૂનભાઈ ગોહેલ, વેરાવળ પાટણ નગરપાલિકા પૂર્વ નગરસેવક સાહિલભાઈ શેખુ, ફારૂકભાઈ કાલવાણીયા, યાસીનભાઈ ભાદરકા, અહમદભાઈ સોપારીવાળા, ઝૂપડા એસોસિયેશનના હનીફભાઈ વિધાતા, અમીનભાઈ રોબિન, આસિફભાઈ પાયા દ્વારા પુષ્પગુચ્છ અને હાર તોરા કરી ને સન્માન કરવામાં આવ્યું હતું.

## રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા ટેટ પરીક્ષાથી મુક્તિ માટે આંદોલન

(સંવાદદાતા દ્વારા) ડભોઈ, તા.૪

ગુજરાત રાજ્ય શિક્ષક સંઘ દ્વારા જૂની પેન્શન યોજના લાગુ કરવા તથા ટેટ પરીક્ષામાંથી મુક્તિ માટે આંદોલનનો માર્ગ અપનાવ્યો છે. આધાર ભૂત સૂત્રોમાંથી જાણવા મળ્યાં મુજબ ગુજરાત રાજ્ય શિક્ષક સંઘ દ્વારા જૂની પેન્શન લાગુ કરવા સરકારમાં રજૂઆત કરી રહ્યા છે. આંદોલનના ભાગ રૂપે તા.૫ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ 'બ્લેક બેજ' યોજાવાની છે. જેમાં શિક્ષકો દ્વારા કાળી પટ્ટી બાંધી ટેટ પરીક્ષાનો વિરોધ કરવામા આવશે. એ સાથે ૬થી ૯ ઓકટોબર ૨૦૨૬ના રોજ દિલ્હી જંતર મંતર ખાતે ઝોનલ ધરણાંનું આયોજન કરવામાં આવેલ છે. સાથે-સાથે ૫ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ શિક્ષક દિવસ પણ હોય રાજ્યના તમામ શિક્ષકો કાળી પટ્ટી ધારણ કરવા નક્કી કરવામાં આવેલ છે. શિક્ષકો વ્યાજબી માગણીઓ ઉજાગર કરવાનું બેઠક કરવામાં આવશે

### TET પરીક્ષામાંથી મુક્તિ માટે માગણી

ટેટ આદેશથી પ્રભાવિત શિક્ષકો પણ કાયદાકીય અને નિતિગત હસ્તક્ષેપ કરવા, આર.ટી.ઈ. કાયદાના અમલીકરણ પહેલા નિયુક્ત શિક્ષકો યોગ્ય સુધારા અને રાહત પગલાં તથા જૂની પેન્શન યોજના તાત્કાલિક પનઃ સ્થાપિત કરવા માટે સંસદના શિયાળુ સત્ર દરમિયાન દિલ્હીમાં વિશાળ રાષ્ટ્રીય ધરણાનું આયોજન કરવામાં આવશે. AIPTF દ્દઢ પણે માને છે કે, આ સંઘર્ષ ભારત ભરના લાખો શિક્ષકોના ગૌરવ, સેવા, સુરક્ષા, પેન્શન અધિકારો અને વ્યવસાયિક ભવિષ્ય સાથે સંબંધિત છે. ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ તાલુકા સ્તરે આ પ્રશ્ને ગતિશીલતા લાવવા પ્રયત્નશીલ છે.

# સુરતમાં બિલ્ડર સાથે રૂા.૨.૧૨ કરોડની ઠગાઈ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૪

સુરતના યોગીચોક વિસ્તારમાં બાંધકામ રાખતા બિલ્ડર સાથે રૂપિયા ૨.૧૨ કરોડની છેતરપિંડી થઈ હોવાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાતા ચકચાર મચી ગઈ છે. અગાઉ આપેલા મકાનોના બાંધકામની રકમ ચૂકવ્યા વિના જ ફરિયાદીને વિશ્વાસમાં લઈ વધુ મકાનોનું કામ આપી નોટરી સમક્ષ ખોટા સમજુતી કરાર કરી આ ઠગાઈ આચરવામાં આવી હોવાનું સામે આવ્યું છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ આરોપી ભાવેશભાઈ અશોકભાઈ ભિંગરાડિયા રહે. એ-૧૧૮, તુલસી દર્શન સોસાયટી યોગીચોક, સુરત. મૂળ રહે. ટીંબીગામ, તા. ઉમરાળા, જિ. ભાવનગરએ વર્ષ ૨૦૨૩માં આ કામના ફરિયાદીને ૧૯ મકાનોના બાંધકામનું કામ આપ્યું હતું. આ ૧૯ મકાનોના બાંધકામ પેટે કુલ રૂા.૮૭,૫૦,૯૦૦/- ચૂકવવાના થતાં હતા. જેમાંથી આરોપીએ રૂા.૩૫,૪૮,૯૦૦/- ચૂકવ્યા હતા અને બાકી નીકળતા રૂા.૫૨,૦૨,૦૦૦/- થોડા સમયમાં આપી દેવાનો ભરોસો આપી ફરિયાદીને વિશ્વાસમાં લીધા હતા. ત્યારબાદ ગત તા.૨૬/૪/૨૦૨૩ના રોજ આરોપીએ ફરિયાદીને અન્ય ૩૯ મકાનોના બાંધકામનું કામ સોંપ્યું હતું. જેમાં એવી શરત રાખવામાં આવી હતી કે, એક મકાન દીઠ એડવાન્સ પેટે રૂા.૭૦,૦૦૦/- આપવાના રહેશે. આ બાબતે ચિઠ્ઠીમાં લખાણ પણ કરવામાં આવ્યું હતું. તેમ છતાં આરોપીએ એક પણ રૂપિયો આપ્યો ન હતો. તપાસમાં બહાર આવ્યું છે કે, આરોપીએ ફરિયાદીને પૈસા ન ચૂકવવા પડે તે માટે અગાઉથી જ ઠગાઈ કરવાના ઈરાદે નોટરી એડવોકેટ પાસે ફરિયાદી અને પોતાની વચ્ચે પરસ્પર સમજુતી કરાર બનાવડાવ્યો હતો. આ સમજુતી કરાર બાદ પણ તા. ૧૦/૧/૨૦૨૪ સુધીમાં આરોપીએ કોઈ રકમ ચૂકવી ન હતી.

# મહેમદાવાદ પોલીસ સ્ટેશનમાં ચાર સામે છેતરપિંડીનો ગુનો દર્જ

(સંવાદદાતા દ્વારા) નડિયાદ, તા.૪

મહેમદાવાદની શ્રી અંબિકા ઓઈલ કેક ઈન્ડસ્ટ્રીઝના ભાગીદારોની અજાણતામાં ખોટા ભાડા કરાર તૈયાર કરી સરકારી કચેરીઓ અને બેંકમાં રજૂ કરી છેતરપિંડી આચરવા અંગે ચાર શખ્સો સામે મહેમદાવાદ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ ભૂપેન્દ્રભાઈ મનુભાઈ શેઠ (ઉં.વ. ૭૪, રહે. ૮૭, નવજીવન સોસાયટી, સ્ટેશન રોડ, મહેમદાવાદ) અને તેમના ભાઈઓ સંયુક્ત રીતે ખાત્રજ ગામની સીમમાં 'શ્રી અંબિકા ઓઈલ કેક ઈન્ડસ્ટ્રીઝ' નામથી ભાગીદારી પેઢી ચલાવે છે. આરોપીઓએ ૧૭ ઓગસ્ટ ૨૦૨૦ના રોજ ફરિયાદી તથા તેમના સ્વર્ગસ્થ ભાઈ જયેશભાઈ મનુભાઈ શેઠના ફોટોગ્રાફ મેળવી, તેમની ખોટી સહીઓ કરી 'ધી સરદાર શાકભાજી ઉત્પાદક સહકારી મંડળી લિમિટેડ' નામે નોટરી રૂબરૂ બોગસ ભાડા કરાર બનાવ્યો હતો. આ બોગસ દસ્તાવેજનો ઉપયોગ ખેડા જિલ્લા રજિસ્ટ્રાર કચેરી, જી.એસ.ટી. ઓફિસ અને બેંક ઓફ બરોડાની મહેમદાવાદ શાખામાં ખાતું ખોલાવવા માટે કરવામાં આવ્યો હતો. ફરિયાદીને આ અંગે જાણ થતાં તેઓ પૂછપરછ કરવા જતાં આરોપીઓએ તેમને ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. આ મામલે ફરિયાદીએ કોર્ટમાં અરજી કરતાં, મહેમદાવાદ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટના સી.આર.પી.સી. કલમ ૧૫૬(૩) મુજબના હુકમના આધારે પોલીસે ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે આરોપી. રાજેશભાઈ મનુભાઈ શેઠ (રહે. ૩૫, નવજીવન સોસાયટી, મહેમદાવાદ, જી. ખેડા), સૌનક મુકેશભાઈ પટેલ (રહે. ૯, ગુરુ ગોવિંદબાગ સોસાયટી, ખોખરા, અમદાવાદ), નિસર્ગ રાજેશભાઈ શેઠ (રહે. ૩૫, નવજીવન સોસાયટી, મહેમદાવાદ, જી. ખેડા) અને મેહુલ ઉપેન્દ્રભાઈ શાહ (રહે. પારસકુઈ, મહેમદાવાદ, જી. ખેડા) સામે ગુનો દાખલ કર્યો છે.

# વડોદરા : સેનેટ સભ્ય કપીલ જોષીએ PM મોદીને પત્ર લખી કાર્યક્રમ સ્થળના મેદાનનો નિર્ણય તાકીદે બદલવા રજૂઆત કરી

### MS યુનિવર્સિટી પેવેલિયનને કાર્યક્રમ માટે ફાળવવાના નિર્ણયનો વિરોધ

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૪

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઓફ બરોડાના પેવેલિયન રમતના મેદાનને આગામી ૮ સપ્ટેમ્બરના રોજ યોજાનારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રેલવે સંબંધિત કાર્યક્રમ માટે ફાળવવામાં આવતા વિવાદ સર્જાયો છે. યુનિવર્સિટીના સેનેટ સભ્ય કપીલ જોષીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને પેવેલિયન મેદાનનો કાર્યક્રમ માટે ઉપયોગ કરવાનો નિર્ણય તાકીદે બદલવા માંગ કરી છે. કપીલ જોષીએ પત્રમાં જણાવ્યું છે કે એમ.એસ. યુનિવર્સિટીનું પેવેલિયન લાંબા સમયથી વિદ્યાર્થીઓ અને ખેલાડીઓ માટે રમતગમતની પ્રેક્ટિસનું મહત્વનું મેદાન છે. આગામી દિવસોમાં આંતર-યુનિવર્સિટી સ્પર્ધાઓ તેમજ 'ખેલે ગુજરાત' અંતર્ગત ખેલ મહાકુંભની વિવિધ સ્પર્ધાઓ યોજાવાની હોવાથી સેંકડો વિદ્યાર્થીઓ આ મેદાન પર પ્રેક્ટિસ કરી રહ્યા છે. જોકે વડાપ્રધાનના કાર્યક્રમ માટે મેદાનનો કબજો લેવામાં આવતા વિદ્યાર્થીઓની પ્રેક્ટિસ અટકી ગઈ હોવાનું તેમણે જણાવ્યું છે. તેમણે અગાઉના એક પ્રસંગનો ઉલ્લેખ કરતાં જણાવ્યું કે પેવેલિયન મેદાન પર જાહેર કાર્યક્રમ યોજાયા બાદ સામાન હટાવતી વખતે મેદાનમાં રહેલી ખીલીઓ અને મોટા ખીલાઓના કારણે વિદ્યાર્થીઓ અને ખેલાડીઓને ઈજાઓ થઈ હતી. આ ઘટનાને પગલે યુનિવર્સિટીના સત્તા મંડળો દ્વારા પેવેલિયનના રમતના મેદાનને રમત સિવાયના કાર્યક્રમો માટે ફાળવવામાં નહીં આવે તેવો ઠરાવ કરવામાં આવ્યો હોવાનું પણ પત્રમાં જણાવાયું છે. કપીલ જોષીએ પત્રમાં જણાવ્યું છે કે, વડોદરામાં જાહેર કાર્યક્રમો માટે અન્ય અનેક મેદાનો ઉપલબ્ધ છે. તેમ છતાં એમ.એસ. યુનિવર્સિટીના પેવેલિયનને પસંદ કરવાથી વિદ્યાર્થીઓ અને રમતવીરોમાં નારાજગી ઊભી થઈ શકે છે. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ મેદાનની સંપૂર્ણ સફાઈ અને વ્યવસ્થા પુનઃસ્થાપિત કરવામાં પણ સમય લાગશે, જેના કારણે ખેલાડીઓની પ્રેક્ટિસ વધુ દિવસો સુધી અટકી શકે તેવી ચિંતા તેમણે વ્યક્ત કરી છે. તેમણે વધુમાં જણાવ્યું કે, 'યુનિવર્સિટીના સત્તાધીશો રમતના મેદાનને રાજરમતનું મેદાન બનાવી રહ્યા છે.' વડાપ્રધાન રમતપ્રેમી અને શિક્ષણપ્રેમી હોવાના નાતે વિદ્યાર્થીઓ અને રમતવીરોની મુશ્કેલીને સમજીને કાર્યક્રમ માટે વૈકલ્પિક સ્થળ પસંદ કરે તેવી તેમણે અપીલ કરી છે.

### અમદાવાદમાં અન્ય ગુનામાં પકડાતા ભાંડો ફૂટ્યો

# અડાજણની જ્વેલર્સની દુકાનમાંથી રૂા. ૨.૬૩ કરોડના દાગીના ખરીદી પેમેન્ટ ચૂકવ્યા વગર ફરાર દંપતી સામે ૧૦ વર્ષે ગુનો નોંધાયો

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૪

સુરત શહેરના અડાજણ વિસ્તારમાં આવેલી જ્વેલર્સની દુકાનમાંથી વર્ષ ૨૦૧૬માં રૂપિયા ૨.૬૩ કરોડની કિંમતના સોનાના દાગીના ખરીદી, તેના નાણાં ચૂકવ્યા વિના રાતોરાત ઘર છોડી નાસી ગયેલા ભાવનગરના વતની અને હાલ અમદાવાદ રહેતા દંપતી સામે અડાજણ પોલીસ મથકમાં છેતરપિંડી ગુનો નોંધી તપાસ હાથ ધરવામાં આવી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળતી વિગતો અનુસાર રાજેશભાઈ રજનીકાંતભાઈ પરીખ અડાજણ ખાતે ઓમ એન્ડ કો.નામની પેઢી ધરાવે છે. વર્ષ ૨૦૧૬માં આરોપી અનિલભાઈ ભીખાભાઈ વિભાણી અને તેની પત્ની વિમ્મીબેન અનિલભાઈ વિભાણી બંને રહે. ઘર નં.૨૦૨, વેરાન્ટીસ એપાર્ટમેન્ટ, થલતેજ, અમદાવાદ. મૂળ રહે. રાજતિલક બિલ્ડીંગ, ભાવનગરનાઓએ આ જ્વેલર્સ શોપમાંથી રૂા. ૨.૬૩ કરોડથી વધુની કિંમતના સોનાના દાગીના ખરીદ્યા હતા.દાગીના ખરીદ્યા બાદ આરોપીઓએ પેમેન્ટ ચૂકવ્યું ન હતું. આ દરમિયાન દેશમાં નોટબંધી આવતા આરોપીઓએ જ્વેલર્સના માલિકને જણાવ્યું હતું કે, 'થોડા દિવસ થોભી જાઓ, ત્યારબાદ તમારા રૂપિયા ચૂકવી દઈશું.' જો કે, થોડા દિવસો બાદ તપાસ કરતા આરોપી દંપતી પોતાના પરિવાર સાથે સુરતનું ઘર છોડી, સોનાના દાગીના લઈ ક્યાંક નાસી ગયું હતું. ઘણો સમય શોધખોળ કરવા છતાં તેમનો કોઈ અતોપતો લાગ્યો ન હતો. આ ઘટના બાદ વર્ષ ૨૦૧૭-૧૮માં જ્વેલર્સના માલિક રાજેશભાઈ પરીખ વિદેશ જતા રહ્યા હતા અને ત્યાં જ સ્થાયી થયા હતા. ચાલુ વર્ષે જૂન-૨૦૨૬માં રાજેશભાઈ વિદેશમાં હતા, ત્યારે તેમને ન્યૂઝ માધ્યમો દ્વારા જાણવા મળ્યું હતું કે આ ગુનાના આરોપી અનિલ વિભાણી અને તેની પત્ની અમદાવાદ ખાતે અન્ય એક ગુનામાં પોલીસ હાથે પકડાયા છે. આ જાણકારી મળતા જ જ્વેલર્સ માલિક તાબડતોબ ભારત પરત ફર્યા હતા અને અડાજણ પોલીસ સ્ટેશનમાં આ અંગે અરજી આપી હતી. આ મામલે જ્વેલર્સના કર્મચારી દ્વારા અડાજણ પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઈન્સ્પેક્ટર ડી.એલ.યાદવ સમક્ષ રૂબરૂ ફરિયાદ નોંધાવવામાં આવતા પોલીસે કાયદેસરનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# જંતર મંતર ખાતે ફેસિયલ રેકગ્નિશન સિસ્ટમે એવા ૨૫ લોકોને 'ઓળખી કાઢ્યા' જેઓ પોલીસના જણાવ્યા મુજબ જેલમાં હતા : રિપોર્ટ

(એજન્સી) તા.૪

દિલ્હીના જંતર મંતર ખાતે યુવા વિરોધ પ્રદર્શન દરમિયાન પોલીસે વાપરેલી ફેસિયલ રેકગ્નિશન સિસ્ટમ (FRS) પર મોટો સવાલ ઊભો થયો છે. 'ધ ઇન્ડિયન એક્સપ્રેસ'ના એક રિપોર્ટ અનુસાર, પોલીસે સોંપેલા ડેટામાં જે ૨,૮૭૩ લોકોને ગુનાહિત રેકોર્ડ ધરાવતા હોવાનું દર્શાવીને પ્રદર્શન સ્થળે ટેક્નોલોજી દ્વારા ઓળખી કાઢવામાં આવ્યા હતા, તેમાંથી ૨૫ વ્યક્તિઓ એવા હતા જે સરકારી અને કોર્ટના રેકોર્ડ મુજબ તે સમયે જેલમાં જ બંધ હતા. આ માહિતીથી પોલીસ કાર્યવાહી અને ટેક્નોલોજીના ઉપયોગ પર ગંભીર શંકાઓ ઉપજી રહી છે. ગત ૨૦ જુલાઈના રોજ સંસદ તરફ માર્ચ કરી રહેલા આંદોલનકારીઓ પર પોલીસે કરેલા કથિત અતિશય બળપ્રયોગ મામલે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી ચાલી રહી છે. આ સુનાવણી દરમિયાન ૧૭ ઓગસ્ટે દિલ્હી પોલીસે કોર્ટમાં એક સોગંદનામું રજૂ કર્યું હતું. પોલીસે જણાવ્યું હતું કે તેમણે ફેસિયલ રેકગ્નિશન સોફ્ટવેર દ્વારા વિરોધ પ્રદર્શન સ્થળે એવા લોકોને ચિહ્નિત કર્યા છે જેમના ચહેરા પોલીસ ડેટાબેઝમાં રહેલા ગુનાહિત રેકોર્ડ સાથે મેચ થતા હતા. જોકે, આ યાદીમાં દર્શાવેલા લોકો આરોપી છે, દોષિત છે કે માત્ર કેસમાં નામ ધરાવે છે તે બાબતે પોલીસે સ્પષ્ટતા કરી નહોતી. તપાસ દરમિયાન જાણવા મળ્યું છે કે જે ૨૫ લોકો જેલમાં હોવા છતાં વિરોધ પ્રદર્શનમાં હાજર હોવાનું સોફ્ટવેરે દર્શાવ્યું હતું, તેમાંના ૧૭ લોકો પર હત્યા, ૪ લોકો પર દુષ્કર્મ અને અન્ય ૪ લોકો પર હત્યાના પ્રયાસ જેવા ગંભીર ગુનાઓ નોંધાયેલા છે. આ બાબતે દિલ્હી પોલીસે પોતાની સફાઈ આપતા જણાવ્યું હતું કે માત્ર ફેસિયલ રેકગ્નિશનના પરિણામોના આધારે



## પોલીસે ૨,૮૭૩ લોકોના ગુનાહિત રેકોર્ડ હોવાનો દાવો કર્યો; સુપ્રીમ કોર્ટની કાર્યવાહી વચ્ચે ટેક્નોલોજીની સચોટતા પર ગંભીર સવાલો ઊભા થયા

સીધી કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી. ટેક્નોલોજી દ્વારા મેચ મળ્યા બાદ ક્ષેત્રીય તપાસ (ફીલ્ડ વેરિફિકેશન) કરવામાં આવે છે અને જો વ્યક્તિ ખરેખર સ્થળ પર હાજર હોવાનું સાબિત થાય તો જ આગળના પગલાં લેવાય છે. હાલ આ મામલે વધુ તપાસ ચાલુ હોવાનું પોલીસે ઉમેર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૨૨માં એક માહિતી અધિકાર (RTI)ના જવાબમાં પોલીસે સ્વીકાર્યું હતું કે જો ફેસિયલ રેકગ્નિશન સિસ્ટમમાં ૮૦% સચોટતા મળે તો જ તેઓ તેને 'પોઝિટિવ મેચ' ગણે છે. જોકે, કેમેરાનો એંગલ, લાઈટિંગ, ઈમેજ ક્વોલિટી, માસ્ક અને સિસ્ટમના એલ્ગોરિધમ જેવા પરિબળો પરિણામ પર મોટી અસર પાડે છે. બીજી તરફ, કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં અરજી કરીને યુવા આંદોલન સંબંધિત તમામ અગાઉની એફઆઈઆર (FIR) રદ કરવાની માંગ કરી હતી, પરંતુ સાથે જ સ્પષ્ટ કર્યું હતું કે વિરોધ સ્થળેથી ઓળખાયેલા ૨,૮૭૩ ગુનાહિત રેકોર્ડ ધરાવતા લોકો સામે તપાસ ચાલુ રહેશે. સરકારે 'શારીરિક નુકસાન અથવા સંપત્તિના વિનાશ' પર ધ્યાન કેન્દ્રિત કરીને આ લોકો સામે એક નવી, સિંગલ FIR નોંધવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. મંગળવારે સર્વોચ્ચ અદાલતે સરકારને આ પ્રસ્તાવ સાથે આગળ વધવાની મંજૂરી આપી હતી અને આંદોલન સંબંધિત અન્ય તમામ એફઆઈઆર રદ કરવાનો આદેશ આપ્યો હતો. આ કોર્ટના નિર્ણય બાદ, 'કોકરોચ જનતા પાર્ટી' દ્વારા શનિવારે યોજાનારી માર્ચનું આહ્વાન પાછું ખેંચી લેવામાં આવ્યું છે. આ પાર્ટીએ અગાઉ કેન્દ્ર સરકાર પર ૨૫ જુલાઈના પોતાના વચનો પાળવામાં નિષ્ફળ જવાનો આરોપ લગાવ્યો હતો. આ વચનો અંતર્ગત ભાજપ કે તેના સહયોગી પક્ષોની સરકાર ધરાવતા રાજ્યોમાં પ્રદર્શનકારીઓ સામે ભવિષ્યમાં કે હાલમાં કોઈ દંડાત્મક કાર્યવાહી નહીં કરવાની માંગ શામેલ હતી. ઉલ્લેખનીય છે કે, આ યુવા વિરોધ પ્રદર્શનની શરૂઆત ૯ જૂને થઈ હતી, જ્યારે કોકરોચ જનતા પાર્ટીએ તત્કાલીન કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માંગ સાથે જંતર મંતર પર પ્રદર્શન શરૂ કર્યું હતું. ૨૦ જુલાઈએ, સામાજિક કાર્યકર સોનમ વાંગચુક (જેઓ ત્રણ અઠવાડિયાથી ભૂખ હડતાળ પર હતા)ને પોલીસે બળજબરીપૂર્વક હોસ્પિટલમાં ખસેડ્યાના બે દિવસ બાદ હજારો યુવાનો આ વિરોધમાં જોડાયા હતા. સંસદ તરફની માર્ચ દરમિયાન પોલીસના લાઠીચાર્જ, ટીઅર ગેસ અને પેલેટ ગનના ઉપયોગથી ડઝનબંધ લોકો ઘાયલ થયા હતા. આ ઘટના બાદ સમગ્ર દેશમાં આક્રોશ ફેલાયો હતો, જેના પરિણામે ૨૫ જુલાઈએ ધર્મેન્દ્ર પ્રધાને પોતાના પદ પરથી રાજીનામું આપવું પડ્યું હતું.

## 'ઉલ્લેખિત લોકોપૈકી ૨૫ તો પહેલાથી જ જેલમાં છે': કોંગ્રેસે દિલ્હી પોલીસના ચહેરા દ્વારા ઓળખવાની સિસ્ટમ અંગે પ્રશ્ન કર્યો

**કોંગ્રેસના નેતા પવનખેરાએ દિલ્હી પોલીસ પર સવાલ ઉઠાવ્યા છે, જ્યારે તેની ચહેરા ઓળખવાની સિસ્ટમ દ્વારા જંતર-મંતરના વિરોધ પ્રદર્શનમાં એવા ઓછામાં ઓછા ૨૫ લોકો હાજર હોવાનું જાણવા મળ્યું છે, જેઓ જેલમાં હતા**

(એજન્સી) તા.૪

એક અહેવાલમાં જાણવા મળ્યું છે કે જંતર-મંતરના વિરોધ પ્રદર્શનમાં તેની ચહેરા ઓળખવાની સિસ્ટમ દ્વારા હાજર ઓછામાં ઓછા ૨૫ લોકો ખરેખર તે સમયે જેલમાં હતા, ત્યારબાદ કોંગ્રેસના નેતા પવનખેરાએ દિલ્હી પોલીસ પર સવાલ ઉઠાવ્યા છે. ખેરાએ આને 'અસાધારણ અને ખૂબ જ ખલેલ પહોંચાડનારી' વાત ગણાવી હતી, અને કહ્યું હતું કે તેનાથી દિલ્હી પોલીસ દ્વારા ઉપયોગમાં લેવાતી ટેક્નોલોજી અથવા વિરોધ સ્થળ પર લોકોની ઓળખ કરવાની પ્રક્રિયા પર પ્રશ્નો ઉભા થયા છે. આ અસાધારણ અને ખૂબ જ ચિંતાજનક છે. દિલ્હી પોલીસની ચહેરા ઓળખવાની સિસ્ટમે જંતર-મંતર વિરોધ પ્રદર્શનમાં હાજર રહેલા ઓછામાં ઓછા ૨૫ લોકોને હત્યા, બળાત્કાર અને હત્યાના પ્રયાસના આરોપી છે ભલે તેઓ ખરેખર જેલમાં હતા. તે અંગે ફક્ત બે શક્યતાઓ છે, અને બંને ખૂબ જ ચિંતાજનક છે : ૧. ટેક્નોલોજી અવિશ્વસનીય છે. દિલ્હી પોલીસ દિલ્હી અને દેશભરમાં વિરોધીઓને ઓળખવા અને સંભવિત રીતે લક્ષ્ય બનાવવા માટે જે સિસ્ટમનો ઉપયોગ કરી રહી છે તે જ સિસ્ટમ એટલી ખામીયુક્ત છે કે તે એવા લોકોને ઓળખી રહી છે જેઓ વિરોધ પ્રદર્શનમાં પણ ન હતા. ૨. ટેક્નોલોજી એ સમસ્યા નથી. પોલીસ સમસ્યા છે. હિંસા ભડકાવવા, અવ્યવસ્થા પેદા કરવા અને વિદ્યાર્થીઓના હેતુને બદનામ કરવા માટે ગુનેગારો અને ગુંડાઓને ઈરાદાપૂર્વક વિરોધ સ્થળ પર લાવવામાં આવ્યા હતા. જો ટેક્નોલોજી આટલી અવિશ્વસનીય છે, તો દિલ્હી પોલીસ તેનો ઉપયોગ પ્રદર્શનકારીઓની પ્રોફાઈલ બનાવવા માટે કેમ કરી રહી છે? અને જો ટેક્નોલોજી સચોટ છે, તો જે લોકો જેલમાં હતા તેમને જંતર-મંતર પર પ્રદર્શનકારીઓ તરીકે કેવી રીતે ઓળખવામાં આવ્યા ? દિલ્હી પોલીસ બંને રીતે તેનો જવાબ આપી શકતી નથી. તે દેશને જવાબ આપવા માટે બંધનકર્તા છે. આ મુદ્દો ૨૦થી ૨૬ જુલાઈ દરમિયાન જંતર-મંતર પર યોજાયેલા વિદ્યાર્થી વિરોધ પ્રદર્શન સાથે સંબંધિત છે. દિલ્હી પોલીસે સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે તેની ફેશિયલ રેકગ્નિશન સિસ્ટમ (FRS)એ વિરોધ સ્થળ પર કથિત ગુનાહિત ભૂતકાળ ધરાવતા ૨,૮૭૩ લોકોની ઓળખ કરી છે.

# હિન્દુત્વવાદી પ્રભાવકના રાજકીય રક્ષણના દાવા અંગે દેશભરમાં આક્રોશની લહેર

## જંતર-મંતર વિરોધ પ્રદર્શન દરમિયાન દલિત વિદ્યાર્થી કાર્યકરના પિતા પર હુમલો કરવાની કબૂલાત કરતા સ્વતંત્ર ભારદ્વાજે પોતાને કપિલ મિશ્રા, ચિરાગ પાસવાન અને નરેન્દ્ર મોદીનું સમર્થન હોવાનો દાવો કર્યો હતો

(એજન્સી) નવી દિલ્હી, તા.૪

સ્વયંભૂ હિન્દુત્વવાદી કાર્યકર અને પ્રભાવક સ્વતંત્ર ભારદ્વાજનો એક વાયરલ થયેલો વીડિયો દેશભરમાં રાજકીય વિવાદનું કારણ બન્યો છે. વીડિયોમાં તે દિલ્હીના જંતર-મંતર ખાતેના વિરોધ પ્રદર્શન દરમિયાન દલિત વિદ્યાર્થી કાર્યકર નિશુ આઝાદના પિતા સંજય કુમાર પર હુમલો કર્યો હોવાની વાત કરતો જોવા મળે છે. એટલું જ નહીં, તેણે એવો દાવો પણ કર્યો છે કે, તેના રાજકીય સંપર્કોના કારણે તેને જેલમાં જવું પડ્યું નહોતું. આ વીડિયાને લઈને વિપક્ષી નેતાઓ, પત્રકારો, કાર્યકરો અને સામાજિક માધ્યમના વપરાશકર્તાઓએ સવાલો ઉઠાવ્યા છે. જો કે, દિલ્હી પોલીસે તપાસમાં કોઈ રાજકીય દબાણ હોવાના આક્ષેપોને નકારી કાઢ્યા છે. આ વિવાદનું કેન્દ્ર આશરે ૪૪ સેકન્ડનો એક પોડકાસ્ટ વીડિયો છે. આ વીડિયોમાં ભારદ્વાજ જંતર-મંતર ખાતે કોકરોચ જનતા પાર્ટી દ્વારા આયોજિત વિરોધ પ્રદર્શન દરમિયાન સંજય કુમાર પર થયેલા હુમલા વિશે વાત કરતો સંભળાય છે. વીડિયોમાં ભારદ્વાજ પોતાના શબ્દોમાં કહે છે કે, તેણે નિશુ આઝાદના પિતાનું માથું ફોડી નાખ્યું હતું અને તેમને આશરે ૯૦ ટાંકા આવ્યા હતા. તે એમ પણ કહે છે કે, આવી ઘટના ગંભીર ફોજદારી કલમ હેઠળ આવી શકે તેમ હતી, છતાં તેને જેલમાં મોકલવામાં આવ્યો નહોતો. જો કે, વીડિયોમાં કરવામાં આવેલા આ દાવાઓની સ્વતંત્ર રીતે પુષ્ટી થઈ નથી. આ વિવાદ વધુ ઉગ્ર બન્યો કારણ કે, ભારદ્વાજે પોતાની મુક્તિ પાછળ કેટલાક પ્રભાવશાળી રાજકીય નેતાઓના સમર્થનનો સંકેત આપ્યો હતો. આ વાયરલ વીડિયોમાં તે દિલ્હી સરકારના મંત્રી અને ભારતીય જનતા પાર્ટીના નેતા કપિલ મિશ્રાને પોતાનો 'મોટો ભાઈ' ગણાવે છે અને દાવો કરે છે કે, મિશ્રાના એક ફોન બાદ તેને છોડવામાં આવ્યો હતો. તેણે કેન્દ્રીય મંત્રી ચિરાગ પાસવાન અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો પણ ઉલ્લેખ કરીને તેમને પોતાના 'મોટા ભાઈ' ગણાવ્યા અને તેમનું સમર્થન મળતું હોવાનો દાવો કર્યો હતો. આ નિવેદનો બાદ વિપક્ષ અને કાર્યકરો દ્વારા રાજકીય આશ્રય અને પોલીસની પસંદગીયુક્ત કાર્યવાહી અંગે સવાલો ઉઠાવવામાં આવ્યા છે. લોકગાયિકા અને સામાજિક ટિપ્પણીકાર નેહા સિંહ રાઠોડે ભારદ્વાજના નિવેદનો પર સવાલો ઉઠાવ્યા. પત્રકાર શીતલ પી. સિંહે પણ વીડિયો શેર કરીને ભારદ્વાજને વરિષ્ઠ ભારતીય જનતા પાર્ટી નેતાઓનું રાજકીય રક્ષણ મળતું હોવાનો આક્ષેપ કર્યો છે. પત્રકાર રવિ પરમારે પણ આ ઘટનાને દલિત પરિવાર સાથે જોડીને પોસ્ટ કરી અને સંજય કુમારને ગંભીર માથાની ઈજા થઈ હોવાના દાવા અંગે પોલીસની કાર્યવાહી પર સવાલો ઉઠાવ્યા. અન્ય પત્રકારોએ પણ ગંભીર ગુનાના આરોપો છતાં ભારદ્વાજ મુક્ત કેમ છે તે અંગે પ્રશ્નો કર્યા છે. આ સમગ્ર વિવાદ દલિત વિદ્યાર્થી કાર્યકર નિશુ આઝાદ સાથે જોડાયેલો છે. તે કોકરોચ જનતા પાર્ટી સાથે સંકળાયેલી છે. આ સંગઠન સરકારી નીતિઓ અને પોલીસ કાર્યવાહી સામે વિરોધ પ્રદર્શનોનું આયોજન કરે છે. કાર્યકરો અને વિપક્ષી નેતાઓના જણાવ્યા મુજબ જંતર-મંતર ખાતે થયેલી અથડામણ દરમિયાન નિશુ આઝાદના પિતા સંજય કુમારને ઈજા થઈ હતી. વિરોધ આયોજકોએ આરોપ મૂક્યો હતો કે, પ્રદર્શનનો વિરોધ કરનારા કેટલાક લોકોએ તેમના પર હુમલો કર્યો હતો. વાયરલ વીડિયો સામે આવ્યા બાદ નિશુ આઝાદે પોતાના અને પોતાના પરિવારની સુરક્ષા અંગે ચિંતા વ્યક્ત કરી હતી. તેણે કહ્યું હતું કે, અન્યાય અને જાતિભેદ સામેની પોતાની લડત તે ચાલુ રાખશે. તેણે દિલ્હી પોલીસ પર પૂરતી કાર્યવાહી ન કરવાનો પણ આરોપ મૂક્યો હતો. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ વીડિયો અંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને સવાલ કર્યા. તેમણે પૂછ્યું કે દલિત યુવતીના પિતા પર હુમલાના આરોપી વ્યક્તિને રાજકીય રક્ષણ કેવી રીતે મળી શકે છે. રાહુલ ગાંધીએ કહ્યું કે, નિશુ આઝાદને ડરવાની જરૂર નથી. તેને પોતાના સમુદાય અને વિદ્યાર્થીઓના અધિકારો માટે અવાજ ઉઠાવવાને કારણે નિશાન બનાવવામાં આવી રહી છે. તેમણે એવો પણ આક્ષેપ કર્યો કે વિદ્યાર્થીઓ સામે કડક પોલીસ કાર્યવાહી થાય છે, જ્યારે દલિત પરિવાર પર હુમલાના આરોપી વ્યક્તિ સામે કોઈ ગંભીર કાર્યવાહી થતી નથી. આમ આદમી પાર્ટીના નેતા અરવિંદ કેજરીવાલે પણ વીડિયો શેર કરીને સવાલો ઉઠાવ્યા કે શું દેશની વ્યવસ્થામાં રાજકીય સંપર્ક ધરાવતા લોકોને કાયદાથી ઉપર રહીને વર્તવાની છૂટ મળી શકે છે. તૃણમૂલ કોંગ્રેસના સાંસદ મહુઆ મોઈત્રાએ પણ પોલીસની કામગીરી અને જવાબદારી અંગે સવાલો ઉઠાવ્યા છે. કોકરોચ જનતા પાર્ટીએ ભારદ્વાજ સામે કાર્યવાહી ન કરવા બદલ સત્તાવાળાઓની ટીકા કરી છે. પક્ષના પ્રવક્તા સૌરવ દાસે સવાલ કર્યો કે શું રાજકીય પ્રભાવને કારણે તપાસ પર અસર પડી હતી. તેમણે કપિલ મિશ્રાની કથિત ભૂમિકા અંગે પણ તપાસની માંગ કરી અને કહ્યું કે, જો ભારદ્વાજના નિવેદનો સાચા હોય તો તે પોલીસ વ્યવસ્થા અને ગુનાની તપાસમાં રાજકીય પ્રભાવ અંગે ગંભીર સવાલો ઊભા કરે છે. આ વિવાદ વધતાં દિલ્હી પોલીસે વિગતવાર નિવેદન બહાર પાડીને અનેક દાવાઓને નકારી કાઢ્યા છે. પોલીસના જણાવ્યા મુજબ ઘટના ૨૩ જૂન, ૨૦૨૬ના રોજ જંતર-મંતર ખાતેના વિરોધ પ્રદર્શન દરમિયાન બની હતી. ગાઝિયાબાદના રહેવાસી સંજય કુમારને અથડામણ દરમિયાન માથામાં ઈજા થઈ હતી. રામ મનોહર લોહિયા હોસ્પિટલમાં કરવામાં આવેલી તબીબી તપાસ મુજબ તેમની ઈજા સામાન્ય પ્રકારની હતી. પોલીસે જણાવ્યું કે, ઈજા કોઈ હથિયારથી નહીં પરંતુ ઘટનામાં સામેલ વ્યક્તિએ પહેરેલા લોખંડના કડાથી થઈ હતી. સંજય કુમારનું માથું ફાટ્યું હોવાના દાવાને પણ પોલીસે નકારી કાઢ્યો છે. દિલ્હી પોલીસે જણાવ્યું કે, સંજય કુમારની ફરિયાદના આધારે સંસદ માર્ગ પોલીસ મથકે કેસ નોંધવામાં આવ્યો હતો.

# કાયદાના અગ્રણી પ્રોફેસર ફૈઝાન મુસ્તફા પર RSSના સમર્થક હોવાના ગંભીર આક્ષેપો

## શૈક્ષણિક સમુદાયના ખુલ્લા પત્રમાં પ્રોફેસર ફૈઝાન મુસ્તફા પર બે દાયકાના કથિત તકવાદ, ગેરકાયદેસર પ્રતિનિયુક્તિ અને મુસ્લિમોની પીડા અંગે પસંદગીપૂર્વક મૌન રહેવાના આક્ષેપો કરવામાં આવ્યા છે

(એજન્સી) તા.૪

ચાણક્ય નેશનલ લો યુનિવર્સિટી, પટનાના કુલપતિ પ્રોફેસર ફૈઝાન મુસ્તફા સામે શૈક્ષણિક જગતના કેટલાક સભ્યો અને યુનિવર્સિટી સાથે જોડાયેલા લોકો દ્વારા એક ખુલ્લો પત્ર જાહેર કરવામાં આવ્યો છે. પત્રમાં તેમના પર પોતાને પ્રગતિશીલ મુસ્લિમ બુદ્ધિજીવી તરીકે રજૂ કરતાં હિન્દુ બહુમતીવાદી રાજકારણ સાથે સતત સમાધાનકારી વલણ અપનાવવાનો અને રાજકીય લાભ માટે બૌદ્ધિક સિદ્ધાંતો સાથે સમાધાન કરવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ લખાયેલા આશરે ૨,૫૦૦ શબ્દોના આ ખુલ્લા પત્રમાં મુસ્તફાને "આરએસએસના ગુપ્ત સમર્થક" તરીકે ઓળખાવવામાં આવ્યા છે. જોકે, આ તમામ આક્ષેપોની સ્વતંત્ર રીતે ચકાસણી થઈ નથી. આ ખુલ્લો પત્ર મુસ્તફાની વિચારધારાત્મક યાત્રાની શરૂઆત ૧૯૯૨થી થાય છે. તે સમયે તેઓ અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં યુવાન વ્યાખ્યાતા હતા. તેમણે અનામત, રાજકારણ કે સામાજિક ઉત્થાન શીર્ષકનો લેખ લખ્યો હતો, જેમાં અનામત નીતિને "મતબેંકનું રાજકારણ" ગણાવી હતી અને અનામત વ્યવસ્થા ધીમે ધીમે દૂર કરવાની તરફેણ કરી હતી. આ પત્ર મુજબ, વર્ષો બાદ તેમના વિચારોમાં મોટો ફેરફાર જોવા મળ્યો. ૨૦૨૪માં ઈન્ડિયન એક્સપ્રેસમાં લખાયેલા એક લેખમાં મુસ્તફાએ એવો મત વ્યક્ત કર્યો હતો કે ભારતની પ્રબળ આધ્યાત્મિક પરંપરા તરીકે હિન્દુ ધર્મને સ્વીકારવું બિનસાંપ્રદાયિકતા માટે સકારાત્મક બાબત બની શકે છે. આ ખુલ્લા પત્રમાં દાવો કરવામાં આવ્યો છે કે, બંધારણીય કાયદાના નિષ્ણાતનું આવું નિવેદન ગંભીર પ્રશ્નો ઊભા કરે છે અને સંઘીય માળખાની ચર્ચાના નામે વંશીય કે ધાર્મિક આધિપત્ય આધારિત રાજ્યવ્યવસ્થાને યોગ્ય ઠેરવી શકે છે. આ પત્રમાં મુસ્તફાના છેલ્લા કેટલાક વર્ષોના લેખો અને જાહેર નિવેદનોને ટાંકીને તેમના પર હિન્દુત્વના રાજકારણ સાથે સતત સમાધાનકારી વલણનો આક્ષેપ કરવામાં આવ્યો છે. જાન્યુઆરી ૨૦૧૮: તેલ અવીવ યુનિવર્સિટીની મુલાકાત દરમિયાન તેમણે ઈઝરાયેલની ધાર્મિક કાયદાકીય વ્યવસ્થાનો અભ્યાસ કરવાની તરફેણમાં લેખ લખ્યો હતો. પત્રમાં આક્ષેપ છે કે, તેમાં પેલેસ્ટીનીયનો સાથે ભેદભાવ અને તેમના અધિકારોના પ્રશ્નોની અવગણના કરવામાં આવી હતી. માર્ચ ૨૦૨૦: તેમણે "હિન્દુ રાષ્ટ્રથી મુસ્લિમોએ શા માટે ડરવું ન જોઈએ" શીર્ષકનો લેખ લખ્યો હતો. જમણેરી વિચારધારાવાળા માધ્યમ દ્વારા આ લેખને એક જાણીતા મુસ્લિમ શિક્ષણવિદ્ તરફથી હિન્દુત્વના સમર્થન તરીકે રજૂ કરવામાં આવ્યો છે. જુલાઈ ૨૦૨૧: મુસ્તફાએ આરએસએસના વડા મોહન ભાગવતના હિન્દુ-મુસ્લિમોની સહિયારી પૂર્વજ પરંપરા અંગેના નિવેદનોની પ્રશંસા કરતો લેખ લખ્યો હતો. પત્ર મુજબ, ત્યારબાદ અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના નેતૃત્વ તરફથી પણ સમાન પ્રકારના લેખો પ્રકાશિત થયા હતા. ઓગસ્ટ



૨૦૨૬: તેમણે "મોહન ભાગવતનું હિન્દુત્વ સંકુચિત નથી" શીર્ષકનો વધુ એક લેખ લખ્યો હતો, જેમાં ન્યૂયોર્કમાં ભાગવતના ભાષણની પ્રશંસા કરવામાં આવી હતી. આ ખુલ્લા પત્રમાં આ તમામ બાબતોના આધારે મુસ્તફાને આરએસએસ માટે ઉપયોગી એવા "મુસ્લિમ શિક્ષણવિદ્" તરીકે રજૂ કરવામાં આવ્યા છે. પત્રના એક ભાગમાં પત્રકાર રવિશ કુમારની પણ ટીકા કરવામાં આવી છે. પત્રમાં દાવો કરવામાં આવ્યો છે કે, તેમણે મુસ્તફાને ચર્ચાઓમાં અસુવિધાજનક પ્રશ્નો પૂછ્યા વિના એકલ કાર્યક્રમોમાં સ્થાન આપ્યું હતું. પત્રમાં એવો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે કે, મુસ્તફાના સંઘતરફી લેખો અંગે રવિશ કુમારે પોતાના માધ્યમ કે યુટ્યુબ કાર્યક્રમોમાં ટીકા કરી નથી. આ પત્રના લેખકોનો દાવો છે કે, કહેવાતા ઉદારવાદી-ડાબેરી વર્ગ દ્વારા મુસ્લિમ સમાજની રૂઢિવાદી વિચારધારાની પસંદગીપૂર્વક ટીકા કરવામાં આવે છે, જ્યારે મુસ્તફા જેવા લોકો અંગે પૂરતી તપાસ કરવામાં આવતી નથી. આ પત્રમાં સૌથી ગંભીર વહીવટી આક્ષેપ મુસ્તફાની લાંબા સમયથી ચાલતી પ્રતિનિયુક્તિ અંગે કરવામાં આવ્યો છે. પત્ર અનુસાર, મુસ્તફાએ ૨૦૦૪થી ૨૦૦૭ દરમિયાન અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીના કુલસચિવ તરીકે કામ કર્યું હતું. ત્યારબાદ તેઓ વિવિધ રાષ્ટ્રીય કાયદા યુનિવર્સિટીઓના કુલપતિ બન્યા. તેમ છતાં તેમનું મૂળ પદ અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં જાળવવામાં આવ્યું અને સતત પ્રતિનિયુક્તિના વિસ્તરણ દ્વારા આ વ્યવસ્થા લગભગ બે દાયકા સુધી ચાલુ રહી છે. પત્રમાં દાવો કરવામાં આવ્યો છે કે, યુનિવર્સિટી અનુદાન આયોગની સામાન્ય માર્ગદર્શિકા મુજબ પ્રતિનિયુક્તિની અવધિ સામાન્ય રીતે મર્યાદિત હોય છે અને સતત પાંચ વર્ષથી વધુ તથા સમગ્ર કારકિર્દીમાં સાત વર્ષથી વધુ પ્રતિનિયુક્તિ અંગે નિયમો છે. આ આધારે પત્રમાં સવાલ કરવામાં આવ્યો છે કે, મુસ્તફાની પ્રતિનિયુક્તિ આટલા લાંબા સમય સુધી કયા કાયદાકીય આધારે વધારવામાં આવી અને શું આવી જ સગવડ અન્ય કોઈ શિક્ષકને પણ આપવામાં આવી હોત? તેમના મતે, લાંબી પ્રતિનિયુક્તિથી વિભાગની જગ્યાઓ લાંબા સમય સુધી ખાલી રહે છે અને નવા શિક્ષકોની ભરતીને અસર થાય છે. ખુલ્લા પત્રમાં મુસ્તફાની શૈક્ષણિક કારકિર્દી પર પણ ગંભીર સવાલો ઉઠાવવામાં આવ્યા છે. પત્રના લેખકોનો દાવો છે કે, તેમના નામે ઉચ્ચ કક્ષાના આંતરરાષ્ટ્રીય સમીક્ષિત સંશોધનગ્રંથો અથવા પ્રતિષ્ઠિત સંશોધન સામયિકોમાં નોંધપાત્ર લેખોનું પ્રમાણ ઓછું છે.

# પશ્ચિમ બંગાળ એક વર્ષમાં ૧,૦૦૦ RSS શાળાઓ સ્થાપશે : મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારી

(એજન્સી) તા.૪

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારીએ કહ્યું છે કે, રાજ્ય એક વર્ષમાં હિન્દુ જમણેરી સંગઠન રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ની શિક્ષણ શાખા વિદ્યા ભારતી દ્વારા સંચાલિત ઓછામાં ઓછી ૧,૦૦૦ શાળાઓ સ્થાપવાનું લક્ષ્ય રાખે છે. વિદ્યા ભારતીની ૭૪મી વર્ષગાંઠ નિમિત્તે કોલકાતામાં એક કાર્યક્રમમાં બોલતા, અધિકારીએ કહ્યું કે દરેક જિલ્લા, નગરપાલિકા અને પંચાયતમાં શાળાઓ ખોલવામાં આવશે. તેમણે વિદ્યા ભારતીને મુર્શિદાબાદ અને દક્ષિણ ૨૪ પરગણામાં વધુ શાળાઓ સ્થાપવા વિનંતી કરી, આરોપ લગાવ્યો કે, આ જિલ્લાઓમાં 'વધુ રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓ' થઈ રહી છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS)ની શૈક્ષણિક શાખા, વિદ્યા ભારતી અખિલ ભારતીય શિક્ષા સંસ્થાન, ભારતભરમાં હજારો શાળાઓ ચલાવે છે અને શિક્ષણ દ્વારા હિન્દુત્વ વિચારધારાને પ્રોત્સાહન આપવા બદલ લાંબા સમયથી ટીકાનો સામનો કરી રહી છે. ટીકાકારોએ સંગઠન પર તેના પાઠ્યપુસ્તકો અને શિક્ષણ પ્રથાઓ દ્વારા સાંપ્રદાયિક અને મુસ્લિમ વિરોધી કથાઓને પ્રોત્સાહન આપવાનો આરોપ મૂક્યો છે. પૂર્વ વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ પણ એવો જ આરોપ લગાવ્યો છે કે વિદ્યા ભારતી શાળાઓ મુસ્લિમ વિરોધી વાણીકથા અને RSS સાથે જોડાયેલા વૈચારિક વિચારોને પ્રોત્સાહન આપે છે. અધિકારીએ ચેતવણી પણ આપી હતી કે, જે શાળાઓએ 'વંદે માતરમ'નું સંપૂર્ણ સંસ્કરણ ગાવાનો ઈન્કાર કર્યો હતો તેમાંથી સરકારી ભંડોળ પાછું ખેંચી શકાય છે. 'મેં તેમને કહ્યું હતું કે, સરકારી સહાય બંધ થઈ જશે,' તેમણે કહ્યું, 'તેઓ પછી આંશિક રીતે પાલન કર્યું. તેઓ ઊભા થયા પણ તેમના હોઠ ખસેડ્યા નહીં. મેં તેમને કહ્યું કે, તેઓએ પણ તેમના હોઠ ખસેડવા જોઈએ.' અધિકારીએ અગાઉની તૃણમૂલ કોંગ્રેસ સરકાર પર શૈક્ષણિક સંસ્થાઓને 'પ્રદૂષિત' કરવાનો આરોપ મૂક્યો અને વિદ્યા ભારતીને 'રાષ્ટ્રવાદી શિક્ષણ'ને પ્રોત્સાહન આપવાની જવાબદારી લેવા કહ્યું. 'અને અમારો વિચાર એ છે કે, શિક્ષણના અલગ સ્વરૂપો, મદ્રેસા શિક્ષણ અને શિક્ષણના અન્ય સ્વરૂપો ન હોવા જોઈએ. તે બધા એક જ શિક્ષણ પ્રણાલી હોવા જોઈએ,' તેમણે કહ્યું. તેમણે વધુમાં કહ્યું કે, શ્યામા પ્રસાદ મુખરજીનું સૂત્ર-'એક રાષ્ટ્ર, એક બંધારણ, એક ધ્વજ, એક નેતા'-શિક્ષણ પ્રણાલી પર પણ લાગુ થવું જોઈએ. ભાજપના અગ્રણી વિચારક મુખરજીએ ભાજપના પુરોગામી, ભારતીય જનસંઘની સ્થાપના કરી હતી. અધિકારીએ રાજ્ય યુનિવર્સિટીઓ અને આલિયા યુનિવર્સિટી માટે અલગ વહીવટી વ્યવસ્થાના અસ્તિત્વનો પણ વિરોધ કર્યો હતો, જે લઘુમતી બાબતો વિભાગ દ્વારા દેખરેખ રાખવામાં આવે છે. જેમ તમે જોઈ રહ્યા છો, આ સરકાર એક ચોક્કસ વિચારધારા સાથે સત્તામાં આવી છે. આ વિચાર 'એક દેશ, એક બંધારણ, એક પ્રતીક, એક નેતા'નો છે અને હવે તે જ શિક્ષણ પર પણ લાગુ પડવો જોઈએ. બધી યુનિવર્સિટીઓ અને ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ માટે એક જ વ્યવસ્થા હોવી જોઈએ. તમારી પાસે આલિયા યુનિવર્સિટીનું સંચાલન કરતો એક વિભાગ અને અન્ય સંસ્થાઓનું સંચાલન કરતો બીજો વિભાગ ન હોઈ શકે. આ ચાલુ રહી શકે નહીં,' મુખ્યમંત્રીએ કહ્યું. 'મેં બોર્ડ પરીક્ષામાં ટોપર્સનું સન્માન કર્યું,' તેમણે કહ્યું, 'બાદમાં, લઘુમતી બાબતોના વિભાગે મને ૨૭ મુસ્લિમ વિદ્યાર્થીઓના નામ ધરાવતી એક અલગ ફાઈલ મોકલી.' તેમણે પ્રશ્ન કર્યો કે વિભાગે અલગથી યાદી કેમ મોકલી, તેમણે કહ્યું કે, તેમણે મુસ્લિમ, જૈન અને બૌદ્ધ સહિત ૨૦ વિદ્યાર્થીઓનું સન્માન કર્યું છે. અધિકારીએ વિદ્યા ભારતીની પણ પ્રશંસા કરી, તેના નેતાઓ અને આયોજકો, જેમાં રવિન્દ્ર ચમરિયા, ગોવિંદ જી, જતીન્દ્ર શર્મા અને જાલન જીનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો, જેમણે દેશ અને રાજ્યમાં સંસ્થાને 'વિશાળ વડવૃક્ષ' બનાવવા બદલ હૃદયપૂર્વક આભાર માન્યો. તેમણે વિદ્યા ભારતી શાળાઓના આચાર્યોની પણ પ્રશંસા કરતા કહ્યું કે, તેઓ શિક્ષણને માત્ર એક વ્યવસાય તરીકે જ નહીં પરંતુ માનવ સંસાધન બનાવવાની જવાબદારી તરીકે માને છે, ભલે તે માત્ર એક નાનું માનદ વેતન મેળવે.

# કોલકાતામાં અગ્નિ સલામતીમાં ખામી સર્જાતા અભિષેક બેનરજીની ઓફિસ બિલ્ડિંગના માળ ખાલી કરવાનો આદેશ

(એજન્સી) તા.૪

તૃણમૂલ છાત્ર પરિષદ (TMCP)ના સ્થાપના દિવસ દરમિયાન, શુક્રવાર, ૨૮ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ, પશ્ચિમ બંગાળના કોલકાતામાં, TMCના રાષ્ટ્રીય મહાસચિવ અને સાંસદ અભિષેક બેનરજીએ સભાને સંબોધિત કરી. સમાચાર એજન્સી PTIના અહેવાલ મુજબ, પશ્ચિમ બંગાળ ફાયર વિભાગે શુક્રવારે મધ્ય કોલકાતામાં એક બહુમાળી ઈમારતના ભોંયરામાં અને છઠ્ઠા અને સાતમા માળને ખાલી કરવાનો આદેશ આપ્યો હતો, જેમાં તૃણમૂલ કોંગ્રેસના નેતા અભિષેક બેનરજીનું કાર્યાલય છે, જેમાં પૂરતા અગ્નિ સલામતીના પગલાંનો અભાવ હોવાનું જણાવાયું હતું.

બેનરજીની કામેક સ્ટ્રીટ ઓફિસમાં તોડફોડ થયાના એક દિવસ પછી આ કાર્યવાહી કરવામાં આવી હતી, જેમાં TMCએ હુમલા માટે BJP સાથે જોડાયેલા માણસોને દોષી ઠેરવ્યા હતા. ભાજપે આ આરોપને નકારી કાઢ્યો છે.

ગયા અઠવાડિયે અધિકારીઓએ TMCના 'ગેરકાયદેસર' બિલબોર્ડને દૂર કર્યું ત્યારે આ જ ઈમારત બીજા વિવાદના કેન્દ્રમાં હતી. બેનરજીના કાર્યાલયના ખાનગી સુરક્ષા ગાર્ડ્સ, તેમના સમર્થકો અને કેટલાક પક્ષના નેતાઓએ મકાન હટાવવા દરમિયાન પોલીસ અને કોલકાતા મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ સાથે ઘર્ષણ કર્યું હતું.

પીટીઆઈ અનુસાર, ફાયર વિભાગને નિરીક્ષણ દરમિયાન બિલ્ડિંગના ભોંયરામાં કોઈ અગ્નિ સલામતીના પગલાં મળ્યા ન હતા. ત્યારબાદ તેણે બિલ્ડિંગના માલિકને કારણદર્શક નોટિસ જારી કરી હતી, જેમાં તેમને જવાબ આપવા માટે ૪૮ કલાકનો સમય આપ્યો હતો.

'અમને કોઈ જવાબ ન મળ્યો અને સમયમર્યાદા પસાર થઈ ગઈ હોવાથી, અમે તેમને ઈમારતના છઠ્ઠા અને સાતમા માળના ભોંયરાને ખાલી કરવા માટે નોટિસ મોકલી હતી. જો કોઈપણ ઈમારતના ભોંયરામાં અગ્નિ સલામતીના પગલાં ન હોય, તો આગ લાગવાની સ્થિતિમાં મોટી દુર્ઘટના થઈ શકે છે,' ફાયર વિભાગના એક અધિકારીએ પીટીઆઈને જણાવ્યું હતું.

અધિકારીએ જણાવ્યું હતું કે પરિસર માટેનું અગ્નિ સલામતી પ્રમાણપત્ર ૧૦ ઓગસ્ટના રોજ સમાપ્ત થઈ ગયું હતું અને તેને નવીકરણ કરવામાં આવ્યું ન હતું.

બિલ્ડિંગના માલિકને આપેલી નોટિસમાં, વિભાગે જણાવ્યું હતું કે ખામીઓ સુધારવામાં ન આવે અને માન્ય અગ્નિ સલામતી પ્રમાણપત્ર ન મળે ત્યાં સુધી ભોંયરાના છઠ્ઠા અને સાતમા માળનો ઉપયોગ પ્રતિબંધિત રહેશે.

પોલીસ અને ફાયર અધિકારીઓની સંયુક્ત ટીમે સોમવારે ઈમારતનું ફ્લોર-બાય-ફ્લોર નિરીક્ષણ કર્યું હતું. નોટિસ અનુસાર, નિરીક્ષણમાં સાતમા માળે અગ્નિશામક વ્યવસ્થા અપૂરતી, કોઈ નિયુક્ત ફાયર એક્ઝિટ ન હોવા અને ફાયર એલાર્મ સિસ્ટમમાં સમસ્યાઓ જોવા મળી.

# આરજી કર પીડિતાની માતા સીબીઆઈ તપાસની પ્રગતિથી સંતુષ્ટ નથી

## રત્ના દેબનાથે તપાસની ધીમી ગતિ અને તપાસની પ્રગતિમાં કોઈ ફેરફાર થયો છે કે કેમ તે અંગે પ્રશ્ન ઉઠાવ્યો

(એજન્સી) તા.૪

આરજી કર બળાત્કાર-હત્યા કેસ અંગે સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ) ની તપાસ અંગે અસંતોષ વ્યક્ત કરતા, પીડિતાની માતા રત્ના દેબનાથે, જે પાનિહાટીના ભાજપ ધારાસભ્ય પણ છે, દાવો કર્યો કે રાજ્યમાં સરકાર બદલાઈ હોવા છતાં ન્યાયિક પ્રક્રિયા આગળ વધી નથી. બુધવારે બંગાળના બેરકપોરમાં એક કાર્યક્રમમાં બોલતા, દેબનાથે તપાસની ધીમી ગતિ અને રાજ્યમાં રાજકીય પરિવર્તન છતાં તપાસની પ્રગતિમાં કોઈ ફેરફાર થયો છે કે કેમ તે અંગે પ્રશ્ન ઉઠાવ્યો. "ન્યાય પ્રક્રિયાના અનેક પાસાઓમાં બિલકુલ પ્રગતિ થઈ નથી. અમને વારંવાર કહેવામાં આવ્યું હતું કે જો સરકાર બદલાશે તો બધું બદલાઈ જશે. હું ક્યારેય રાજકારણમાં પ્રવેશવા માંગતી નહોતી. મારા પતિનો વ્યવસાય હતો, અને મારી પુત્રીએ પણ મને રાજકારણથી દૂર રહેવાની વિનંતી કરી હતી. તેણીએ મને તેના પિતાને તેમનો વ્યવસાય બંધ કરવાનું કહેવાનું પણ કહ્યું હતું," દેબનાથે અહેવાલ આપ્યો હતો. "મારી પુત્રીના દુઃખદ મૃત્યુ પછી, અમારો રાજકારણમાં પ્રવેશવાનો કોઈ ઈરાદો નહોતો. પરંતુ અમને કહેવામાં આવ્યું હતું કે બંગાળ એક નિર્ણાયક તબક્કામાં પહોંચી ગયું છે, તેની શિક્ષણ અને આરોગ્યસંભાળ વ્યવસ્થા બગડી રહી છે. ૯ ઓગસ્ટ, ૨૦૨૪ના રોજ આરજી કાર હોસ્પિટલમાં મારી પુત્રી, એક ડૉક્ટરની હત્યા થયા પછી, રાજ્યની આરોગ્યસંભાળ વ્યવસ્થાની ગંભીર સ્થિતિ ખુલ્લી પડી ગઈ," તેણીએ સમજાવ્યું. આ કેસની સીબીઆઈ તપાસ પર સવાલ ઉઠાવતા તેમણે કહ્યું, "સીબીઆઈએ દલીલ કરી છે કે તેઓ ડોક્ટર છે અને તેથી તેમની આ રીતે ધરપકડ કરી શકાતી નથી. ન્યાયાધીશે પણ અવલોકન કર્યું હતું કે ડોક્ટરોની આ રીતે ધરપકડ કરી શકાતી નથી. પરંતુ મારી પુત્રી પણ એક ડોક્ટર હતી. જો કોઈ ડોક્ટર પર ગુનો કરવાનો આરોપ છે અને તે મારી પુત્રીની હત્યામાં સામેલ છે, તો તે વ્યક્તિને ધરપકડમાંથી કેમ મુક્તિ આપવી જોઈએ?" રત્ના દેબનાથના આરોપો ઓગસ્ટ ૨૦૨૪માં પીડિતાના મૃતદેહના કથિત ઉતાવળમાં અગ્નિસંસ્કારના સંદર્ભમાં બેંગલુરુથી પાનિહાટી નગરપાલિકાના પૂર્વ અધ્યક્ષ સોમનાથ ડેની ધરપકડ વચ્ચે આવ્યા છે. અગ્નિસંસ્કારની આસપાસના સંજોગોની તપાસ શરૂ થઈ ત્યારથી તૃણમૂલ કોંગ્રેસના નેતા ડે ફરાર હતા. તેઓ હાલમાં પોલીસ કસ્ટડીમાં છે.

# કોઈમ્બતુરમાં રખડતા કૂતરાઓએ માનસિક રીતે બીમાર મહિલાને જાતીય શોષણના પ્રયાસથી બચાવી

(એજન્સી) કોઈમ્બતુર, તા.૪

શુક્રવારે વહેલી સવારે કોઈમ્બતુરના થુડિયાલુર નજીક એક નશામાં ધૂત યુવક દ્વારા કરવામાં આવેલા જાતીય શોષણના પ્રયાસથી રખડતા કૂતરાઓના ટોળાએ માનસિક રીતે બીમાર મહિલાને બચાવી. આ સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ ગઈ છે અને પોલીસે શંકાસ્પદ વ્યક્તિની ધરપકડ કરી છે. આ ઘટના રાત્રે ૨ વાગ્યાની આસપાસ થુડિયાલુર નજીક એનજીજીઓ કોલોની-અશોકપુરમ વિસ્તારમાં રેલવે ઓવરબ્રિજ પાસે બની હતી. એક માનસિક રીતે બીમાર મહિલા, જે નિયમિતપણે આ વિસ્તારમાં રહે છે, રસ્તાની બાજુમાં બેઠી હતી ત્યારે એક યુવક, જે કથિત રીતે નશામાં હતો, તેની પાસે આવ્યો. સીસીટીવી ફૂટેજ અનુસાર, મહિલાની નજીક રહેતા બે રખડતા કૂતરાઓ યુવક નજીક આવતા સતત ભસવા લાગ્યા. યુવકે મહિલાને પૂછ્યું કે શું કૂતરા તેના છે. મહિલાએ અહેવાલ મુજબ જવાબ આપ્યો કે તેણે તેમને



ડરાવવા માટે પથ્થર ફેંકવો જોઈએ. યુવાએ પથ્થર ફેંક્યો, કૂતરાઓને થોડા ડગલાં પાછળ ભસાવ્યા, પરંતુ પ્રાણીઓ નજીકમાં જ રહ્યા અને તેના પર ભસતા રહ્યા. એકાંત જગ્યાનો લાભ લઈને, નશામાં ધૂત યુવકે મહિલા પર જાતીય હુમલો કરવાનો પ્રયાસ કર્યો હોવાનો આરોપ છે.

# હવે કાલુપુર રેલવે સ્ટેશનને બાયપાસ કરીને દોડશે ટ્રેનો

## ડાયવર્ઝન નેટવર્કની તૈયાર : સાબરમતી-સરખેજ ડબલિંગ અને ગેરતપુર-સાણંદમાં ચોથી લાઇન

અમદાવાદ, તા.૪

પશ્ચિમ રેલવે દ્વારા અમદાવાદ શહેરના વધતા ટ્રાફિક અને ભવિષ્યમાં ધોલેરા તરફ વધનારી ઔદ્યોગિક અને પેસેન્જર ટ્રેનોને ધ્યાનમાં રાખીને શહેરની આસપાસ એક મજબૂત 'ડાયવર્ઝન નેટવર્ક' તૈયાર કરવામાં આવી રહ્યું છે. રૂા.૧,૨૭૫ કરોડના સંયુક્ત ખર્ચે શરૂ થયેલા આ બે મલ્ટિ-ટ્રેકિંગ પ્રોજેક્ટ્સ અમદાવાદના રેલવે ઈતિહાસમાં સૌથી મોટું પરિવર્તન લાવશે.

**મુંબઈથી સૌરાષ્ટ્ર-ઉત્તર ગુજરાત જતી ટ્રેનો માટે અમદાવાદ બાયપાસનો વિકલ્પ**

હાલની પરિસ્થિતિમાં મુંબઈ તરફથી આવતી અને ત્યારબાદ સૌરાષ્ટ્ર કે ઉત્તર ગુજરાત તરફ જતી મોટાભાગની ટ્રેનોને અમદાવાદના અત્યંત વ્યસ્ત રેલવે કોરિડોરમાંથી ફરજિયાતપણે પસાર થવું પડે છે. આ કારણે ટ્રેનોનો સમય બગડે છે અને શહેરના મુખ્ય ટ્રેક પર પણ દબાણ વધે છે. ગેરતપુર-સાણંદ વચ્ચે વધારાની ચોથી લાઇન તૈયાર થવાથી ઓપરેશનલ રીતે યોગ્ય હોય તેવી ટ્રેનોને ગેરતપુરથી સીધી સાણંદ તરફ ડાયવર્ટ કરી શકાશે. ત્યાંથી વાયા વિરમગામ થઈને આ ટ્રેનો અમદાવાદ સ્ટેશનમાં પ્રવેશ્યા વિના જ સીધી સૌરાષ્ટ્ર તેમજ ઉત્તર ગુજરાત તરફ આગળ વધી શકશે, જેનાથી કાલુપુર સ્ટેશન પરનું ભારણ નોંધપાત્ર રીતે ઘટી જશે.

**પ્લેટફોર્મની અછત અને આઉટરમાં રોકાતી ટ્રેનોની સમસ્યાનો ઉકેલ**

અમદાવાદ જંક્શન પર એકસાથે અનેક ટ્રેનોની અવરજવરને કારણે પ્લેટફોર્મ ઓક્યુપન્સી, ટ્રેન ક્રોસિંગ અને રૂટ ઉપલબ્ધતાનું ભારે દબાણ રહે છે. ઘણીવાર પ્લેટફોર્મ ખાલી ન હોવાથી બહારથી આવતી મહત્ત્વની ટ્રેનોને સિગ્નલ પર રોકી રાખવી પડે છે.

**બાયપાસ રૂટ મળવાથી:**

- **અમદાવાદ જંક્શન પર ટ્રેનોના પ્રવેશ અને પ્રસ્થાનનું ભારણ ઘટશે.**
- **પ્લેટફોર્મ વધુ સમય માટે લોકલ અને ટર્મિનેટિંગ ટ્રેનો માટે ઉપલબ્ધ રહેશે.**
- **ટ્રેનોને પ્લેટફોર્મ મેળવવા માટે આઉટરમાં થતો વિલંબ નાબૂદ થશે.**
- **લાંબા અંતરની સુપરફાસ્ટ ટ્રેનો માટે વૈકલ્પિક ઝડપી રૂટ મળી રહેશે.**

**સાબરમતી-સરખેજ ડબલિંગથી પશ્ચિમ અમદાવાદ અને ધોલેરા કનેક્ટિવિટી મજબૂત થશે**

સાબરમતી ડી કેબિનથી સરખેજ સુધીનો ૨૧ કિમીનો રેલવે ટ્રેક હાલ સિંગલ લાઇન હોવાથી ટ્રેનોના સંચાલનમાં વારંવાર ક્રોસિંગની મર્યાદાઓ નડતી હતી. રૂા.૩૧૩ કરોડના ખર્ચે હાલની લાઇનની સમાંતર નવો ટ્રેક નાખવામાં આવી રહ્યો છે. ડબલિંગ



પૂર્ણ થયા બાદ બંને દિશામાં ટ્રેનોને અલગ-અલગ ટ્રેક મળવાથી સમયની મોટી બચત થશે.

આ કોરિડોર ભવિષ્યના વૈશ્વિક રોકાણ હબ એવા ધોલેરા સ્પેશિયલ ઈન્વેસ્ટમેન્ટ રીજન માટે કરોડરજ્જુ સમાન સાબિત થશે. સરખેજથી આગળ ધોલેરા તરફ વિકસાવવામાં આવનારા નવા રેલ કોરિડોર સાથે જોડાઈને આ લાઇન અમદાવાદ તરફથી ધોલેરા પહોંચવા માટેની સૌથી મહત્ત્વની કડી બનશે.

**વસ્ત્રાપુર રેલવે સ્ટેશન નવી જગ્યાએ ખસેડાશે**

ડબલિંગ પ્રોજેક્ટના ભાગરૂપે વસ્ત્રાપુર રેલવે સ્ટેશનને વર્તમાન જગ્યાએથી ખસેડીને વેજલપુર ઓવરબ્રિજ નજીક સ્થાપિત કરવાની યોજના છે. આ નવા સ્ટેશન પર મુસાફરો માટે સુવિધાઓ વિકસાવવામાં આવશે.

- **આશરે ૩૦૦ થી ૩૫૦ મીટર લાંબા આધુનિક પ્લેટફોર્મ**
- **પેસેન્જરો માટે બેસવાની ઉત્તમ વ્યવસ્થા અને પ્લેટફોર્મ શેડ**
- **શુદ્ધ પીવાનું પાણી અને આધુનિક શૌચાલય સુવિધાઓ**
- **કમ્પ્યુટરાઈઝ્ડ બુકિંગ વિન્ડોઝ**

આ સમગ્ર માળખું પૂર્ણ થવાથી માત્ર પેસેન્જર ટ્રેનો જ નહીં, પરંતુ માલગાડીઓના સંચાલનમાં પણ મોટો ઉછાળો આવશે. સાણંદ ઓટોમોબાઈલ અને સેમિકન્ડક્ટર હબ તરીકે ઊભરી રહ્યું છે, જ્યારે ધોલેરા સ્માર્ટ સિટી ઔદ્યોગિક ગતિ પકડી રહ્યું છે. આ બંને વિસ્તારોમાંથી દેશના વિવિધ ભાગોમાં માલસામાન પહોંચાડવા માટે માલગાડીઓને ઝડપી અને અડચણમુક્ત નેટવર્ક મળશે.

# જન્મ-મરણ રજિસ્ટ્રારની નવી એડવાઈઝરી જાહેર, બાળકના નામ-અટકથી લઈ માતા-પિતાના નામ સુધી સુધારાના નવા નિયમ

ગાંધીનગર, તા.૪

જન્મ અને મરણના પ્રમાણપત્રમાં નામ, અટક અને વાલી/માતા-પિતાના નામમાં સુધારા અંગે રાજ્યના મુખ્ય રજિસ્ટ્રાર (જન્મ-મરણ) દ્વારા નવી એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે. તા.૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ના આદેશમાં રજિસ્ટ્રાર અને સબ-રજિસ્ટ્રારને વિવિધ પરિસ્થિતિમાં કયા પ્રકારના સુધારા કરી શકાશે તેની વિસ્તૃત સ્પષ્ટતા કરવામાં આવી છે. રાજ્યના આરોગ્ય વિભાગ હેઠળ જન્મ-મરણ નોંધણીની કામગીરી થાય છે. માતાનું નામ ઉમેરવા પિતાની લેખિત સંમતિ જરૂરી બાળકના જન્મના દાખલામાં પિતાનું નામ હટાવીને માતાનું નામ દાખલ કરવાનું હોય અને માતા-પિતા બંને બાળક સાથે રહેતા હોય, તો પિતાની લેખિત સંમતિના આધારે જરૂરી સુધારો કરી શકાશે. જો માતા-પિતા છૂટાછેડા લીધેલા હોય અને બાળકની કસ્ટડી માતા પાસે હોય, તો કોર્ટના હુકમના આધારે બાળકના જન્મના દાખલામાં માતાનું નામ અને અટક રાખી સુધારો કરી શકાશે. 'મિડલ નેમ' હવે ફરજિયાત નહીં નવી ગાઈડલાઈનનો સૌથી મહત્વનો ફેરફાર એ છે કે જન્મ પ્રમાણપત્રમાં બાળકના નામમાં પિતાનું નામ 'Middle Name' તરીકે રાખવું ફરજિયાત રહેશે નહીં. પિતાનું નામ Middle Name તરીકે રાખવું હવે વૈકલ્પિક રહેશે. કોર્ટના હુકમથી પણ જન્મના દાખલામાં સુધારો છૂટાછેડાના કિસ્સામાં બાળકની કસ્ટડી માતા પાસે હોય અને કોર્ટના હુકમમાં બાળકના જન્મના દાખલામાં માતાનું નામ તથા અટક રાખવાની સ્પષ્ટતા કરવામાં આવી હોય તો કોર્ટના હુકમના આધારે જન્મના દાખલામાં સુધારો કરી શકાશે. ગેઝેટ અને સરકારી IDના આધારે નામ સુધારો બાળકના જન્મ પ્રમાણપત્રમાં બાળકનું નામ સુધારવાનું હોય અથવા પિતા અને બાળકની અટક અલગ હોય તો જરૂરી આધાર-પુરાવાના આધારે સુધારો થઈ શકશે. તેમાં સરકારી ગેઝેટ તથા સુધારેલા નામવાળા સરકારી ફોટો ID પ્રૂફ, જેમ કે આધારકાર્ડ અથવા પાનકાર્ડ, સહિતના જરૂરી દસ્તાવેજોનો આધાર લઈ શકાય છે. મરણના દાખલામાં પણ Middle Name અંગે સ્પષ્ટતા મરણ પ્રમાણપત્રમાં મૃતકના નામની પાછળ પિતા કે પતિનું નામ લખવાનું હોય તો તેને Middle Name તરીકે રાખવું ફરજિયાત નહીં રહે. સંબંધિત વ્યક્તિની જરૂરિયાત અને ઉપલબ્ધ દસ્તાવેજોના આધારે નામની રચના કરી શકાશે. સોગંદનામાની જરૂર નહીં નવી એડવાઈઝરીમાં ખાસ જણાવાયું છે કે ઉપરોક્ત પ્રકારના સુધારા માટે દરેક કિસ્સામાં સોગંદનામું લેવાની જરૂર નથી. જરૂરી પ્રમાણિત અને આધારભૂત દસ્તાવેજોના આધારે રજિસ્ટ્રાર/સબ-રજિસ્ટ્રાર દ્વારા નિયમ મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

### સીએનજીના ભાવ વધારાથી ત્રાહિમામ્

# રિક્ષા-ટેક્સી ચાલકો દ્વારા ૪ દિવસ માટે હડતાળનું એલાન

## માગ પૂરી નહીં થાય તો રાજ્યવ્યાપી આંદોલનની ચીમકી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૪

અમદાવાદમાં વર્ષની શરૂઆતથી અત્યાર સુધીમાં સીએનજીના ભાવમાં સતત વધારો થતાં ગેસનો ભાવ હાલ ૯૪ રૂપિયાની આસમાની સપાટીએ પહોંચી ગયો છે. ઈંધણના ભાવવધારાની સીધી અસર જાહેર પરિવહન પર પડી છે અને રિક્ષા-ટેક્સીના ભાડામાં વધારો થયો છે. પરંતુ આ ભાવવધારા સામે રિક્ષા અને ટેક્સી ચાલકોને પૂરતું ભાડું કે વળતર મળતું ન હોવાના આક્ષેપ સાથે અમદાવાદના ૨૫ હજારથી વધુ ટેક્સીચાલકો અને દોઢ લાખથી વધુ રિક્ષાચાલકો આગામી ૭થી ૧૦ સપ્ટેમ્બર સુધી ચાર દિવસની હડતાલ પર ઉતરવાના છે. રિક્ષા-ટેક્સી યુનિયનના જણાવ્યા અનુસાર, ઓનલાઈન ટેક્સી બૂકિંગ એપ્લિકેશન્સ જેવી કે ઓલા, ઉબર, રેપિડો અને ભારત



ટેક્સીના એગ્રીગેટર્સ સરકારી નીતિ નિયમો મુજબ ડ્રાઈવરોને પૂરતું વળતર આપતા નથી. કંપનીઓ વચ્ચેની અંદરોઅંદરની હરીફાઈમાં ખૂબ ઓછું ભાડું વસૂલ કરવામાં આવે છે, જેમાંથી ડ્રાઈવરને કિલોમીટર દીઠ માત્ર ૮થી ૧૦ રૂપિયા જ ચૂકવવામાં આવે છે. આટલી ઓછી કમાણીમાં ડ્રાઈવરો માટે પોતાના પરિવારનું ગુજરાન ચલાવવું અત્યંત મુશ્કેલ બની ગયું છે. ચાલકોનો બીજો મોટો વિરોધ એ છે કે ઓનલાઈન એપ્લિકેશનના માધ્યમથી વ્હાઈટ નંબર પ્લેટ ધરાવતી, એટલે કે ખાનગી વપરાશ માટેની બાઈક અને મોપેડ ટેક્સીઓ નિયમો તોડીને બેફામપણે દોડી રહી છે. આ ખાનગી વાહનોના કારણે કાયદેસરની રિક્ષા અને ટેક્સીઓને પૂરતા મુસાફરો મળતા નથી. આ અંગે વારંવાર રજૂઆતો કરવા છતાં કોઈ અસરકારક કાર્યવાહી ન થતાં આખરે ચાલકોએ હડતાલનો માર્ગ અપનાવ્યો છે. હાલ આ આંદોલન અમદાવાદ, ગાંધીનગર અને સાણંદ પૂરતું સીમિત છે, પરંતુ જો ચાર દિવસમાં યોગ્ય ઉકેલ નહીં આવે તો રાજ્યવ્યાપી આંદોલન કરવાની અને આરટીઓ (RTO) તેમજ ગાંધીનગરની સરકારી કચેરીઓનો ઘેરાવ કરી રેલી કાઢવાની ચીમકી આપવામાં આવી છે. અમદાવાદ ટેક્સી ડ્રાઈવર યુનિયનના પ્રમુખ વનરાજદાન ગઢવીના જણાવ્યા મુજબ, ગુજરાતમાં ચાલતી ઓનલાઈન ટેક્સીઓ માટે સરકારે કોઈ ચોક્કસ ભાડું નક્કી કર્યું જ નથી. વર્ષ ૨૦૨૩માં વાહન વ્યવહાર કચેરી દ્વારા એક પરિપત્ર જાહેર કરીને માત્ર મીટરમાં ચાલતી ટેક્સીના ભાડા નક્કી કરાયા હતા. પરંતુ વાસ્તવિકતા એ છે કે અમદાવાદમાં દોડતી મોટાભાગની ટેક્સીઓ મીટર વગર જ ચાલે છે, જેના કારણે ઓનલાઈન ટેક્સીના દરો અંગે અનિશ્ચિતતા અને ચાલકોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે.

# છેતરપિંડીનું નવું છટકું : 'આજે રાત્રે તમારું ગેસ કનેક્શન કપાઈ જશે...'

**આવો મેસેજ આવ્યો હોય તો સાવધાન**

અમદાવાદ, તા.૪

અમદાવાદ શહેરના ઓઢવ વિસ્તારમાં અદાણી ગેસના નામે છેતરપિંડી કરતી ટોળકીએ નિવૃત્ત વૃદ્ધને 'રાત્રે ગેસ કનેક્શન બંધ થઈ જશે' તેવો ડર બતાવી ઓનલાઇન પ્રોસેસના બહાને બેંક ખાતાઓમાંથી રૂા.૩.૯૬ લાખ પડાવી લીધા હતા. માત્ર રૂા. ૧૩નું બિલ અપલોડ કરવાના નામે અજાણ્યા ગઠિયાઓએ એપ્લિકેશન મારફતે વૃદ્ધની બેંક વિગતો મેળવી સાયબર ફ્રોડ આચર્યું હતું.

ઓઢવ વિસ્તારમાં રહેતા ૬૦ વર્ષીય કેતનભાઈ પંચાલ નિવૃત્ત જીવન વિતાવે છે. ગત ૨૭ ઓગસ્ટે તેઓ ઘરે હાજર હતા ત્યારે તેમની પત્નીના મોબાઈલમાં અજાણ્યા નંબર પરથી વોટ્સએપ મેસેજ આવ્યો હતો. આ મેસેજમાં 'આજે રાત્રે તમારા ઘરનું ગેસ કનેક્શન બંધ થઈ જશે' તેવી ચેતવણી અપાઈ હતી. ચિંતિત થઈને કેતનભાઈએ તે નંબર પર કોલ કર્યો હતો, પરંતુ સામેથી કોલ કટ કરી દેવાયો હતો. થોડી જ વારમાં અજાણ્યા નંબર પરથી તેમના પર વીડિયો કોલ આવ્યો હતો.

કોલ કરનારે પોતે અદાણી ગેસ કંપનીમાંથી વાત કરતો હોવાની ઓળખ આપી હતી. તેણે જણાવ્યું હતું કે ગેસનું છેલ્લું બિલ અપલોડ થતું નથી, તેથી કનેક્શન ચાલુ રાખવા માટે તાત્કાલિક રૂા.૧૩ ઓનલાઇન ભરવા પડશે. ગઠિયાએ કેતનભાઈના ફોનમાં એક એપ્લિકેશન ખોલાવી રૂપિયા ટ્રાન્સફર કરવાની પ્રોસેસ કરાવી હતી, જોકે પ્રથમ પ્રયાસે પેમેન્ટ ફેલ ગયું હતું. ત્યારબાદ ગઠિયાએ અન્ય બેંક ખાતાઓમાંથી પ્રયાસ કરવાના બહાને એક પછી એક ત્રણ બેંક ખાતાની તમામ વિગતો એપ્લિકેશનમાં દાખલ કરાવી લીધી હતી.

આ પ્રક્રિયા પૂર્ણ થતાં જ કેતનભાઈના ખાતાઓમાંથી નાણાં કપાયાના મેસેજ આવવા લાગ્યા હતા અને કુલ રૂા.૩,૯૬,૦૦૦ ઉપડી ગયા હતા. ઠગાઈનો ભોગ બન્યાનો અહેસાસ થતાં તેમણે તાત્કાલિક ઓઢવ પોલીસ સ્ટેશન પહોંચી અજાણ્યા શખ્સો વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી.

સાયબર ગઠિયાઓ સામાન્ય રીતે આવી છેતરપિંડીમાં પીડિતને ડરાવીને 'ક્વિક સપોર્ટ' કે 'એનીડેસ્ક' જેવી સ્ક્રીન શેરિંગ એપ્લિકેશન ડાઉનલોડ કરાવે છે. રૂા. ૧૩ જેવી નજીવી રકમ ભરાવવાના બહાને ગઠિયાઓ પીડિતના સ્ક્રીન પાસવર્ડ, બેંક એકાઉન્ટ ડિટેલ્સ અને છેલ્લે આવતો OTP રીડ કરી લે છે અને મિનિટોમાં ખાતું ખાલી કરી નાખે છે.

# અમદાવાદમાં નિવૃત્ત લશ્કરી કર્મીની વૃદ્ધ પત્નીને 'ડિજિટલ અરેસ્ટ' કરાયાં : રૂા.૩૮ લાખ પડાવાયા

## મુંબઈ ATSના ACPના નામે વીડિયો કોલ કરી આતંકવાદી સાથે કનેક્શન હોવાનું જણાવી લાખો રૂપિયા પડાવ્યા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૪

અમદાવાદના હાંસોલ વિસ્તારમાં રહેતા અને નિવૃત્ત આર્મી કર્મચારીના ૭૯ વર્ષીય પત્ની સાયબર ઠગોની મોડસ ઓપરેન્ડીનો ભોગ બની 'ડિજિટલ અરેસ્ટ' થયા હતા. ગઠિયાઓએ મુંબઈ ATSના ACP તરીકેની ખોટી ઓળખ આપી આતંકવાદી સાથે કનેક્શન હોવાનો ડર બતાવી વૃદ્ધા પાસેથી રૂા.૩૮ લાખ ટ્રાન્સફર કરાવી લીધા હતા. આ અંગે ભોગ બનેલા વૃદ્ધાએ અમદાવાદ સાયબર ક્રાઈમ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

ગત તા.૨ જુલાઈના રોજ વૃદ્ધા ઘરે એકલા હતા ત્યારે અજાણ્યા નંબર પરથી વોટ્સએપ કોલ આવ્યો હતો. કોલ કરનારે પોતાની ઓળખ મુંબઈ ATSના ACP અશોક યાદવ તરીકે આપી હતી. તેણે દાવો કર્યો હતો કે, પકડાયેલા એક આતંકવાદી પાસેથી રૂા.૫૮ કરોડ મળ્યા છે, જેમાં ૧૦% રકમ વૃદ્ધાના ખાતામાં ટ્રાન્સફર થવાની વાત સામે આવી છે. વૃદ્ધાએ મુંબઈ તપાસમાં આવવાની અસમર્થતા દર્શાવતા ઠગોએ પોલીસ યુનિફોર્મ અને ATSના લોગો સાથેનો વીડિયો કોલ કરી તેમને સતત કેમેરા સામે જોડાઈ રહેવા મજબૂર કર્યા હતા. બની બેઠેલા આકસ્મિક પોલીસ અધિકારીએ કેસ પૂર્ણ ન થાય ત્યાં સુધી બેંક ખાતામાં રહેલી તમામ રકમ સરકારી એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવાનું કહીને વૃદ્ધા પાસેથી બેંક ખાતાની વિગતો મેળવી લીધી હતી. ડરના માર્યા વૃદ્ધાએ અલગ-અલગ ટ્રાન્ઝેક્શન મારફતે રૂા.૩૮ લાખ ટ્રાન્સફર કરી દીધા હતા.

લાંબો સમય વિત્યા બાદ પણ ટ્રાન્સફર કરાયેલા નાણાં પરત ન આવતા વૃદ્ધાએ પોતાના જમાઈને સમગ્ર આપવીતી જણાવી હતી. સાયબર ફ્રોડનો ભોગ બન્યાનું માલૂમ પડતા પરિવારના સભ્યોએ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરાવ્યો હતો. પોલીસે ટેક્નિકલ સર્વેલન્સના આધારે તપાસ તેજ કરી છે.

### સેન્ટ્રલ જીએસટી વિભાગમાં ખળભળાટ મચ્યો

# સુરતમાં અત્યાર સુધીનું સૌથી મોટું ૨૦૦૦ કરોડનું બોગસ ઈનપુટ ટેક્સ ક્રેડિટ કૌભાંડ

## ભંગારના પાંચ નાના વેપારીઓના નામે અચાનક અબજો રૂપિયાના શંકાસ્પદ ટર્ન ઓવર

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૪

સુરતમાં અત્યાર સુધીનું સૌથી મોટું ૨૦૦૦ કરોડનું બોગસ ઈનપુટ ટેક્સ ક્રેડિટ કૌભાંડ સપાટી પર આવતાં સેન્ટ્રલ જીએસટી વિભાગમાં ભારે ખળભળાટ મચી ગયો છે. રોજિંદુ સામાન્ય ટર્નઓવર ધરાવતા ભંગારના ૫ નાના વેપારીઓના નામે અચાનક અબજો રૂપિયાનું શંકાસ્પદ ટર્નઓવર દેખાતાં ડાયરેક્ટોરેટ જનરલ ઓફ જીએસટી ઈન્ટેલિજન્સ વડોદરા અને સુરતની ટીમોએ તાબડતોબ તપાસ હાથ ધરી છે. આ માતબર રકમની આઈટીસી મણિપુરની બોગસ શેલ કંપનીઓ દ્વારા ટ્રાન્સફર કરાઈ હોવાનું સામે આવતાં આંતરરાજ્ય કૌભાંડનો પર્દાફાશ થયો છે.

પ્રાથમિક પૂછપરછ દરમિયાન રોજિંદી મજૂરી કરતા સ્ક્રેપ ડીલરો પોતાના ચોપડે બોલતા અબજો રૂપિયાના વ્યવહારો જોઈને ખુદ સ્તબ્ધ થઈ ગયા હતા. અધિકારીઓની શંકા મુજબ આ સામાન્ય વેપારીઓને અંધારામાં રાખીને તેમની પેઢીઓનો માત્ર મહોરા તરીકે ઉપયોગ કરીને સરકારી તિજોરીને કરોડોનો ચૂનો લગાવવામાં આવ્યો છે. અંતરિયાળ રાજ્ય મણિપુરમાં બેઠેલા કૌભાંડીઓ પાસે સુરતના સ્ક્રેપ ડીલરોના જીએસટી નંબર, પાનકાર્ડ અને બેંક ખાતાની વિગતો કેવી રીતે પહોંચી તે અંગે તપાસ તેજ કરાઈ છે. કોઈ સ્થાનિક એજન્ટે લાલચ આપી દસ્તાવેજો મેળવ્યા હોવાની આશંકા વચ્ચે તંત્ર દ્વારા બેંક એકાઉન્ટ્સ અને ડિજિટલ ટ્રેઈલની કડીઓ જોડવામાં આવી રહી છે. હાલ તમામ પાંચેય સ્ક્રેપ ડીલર્સને ડીજીજીઆઈ કચેરીએ બોલાવી સઘન પૂછપરછ કરવામાં આવી રહી છે. રૂા.૨૦૦૦ કરોડના આ મહાકૌભાંડના પડદા પાછળ બેઠેલા અસલી માસ્ટરમાઈન્ડ અને આંતરરાજ્ય ગેંગના મોટા માથાઓ સુધી પહોંચવા માટે વડોદરા અને સુરતની સંયુક્ત ટીમોએ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

# રાજકોટ : બે બંગાળી કારીગરો સાથે ઘરેણા બનાવવાના નામે ૩૦.૯૦ લાખની ઠગાઇ

રાજકોટ, તા.૪

રાજકોટ : રામનાથપરામાં હાથીખાના શેરી નં.૧૭માં રહેતા અને સોની બજારમાં દેવ કોમ્પ્લેક્ષમાં એમ.જી. શેખ એન્ડ સન્સ નામે સોનાના દાગીના બનાવવાનું કામ કરતા અલ્ફાઝુદીન મોહરમ અલી શેખ (ઉં.વ.૩૫) અને તેના મિત્ર સુરજઅલી શેખ સાથે સોની બજારમાં પેઢી ધરાવતા આરોપી મિલન નરેન્દ્ર પાટડીયા (રહે. આરકે નગર, દ્વારકા), કિરીટ સોની (રહે. જામનગર) અને ચિંતન પ્રમોદ પાટડીયાએ સોનાના દાગીના બનાવવાનો ઓર્ડર આપી હિસાબ પેટે બાકી નિકળતું સોનું નહી આપી રૂા.૩૦.૯૦ લાખની છેતરપિંડી કર્યાની એ.ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાઇ છે.

રાજકોટ : રામનાથપરામાં હાથીખાના શેરી નં.૧૭માં રહેતા અને સોની બજારમાં દેવ કોમ્પ્લેક્ષમાં એમ.જી. શેખ એન્ડ સન્સ નામે સોનાના દાગીના બનાવવાનું કામ કરતા અલ્ફાઝુદીન મોહરમ અલી શેખ (ઉં.વ.૩૫) અને તેના મિત્ર સુરજઅલી શેખ સાથે સોની બજારમાં પેઢી ધરાવતા આરોપી મિલન નરેન્દ્ર પાટડીયા (રહે. આરકે નગર, દ્વારકા), કિરીટ સોની (રહે. જામનગર) અને ચિંતન પ્રમોદ પાટડીયાએ સોનાના દાગીના બનાવવાનો ઓર્ડર આપી હિસાબ પેટે બાકી નિકળતું સોનું નહી આપી રૂા.૩૦.૯૦ લાખની છેતરપિંડી કર્યાની એ.ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધાઇ છે.

ફરિયાદમાં અલ્ફાઝુદીને જણાવ્યું કે, ડિસેમ્બર ૨૦૨૫માં તેના કારીગર મારફતે સોની બજારમાં જૂની ગધીવાડ શેરીમાં રીયા ગોલ્ડ નામની પેઢી ધરાવતા આરોપી કિરીટ સોની અને ચિંતનનો સંપર્ક થયો હતો. તેણે સોનાના દાગીના બનાવવાની વાત કરી શરૂઆતમાં ૧૮ કેરેટ સોનાની ચાર વીંટીનો ઓર્ડર આપ્યો હતો અને તેની સામે તેણે તેને ૭.૫૦ ગ્રામ ફાઇન સોનું પરત આપ્યું હતું. આ વ્યવહારથી વિશ્વાસ કેળવ્યા બાદ મોટા ઓર્ડર આપવામાં આવ્યા હતા.

ગઈ તા.૨ જાન્યુઆરીના રોજ તેણે આરોપી કિરીટને ૨૨૭.૮૯૦ ગ્રામના સોનાના બ્રેસલેટ બનાવી આપ્યા હતા. હિબાસ મુજબ તેને ૧૭૮.૭૮૦ ગ્રામ ૨૪ કેરેટ ફાઇન સોનું આપવાનું હતું. તેની સામે આરોપી કિરીટે તેને ૧૦૦ ગ્રામ ફાઇન સોનું પરત આપ્યું હતું અને બાકીનું રૂા.૧૨.૪૪ લાખની કિંમતનું ૭૮.૭૮૦ ગ્રામ સોનું લેવાનું બાકી હતું. બીજા દિવસે તે તેની દુકાને બાકી નિકળતું સોનું લેવા જતાં દુકાન બંધ હતી. ફોન કરતા તેણે કહ્યું કે, મારો સોનાનો માલ અમદાવાદ રેલવે પોલીસમાં પકડાઇ ગયો છે જેથી હું અમદાવાદ છું. થોડા દિવસ પછી રાજકોટ આવીશ. રાહ જોયા બાદ પણ દુકાન બંધ હતી. ફોન કરતા આરોપી કિરીટે બહાના કરી ફોન બંધ કરી દીધો હતો.

બાદમાં તેણે તપાસ કરતા તેના મિત્ર સુરજઅલી પાસેથી પણ સોનાના દાગીના બનાવડાવવામાં આવ્યા હતા. અલગ-અલગ ઓર્ડરના હિસાબ પેટે આરોપીઓ પાસેથી રૂા.૧૮.૪૬ લાખની કિંમતનું સોનું લેવાનું બાકી હોવાનું જાણવા મળ્યું હતું. જેથી આરોપીઓએ બંનેને રૂા.૩૦.૯૦ લાખની કિંમતનું સોનું પરત નહીં કરી છેતરપિંડી કર્યાનું માલૂમ પડતા ફરિયાદ નોંધાવી હતી.

### લિવ ઈન રિલેશનશિપનો છેવટે કરૂણ અંજામ

# ભાવનગર એસટી બસ સ્ટેન્ડમાં ધોળાદહાડે મહિલાની કરપીણ હત્યા

(સંવાદદાતા દ્વારા)

ભાવનગર, તા.૪

ભાવનગર શહેરમાં સાતમ-આઠમના તહેવારોની ઉજવણી વચ્ચે એક ચકચારી ઘટના સામે આવી છે. ભાવનગરના મુખ્ય ST બસ સ્ટેન્ડ પરિસરમાં ગઈકાલે બપોર પછી એક મહિલાની જાહેરમાં હત્યા કરવામાં આવતાં સમગ્ર શહેરમાં અરેરાટી મચી ગઈ છે. મૃતક મહિલાની ઓળખ કાજલબેન બારૈયા તરીકે થઈ છે. ભાવનગર બસ સ્ટેન્ડમાં ધોળાદહાડે બનેલી આ હિંસક ઘટનાના કારણે ત્યાં હાજર મુસાફરો અને સ્થાનિકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. હત્યાની આ ગંભીર ઘટનાના CCTV ફૂટેજ પણ સામે આવ્યા છે, જે સોશિયલ મીડિયા અને પોલીસ વર્તુળોમાં વાયરલ થઈ રહ્યા છે. વિડીયોમાં જોઈ શકાય છે કે ફૈઝલ ઉર્ફે ખાટકી નામનો શખ્સ કાજલબેન પર તૂટી પડ્યો હતો અને તેમને ઢીકાપાટુનો બેફામ માર માર્યો હતો. હુમલો એટલો ઘાતકી હતો કે ગંભીર ઈજાઓના કારણે મહિલાએ સ્થળ પર જ દમ તોડી દીધો હતો. જાહેર સ્થળે દબંગગીરીથી મહિલાની હત્યા કરી ભાગી છૂટેલા આરોપીની કુર્તતા CCTV કેમેરામાં કેદ થઈ ગઈ છે. પ્રાથમિક તપાસમાં સામે આવેલી વિગતો અનુસાર, મૃતક કાજલબેન અને આરોપી ફૈઝલ ઉર્ફે ખાટકી છેલ્લા ઘણા સમયથી લીવ-ઈન રિલેશનશિપમાં સાથે રહેતા હતા. જોકે, છેલ્લા કેટલાક સમયથી બંને વચ્ચે કોઈને કોઈ બાબતે અવારનવાર ઉગ્ર ઝઘડા અને તકરાર થતી હતી. આ રોજિંદા કંકાસ અને તણાવનો આખરે તહેવારના દિવસે આટલો કરુણ અંજામ આવ્યો હતો. પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે આરોપી ફૈઝલ વિરુદ્ધ હત્યાનો ગુનો નોંધી તેને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

For Advertisement:gtadvt@yahoo.co.in WWW.gujarattoday.in facebook.com /gujarattodaydaliy @ Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી

● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● E-mail : gujarattodaydaily@gmail.com